બધાં જ કર્મો સર્વશ્રેષ્ઠ પરમપુરુષ પરમાત્મા શ્રીહરિને અર્પણ થઈને પરમાર્થરૂપ બની ગયાં હતાં. એનાથી તથા બ્રહ્મવેત્તા મહાપુરુષોનાં ચરણોની સેવાથી તેમને ભક્તિયોગની પ્રાપ્તિ થઈ; અને ત્યારે નિરંતર ભગવાનનું ચિંતન કરીને તેમણે પોતાનું ચિત્ત શુદ્ધ કર્યું અને શરીર વગેરે અનાત્મ પદાર્થોમાંથી અહંભાવ દૂર કરીને તેઓ પોતાના આત્માને બ્રહ્મરૂપ અનુભવવા લાગ્યા. આ બધું (સંપન્ન થયેલું) હોવા છતાં પણ તેઓ નિરભિમાની રહીને પૃથ્વીનું પાલન કરતા રહ્યા. (૭)

હે પરીક્ષિત! પ્રાચીન ઇતિહાસને જાણનારા મહાત્માઓએ રાજર્ષિ ગય વિશે આ ગાથા કહી છે– (૮) "અહો! પોતાનાં કર્મોથી મહારાજ ગયની બરાબરી અન્ય કયો રાજા કરી શકે? તેઓ સાક્ષાત્ ભગવાનની કલા જ હતા. તેમના સિવાય અન્ય આ પ્રમાણે કોણ યજ્ઞોનું વિધિવત્ અનુષ્ઠાન કરનારો, મનસ્વી, બહુશ્રુત, ધર્મનું રક્ષણ કરનારો, લક્ષ્મીનો પ્રિય પાત્ર, સાધુસમાજનો શિરોમણિ અને સત્પુરુષોનો સાચો સેવક હોઈ શકે?" (૯)

સત્યસંકલ્પવાળી પરમ સાધ્વી શ્રદ્ધા, મૈત્રી, દયા વગેરે દક્ષકન્યાઓએ ગંગા સહિતની અનેક નદીઓના જળથી તેમનો અભિષેક કર્યો હતો તથા તેમની ઇચ્છા નહીં હોવા છતાં પણ વસુંધરાએ, જેમ ગાય વાછરડાને સ્નેહથી દૂધ પિવડાવે છે તેવી જ રીતે તેમના ગુણો પર રીઝીને પ્રજાને ધન-રત્નો વગેરે બધા જ અભીષ્ટ પદાર્થો આપ્યા હતા. (૧૦) તેમને કોઈ કામના ન હતી, તોપણ વેદોક્ત કર્મોએ તેમને બધા પ્રકારના ભોગ આપ્યા, રાજાઓએ યુદ્ધભૂમિમાં તેમનાં બાણોથી સત્કૃત થઈને (તેમને) અનેક પ્રકારની ભેટ-બક્ષિસો આપી તથા બ્રાહ્મણોએ (તેમના) દક્ષિણા વગેરે ધર્મોથી સંતુષ્ટ થઈને તેમને પરલોકમાં મળનારા પોતાના ધર્મોના ફળનો છઠ્ઠો ભાગ આપ્યો. (૧૧) તેમના યજ્ઞમાં વધુ પડતું સોમપાન કરવાથી ઇન્દ્ર ઉન્મત્ત થઈ ગયા હતા (છકી ગયા હતા) તથા તેમણે અત્યંત શ્રદ્ધાપૂર્વક તથા વિશુદ્ધ અને નિશ્ચળ ભક્તિભાવથી સમર્પિત કરેલા યજ્ઞફળનું ભગવાન યજ્ઞપુરુષે સાક્ષાત્ પ્રગટ થઈને ગ્રહણ કર્યું હતું. (૧૨) જેમના તૃપ્ત થવાથી બ્રહ્માજીથી માંડીને દેવતાઓ, મનુષ્યો, પશુપક્ષીઓ, વૃક્ષ, લતા સુધીના બધા જ જીવો તત્કાળ તૃપ્ત થઈ જાય છે તે વિશ્વાત્મા શ્રીહરિ નિત્ય-તૃપ્ત હોવા છતાં પણ રાજર્ષિ ગયના યજ્ઞમાં તૃપ્ત થઈ ગયા હતા. તેથી તેમની બરાબરી કોઈ બીજી વ્યક્તિ કેવી રીતે કરી શકે? (૧૩)

મહારાજ ગયના ગયંતીના ગર્ભથી ચિત્રરથ, સુગતિ અને અવરોધન નામના ત્રણ પુત્રો થયા. તેમાંના ચિત્રરથની પત્ની ઊર્ણાથી સમ્રાટનો જન્મ થયો. (૧૪)

સમ્રાટનો ઉત્કલાથી મરીચિ અને મરીચિનો બિંદુમતીથી બિંદુમાન નામનો પુત્ર થયો. તેનો સરઘાથી મધુ, મધુનો સુમનાથી વીરવ્રત અને વીરવ્રતના ભોજાથી મંથુ અને પ્રમંથુ નામના બે પુત્રો થયા. તેમાંના મંથુનો સત્યાના ગર્ભથી ભૌવન, ભૌવનનો દૂષણાના ઉદરથી ત્વષ્ટા, ત્વષ્ટાનો વિરોચનાથી વિરજ અને વિરજના વિષૂચી નામની પત્નીથી શતજિત વગેરે સો પુત્રો અને એક પુત્રી જન્મ્યાં. (૧૫) વિરજ વિશે આ શ્લોક પ્રસિદ્ધ છે – 'જેમ ભગવાન વિષ્ણુ દેવતાઓની શોભા વધારે છે તેવી જ રીતે આ પ્રિયવ્રતના વંશને એમાં સૌના પછી ઉત્પન્ન થયેલા રાજા વિરજે પોતાના સુયશથી વિભૂષિત કર્યો હતો.' (૧૬)

★ ★ ★ ★

સોળમો અધ્યાય

ભુવનકોશનું વર્ણન

રાજા પરીક્ષિત બોલ્યા – હે મુનિવર! જ્યાં સુધી સૂર્યનો પ્રકાશ છે અને જ્યાં સુધી તારાગણ સહિત ચંદ્રદેવ દેખાય છે ત્યાં (તે હદ) સુધી તમે ભૂમંડળનો વિસ્તાર બતાવ્યો છે. (૧) તેમાં પણ તમે બતાવ્યું છે કે મહારાજ પ્રિયવ્રતના રથનાં પૈડાંઓના સાત લીસોટાઓથી સાત સમુદ્રો બની ગયા હતા, કે જેમને કારણે આ ભૂમંડળમાં સાત દ્વીપોનું વિભાજન થયું. તેથી હે ભગવન્! હવે હું તે બધાંનાં પરિમાણ (કદ-માપ) અને લક્ષણો સહિત સંપૂર્ણ વિવરણ જાણવા ઇચ્છું છું; (૨) કારણ કે જે મન ભગવાનના આ ગુણમય સ્થૂળ વિગ્રહમાં જોડાઈ શકે છે તેનું તેમના (તે ભગવાનના) વાસુદેવ-નામક સ્વયંપ્રકાશ નિર્ગુણ બ્રહ્મરૂપ સૂક્ષ્મતમ સ્વરૂપમાં પણ જોડાવાનું સંભવિત છે. તેથી હે ગુરુદેવ! આ વિષયનું વિશદપણે વર્ણન કરવાની કૃપા કરો. (૩)

શ્રીશુકદેવજી બોલ્યા – મહારાજ! ભગવાનની માયાના ગુણોનો એટલો વિસ્તાર છે કે જો કોઈ મનુષ્ય દેવતાઓના જેટલું આયુષ્ય મેળવી લે, તોપણ મન કે વાણીથી તેનો પાર પામી શકતો નથી. તેથી અમે નામ, રૂપ, પરિમાણ અને લક્ષણો દ્વારા મુખ્ય-મુખ્ય વાતોને જ લઈને આ ભૂમંડળની વિશેષતાઓનું વર્ણન કરીશું. (૪) આ જંબૂદ્વીપ – જેમાં આપણે રહીએ છીએ – ભૂમંડળરૂપી કમળના કોશસ્થાનીય જે સાત દ્વીપો છે તેમાંનો સૌથી અંદરનો કોશ છે. આનો વિસ્તાર એક લાખ જોજન છે અને આ કમળપત્ર જેવો ગોળાકાર છે. (૫) આમાં નવ-નવ હજાર જોજનના વિસ્તારવાળા નવ વર્ષો (ખંડો) છે, કે જેઓ તેમની સીમાઓનું વિભાજન કરનારા આઠ પર્વતોથી વહેંચાયેલા છે. (૬) આમની વચ્ચોવચ ઇલાવૃત નામનો દશમો દેશ છે, જેની મધ્યમાં પર્વતોનો રાજા મેરુ પર્વત છે; તે જાણે કે ભૂમંડળરૂપી કમળની કર્ણિકા જ છે. તે ઉપરથી નીચે સુધી આખો ને આખો સુવર્ણમય છે અને એક લાખ જોજન ઊંચો છે. તેનો વિસ્તાર શિખરના ભાગે બત્રીસ હજાર જોજન અને તળેટીમાં સોળ હજાર જોજન છે તથા સોળ હજાર જોજન જેટલો જ તે ભૂમિની અંદર ઘૂસેલો છે (અર્થાત્ ભૂમિની બહાર તેની ઊંચાઈ ચોર્યાસી હજાર જોજન છે). (૭) ઇલાવૃતવર્ષની ઉત્તરે ક્રમશઃ નીલ, શ્વેત અને શૃંગવાન નામના ત્રણ પર્વતો છે, કે જેઓ રમ્યક, હિરણ્મય અને કુરુ નામના ખંડોની સીમા બાંધે છે. તેઓ પૂર્વથી પશ્ચિમ સુધી ખારા પાણીના સમુદ્ર સુધી ફેલાયેલા છે. તે પ્રત્યેકની પહોળાઈ બે હજાર જોજન છે તથા લંબાઈમાં પહેલા કરતાં પછીનો, ક્રમશઃ દસમા ભાગથી સહેજ વધુ એટલા માપમાં ઓછો છે; પહોળાઈ અને ઊંચાઈ તો બધાયની સરખી છે. (૮)

આ જ પ્રમાણે ઇલાવૃત દેશની દક્ષિણે એક પછી એક નિષધ, હેમકૂટ અને હિમાલય નામના ત્રણ પર્વતો છે. નીલ વગેરે પર્વતોની જેમ આ પણ પૂર્વ-પશ્ચિમ તરફ ફેલાયેલા છે અને દસ-દસ હજાર જોજન ઊંચા છે. એમનાથી ક્રમશઃ હરિદેશ, કિંપુરુષ અને ભારતવર્ષની સીમાઓનું વિભાજન થાય છે. (૯) ઇલાવૃતની પૂર્વે અને પશ્ચિમે ઉત્તરમાં નીલપર્વત અને દક્ષિણમાં નિષધ પર્વત સુધી ફેલાયેલા ગંધમાદન અને માલ્યમાન નામના બે પર્વતો છે. આમની પહોળાઈ બે-બે હજાર જોજન છે અને આ ભદ્રાશ્વ તેમ જ કેતુમાલ

નામના બે ખંડોની સીમા નિશ્ચિત કરે છે. (૧૦) આમના સિવાય મંદર, મેરુમંદર, સુપાર્શ્વ અને કુમુદ – આ ચાર દસ-દસ હજાર જોજન ઊંચા અને એટલા જ પહોળા પર્વતો મેરુ પર્વતની આધારભૂત થાંભલીઓ જેવા બનેલા છે. (૧૧) આ ચારેયની ઉપર તેમની ધજાઓ જેવાં ક્રમશઃ આંબો, જાંબુડો, કદંબ અને વડનાં ચાર વૃક્ષો છે. આમાંનું પ્રત્યેક વૃક્ષ અગિયારસો જોજન ઊંચું છે અને એટલો જ તેમની શાખાઓનો વિસ્તાર છે. આમની જાડાઈ સો-સો જોજન છે. (૧૨) હે ભરતશ્રેષ્ઠ! આ પર્વતો ઉપર ચાર સરોવરો પણ છે, જે ક્રમશઃ દૂધ, મધ, ઈક્ષુરસ (શેરડીનો રસ) અને મીઠા જળથી ભરેલાં છે. આમનું સેવન કરનારા યક્ષો-કિન્નરો વગેરે ઉપદેવોને સ્વાભાવિક જ યોગસિદ્ધિઓ મળેલી છે. (૧૩) આ પર્વતો ઉપર ક્રમશઃ નંદન, ચૈત્રરથ, વૈભ્રાજક અને સર્વતોભદ્ર નામનાં ચાર દિવ્ય ઉપવનો (ઉદ્યાનો) પણ છે. (૧૪) આ ઉપવનોમાં મુખ્ય-મુખ્ય દેવતાઓ અનેક દેવાંગનાઓના નાયકો બનીને સાથે-સાથે વિહાર કરતા રહે છે. તે સમયે ગંધર્વો વગેરે ઉપદેવો તેમના મહિમાનાં વખાણ કરતા રહે છે. (૧૫)

મંદરાચલ (મંદર પર્વત)ના ખોળામાં અગિયારસો જોજન ઊંચું દેવતાઓનું જે આમ્રવૃક્ષ છે તેમાંથી ગિરિશિખર જેવડાં મોટાં-મોટાં અને અમૃત જેવાં સ્વાદિષ્ટ ફળ પડે છે. (૧૬) જ્યારે તેઓ (પાકીને) ફાટે છે ત્યારે તેમનામાંથી ઘણો સુગંધિત અને મીઠો લાલ-લાલ રસ વહેવા લાગે છે; અને તે જ અરુણોદા નામની નદીમાં પરિણમે છે. આ નદી મંદરાચલના શિખર પરથી નીકળીને પોતાના જળથી ઈલાવૃત દેશના પૂર્વીય ભાગને સીંચે છે. (૧૭) શ્રીપાર્વતીજીની અનુચરી યક્ષપત્નીઓ આ જળનું સેવન કરે છે. આનાથી તેમનાં અંગોમાંથી એવી સુગંધ નીકળે છે કે તેમને સ્પર્શીને વહેતા પવન તેમની ચારે તરફ દસ-દસ જોજન સુધી આખાય દેશને સુગંધથી ભરી દે છે. (૧૮) આ જ પ્રમાણે જાંબુડાના વૃક્ષમાંથી હાથી જેવડાં મોટાં-મોટાં ઘણું કરીને ઠળિયા વિનાનાં ફળ પડે છે. ઘણે ઊંચેથી પડવાને કારણે તેઓ ફાટી જાય છે. તેમના રસથી જંબૂ નામની નદી પ્રગટ થાય છે, કે જે મેરુમંદર પર્વતના દસ હજાર જોજન ઊંચા શિખર પરથી નીકળીને ઈલાવૃત દેશના દક્ષિણ ભૂખંડને સીંચે છે. (૧૯) તે નદીના બંને કાંઠાઓની માટી તે રસથી ભીંજાઈને જ્યારે પવન અને સૂર્યના સંયોગથી સુકાઈ જાય છે ત્યારે તે જ દેવલોકને વિભૂષિત કરનારું જાંબૂનદ નામનું સોનું બની જાય છે. (૨૦) આને પત્નીઓ સહિત દેવતાઓ, ગંધર્વો વગેરે મુગટ, કંકણ, કંદોરો વગેરે આભૂષણોરૂપે ધારણ કરે છે. (૨૧)

સુપાર્શ્વ પર્વત ઉપર જે વિશાળ કદંબ-વૃક્ષ છે તેની પાંચ બખોલોમાંથી મધની ખૂબ મોટી પાંચ ધારાઓ નીકળે છે. આ (ધારાઓ) સુપાર્શ્વના શિખર પરથી પડીને ઈલાવૃત દેશના પશ્ચિમ ભાગને પોતાની સુગંધથી સુવાસિત કરે છે. (૨૨) જે લોકો આ ધારાઓના મધનું પાન કરે છે તેમના મુખમાંથી નીકળેલો સુગંધિતવાયુ (શ્વાસ) પોતાની ચારે તરફ સો-સો જોજન સુધી મહેક ફેલાવી દે છે. (૨૩)

આ જ પ્રમાણે કુમુદ પર્વત પર શતવલ્શ નામનું જે વડનું વૃક્ષ છે તેની જટાઓ (વડવાઈઓ)માંથી નીચે તરફ વહેતા અનેક નદ (વહેળા) નીકળે છે, તે બધા ઈચ્છાનુસાર ભોગ આપનારા છે. તેમનામાંથી દૂધ, દહીં, મધ, ઘી, ગોળ, અન્ન, વસ્ત્ર, શય્યા, આસન, આભૂષણ વગેરે બધા જ પદાર્થો મળી રહે છે. આ બધા (નદ) કુમુદના શિખર પરથી નીકળીને ઈલાવૃત

દેશના ઉત્તરીય ભાગને સીંચે છે. (૨૪) આમણે આપેલા પદાર્થોનો ઉપભોગ કરવાથી ત્યાંની પ્રજાની ચામડીમાં કરચલીઓ પડી જવી, વાળ પાકી જવા (પળિયાં આવવાં), થાક લાગવો, શરીરે પરસેવો થવો તથા દુર્ગંધ નીકળવી, ઘડપણ, રોગ, મૃત્યુ, ઠંડી-ગરમીની પીડા, શરીર ફિક્કું પડી જવું (તેજહીન થઈ જવું), અંગ તૂટવાં વગેરે કષ્ટો ક્યારેય સતાવતાં નથી અને તેમને જીવનપર્યંત પૂરેપૂરું સુખ મળે છે. (૨૫)

હે રાજન્! જેમ કમળની કર્ણિકાની ચારે તરફ કેસર (પરાગ) હોય છે તેવી જ રીતે મેરુના મૂળદેશમાં તેની ચારે તરફ કુરંગ, કુરર, કુસુંભ, વૈકંક, ત્રિકૂટ, શિશિર, પતંગ, રુચક, નિષધ, શિનીવાસ, કપિલ, શંખ, વૈદૂર્ય, જારુધિ, હંસ, ઋષભ, નાગ, કાલંજર અને નારદ – આ વીસ પર્વતો બીજા છે. (૨૬) આ ઉપરાંત મેરુની પૂર્વ તરફ જઠર અને દેવકૂટ નામના બે પર્વતો છે, કે જેઓ અઢાર-અઢાર જોજન લાંબા તથા બે-બે હજાર જોજન પહોળા અને ઊંચા છે. આ જ પ્રમાણે પશ્ચિમ તરફ પવન અને પારિયાત્ર, દક્ષિણ તરફ કૈલાસ અને કરવીર તથા ઉત્તર તરફ ત્રિશૃંગ અને મકર નામના પર્વતો છે. આ આઠ પહાડોથી ચારે બાજુએ ઘેરાયેલો સુવર્ણમય મેરુ પર્વત અગ્નિ જેવો ઝગમગતો રહે છે. (૨૭) કહે છે કે મેરુના શિખરના મધ્યમાં ભગવાન બ્રહ્માજીની સુવર્ણમયી નગરી છે, જે આકારમાં સમચોરસ તથા કરોડ જોજનના વિસ્તારવાળી છે. (૨૮) તેની નીચે પૂર્વ વગેરે આઠ દિશાઓ-ઉપદિશાઓમાં તેમના અધિપતિ ઇન્દ્ર વગેરે આઠ લોકપાલોની આઠ નગરીઓ છે. તેઓ પોતપોતાના સ્વામીને અનુરૂપ તે-તે દિશાઓમાં છે તથા પરિમાણમાં બ્રહ્માજીની નગરીના ચોથા ભાગ જેવડી છે. (૨૯)

★★★★

સત્તરમો અધ્યાય

ગંગાજીનું વિવરણ અને ભગવાન શંકરે કરેલી સંકર્ષણદેવની સ્તુતિ

શ્રીશુકદેવજી કહે છે – હે રાજન્! રાજા બલિની યજ્ઞશાળામાં સાક્ષાત્ યજ્ઞમૂર્તિ ભગવાન વિષ્ણુએ ત્રણે લોકને માપવા માટે જ્યારે પોતાનો ચરણ ફેલાવ્યો ત્યારે તેમના ડાબા ચરણના અંગૂઠાના નખથી બ્રહ્માંડ-કટાહનો ઉપરનો ભાગ ફાટી ગયો. તે છિદ્રમાં થઈને બ્રહ્માંડમાંથી બહારના જળની જે ધારા અંદર આવી, તે ભગવાનના ચરણકમળને ધોવાથી તેમાં લાગેલા કેસરના ભળવાથી લાલ થઈ ગઈ. તે નિર્મળ જળપ્રવાહનો સ્પર્શ થતાં જ સંસારનાં સઘળાં પાપ નષ્ટ થઈ જાય છે, પરંતુ તે (પોતે તો) સર્વથા નિર્મળ જ રહે છે. અગાઉ તેને અન્ય કોઈ નામે નહીં કહેતાં 'ભગવત્પદી' જ કહેવામાં આવતો હતો. તે પ્રવાહ હજારો યુગ વીત્યા પછી સ્વર્ગના શિરોભાગમાં આવેલા ધ્રુવલોકમાં ઊતર્યો, જેને 'વિષ્ણુપદ' પણ કહે છે. (૧) હે વીરવ્રત પરીક્ષિત! તે ધ્રુવલોકમાં ઉત્તાનપાદના પુત્ર પરમ ભાગવત ધ્રુવજી રહે છે. તેઓ પ્રતિદિન વધતા જતા ભક્તિભાવથી 'આ અમારા કુળદેવતાનું ચરણોદક છે' એવું માનીને આજે પણ તે જળને ઘણા આદરપૂર્વક મસ્તક પર ચડાવે છે. તે સમયે પ્રેમના આવેશને કારણે તેમનું હૃદય અત્યંત ગદ્‌ગદ થઈ જાય છે, ઉત્કંઠાને લીધે વિવશ થઈને મીંચેલાં બંને નેત્ર-કમળોમાંથી નિર્મળ આંસુની ધારા વહેવા લાગે છે અને શરીરમાં રોમાંચ થઈ આવે છે. (૨)

આના પછી આત્મનિષ્ઠ સપ્તર્ષિઓ તેમના પ્રભાવને જાણતા હોવાથી 'આ જ તપસ્યાની આત્યંતિક સિદ્ધિ છે' એવું માનીને તેને આજે પણ આ પ્રમાણે આદરપૂર્વક પોતાની જટામાં એવી જ રીતે ધારણ કરે છે કે જેમ મુમુક્ષુઓ (પોતાને) પ્રાપ્ત થયેલી મુક્તિને (માથે ચડાવે છે). આમ તો એ અત્યંત નિષ્કામ છે; સર્વાત્મા ભગવાન વાસુદેવની નિશ્ચળ ભક્તિને જ પોતાનું પરમ ધન માનીને એમણે બીજી બધી જ કામનાઓને ત્યજી દીધી છે, ત્યાં સુધી કે એ આત્મજ્ઞાનને પણ તેની સામે કોઈ ચીજ સમજતા નથી. (૩) ત્યાંથી ગંગાજી કરોડો વિમાનોથી ઘેરાયેલા આકાશમાંથી ઊતરીને ચંદ્રમંડળને ભીંજવતાં મેરુના શિખર પર બ્રહ્મપુરીમાં આવે છે. (૪)

ત્યાં તેઓ સીતા, અલકનંદા, ચક્ષુ અને ભદ્રા – એ નામની ચાર ધારાઓમાં વિભાજિત થઈ જાય છે તથા અલગ-અલગ ચારે દિશાઓમાં વહેતાં અંતે નદીઓના સ્વામી સમુદ્રમાં જઈ મળે છે. (૫)

આમાંની સીતા બ્રહ્મપુરીમાંથી નીકળીને કેસર-પર્વત વગેરે શિખરોમાં થઈને નીચે તરફ વહેતી ગંધમાદનનાં શિખરો પર આવે છે અને ભદ્રાશ્વ દેશને ભીંજવીને પૂર્વ તરફ ખારા સમુદ્રમાં જઈ મળે છે. (૬) આ જ પ્રમાણે ચક્ષુ નામની ધારા માલ્યવાન-પર્વતના શિખર પર જઈ પહોંચીને ત્યાંથી કશા અવરોધ વિના કેતુમાલ દેશમાં વહેતી પશ્ચિમ તરફ ક્ષાર સમુદ્રમાં મળી જાય છે. (૭) ભદ્રા નામની ધારા મેરુ પર્વતના શિખર પરથી ઉત્તર તરફ આવે છે તથા એક પર્વતથી બીજા પર્વત પર થઈને છેવટે શૃંગવાન પર્વતના શિખરેથી નીચે ઊતરીને ઉત્તરકુરુ દેશમાં થઈને ઉત્તર તરફ વહેતી વહેતી સમુદ્રમાં જઈને મળે છે. (૮) અલકનંદા બ્રહ્મપુરીમાંથી દક્ષિણ તરફ ઊતરીને અનેક ગિરિશિખરોને વટાવતી હેમકૂટ પર્વત પર જઈ પહોંચે છે; ત્યાંથી અત્યંત તીવ્ર વેગથી હિમાલયનાં શિખરોને ચીરતી ભારતવર્ષમાં આવે છે અને પછી દક્ષિણ તરફ સમુદ્રમાં જઈ મળે છે. આમાં સ્નાન કરવા આવનારા મનુષ્યો માટે પદે-પદે (વારંવાર) થતા અશ્વમેધ, રાજસૂય વગેરે યજ્ઞોનું ફળ પણ દુર્લભ નથી (અર્થાત્ તે સહજપણે પ્રાપ્ત થાય છે). (૯) પ્રત્યેક ખંડમાં મેરુ વગેરે પર્વતોમાંથી નીકળતાં બીજાં પણ સેંકડો નદ-નદીઓ છે. (૧૦)

આ બધા ખંડોમાં (એક) ભારતવર્ષ જ કર્મભૂમિ છે. બાકીના આઠ દેશો તો સ્વર્ગવાસી મનુષ્યોના સ્વર્ગભોગોમાંથી બચેલાં (શેષ) પુણ્યોને ભોગવવાનાં સ્થાન છે. તેથી તેમને પૃથ્વીલોકનાં સ્વર્ગ પણ કહે છે. (૧૧) ત્યાંના દેવતુલ્ય મનુષ્યોનું, માનવીય ગણતરી મુજબ, દસ હજાર વર્ષનું આયુષ્ય હોય છે; તેમનામાં દસ હજાર હાથીઓનું બળ હોય છે; તથા તેમના વજ્ર જેવા સુદૃઢ શરીરમાં જે શક્તિ, યૌવન અને ઉલ્લાસ હોય છે તેને કારણે તેઓ દીર્ઘકાળપર્યંત સાંસારિક વિષયો ભોગવતા રહે છે. અંતે ભોગ સમાપ્ત થતાં જ્યારે તેમના આયુષ્યનું ફક્ત એક જ વર્ષ શેષ રહે છે ત્યારે તેમની પત્નીઓ ગર્ભ ધારણ કરે છે. આ પ્રમાણે ત્યાં હંમેશાં ત્રેતાયુગના જેવો સમય બનેલો રહે છે. (૧૨) ત્યાં એવા આશ્રમો, ભવનો અને રાષ્ટ્રો, પર્વતોની ઘાટીઓ છે કે જેમનાં સુંદર વનો-ઉપવનો બધી ઋતુઓનાં ફૂલોના ગુચ્છ, ફળો અને નવીન પલ્લવોની શોભાના ભારથી ઝૂકેલી ડાળીઓવાળાં અને વેલીઓથી વીંટળાયેલાં વૃક્ષોથી સુશોભિત છે. ત્યાં નિર્મળ જળથી ભરેલાં એવાં જળાશયો પણ છે કે જેમાં જાત-જાતનાં

નવીન કમળો ખીલેલાં રહે છે અને તે કમળોની સુગંધથી આનંદિત થઈને રાજહંસ, જળમરઘો, કારંડવ, સારસ, ચક્રવાક વગેરે પક્ષીઓ ભાતભાતની બોલીઓ બોલે છે તથા વિભિન્ન જાતોના મત્ત ભમરાઓ મધુર-મધુર ગુંજારવ કરતા રહે છે. તે આશ્રમો, ભવનો, ઘાટીઓ તથા જળાશયોમાં ત્યાંના દેવેશ્વરો (પોતાની) પરમ સુંદર દેવાંગનાઓ સાથે તેમના કામોન્માદસૂચક હાસ્યવિલાસ અને ક્રીડા-કટાક્ષોથી મન અને નયન આકૃષ્ટ થઈ જવાને કારણે જળક્રીડા વગેરે અનેક પ્રકારની ક્રીડાઓ કરતા સ્વચ્છંદ વિહાર કરે છે તથા તેમના મુખ્ય-મુખ્ય અનુચરો અનેક પ્રકારની સામગ્રીઓથી તેમનો આદરસત્કાર કરતા રહે છે. (૧૩)

આ નવે દેશોમાં પરમપુરુષ ભગવાન નારાયણ ત્યાંના મનુષ્યો પર અનુગ્રહ (કૃપા, કરુણા) કરવા માટે આ સમયે પણ પોતાની વિભિન્ન મૂર્તિઓ થકી વિરાજમાન રહે છે. (૧૪) ઇલાવૃત દેશમાં એકમાત્ર ભગવાન શંકર જ પુરુષ છે. શ્રીપાર્વતીજીના શાપને જાણનારો કોઈ બીજો પુરુષ ત્યાં પ્રવેશ કરતો નથી; કારણ કે જે ત્યાં જાય છે તે સ્ત્રીરૂપ થઈ જાય છે. આ પ્રસંગનું અમે આગળ ઉપર (નવમા સ્કંધમાં) વર્ણન કરીશું. (૧૫) ત્યાં પાર્વતીજીથી તેમ જ તેમની અગણિત દાસીઓથી સેવિત ભગવાન શંકર પરમપુરુષ પરમાત્માની વાસુદેવ, પ્રદ્યુમ્ન, અનિરુદ્ધ અને સંકર્ષણ – એ નામસંજ્ઞાઓવાળી ચતુર્વ્યૂહ-મૂર્તિઓમાંથી પોતાની પ્રવૃત્તિ- સ્વરૂપ સંકર્ષણ નામની તમઃપ્રધાન* ચોથી મૂર્તિનું ધ્યાન ધરે છે અને મનમાં તેમને બેસાડીને ચિંતન કરે છે અને આ મંત્રનું★ ઉચ્ચારણ કરતા આ પ્રમાણે સ્તુતિ કરે છે. (૧૬)

ભગવાન શંકર કહે છે – ૐ, જેમનાથી બધા જ ગુણોની અભિવ્યક્તિ થાય છે તે અનંત અને અવ્યક્તમૂર્તિ ઓંકાર-સ્વરૂપ પરમપુરુષ શ્રીભગવાનને નમસ્કાર છે. હે ભજનીય પ્રભુ! તમારાં ચરણકમળ ભક્તોને આશ્રય આપનારાં છે તથા તમે સ્વયં સમસ્ત ઐશ્વર્યોના પરમ આશ્રય છો. ભક્તો સમક્ષ તમે પોતાનું ભૂતભાવન સ્વરૂપ સંપૂર્ણપણે પ્રગટ કરી દો છો તથા તેમને સંસારના બંધનમાંથી મુક્ત પણ કરી દો છો, આપ સંસારનું સર્જન કરનારા છો. તમે જ સર્વેશ્વર છો, હું તમારું ભજન કરું છું. (૧૭-૧૮) હે પ્રભુ! અમે ક્રોધના આવેગને જીતી શક્યા નથી તથા અમારી દૃષ્ટિ તત્કાળ પાપથી લેપાઈ જાય છે; પરંતુ તમે તો સંસારનું નિયમન કરવા માટે તેના સઘળા વ્યાપારોને સાક્ષીરૂપે નિરંતર જોતા રહો છો; તોપણ અમારા પ્રત્યેની તમારી દૃષ્ટિ પર તે માયિક વિષયોનો તથા ચિત્તની વૃત્તિઓનો નામમાત્રનો પણ પ્રભાવ પડતો નથી. આવી સ્થિતિમાં પોતાના મનને વશ કરવાની ઇચ્છાવાળો કયો પુરુષ તમારો આદર નહીં કરે? (૧૯) તમે જે મનુષ્યોને મધુઆસવ વગેરેનું પાન કરવાને કારણે અરુણનયન અને મત્ત જણાઓ છો તેઓ માયાને વશ હોવાને કારણે જ આવું મિથ્યા દર્શન કરે છે; તથા તમારા ચરણસ્પર્શથી જ ચિત્ત ચંચળ થઈ જવાને કારણે નાગપત્નીઓ લજ્જાવશ તમારી પૂજા કરવામાં અસમર્થ થઈ જાય છે. (૨૦) વેદમંત્રો તમને જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને લયનું કારણ બતાવે છે; પરંતુ તમે સ્વયં આ ત્રણે વિકારોથી રહિત છો, તેથી ઋષિઓ તમને 'અનંત' કહે છે. તમારાં સહસ્ર મસ્તકો પર આ ભૂમંડળ સરસવના

* ભગવાનનો વિગ્રહ શુદ્ધ ચિન્મય જ છે, પરંતુ સંહાર વગેરે તામસી કાર્યોનો હેતુ હોવાથી આને તામસી મૂર્તિ કહે છે.

★ ૐ નમો ભગવતે મહાપુરુષાય સર્વગુણસંખ્યાનાયાનન્તાયાવ્યક્તાય નમ ઇતિ।

દાણાની જેમ રહેલું છે અને તમને તો એ પણ ખબર નથી હોતી કે તે ક્યાં રહેલું છે. (૨૧) જેમનાથી ઉત્પન્ન થયેલો હું અહંકારરૂપ પોતાના ત્રિગુણમય તેજથી દેવતાઓ, ઇન્દ્રિયો અને ભૂતોની રચના કરું છું તે વિજ્ઞાનના આશ્રય ભગવાન બ્રહ્માજી પણ તમારા જ મહત્તત્ત્વ-નામક પ્રથમ-ગુણમય સ્વરૂપ છે. (૨૨) હે મહાત્મા! મહત્તત્ત્વ, અહંકાર-ઇન્દ્રિય-અભિમાની દેવતાઓ, ઇન્દ્રિયો, પંચભૂતો વગેરે (એટલે કે) અમે બધા જ દોરીમાં બંધાયેલા પક્ષીની જેમ તમારી ક્રિયાશક્તિને વશીભૂત રહીને, તમારી જ કૃપાથી આ જગતની રચના કરીએ છીએ. (૨૩) સત્ત્વ વગેરે ગુણોની સૃષ્ટિથી મોહિત થયેલો આ જીવ તમારી જ રચેલી તથા કર્મબંધનમાં બાંધનારી માયાને તો કદાચ – ક્યારેક જાણી પણ લે છે, પરંતુ તેનાથી મુક્ત થવાનો ઉપાય તેને સહેલાઈથી માલૂમ પડતો નથી. આ જગતની ઉત્પત્તિ અને પ્રલય એ પણ તમારાં જ રૂપ છે. આવા તમને હું વારંવાર નમસ્કાર કરું છું. (૨૪)

★ ★ ★ ★

અઢારમો અધ્યાય

ભિન્ન-ભિન્ન વર્ષો (ખંડો)નું વર્ણન

શ્રીશુકદેવજી કહે છે – હે રાજન્! ભદ્રાશ્વ વર્ષમાં ધર્મપુત્ર ભદ્રશ્રવા અને તેમના મુખ્ય-મુખ્ય સેવકો ભગવાન વાસુદેવની હયગ્રીવ નામની ધર્મમયી પ્રિય મૂર્તિને અત્યંત સમાધિ-નિષ્ઠા વડે હૃદયમાં સ્થાપિત કરીને આ મંત્રનો* જપ કરતા રહીને આ પ્રમાણે સ્તુતિ કરે છે – (૧)

ભદ્રશ્રવા અને એમના સેવકો કહે છે – ચિત્તને વિશુદ્ધ કરનારા ઓંકાર-સ્વરૂપ ભગવાન ધર્મને નમસ્કાર છે. (૨)

અહો! ભગવાનની કેવી વિચિત્ર લીલા છે, જેને કારણે આ જીવ સમસ્ત લોકોનો સંહાર કરનારા કાળને જોવા છતાં પણ જોતો નથી અને તુચ્છ વિષયોનું સેવન કરવા માટે પાપમય વિચારોમાં રચ્યો-પચ્યો રહે છે, પોતાના જ હાથે પોતાના પુત્ર, પિતા વગેરેનાં શબને બાળવા છતાં પણ પોતે જીવતો રહેવાની ઇચ્છા કરે છે! (૩) વિદ્વાનો જગતને નશ્વર બતાવે છે અને સૂક્ષ્મદર્શી આત્મજ્ઞાનીઓ એવું જ જુએ પણ છે, તોપણ હે અજન્મા પ્રભુ! તમારી માયાથી લોકો મોહિત થઈ જાય છે. તમે અનાદિ છો તથા તમારાં કાર્ય ઘણાં વિસ્મયજનક છે. હું તમને નમસ્કાર કરું છું. (૪) હે પરમાત્મા! તમે અકર્તા છો અને માયાના આવરણથી રહિત છો, તોપણ જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય – એ તમારાં જ કર્મ માનવામાં આવ્યાં છે; તે તો બરાબર જ છે; આમાં કોઈ આશ્ચર્યની વાત નથી, કારણ કે સર્વાત્મ-રૂપે તમે જ સઘળાં કાર્યોના કારણ છો અને પોતાના શુદ્ધ સ્વરૂપમાં આ કાર્ય-કારણ-ભાવથી સર્વથા પર (અતીત) છો. (૫) તમારો વિગ્રહ મનુષ્ય અને ઘોડાનું સંયુક્ત રૂપ છે. પ્રલયકાળમાં તમઃપ્રધાન દૈત્યો જ્યારે વેદોને ચોરી ગયા હતા ત્યારે બ્રહ્માજીએ પ્રાર્થના કરી હતી તેથી તમે તેમને રસાતલમાંથી લાવીને આપ્યા. આવા અમોઘ લીલા કરનારા સત્યસંકલ્પવાળા હયગ્રીવ ભગવાન! તમને નમસ્કાર કરું છું. (૬)

હરિવર્ષ (ખંડ)માં ભગવાન નરસિંહરૂપે રહે

* ॐ नमो भगवते धर्मायात्मविशोधनाय नम इति।

છે. તેમણે આ રૂપ જે કારણે ધારણ કર્યું હતું તેનું વર્ણન આગળ ઉપર (સાતમા સ્કંધમાં) કરવામાં આવશે. ભગવાનના તે રૂપની ઉપાસના તે દેશના અન્ય મનુષ્યો સહિત મહાભાગવત પ્રહ્લાદજી અનન્ય ભક્તિભાવથી કરે છે. આ પ્રહ્લાદજી મહાપુરુષોને યોગ્ય ગુણોથી સંપન્ન છે તથા તેમણે પોતાના શીલ અને આચરણથી દૈત્યો અને દાનવોના કુળને પવિત્ર કરી દીધું છે. તેઓ આ મંત્ર* તથા સ્તોત્રનો જપ-પાઠ કરે છે – (૭) "ઓંકાર સ્વરૂપ ભગવાન નરસિંહદેવને નમસ્કાર છે. તમે અગ્નિ વગેરે તેજોના પણ તેજ છો, તમને નમસ્કાર છે. હે વજ્રનખ! હે વજ્રદંતી! તમે અમારી સમક્ષ પ્રગટ થાઓ, પ્રગટ થાઓ; અમારી કર્મવાસનાઓને ભસ્મ કરી દો, અમારા અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કરો. ૐ સ્વાહા! અમારા અંત:કરણમાં અભયદાન દેતા પ્રકાશિત થાઓ. ૐ ક્ષ્રૌમ્! (૮) હે નાથ! વિશ્વનું કલ્યાણ થાઓ, દુષ્ટોની બુદ્ધિ શુદ્ધ થાઓ, બધાં પ્રાણીઓમાં પરસ્પર સદ્‌ભાવના થાઓ, બધા જ એકબીજાના હિતનું ચિંતન કરો, અમારું ચિત્ત શુભ માર્ગમાં પ્રવૃત્ત થાઓ અને અમારી બુદ્ધિ નિષ્કામભાવે ભગવાન શ્રીહરિમાં પ્રવેશ કરો. (૯)

"હે પ્રભુ! પત્ની, પુત્ર, ઘર, ધનસંપત્તિ, ભાઈભાંડુઓમાં અમારી આસક્તિ ન થાઓ, જો થાય તો કેવળ ભગવાનના પ્રેમી ભક્તોમાં જ થાઓ. જે સંયમી મનુષ્ય કેવળ શરીરનિર્વાહને યોગ્ય અન્ન વગેરેથી સંતુષ્ટ રહે છે તેને જેટલી જલદીથી સિદ્ધિ પ્રાપ્ત થાય છે તેવી ઇન્દ્રિયલોલુપ મનુષ્યને થતી નથી. (૧૦) ભગવાનના તે ભક્તોના સંગથી ભગવાનનાં તીર્થતુલ્ય પવિત્ર ચરિત્રો સાંભળવા મળે છે, કે જે તેમની અસાધારણ શક્તિનાં તેમ જ પ્રભાવનાં સૂચક હોય છે. તેમનું વારંવાર સેવન કરનારાઓના શ્રવણ માર્ગે ભગવાન હૃદયમાં પ્રવેશ કરે છે અને તેમના તમામ પ્રકારના શારીરિક અને માનસિક મળોનો નાશ કરી દે છે. પછી ભલા, ભગવાનના તે ભક્તોનો સંગ કરવાનું કોણ નહીં ઇચ્છે? (૧૧) જે મનુષ્યની ભગવાનમાં નિષ્કામ ભક્તિ છે તેના હૃદયમાં સમસ્ત દેવતાઓ ધર્મ-જ્ઞાન વગેરે સમસ્ત સદ્‌ગુણો સહિત નિત્ય નિવાસ કરે છે. પરંતુ જે ભગવાનનો ભક્ત નથી તેનામાં મહાપુરુષોના તે ગુણ આવી જ ક્યાંથી શકે? તે તો જાતજાતના સંકલ્પો કરીને નિરંતર તુચ્છ બાહ્ય વિષયો તરફ જ દોડતો રહે છે. (૧૨) જેમ માછલીઓને જળ અત્યંત પ્રિય હોય છે – તેમના જીવનનો આધાર હોય છે તેવી જ રીતે સાક્ષાત્ શ્રીહરિ જ સમસ્ત શરીરધારીઓના પ્રિયતમ આત્મા છે. તેમને ત્યજીને જો કોઈ મહત્ત્વાભિમાની મનુષ્ય ઘરમાં આસક્ત રહે છે તો તે સ્થિતિમાં સ્ત્રી-પુરુષોનું મોટાપણું કેવળ આયુષ્ય (ઉંમર)ને લીધે જ માનવામાં આવે છે, ગુણોની દૃષ્ટિએ નહીં. (૧૩) તેથી હે અસુરો! તમે તૃષ્ણા, રાગ, વિષાદ, ક્રોધ, અભિમાન, ઇચ્છા, ભય, દીનતા અને માનસિક સંતાપનાં મૂળ તથા જન્મ-મરણરૂપી સંસ્કારચક્રનાં વાહક ઘર વગેરેને ત્યજીને ભગવાન નરસિંહજીનાં નિર્ભય ચરણકમળોનો આશ્રય લો." (૧૪)

કેતુમાલ દેશમાં લક્ષ્મીજીનું તથા સંવત્સર નામના પ્રજાપતિનાં પુત્ર-પુત્રીઓનું પ્રિય (કાર્ય) કરવા માટે ભગવાન કામદેવરૂપે નિવાસ કરે છે. રાત્રિની અભિમાની દેવતારૂપ તે પુત્રીઓની અને દિવસના અભિમાની દેવતારૂપ તે પુત્રોની સંખ્યા મનુષ્યના સો વર્ષના આયુષ્યના દિવસો અને

* ૐ નમો ભગવતે નરસિંહાય નમસ્તેજસ્તેજસે આવિરાવિર્ભવ વજ્રનખ વજ્રદંષ્ટ્ર કર્માશયાન્ રન્ધયરન્ધય તમો ગ્રસ ગ્રસ ૐસ્વાહા। અભયમભયમાત્મનિ ભૂયિષ્ઠા ૐ ક્ષ્રૌમ્।

રાત્રિઓ જેટલી એટલે કે છત્રીસ-છત્રીસ હજાર છે અને તેઓ જ તે દેશના અધિપતિ છે. તે પુત્રીઓ પરમપુરુષ શ્રીનારાયણના શ્રેષ્ઠ અસ્ત્ર સુદર્શન-ચક્રના તેજથી ડરી જાય છે, તેથી પ્રત્યેક વર્ષના અંતે તેમના ગર્ભ નાશ પામીને પડી જાય છે. (૧૫) ભગવાન પોતાના સુલલિત ગતિવિલાસથી સુશોભિત મધુર-મધુર મંદસ્મિતથી, મનોહર લીલાસભર સુકુમાર નેત્રકટાક્ષથી, કંઈક ઊપસેલાં સુંદર ભવાંની રમણીય છટા વડે મુખકમળનું અપાર સૌંદર્ય ઉલેચીને સૌંદર્યદેવી શ્રીલક્ષ્મીને આનંદિત કરે છે અને પોતે પણ આનંદિત થતા રહે છે. (૧૬) શ્રીલક્ષ્મીજી પરમ સમાધિયોગ વડે ભગવાનના તે માયામય સ્વરૂપની, રાત્રિના સમયે, પ્રજાપતિ સંવત્સરની પુત્રીઓ સાથે અને દિવસે તેમના પતિઓ સાથે આરાધના કરે છે તથા તેઓ આ મંત્રનો* જપ કરતાં રહીને ભગવાનની સ્તુતિ કરે છે – (૧૭) "જેઓ ઇન્દ્રિયોના નિયંતા (નિયામક) અને તમામ શ્રેષ્ઠ વસ્તુઓના ભંડાર છે; ક્રિયાશક્તિ, જ્ઞાનશક્તિ અને સંકલ્પ-શક્તિ વગેરે ચિત્તના ધર્મોના અને તેમના વિષયોના અધીશ્વર છે; અગિયાર ઇન્દ્રિયો અને પાંચ વિષયો – એ સોળ કળાઓથી યુક્ત છે; વેદોક્ત કર્મો કરવાથી પ્રાપ્ત થાય છે તથા અન્નમય, અમૃતમય અને સર્વમય છે – તે માનસિક, ઐન્દ્રિયિક તેમ જ શારીરિક બળ-સ્વરૂપ પરમસુંદર ભગવાન કામદેવને 'ૐ હ્રાં હ્રીં હ્રૂં' - આ બીજમંત્રો સહિત સર્વ બાજુથી નમસ્કાર છે. (૧૮)

"હે ભગવન્! તમે ઇન્દ્રિયોના અધીશ્વર છો. સ્ત્રીઓ જાતજાતનાં આકરાં વ્રતો વડે તમારી જ આરાધના કરીને અન્ય લૌકિક પતિઓ પામવા ઇચ્છતી રહે છે; પરંતુ તેઓ તેમના પુત્ર, ધન અને આયુષ્યનું રક્ષણ કરી શકતા નથી, કારણ કે તેઓ પોતે જ તો પરતંત્ર છે. (૧૯) સાચો પતિ (રક્ષક અથવા ઈશ્વર) તે જ છે કે જે પોતે સર્વથા નિર્ભય હોય અને અન્ય ભયભીત લોકોનું બધા પ્રકારે રક્ષણ કરી શકે. આવા પતિ એકમાત્ર તમે જ છો. જો એક કરતાં વધુ ઈશ્વર માનવામાં આવે તો તેમને એકબીજા તરફથી ભય થવાની સંભાવના છે. તેથી જ તમે પોતાની પ્રાપ્તિ કરતાં અધિક અન્ય કોઈ લાભ હોવાનું માનતા નથી. (૨૦) હે ભગવન્! જે સ્ત્રી તમારાં ચરણકમળોનું પૂજન જ ઇચ્છે છે તે અન્ય કશી વસ્તુની કામના કરતી નથી, તેની બધી જ કામનાઓ પૂર્ણ (સંપન્ન) થઈ જાય છે; પરંતુ જે સ્ત્રી કોઈ એક કામનાને લઈને તમારી ઉપાસના કરે છે તેને તમે ફક્ત તે જ વસ્તુ આપો છો; અને ભોગ સમાપ્ત થઈ જવાથી તે વસ્તુ નષ્ટ થઈ જાય છે ત્યારે તેના માટે તેણે સંતપ્ત (દુઃખી) થવું પડે છે. (૨૧) હે અજિત! મને પ્રાપ્ત કરવા માટે ઇન્દ્રિયસુખના અભિલાષી બ્રહ્મા, રુદ્ર વગેરે સમસ્ત દેવો-દાનવો ઘોર તપસ્યા કરતા રહે છે; પરંતુ તમારાં ચરણકમળોનો આશ્રય લેનારા ભક્તો સિવાય અન્ય કોઈ મને પામી શકતું નથી, કારણ કે મારું મન તો (કેવળ) તમારામાં જ લાગેલું રહે છે. (૨૨) હે અચ્યુત! તમે પોતાના જે વંદનીય કરકમળને ભક્તોના મસ્તક પર મૂકો છો તેને મારા મસ્તક પર પણ મૂકો. હે વરેણ્ય! તમે મને કેવળ શ્રીલાંછન-રૂપે પોતાના વક્ષઃસ્થળમાં જ ધારણ કરો છો તે તમે સર્વસમર્થ છો. તમે પોતાની માયાથી જે લીલાઓ કરો છો તેમનું રહસ્ય કોણ જાણી શકે છે?" (૨૩)

રમ્યક વર્ષ (ખંડ)માં ભગવાને ત્યાંના અધિપતિ મનુને અગાઉના સમયમાં પોતાનું

---

* ૐ હ્રાં હ્રીં હ્રૂં ૐ નમો ભગવતે હૃષીકેશાય સર્વગુણવિશેષૈર્વિલક્ષિતાત્મને આકૂતીનાં ચિત્તીનાં ચેતસાં વિશેષાણાં ચાધિપતયે ષોડશકલાયચ્છન્દોમયાયાન્નમયાયામૃતમયાય સર્વમયાય સહસે ઓજસે બલાય કાન્તાય કામાય નમસ્તે ઉભયત્ર ભૂયાત્।

પરમપ્રિય મત્સ્યરૂપ બતાવ્યું હતું. મનુજી આ સમયે પણ ભગવાનના તે જ રૂપની અત્યંત ભક્તિભાવપૂર્વક ઉપાસના કરે છે અને આ મંત્રનો* જપ કરતા રહીને સ્તુતિ કરે છે – ''સત્ત્વપ્રધાન મુખ્ય પ્રાણ સૂત્રાત્મા તથા મનોબળ, ઇન્દ્રિયબળ અને શરીરબળ ઓંકારપદના અર્થ સર્વશ્રેષ્ઠ ભગવાન મહામત્સ્યને વારંવાર નમસ્કાર છે. (૨૪-૨૫)

''હે પ્રભુ! નટ જે રીતે કઠપૂતળીઓને નચાવે છે તેવી જ રીતે તમે બ્રાહ્મણ વગેરે નામની દોરીથી સમસ્ત વિશ્વને પોતાને આધીન કરીને નચાવી રહ્યા છો. તેથી તમે જ સૌના પ્રેરક છો. તમને બ્રહ્મા વગેરે લોકપાલો પણ જોઈ શકતા નથી, તોપણ તમે સમસ્ત પ્રાણીઓની અંદર પ્રાણરૂપે અને બહાર વાયુરૂપે નિરંતર સંચાર કરતા રહો છો. વેદ જ તમારો મહાન શબ્દ છે. (૨૬) એક વાર ઇન્દ્ર વગેરે ઇન્દ્રિયોના અભિમાની દેવતાઓને પ્રાણસ્વરૂપ તમારાથી દ્વેષ થયો ત્યારે તમારા અલગ થઈ જવાથી તેઓ અલગ-અલગ અથવા પરસ્પરમાં મળીને પણ મનુષ્ય, પશુ, સ્થાવર-જંગમ વગેરે જેટલાં શરીર દેખાય છે તેમાંના કોઈનું પણ ઘણો પ્રયત્ન કરવા છતાંય રક્ષણ કરી શક્યા નહીં. (૨૭) હે અજન્મા પ્રભુ! તમે મારા સહિત સમસ્ત ઔષધિઓ (વનસ્પતિઓ) અને વેલીઓના આશ્રયરૂપ આ પૃથ્વીને લઈને મોટાં-મોટાં પ્રચંડ મોજાંઓવાળા પ્રલયકાલીન સમુદ્રમાં ભારે ઉત્સાહથી વિહાર કર્યો હતો. તમે સંસારના સમસ્ત પ્રાણી-સમુદાયના નિયંતા છો. મારા તમને નમસ્કાર છે.' (૨૮)

હિરણ્મય દેશમાં ભગવાન કચ્છપરૂપ ધારણ કરીને રહે છે. ત્યાંના રહેવાસીઓ સહિત પિતૃરાજ અર્યમા ભગવાનની તે પ્રિયતમ મૂર્તિની ઉપાસના કરે છે અને આ મંત્ર* નો નિરંતર જપ કરતા રહીને (આ પ્રમાણે) સ્તુતિ કરે છે – (૨૯) ''જેઓ સઘળા સત્ત્વગુણોથી યુક્ત છે, જળમાં વિચરતા રહેવાને કારણે જેમના સ્થાનનું કોઈ નિશ્ચિતપણું નથી તથા જેઓ કાળની મર્યાદાની બહાર છે તે ઓંકારસ્વરૂપ સર્વાધાર ભગવાન કચ્છપને વારંવાર નમસ્કાર છે. (૩૦)

''હે ભગવન્! અનેક રૂપોમાં પ્રતીત થતું આ દૃશ્યપ્રપંચ જોકે મિથ્યા જ છે, તેથી તેની વાસ્તવમાં કોઈ સંખ્યા નથી; તોપણ માયાથી પ્રકાશિત થનારું આપનું જ રૂપ છે. એવા અનિર્વચનીય-સ્વરૂપ તમને મારા નમસ્કાર છે. (૩૧) એકમાત્ર તમે જ જરાયુજ, સ્વેદજ, અંડજ, ઉદ્‌ભિજ્જ, જંગમ, સ્થાવર, દેવતા, ઋષિ, પિતૃ, ભૂત, ઇન્દ્રિય, સ્વર્ગ, આકાશ, પૃથ્વી, પર્વત, નદી, સમુદ્ર, દ્વીપ, ગ્રહ, તારા વગેરે વિભિન્ન નામોથી પ્રસિદ્ધ છો. (૩૨) તમે અસંખ્ય નામો, રૂપો અને આકૃતિઓવાળા છો; કપિલ વગેરે વિદ્વાનોએ તમારામાં ચોવીસ તત્ત્વોની સંખ્યાની કલ્પના કરી છે પરંતુ તત્ત્વજ્ઞાન થવાથી તે તત્ત્વોની પણ નિવૃત્તિ થઈ જાય છે. પછી તેને સર્વત્ર આપ જ દેખાઓ છો. સાંખ્યસિદ્ધાંતસ્વરૂપ તમને મારા નમસ્કાર છે.'' (૩૩)

ઉત્તરકુરુ વર્ષ (ખંડ)માં ભગવાન યજ્ઞપુરુષ વરાહનું રૂપ ધારણ કરેલા વિરાજમાન છે. ત્યાંના રહેવાસીઓ સહિત પૃથ્વીદેવી અવિચળ ભક્તિભાવપૂર્વક તેમની ઉપાસના કરે છે અને પરમ ઉત્કૃષ્ટ મંત્ર+નો જપ કરતી રહીને (આ

★ ॐ નમો ભગવતે મુખ્યતમાય નમઃ સત્ત્વાય પ્રાણાયૌજસે સહસે બલાય મહામત્સ્યાય નમ ઇતિ।

* ॐ નમો ભગવતે અકૂપારાય સર્વસત્ત્વગુણવિશેષણાયાનુપલક્ષિતસ્થાનાય નમો વર્ષ્મણે નમો ભૂમ્ને નમો નમોઽવસ્થાનાય નમસ્તે।

+ ॐ નમો ભગવતે મન્ત્રતત્ત્વલિઙ્ગાય યજ્ઞક્રતવે મહાધ્વરાવયવાય મહાપુરુષાય નમઃ કર્મશુક્લાય ત્રિયુગાય નમસ્તે।

પ્રમાણે) સ્તુતિ કરે છે – (૩૪) "જેમને તત્ત્વ મંત્રોથી જાણી શકાય છે, જેઓ યજ્ઞ અને ક્રતુરૂપ છે તથા મોટા-મોટા યજ્ઞો જેમનાં અંગ છે તે ઓંકારસ્વરૂપ શુક્લકર્મમય ત્રિયુગમૂર્તિ પુરુષોત્તમ વરાહ ભગવાનને વારંવાર નમસ્કાર છે." (૩૫)

"જેમ ઋત્વિજો અરણિના લાકડાના ટુકડાઓમાં છુપાયેલા અગ્નિને ઘર્ષણ વડે પ્રગટ કરે છે તેવી જ રીતે કર્મની આસક્તિ અને કર્મના ફળની કામનાને લીધે છુપાયેલા તમારા રૂપનું દર્શન કરવાની ઇચ્છાથી પરમ પ્રવીણ પંડિતો પોતાના વિવેકયુક્ત મનરૂપી વલોણાથી શરીર અને મનને વલોવી નાખે છે. આ પ્રકારે વલોવવાથી પોતાના સ્વરૂપને પ્રગટ કરનારા તમને નમસ્કાર છે. (૩૬)

ચિંતન તથા યમ-નિયમો વગેરે યોગનાં અંગોના સાધનથી જેમની બુદ્ધિ નિશ્ચયાત્મક થઈ ગઈ છે - તે મહાપુરુષો માયાનાં દ્રવ્ય (વિષય), ક્રિયા (ઇન્દ્રિય-વ્યાપાર), હેતુ (ઇન્દ્રિયના અધિષ્ઠાતા દેવતા), અયન (શરીર), ઈશ, કાળ, કર્તા (અહંકાર) વગેરે કાર્યોને જોઈને તેમના અધિષ્ઠાનમાં રહેનારા પરમાત્માના વાસ્તવિક સ્વરૂપનો નિશ્ચય કરે છે તેમને વારંવાર નમસ્કાર છે. (૩૭) જેમ લોઢું જડ હોવા છતાં પણ લોહચુંબકના સાંનિધ્ય-માત્રથી હાલવા-ચાલવા લાગે છે તેવી જ રીતે જે સર્વસાક્ષીની ઇચ્છામાત્રથી, કે જે (ઇચ્છા) પોતાને માટે નહીં, બલકે સમસ્ત પ્રાણીઓ માટેની હોય છે, પ્રકૃતિ પોતાના ગુણો વડે જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય કરતી રહે છે, એવા સમસ્ત ગુણો અને કર્મોના સાક્ષી તમને નમસ્કાર છે. (૩૮) તમે જગતના કારણભૂત આદિવરાહ છો. જેમ એક હાથી બીજા હાથીને પછાડે છે તેવી જ રીતે ગજરાજની જેમ ક્રીડા કરતા તમે યુદ્ધમાં પોતાના પ્રતિદ્વંદ્વી હિરણ્યાક્ષ દૈત્યને કચડી નાખીને, મને (પૃથ્વીને) પોતાની દાઢોની અણી પર રાખીને રસાતલથી પ્રલય-સમુદ્રમાંથી બહાર નીકળી આવ્યા હતા એવા સર્વશક્તિમાન પ્રભુ આપને હું વારંવાર નમસ્કાર કરું છું." (૩૯)

★ ★ ★ ★

ઓગણીસમો અધ્યાય

કિંપુરુષવર્ષ અને ભારતવર્ષનું વર્ણન

શ્રીશુકદેવજી કહે છે – હે રાજન્! કિંપુરુષવર્ષ (ખંડ)માં શ્રીલક્ષ્મણજીના મોટા ભાઈ, આદિપુરુષ, સીતાજીના હૃદયના અભિરામ ભગવાન શ્રીરામનાં ચરણોના સાંનિધ્યના રસિક, પરમ ભાગવત શ્રીહનુમાનજી અન્ય કિન્નરો સહિત અવિચળ ભક્તિભાવથી તેમની ઉપાસના કરે છે. (૧) ત્યાં અન્ય ગંધર્વોના પ્રમુખ આર્ષ્ટિષેણ તેમના સ્વામી ભગવાન શ્રીરામની પરમ કલ્યાણમયી ગુણગાથા ગાતા રહે છે. શ્રીહનુમાનજી તે સાંભળે છે અને પોતે પણ આ મંત્ર★નો જપ કરતા રહીને આ પ્રમાણે તેમની સ્તુતિ કરે છે – (૨) "અમે ઓંકારસ્વરૂપ પવિત્રકીર્તિ ભગવાન શ્રીરામને નમસ્કાર કરીએ છીએ. તમારામાં સત્પુરુષોનાં લક્ષણો, શીલ અને આચરણ વિદ્યમાન છે. તમે અત્યંત સંયતચિત્ત, આપના ઉપાસકોને દર્શન આપવામાં તત્પર, સાધુતાની પરીક્ષા માટે

★ ૐ નમો ભગવતે ઉત્તમશ્લોકાય નમ આર્યલક્ષણશીલવ્રતાય નમ ઉપશિક્ષિતાત્મન ઉપાસિતલોકાય નમઃ સાધુવાદનિકષણાય નમો બ્રહ્મણ્યદેવાય મહાપુરુષાય મહારાજાય નમ ઇતિ ।

કસોટીરૂપ અને મહાન બ્રાહ્મણભક્ત છો. આવા મહાપુરુષ મહારાજ શ્રીરામને અમારા પુનઃ પુનઃ પ્રણામ છે. (૩)

"હે ભગવન્! તમે વિશુદ્ધ બોધસ્વરૂપ, અદ્વિતીય, પોતાના સ્વરૂપના પ્રકાશથી ગુણોના કાર્યરૂપ જાગ્રત વગેરે તમામ અવસ્થાઓનો ધ્વંસ કરનારા, સૌના અંતરાત્મા, પરમ શાન્ત, શુદ્ધ બુદ્ધિથી ગ્રહણ કરવા યોગ્ય, નામ અને રૂપ વિનાના અને અહંકારરહિત છો. હું તમારે શરણે છું. (૪) હે પ્રભુ! તમારો મનુષ્ય-અવતાર માત્ર રાક્ષસોના વધ માટે જ નથી, (બલકે) એનું મુખ્ય ઉદ્દેશ્ય તો મનુષ્યોને બોધ આપવાનું છે. અન્યથા, પોતાના સ્વરૂપમાં જ રમણ કરનારા સાક્ષાત્ વિશ્વાત્મા વિશ્વેશ્વરને સીતાજીના વિયોગમાં આટલું દુઃખ કેવી રીતે થઈ શકતું હતું? (૫) તમે ધીરપુરુષોના આત્મા* અને પ્રિયતમ ભગવાન વાસુદેવ છો; ત્રણે લોકની કોઈ પણ વસ્તુમાં તમારી આસક્તિ નથી. તમે નથી તો સીતાજી માટે મોહ પામતા અને નથી તો લક્ષ્મણજીનો ત્યાગ પણ કરતા.★ (૬) તમારા આ વ્યવહારો તો માત્ર લોકશિક્ષણ માટે જ છે. હે લક્ષ્મણાગ્રજ (લક્ષ્મણજીના મોટા ભાઈ)! ઉત્તમ કુળમાં જન્મ, સુંદરતા, વાક્‌ચાતુરી, બુદ્ધિ અને શ્રેષ્ઠ યોનિ – આમાંનો કોઈ પણ ગુણ તમારી પ્રસન્નતાનું કારણ બની શકતો નથી, આ વાત બતાવવા માટે જ તમે આ બધા ગુણો વિનાના વનવાસી વાનરો, એવા અમારી સાથે મિત્રતા કરી છે. (૭) દેવ, દાનવ, મનુષ્ય કે વાનર – કોઈ પણ હોય છે, તેણે બધી રીતે શ્રીરામ-સ્વરૂપ તમારું જ ભજન કરવું જોઈએ; કારણ કે તમે નરના રૂપમાં સાક્ષાત્ શ્રીહરિ જ છો. અને કરેલા થોડા (ભજન)ને પણ ઘણું વધારે માનો છો. તમે આશ્રિતોના એવા પ્રેમી છો કે જ્યારે પોતે દિવ્યધામમાં સિધાવી ગયા હતા ત્યારે સઘળાં ઉત્તર-કોસલવાસીઓને પણ પોતાની સાથે જ લઈ ગયા હતા." (૮)

ભારતવર્ષમાં પણ ભગવાન દયાવશ નર-નારાયણ-રૂપ ધારણ કરીને સંયમશીલ મનુષ્યો પર અનુગ્રહ કરવા માટે અપ્રગટરૂપે કલ્પના અંત સુધી તપ કરતા રહે છે. તેમની આ તપસ્યા એવી છે કે જેના થકી ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ઐશ્વર્ય, શાન્તિ અને ઉપરતિની ઉત્તરોત્તર વૃદ્ધિ થાય છે અને અંતે આત્મસ્વરૂપની પ્રાપ્તિ થઈ શકે છે. (૯) ત્યાં ભગવાન નારદજી સ્વયં શ્રીભગવાને જ કહેલા સાંખ્ય અને યોગશાસ્ત્ર સહિત ભગવાનના મહિમાને પ્રગટ કરનારા પાંચરાત્રદર્શનનો સાવર્ણિ મુનિને ઉપદેશ કરવા માટે, ભારતવર્ષની વર્ણાશ્રમ-ધર્મ પર અવલંબિત પ્રજા સહિત, અત્યંત ભક્તિભાવપૂર્વક ભગવાન શ્રીનર-નારાયણની ઉપાસના કરે છે તથા આ મંત્ર÷નો જપ કરે છે અને સ્તોત્રનું ગાન કરીને

---

* અહીં શંકા થાય છે કે ભગવાન તો સૌના આત્મા છે, તો પછી અહીં તેમને આત્મવાન (ધીર) મનુષ્યોના જ આત્મા કેમ બતાવવામાં આવ્યા છે? આનું કારણ એ જ છે કે તેઓ સર્વાત્મા હોવા છતાં પણ તેમને કેવળ આત્મજ્ઞાની મનુષ્યો જ પોતાના આત્મારૂપે અનુભવે છે, અન્ય મનુષ્યો નહીં. શ્રુતિમાં જ્યાં ક્યાંય આત્મસાક્ષાત્કારની વાત આવેલી છે ત્યાં આત્મવેત્તા માટે 'ધીર' શબ્દનો પ્રયોગ કરેલો છે. જેમ કે – 'કશ્ચિદ્ધીરઃ પ્રત્યગાત્માનમૈક્ષત' 'ઇતિ નઃ શુશ્રુમ ધીરાણામ્' વગેરે. તેથી અહીં પણ ભગવાનને આત્મવાન અથવા ધીરપુરુષના આત્મા બતાવ્યા છે.

★ એક વાર ભગવાન શ્રીરામ એકાંતમાં એક દેવદૂત સાથે વાતો કરી રહ્યા હતા. તે સમયે લક્ષ્મણજી પહેરો ભરતા હતા અને ભગવાનની આજ્ઞા હતી કે જો અત્યારે કોઈ અંદર આવશે તો તે મારા હાથે માર્યો જશે. એ દરમિયાન જ દુર્વાસા મુનિ આવ્યા અને તેમણે પોતાના આગમનની સૂચના આપવા અંદર જવા માટે લક્ષ્મણજીને વિવશ કર્યા. આનાથી પોતાની પ્રતિજ્ઞા અનુસાર ભગવાન ઘણા અસમંજસ (અવઢવ)માં પડી ગયા. ત્યારે વસિષ્ઠજીએ કહ્યું કે લક્ષ્મણજીના પ્રાણ નહીં લેતાં તેમનો ત્યાગ કરી દેવો જોઈએ; કારણ કે પોતાના પ્રિયજનનો ત્યાગ કરવો એ (તેને માટે) મૃત્યુદંડ બરાબર જ છે. એથી ભગવાને તેમનો ત્યાગ કર્યો.

÷ ૐ નમો ભગવતે ઉપશમશીલાયોપરતાનાત્મ્યાય નમોઽકિઞ્ચનવિત્તાય ઋષિઋષભાય નરનારાયણાય પરમહંસપરમગુરવે આત્મારામાધિપતયે નમો નમ ઇતિ ।

તેમની સ્તુતિ કરે છે – (૧૦) 'ઓંકારસ્વરૂપ, નિરહંકાર, નિર્ધનોના ધન, શાંતસ્વભાવ, ઋષિશ્રેષ્ઠ ભગવાન શ્રીનર-નારાયણને નમસ્કાર છે. તેઓ પરમહંસોના પરમ ગુરુ અને આત્મારામોના અધીશ્વર છે; તેમને વારંવાર નમસ્કાર છે.'' (૧૧) અને આ પ્રમાણે ગાય છે – ''જેઓ વિશ્વની ઉત્પત્તિ વગેરેમાં (સ્વયં) તેમના કર્તા હોવા છતાં પણ કર્તૃત્વના અભિમાનથી બંધાતા નથી, શરીરમાં રહેતા હોવા છતાં પણ તેના ભૂખ-તરસ વગેરે ધર્મોને વશીભૂત થતા નથી તથા દ્રષ્ટા હોવા છતાં પણ જેમની દૃષ્ટિ દૃશ્યના ગુણ-દોષોથી દૂષિત થતી નથી – તે અસંગ તેમ જ વિશુદ્ધ સાક્ષીસ્વરૂપ ભગવાન શ્રીનર-નારાયણને નમસ્કાર છે. (૧૨) હે યોગેશ્વર! હિરણ્યગર્ભ ભગવાન બ્રહ્માજીએ યોગ-સાધનની સૌથી મોટી નિપુણતા (ખૂબી) એ જ બતાવી છે કે મનુષ્યે (પોતાના) અંતકાળે દેહાભિમાન ત્યજીને ભક્તિપૂર્વક તમારા પ્રાકૃત ગુણોથી રહિત સ્વરૂપમાં પોતાનું મન જોડવું. (૧૩) લૌકિક અને પારલૌકિક ભોગોના લાલચુ મૂર્ખ (મૂઢ) મનુષ્યો જેમ પુત્ર, પત્ની અને ધનસંપત્તિની ચિંતા કરીને મોતથી ગભરાય છે તેવી જ રીતે જો વિદ્વાનને પણ આ નિંદ્ય શરીર છૂટી જવાનો ભય જ સદા રહે તો તેણે જ્ઞાન-પ્રાપ્તિ માટે કરેલો સઘળોય પ્રયત્ન કેવળ શ્રમ જ ગણાય. (૧૪) તેથી હે અધોક્ષજ! તમે અમને પોતાનો સ્વાભાવિક પ્રેમરૂપી ભક્તિયોગ જ આપો, કે જેથી હે પ્રભુ! આ નિંદ્ય શરીરમાં તમારી માયાને કારણે બદ્ધમૂળ થયેલી અહંતા-મમતાને અમે તરત કાપી નાખીએ.'' (૧૫)

હે રાજન્! આ ભારતવર્ષમાં પણ ઘણાબધા પર્વતો અને નદીઓ છે – જેવા કે મલય, મંગલપ્રસ્થ, મૈનાક, ત્રિકૂટ, ઋષભ, કૂટક, કોલ્લક, સહ્ય, દેવગિરિ, ઋષ્યમૂક, શ્રીશૈલ, વેંકટ, મહેન્દ્ર, વારિધાર, વિંધ્ય, શુક્તિમાન, ઋક્ષગિરિ, પારિયાત્ર, દ્રોણ, ચિત્રકૂટ, ગોવર્ધન, રૈવતક, કકુભ, નીલ, ગોકામુખ, ઇન્દ્રકીલ, કામગિરિ વગેરે. આવા જ અન્ય પણ સેંકડો - હજારો પર્વતો છે. તેમના તટપ્રદેશોમાંથી નીકળતાં નદ (વહેળા) અને નદીઓ પણ અસંખ્ય છે. (૧૬) આ નદીઓ પોતાનાં નામોથી જ જીવોને પવિત્ર કરી દે છે અને ભારતીય પ્રજા એમના જ જળમાં સ્નાન કરે છે. (૧૭) એમાંની મુખ્ય-મુખ્ય નદીઓ છે – ચંદ્રવસા, તામ્રપર્ણી, અવટોદા, કૃતમાલા, વૈહાયસી, કાવેરી, વેણી, પયસ્વિની, શર્કરાવર્તા, તુંગભદ્રા, કૃષ્ણા, વેણ્યા, ભીમરથી, ગોદાવરી, નિર્વિંધ્યા, પયોષ્ણી, તાપી, રેવા, સુરસા, નર્મદા, ચર્મણ્વતી, સિંધુ, અંધ અને શોણ નામના બે નદ, મહાનદી, વેદસ્મૃતિ, ઋષિકુલ્યા, ત્રિસામા, કૌશિકી, મંદાકિની, યમુના, સરસ્વતી, દૃષદ્વતી, ગોમતી, સરયૂ, રોધસ્વતી, સપ્તવતી, સુષોમા, શતદ્રૂ, ચંદ્રભાગા, મરુદ્વૃધા, વિતસ્તા, અસિક્ની અને વિશ્વા. (૧૮) આ જ દેશ (ભારત)માં જન્મ લેનારા મનુષ્યોને પોતાનાં કરેલાં સાત્ત્વિક, રાજસ અને તામસ કર્મો અનુસાર ક્રમશઃ અનેક પ્રકારની દિવ્ય, માનુષ અને નારકી યોનિઓ પ્રાપ્ત થાય છે; કારણ કે કર્મો અનુસાર બધા જીવોને બધી જ યોનિઓ પ્રાપ્ત થઈ શકે છે. આ જ દેશમાં પોતપોતાના વર્ણ માટે નિયત કરેલા ધર્મોનું (આચારોનું) વિધિવત્ અનુષ્ઠાન કરવાથી મોક્ષ સુધ્ધાંની પ્રાપ્તિ થઈ શકે છે. (૧૯) હે પરીક્ષિત! સમસ્ત ભૂતપ્રાણીઓના આત્મા, રાગ વગેરે દોષો વિનાના, અનિર્વચનીય, સર્વાધાર પરમાત્મા ભગવાન વાસુદેવમાં અનન્ય અને નિર્હેતુક ભક્તિભાવ જ મોક્ષપદ છે. આ ભક્તિભાવ ત્યારે જ પ્રાપ્ત થાય છે કે જ્યારે અનેક પ્રકારની ગતિઓને પ્રગટ કરનારી અવિદ્યારૂપી હૃદયગ્રંથિ

કપાઈ જતાં ભગવાનના પ્રેમી ભક્તોનો સંગ મળે છે. (૨૦)

દેવતાઓ પણ (ભારતવર્ષમાં જન્મેલા મનુષ્યોનો મહિમા) આ પ્રમાણે ગાય છે – "અહો! જે જીવોએ ભારતવર્ષમાં ભગવાનની સેવાને યોગ્ય મનુષ્યજન્મ પ્રાપ્ત કર્યો છે તેમણે એવું કયું પુણ્ય કર્યું છે? અથવા તેમના પર શ્રીહરિ જ પ્રસન્ન થઈ ગયા છે? – આ પરમ સૌભાગ્ય માટે તો અમે (દેવતાઓ) પણ નિરંતર તલસતા રહીએ છીએ. (૨૧) અમે ઘણાં કઠોર યજ્ઞ-તપ-વ્રત-દાન વગેરે કરીને આ તુચ્છ સ્વર્ગનો જે અધિકાર મેળવ્યો છે એનાથી શો લાભ છે? અહીં તો ઇન્દ્રિય-ભોગોની અધિકતાને કારણે સ્મરણશક્તિ ક્ષીણ થઈ જાય છે, તેથી શ્રીનારાયણનાં ચરણકમળોનું સ્મરણ ક્યારેય થતું નથી. (૨૨) આ સ્વર્ગ તો શું, જ્યાંના નિવાસીઓનું એક-એક કલ્પનું આયુષ્ય હોય છે પણ જ્યાંથી ફરી સંસારચક્રમાં પાછા આવવું પડે છે તેવા બ્રહ્મલોક વગેરે લોક કરતાં પણ ભારતભૂમિમાં ભલે થોડા આયુષ્યવાળા હોઈએ તોપણ જન્મ લેવો એ સારું છે; કારણ કે અહીં ધીર પુરુષો (મનસ્વીઓ) પોતાના આ મર્ત્ય શરીર થકી કરેલાં સમસ્ત કર્મો શ્રીભગવાનને અર્પણ કરીને એક ક્ષણમાં જ તેમનું અભય-પદ પ્રાપ્ત કરી શકે છે. (૨૩)

"જ્યાં ભગવાનની કથાની અમૃતસભર સરિતા વહેતી નથી, જ્યાં તેના ઉદ્‌ગમસ્થાન એવા ભગવદ્‌ભક્ત સાધુજનો વસતા નથી અને જ્યાં નૃત્ય-ગીત વગેરેની સાથે મોટા ઉત્સવ (સમારોહ)પૂર્વક ભગવાન યજ્ઞપુરુષની પૂજા-અર્ચના કરવામાં આવતી નથી – તે ભલેને બ્રહ્મલોક જ કેમ ન હોય, તેનું સેવન કરવું જોઈએ નહીં. (૨૪) જે જીવોએ આ ભારત- વર્ષમાં જ્ઞાન (વિવેકબુદ્ધિ), તેને અનુકૂળ કર્મ તથા તે કર્મને ઉપયોગી દ્રવ્યો વગેરે સામગ્રીથી સંપન્ન મનુષ્યજન્મ મેળવ્યો છે તેઓ જો આવાગમનના ચકરાવામાંથી બહાર નીકળવાનો પ્રયત્ન કરતા નથી તો, પારધીના ફંદામાંથી છૂટેલાં હોવા છતાં પણ ફળ વગેરે(ની પ્રાપ્તિ)ના લોભને લીધે તે જ વૃક્ષ પર વિહાર કરનારાં પક્ષીઓની જેમ, ફરીથી બંધનમાં પડી જાય છે. (૨૫)

"અહો! આ ભારતવાસીઓનું કેવું સૌભાગ્ય છે! આ (ભારતવાસીઓ) જ્યારે યજ્ઞમાં ભિન્ન-ભિન્ન દેવતાઓની પ્રસન્નતાના ઉદ્દેશ્યથી અલગ-અલગ (યજ્ઞ-)ભાગ રાખીને વિધિ, મંત્રો, દ્રવ્યો વગેરેના યોગથી શ્રદ્ધાપૂર્વક તે દેવતાઓને હવિનું પ્રદાન કરે છે ત્યારે આ પ્રમાણે ઇન્દ્ર વગેરે ભિન્ન-ભિન્ન નામે પોકારવાથી (આવાહન કરવાથી) સમસ્ત કામનાઓને પૂરી કરનારા, પૂર્ણકામ સ્વયં શ્રીહરિ પ્રસન્ન થાય છે અને તે હવિનું ગ્રહણ કરે છે. (૨૬) એ તો બરાબર છે કે ભગવાન સકામ મનુષ્યોના માગવાથી તેમને અભીષ્ટ વસ્તુઓ આપે છે, પરંતુ આ કાંઈ સાધક માટે વાસ્તવિક પ્રાપ્તિ દાન નથી; કારણ કે તે વસ્તુઓ મેળવી લીધા પછી પણ મનુષ્યના મનમાં ફરી ફરી કામનાઓ થતી જ રહે છે. આનાથી ઊલટું, જેઓ ભગવાનની નિષ્કામભાવે ભક્તિ કરે છે તેમને તો તેઓ સાક્ષાત્ પોતાનાં ચરણકમળની ભક્તિ જ આપી દે છે, કે જેઓ અન્ય સઘળી કામનાઓઓને સમાપ્ત કરી દેનારી છે. (૨૭)

"તેથી અત્યાર સુધી સ્વર્ગસુખ ભોગવી લીધા પછી, અમારાં પૂર્વે કરેલાં યજ્ઞ, પ્રવચન અને શુભ કર્મોમાંથી જો કંઈ પણ પુણ્ય બચ્યું હોય તો તેના પ્રભાવે અમને આ ભારતવર્ષમાં ભગવાનના સ્મરણ સહિતનો મનુષ્યજન્મ મળો; કારણ કે શ્રીહરિ પોતાની ભક્તિ કરનારાઓનું સર્વ પ્રકારે કલ્યાણ કરે છે." (૨૮)

શ્રીશુકદેવજી કહે છે – હે રાજન્! રાજા સગરના પુત્રોએ પોતાના યજ્ઞના અશ્વને ખોળવા આ પૃથ્વીને ચારે બાજુએ ખોદી હતી. તેનાથી જંબૂદ્વીપમાં જ આઠ અન્ય ઉપદ્વીપ બન્યા, એમ કેટલાક લોકોનું કહેવું છે. (૨૯) તે (ઉપદ્વીપો) છે – સ્વર્ણપ્રસ્થ, ચંદ્રશુક્લ આવર્તન, રમણક, મંદરહરિણ, પાંચજન્ય, સિંહલ અને લંકા. (૩૦) હે ભરતશ્રેષ્ઠ! આ પ્રમાણે જેવું મેં ગુરુના મુખેથી સાંભળ્યું હતું, બરાબર તેવું જ તમને જંબૂદ્વીપના દેશોનું આ વિભાજન કહી સંભળાવ્યું. (૩૧)

★ ★ ★ ★

વીસમો અધ્યાય

અન્ય છ દ્વીપોનું તથા લોકાલોક પર્વતનું વર્ણન

શ્રીશુકદેવજી કહે છે – હે રાજન્! હવે પરિમાણ (વિસ્તાર-માપ), લક્ષણો અને સ્થિતિ અનુસાર પ્લક્ષ વગેરે અન્ય દ્વીપોના દેશ-વિભાજનનું વર્ણન કરવામાં આવે છે. (૧) જેવી રીતે મેરુ પર્વત જંબૂદ્વીપથી ઘેરાયેલો છે તેવી જ રીતે જંબૂદ્વીપ પણ પોતાના જેટલા જ પરિમાણ અને વિસ્તારવાળા ખારા સમુદ્રથી ઘેરાયેલો છે. વળી જે રીતે ખાઈ બહારના ઉપવનથી ઘેરાયેલી રહી છે તેવી જ રીતે ખારો સમુદ્ર પણ પોતાનાથી બમણા વિસ્તારવાળા પ્લક્ષદ્વીપથી ઘેરાયેલો છે. જંબૂદ્વીપમાં જેવડું મોટું જંબૂ (જાંબુડા)નું વૃક્ષ છે તેટલા જ વિસ્તારવાળું અહીં સુવર્ણમય પ્લક્ષ (અંજીર)નું વૃક્ષ છે. એને જ કારણે આનું નામ પ્લક્ષદ્વીપ પડ્યું છે. અહીં સપ્તજિહ્વા અગ્નિદેવ વિરાજમાન છે. આ દ્વીપના અધિપતિ (રાજા) પ્રિયવ્રતના પુત્ર ઈધ્મજિહ્વ મહારાજ હતા. તેમણે જ આને સાત વર્ષો (ખંડો)માં વિભાજિત કર્યો અને તે ખંડો નામ જેવા જ નામવાળા પોતાના પુત્રોને સોંપ્યા અને પોતે અધ્યાત્મયોગનો આશ્રય લઈને ઉપરત થઈ ગયા. (૨) તે દેશોનાં નામ છે – શિવ, યવસ, સુભદ્ર, શાન્ત, ક્ષેમ, અમૃત અને અભય. આ દેશોમાં પણ સાત પર્વતો અને સાત નદીઓ પ્રસિદ્ધ છે. (૩) ત્યાં મણિકૂટ, વજ્રકૂટ, ઇન્દ્રસેન, જ્યોતિષ્માન્, સુપર્ણ, હિરણ્યષ્ઠીવ અને મેઘમાલ – આ સાત મર્યાદા-પર્વતો છે તથા અરુણા, નૃમ્ણા, આંગિરસી, સાવિત્રી, સુપ્રભાતા, ઋતંભરા અને સત્યંભરા – આ સાત મહાનદીઓ છે. ત્યાં હંસ, પતંગ, ઊર્ધ્વાયન અને સત્યાંગ નામના ચાર વર્ણો છે. આ નદીઓમાં સ્નાન કરવાથી રજોગુણ અને તમોગુણ ક્ષીણ થતા રહે છે. તેમનું આયુષ્ય એક હજાર વર્ષનું હોય છે. તેમનાં શરીરોમાં દેવતાઓની જેમ જ થાક, પરસેવો વગેરે થતાં નથી અને સંતાનોની ઉત્પત્તિ પણ તેમના જ જેવી થાય છે. તેઓ ત્રયીવિદ્યા વડે, ત્રણે વેદોમાં વર્ણવેલા, સ્વર્ગના દ્વારભૂત, આત્મસ્વરૂપ ભગવાન સૂર્યની ઉપાસના કરે છે. (૪) તેઓ કહે છે (પ્રાર્થના કરે છે) કે "જેઓ સત્ય (અનુષ્ઠાનને યોગ્ય ધર્મ) અને ઋત (પ્રતીત થતો ધર્મ), વેદો અને શુભ તથા અશુભ કર્મફળના અધિષ્ઠાતા છે તે પુરાણપુરુષ, વિષ્ણુસ્વરૂપ ભગવાન સૂર્યના શરણમાં અમે જઈએ છીએ." (૫) પ્લક્ષ વગેરે પાંચ દ્વીપોમાં બધા જ મનુષ્યોને જન્મથી જ આયુષ્ય, ઇન્દ્રિયો, મનોબળ, ઇન્દ્રિયબળ, શારીરિક બળ, બુદ્ધિ અને પરાક્રમ સમાનરૂપે સિદ્ધ થયેલાં હોય છે. (૬)

પ્લક્ષદ્વીપ પોતાના જેટલા જ વિસ્તારવાળા શેરડીના રસના સમુદ્રથી ઘેરાયેલો છે. તેની આગળ તેનાથી બમણા પરિમાણવાળો શાલ્મલીદ્વીપ

છે, જે એટલા જ વિસ્તારવાળા મદિરાના સમુદ્રથી ઘેરાયેલો છે. (૭) આ શાલ્મલીદ્વીપમાં પ્લક્ષ દ્વીપના પ્લક્ષના વૃક્ષ જેવડું જ શાલ્મલીનું વૃક્ષ છે. કહે છે કે આ જ વૃક્ષ પોતાની વેદમય પાંખોથી ભગવાનની સ્તુતિ કરનારા પક્ષીરાજ ભગવાન ગરુડનું નિવાસસ્થાન છે તથા આ જ વૃક્ષ આ દ્વીપના નામકરણનું કારણ છે. (૮) આ દ્વીપના અધિપતિ પ્રિયવ્રતના પુત્ર મહારાજ યજ્ઞબાહુ હતા. તેમણે જ આ દ્વીપના સુરોચન, સૌમનસ્ય, રમણક, દેવવર્ષ, પારિભદ્ર, આપ્યાયન અને અવિજ્ઞાત નામે સાત વિભાગ કર્યા અને તે એ જ નામના પોતાના પુત્રોને સોંપી દીધા. (૯) એમાં પણ સાત વર્ષ-પર્વતો અને સાત નદીઓ પ્રસિદ્ધ છે. પર્વતોનાં નામ છે સ્વરસ, શતશૃંગ, વામદેવ, કુંદ, મુકુંદ, પુષ્પવર્ષ અને સહસ્રશ્રુતિ તથા નદીઓ છે – અનુમતિ, સિનીવાલી, સરસ્વતી, કુહૂ, રજની, નંદા અને રાકા. (૧૦) આ વર્ષોમાં રહેતા શ્રુતધર, વીર્યધર, વસુંધર અને ઈષંધર નામના ચાર વર્ણો(ના લોકો) વેદમંત્રોથી વેદમય, આત્મસ્વરૂપ ભગવાન ચંદ્રમાની ઉપાસના કરે છે. (૧૧) (તેઓ પ્રાર્થના કરે છે –) "જેઓ કૃષ્ણપક્ષ અને શુક્લપક્ષમાં પોતાનાં કિરણોથી વિભાજન કરીને દેવતાઓ, પિતૃઓ અને સમસ્ત પ્રાણીઓને અન્ન આપે છે તે ચંદ્રદેવ અમારું રંજન કરનારા (રાજા, રંજક) થાઓ." (૧૨)

આ જ પ્રમાણે મદિરાના સમુદ્રથી આગળ તેનાથી બમણા પરિમાણવાળો કુશદ્વીપ છે. અગાઉ કહેવાયેલા દ્વીપોના જેવો આ દ્વીપ પણ પોતાના જેટલા જ વિસ્તારવાળા ઘીના સમુદ્રથી ઘેરાયેલો છે. આમાં ભગવાને રચેલું કુશ સમૂહનું એક વૃક્ષ છે, એના નામથી જ આ દ્વીપનું નામ (કુશદ્વીપ) જાણીતું થયું છે. બીજા અગ્નિદેવ જેવું તે (વૃક્ષ) પોતાની કોમળ શિખાઓના તેજથી બધી જ દિશાઓને પ્રકાશિત કરતું રહે છે. (૧૩) હે રાજન્! આ દ્વીપના અધિપતિ પ્રિયવ્રતના પુત્ર મહારાજ હિરણ્યરેતા હતા. તેમણે આ (દ્વીપ)ના સાત વિભાગ કર્યા અને તેમાંનો એક-એક (વિભાગ) પોતાના સાત પુત્રો – વસુ, વસુદાન, દૃઢરુચિ, નાભિગુપ્ત, સ્તુત્યવ્રત, વિવિક્ત અને વામદેવને આપ્યો; અને પોતે તપ કરવા ચાલી નીકળ્યા. (૧૪) તે (વિભાગો)ની સીમાઓ નક્કી કરતા સાત પર્વતો અને સાત નદીઓ છે. પર્વતોનાં નામ છે – ચક્ર, ચતુઃશૃંગ, કપિલ, ચિત્રકૂટ, દેવાનીક, ઊર્ધ્વરોમા અને દ્રવિણ. નદીઓનાં નામ છે – રસકુલ્યા, મધુકુલ્યા, મિત્રાવિંદા, શ્રુતવિંદા,દેવગર્ભા, ઘૃતચ્યુતા અને મંત્રમાલા. (૧૫) આ (નદીઓ)માં સ્નાન કરીને કુશદ્વીપના નિવાસીઓ, કે જેઓ કુશળ, કોવિદ, અભિયુક્ત અને કુલક વર્ણના મનુષ્યો છે, જેઓ યજ્ઞ વગેરે કર્મકૌશલ વડે અગ્નિસ્વરૂપ ભગવાન શ્રીહરિનું પૂજન કરે છે; (૧૬) (તથા આ પ્રમાણે સ્તુતિ કરે છે –) "હે અગ્નિદેવ! તમે પરબ્રહ્મને પ્રત્યક્ષ હવિ પહોંચાડનારા છો; તેથી ભગવાનના અંગભૂત દેવતાઓનું યજન કરીને તમે તે પરમપુરુષનું જ યજન કરો." (૧૭)

હે રાજન્! પછી ઘીના સમુદ્ર (ઘૃતસમુદ્ર)થી આગળ તેના કરતાં બમણા પરિમાણવાળો ક્રૌંચદ્વીપ છે. જેમ કુશદ્વીપ ઘીના સમુદ્રથી ઘેરાયેલો છે તેવી જ રીતે આ (ક્રૌંચદ્વીપ) પોતાના જ જેટલા વિસ્તારવાળા દૂધના સમુદ્રથી ઘેરાયેલો છે. અહીં ક્રૌંચ નામનો એક ઘણો મોટો પર્વત છે, તેને જ કારણે આનું નામ ક્રૌંચદ્વીપ થયું છે. (૧૮) અગાઉના સમયમાં શ્રીકાર્તિકેય સ્વામીના શસ્ત્રપ્રહારથી આનો કટિપ્રદેશ અને લતા-નિકુંજ વગેરે નષ્ટભ્રષ્ટ થઈ ગયાં હતાં, પરંતુ ક્ષીરસમુદ્ર (દૂધના સમુદ્ર) વડે સીંચાવાથી અને વરુણદેવ વડે

સુરક્ષિત થવાથી આ પર્વત ફરીથી નિર્ભય થઈ ગયો. (૧૯) આ દ્વીપના અધિપતિ પ્રિયવ્રતના પુત્ર મહારાજ ઘૃતપૃષ્ઠ હતા. તેઓ મહાન જ્ઞાની હતા. તેમણે આને સાત દેશોમાં વિંભાજિત કરીને તેમના પર, તેમના જ જેવાં નામવાળા પોતાના સાત ઉત્તરાધિકારી પુત્રોની નિમણૂક કરી; અને પોતે સમસ્ત જીવોના અંતરાત્મા, પરમમંગલમય કીર્તિશાળી ભગવાન શ્રીહરિનાં પવિત્ર ચરણકમળનું શરણ લીધું. (૨૦) મહારાજ ઘૃતપૃષ્ઠને સાત પુત્રો હતા – આમ, મધુરુહ, મેઘપૃષ્ઠ, સુધામા, ભ્રાજિષ્ઠ, લોહિતાર્ણ અને વનસ્પતિ. તેમના વર્ષોમાં પણ સાત વર્ષપર્વતો અને સાત નદીઓ (હોવાનું) કહેવાય છે. પર્વતોનાં નામ છે – શુક્લ, વર્ધમાન, ભોજન, ઉપબર્હિણ, નંદ, નંદન અને સર્વતોભદ્ર. નદીઓનાં નામ છે – અભયા, અમૃતૌઘા, આર્યકા, તીર્થવતી, વૃત્તિરૂપવતી, પવિત્રવતી અને શુક્લા. (૨૧) તેમનાં પવિત્ર અને નિર્મળ જળનું સેવન કરનારા ત્યાંના પુરુષ, ઋષભ, દ્રવિણ અને દેવક નામના ચાર વર્ણોવાળા નિવાસીઓ જળ-ભરેલી અંજલિ વડે આપોદેવતા (જળદેવતા)ની ઉપાસના છે; (૨૨) (અને પ્રાર્થના કરે છે–) "હે જળદેવતા! તમને પરમાત્મા પાસેથી સામર્થ્ય મળેલું છે; તમે ભૂ:, ભુવ: અને સ્વ: – ત્રણે લોકોને પવિત્ર કરો છો, કારણ કે (તમે) સ્વરૂપથી જ પાપોનો નાશ કરનારા છો. અમે પોતાનાં શરીરથી તમારો સ્પર્શ કરીએ છીએ, તમે અમારાં અંગોને પવિત્ર કરો." (૨૩)

આ જ પ્રમાણે ક્ષીરસમુદ્રથી આગળ પોતાની ચારે બાજુ બત્રીસ લાખ જોજનના વિસ્તારવાળો શાકદ્વીપ છે, જે પોતાના જેટલા જ પરિમાણવાળા દહીંના સમુદ્રથી ઘેરાયેલો છે. આમાં શાક નામનું એક ઘણું મોટું વૃક્ષ છે અને એ જ આ પ્રદેશના નામનું કારણ છે. તેની અત્યંત મનોહર સુગંધથી આખો દ્વીપ મહેકતો રહે છે. (૨૪) તેના મેધાતિથિ નામના અધિપતિ પણ રાજા પ્રિયવ્રતના જ પુત્ર હતા. તેમણે પણ પોતાનાં દ્વીપને સાત વર્ષોમાં વિભાજિત કર્યો અને તે વર્ષોમાં તેમના જ જેવાં નામવાળા પોતાના પુરોજવ, મનોજવ, પવમાન, ધૂમ્રાનીક, ચિત્રરેફ, બહુરૂપ અને વિશ્વધાર (નામના) પુત્રોની અધિપતિ તરીકે નિમણૂક કરીને પોતે ભગવાન અનંતમાં દત્તચિત્ત થઈને તપોવનમાં પ્રયાણ કરી ગયા. (૨૫) આ વર્ષોમાં પણ સાત મર્યાદાપર્વતો અને સાત નદીઓ છે. પર્વતોનાં નામ છે – ઈશાન, ઉરુશૃંગ, બલભદ્ર, શતકેસર, સહસ્રસ્રોત, દેવપાલ અને મહાનસ. તથા નદીઓ છે – અનઘા, આયુર્દા, ઉભયસ્પૃષ્ટિ, અપરાજિતા, પંચપદી, સહસ્રસ્રુતિ અને નિજધૃતિ. (૨૬) તે વર્ષના ઋતવ્રત, સત્યવ્રત, દાનવ્રત અને અનુવ્રત નામના (વર્ણોના) મનુષ્યો પ્રાણાયામ વડે પોતાના રજોગુણ અને તમોગુણને ક્ષીણ કરીને મહાન સમાધિ વડે વાયુરૂપ શ્રીહરિની આરાધના કરે છે; (૨૭) (અને આ પ્રમાણે તેમની સ્તુતિ કરે છે –) "જેઓ પ્રાણ વગેરે વૃત્તિરૂપી પોતાની ધજાઓ સહિત પ્રાણીઓમાં પ્રવેશીને તેમનું પાલનપોષણ કરે છે તથા સમસ્ત દૃશ્ય જગત જેમના આધીન છે તે અંતર્યામી સાક્ષાત્ ભગવાન વાયુ અમારું રક્ષણ કરો." (૨૮)

આ જ પ્રમાણે દહીંના સમુદ્રથી આગળ તેની ચારે બાજુ તેનાથી બમણા વિસ્તારવાળો પુષ્કરદ્વીપ છે. તે ચારે બાજુએથી પોતાના જેટલા જ વિસ્તારવાળા મીઠા જળના સમુદ્રથી ઘેરાયેલો છે. ત્યાં અગ્નિની જ્યોત જેવું દેદીપ્યમાન, લાખો સ્વર્ણમય પાંખડીઓવાળું એક ઘણું મોટું પુષ્કર (કમળ) છે, કે જેને બ્રહ્માજીનું આસન માનવામાં આવે છે. (૨૯)

તે દ્વીપની મધ્યમાં તેના પૂર્વના અને પશ્ચિમના વિભાગોની સરહદ નક્કી કરતો માનસોત્તર નામનો એક જ પર્વત છે. એ દશહજાર જોજન ઊંચો અને તેટલો જ લાંબો છે. તેના પર ચારે દિશાઓમાં ઇન્દ્ર વગેરે લોકપાલોની ચાર પુરીઓ (નગરો) છે. એમના પર મેરુ પર્વતની ચારે બાજુ ઘૂમતા સૂર્યના રથનું સંવત્સરરૂપી પૈડું દેવતાઓના દિવસ અને રાત એટલે કે ઉત્તરાયણ અને દક્ષિણાયનના ક્રમે હંમેશાં ઘૂમ્યા કરે છે. (૩૦) તે દ્વીપના અધિપતિ, પ્રિયવ્રતના પુત્ર વીતિહોત્ર પણ પોતાના રમણક અને ધાતકિ નામના (બે) પુત્રોને બંને દેશોના અધિપતિ બનાવીને પોતે પોતાના મોટા ભાઈઓની જેમ જ ભગવાનની સેવામાં તત્પર રહેવા લાગ્યા હતા. (૩૧) ત્યાંના નિવાસીઓ બ્રહ્મસાલોક્ય વગેરેની પ્રાપ્તિ કરાવનારાં કર્મો વડે બ્રહ્મારૂપ શ્રીહરિની આરાધના કરે છે અને આ પ્રમાણે સ્તુતિ કરે છે – (૩૨) "જેઓ સાક્ષાત્ કર્મફળસ્વરૂપ છે અને જેમની એક પરમેશ્વરમાં જ પૂર્ણ સ્થિતિ છે તથા જેમની બધા લોકો પૂજા કરે છે તે બ્રહ્મજ્ઞાન(પ્રાપ્તિ)નાં સાધનભૂત, અદ્વિતીય અને શાંતસ્વરૂપ ભગવાન બ્રહ્મમૂર્તિને અમારા નમસ્કાર છે." (૩૩)

શ્રીશુકદેવજી કહે છે – હે રાજન્! આની આગળ લોકાલોક નામનો પર્વત છે, એ પૃથ્વીની બધી બાજુએ સૂર્ય વગેરે વડે પ્રકાશિત અને અપ્રકાશિત પ્રદેશોની વચ્ચે તેમનું વિભાજન કરતો ઊભો છે. (૩૪) મેરુ પર્વતથી શરૂ કરીને માનસોત્તર પર્વત સુધીનું જેટલું અંતર છે તેટલી જ ભૂમિ શુદ્ધ જળના સમુદ્રની પેલે પાર છે. તેનાથી આગળ સુવર્ણમયી ભૂમિ છે, જે દર્પણ જેવી સ્વચ્છ છે. એમાં પડેલી કોઈ વસ્તુ ફરી મળતી નથી, તેથી ત્યાં દેવતાઓ સિવાય અન્ય કોઈ પ્રાણી રહેતાં નથી. (૩૫) લોકાલોક પર્વત સૂર્ય વગેરે વડે પ્રકાશિત ભૂખંડ અને અપ્રકાશિત ભૂખંડની વચ્ચે છે, તેથી એનું આ નામ પડ્યું છે. (૩૬) એને પરમાત્માએ ત્રણે લોકની બહાર તેમની ચારે બાજુની સરહદરૂપે સ્થાપિત કર્યો છે. એ એટલો ઊંચો અને લાંબો છે કે ત્રણે લોકને પ્રકાશિત કરનારાં સૂર્યનાં કિરણોથી માંડીને ધ્રુવ સુધ્યાં સમસ્ત જ્યોતિર્મંડળનાં કિરણો પણ તેની એક બાજુથી બીજી બાજુ જઈ શકતાં નથી. (૩૭)

વિદ્વાનોએ પ્રમાણ, લક્ષણો અને સ્થિતિ પ્રમાણે સમસ્ત લોકોનો આટલો જ વિસ્તાર બતાવ્યો છે. આ સમસ્ત ભૂગોળ (ભૂમિવિસ્તાર) પચાસ કરોડ જોજન છે. એનો ચોથો ભાગ (અર્થાત્ સાડા બાર કરોડ જોજન વિસ્તારવાળો) આ લોકાલોક પર્વત છે. (૩૮)

તેની ઉપર ચારે દિશાઓમાં સમસ્ત સંસારના ગુરુ સ્વયંભૂ શ્રીબ્રહ્માજીએ સમસ્ત લોકોની સ્થિતિ માટે ઋષભ, પુષ્કરચૂડ, વામન અને અપરાજિત નામના ચાર ગજરાજની નિયુક્તિ કરેલી છે. (૩૯) આ દિગ્ગજોની તથા પોતાના અંશસ્વરૂપ ઇન્દ્ર વગેરે લોકપાલોની વિવિધ શક્તિઓની વૃદ્ધિ માટે તથા સમસ્ત લોકો (ભુવનો)ના કલ્યાણ માટે પરમ ઐશ્વર્યના અધિપતિ, સર્વાન્તર્યામી પરમપુરુષ શ્રીહરિ પોતાના વિષ્વક્સેન વગેરે પાર્ષદો સહિત આ પર્વત ઉપર બધી બાજુએ વિરાજે છે. તેઓ પોતાના વિશુદ્ધ સત્ત્વને (શ્રીવિગ્રહને), કે જે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ઐશ્વર્ય વગેરે મહા આઠ સિદ્ધિઓથી સંપન્ન છે – તેને ધારણ કરેલા છે. તેમનાં કરકમળોમાં શંખ-ચક્ર વગેરે આયુધો સુશોભિત છે. (૪૦) આ પ્રમાણે પોતાની યોગમાયાથી રચેલા વિવિધ લોકો (ભુવનો)ની વ્યવસ્થાને સુરક્ષિત રાખવા માટે તેઓ આ જ લીલામયરૂપે કલ્પના અંત સુધી ત્યાં બધી બાજુએ

રહે છે. (૪૧) લોકાલોક પર્વતના અંતર્વર્તી ભૂ-ભાગનો જેટલો વિસ્તાર છે તેના પરથી તેની બીજી બાજુના અલોક (અપ્રકાશિત) પ્રદેશના પરિમાણનું પણ વિવરણ સમજી લેવું જોઈએ. તેનાથી આગળ તો કેવળ યોગેશ્વરોની જ બરાબર ગતિ થઈ શકે (અર્થાત્ આનાથી વિશેષ તો માત્ર યોગેશ્વરો જ જાણી શકે છે). (૪૨)

હે રાજન્! સ્વર્ગ અને પૃથ્વીની વચ્ચે બ્રહ્માંડનું જે કેન્દ્ર છે તે જ સૂર્યની સ્થિતિ છે. સૂર્ય અને બ્રહ્માંડગોલકની વચ્ચે બધી તરફથી પચીસ કરોડ જોજનનું અંતર છે. (૪૩) સૂર્ય આ 'મૃત' અર્થાત્ મરેલા (અચેતન) અંડમાં વૈરાજ-રૂપે વિરાજે છે, તેથી જ તેમનું નામ 'માર્તંડ' થયું છે. તેઓ હિરણ્યમય (જ્યોતિર્મય) બ્રહ્માંડમાંથી પ્રગટ થયેલા છે, તેથી તેમને 'હિરણ્યગર્ભ' પણ કહે છે. (૪૪) સૂર્ય થકી જ દિશા, આકાશ, દ્યુલોક (અંતરિક્ષ), ભૂર્લોક, સ્વર્ગ અને મોક્ષના પ્રદેશો, નરક અને રસાતલ તથા અન્ય સઘળા ભાગોનું વિભાજન થાય છે. (૪૫) સૂર્ય જ દેવતા, તિર્યક્ (પશુપંખી), મનુષ્ય, સરીસૃપ (પેટે ચાલનારા જીવ), લતા-વૃક્ષ વગેરે સમસ્ત જીવ-સમૂહોના આત્મા છે અને નેત્રેન્દ્રિયના અધિષ્ઠાતા છે. (૪૬)

★ ★ ★ ★

એકવીસમો અધ્યાય

સૂર્યના રથનું અને તેની ગતિનું વર્ણન

શ્રીશુકદેવજી કહે છે – હે રાજન્! પરિમાણ અને લક્ષણો સહિત આ ભૂમંડળનો આટલો જ વિસ્તાર છે, તે તમને વર્ણવી બતાવ્યો. (૧) આને જ અનુસરીને વિદ્વાનો દ્યુલોકનું પણ પરિમાણ બતાવે છે. જેમ ચણા-વટાણા વગેરેનાં બે દળ (ફાડિયાં)માંથી એકનું સ્વરૂપ જાણી લેવાથી બીજાનું પણ (સ્વરૂપ) જાણી શકાય છે તેવી જ રીતે ભૂર્લોકના પરિમાણ પરથી જ દ્યુલોકનું પણ પરિમાણ જાણી લેવું જોઈએ. આ બંનેની વચ્ચે અન્તરિક્ષલોક છે. એ આ બંને (લોકો)નું સંધિસ્થાન છે. (૨) એના (અંતરિક્ષલોકના) મધ્યભાગમાં રહેલા ગ્રહો અને નક્ષત્રોના અધિપતિ ભગવાન સૂર્ય પોતાના તાપ (ગરમી) અને પ્રકાશથી ત્રણે લોકોને તપાવતા અને પ્રકાશિત કરતા રહે છે. તેઓ ઉત્તરાયણ, દક્ષિણાયન અને વિષુવત્ નામની ક્રમશઃ ધીમી, ઝડપી અને સમાન (મધ્યમ) ગતિઓથી ગતિ કરતા સમય-અનુસાર મકર વગેરે રાશિઓમાં ઊંચા, નીચા અને સમાન (સમતલ) સ્થાનોમાં જઈને દિવસ અને રાત્રિને મોટાં, નાનાં અને સમાન (સરખાં) કરે છે. (૩) સૂર્ય ભગવાન જ્યારે મેષ અથવા તુલા રાશિમાં આવે છે ત્યારે દિવસ અને રાત્રિ સરખાં થઈ જાય છે; જ્યારે વૃષભ વગેરે પાંચ રાશિઓમાં ગતિ કરે છે ત્યારે દર મહિને રાત્રિઓ (ઉત્તરોત્તર) એક-એક ઘડી જેટલી નાની થતી જાય છે અને તે જ હિસાબે દિવસ મોટા થતા જાય છે. (૪) (સૂર્ય) જ્યારે વૃશ્ચિક વગેરે પાંચ રાશિઓમાં ગતિ કરે છે ત્યારે દિવસો અને રાત્રિઓમાં (તેમના કાળમાનની વધઘટમાં) ઉપર્યુક્ત સ્થિતિ કરતાં ઊલટો ફેરફાર થાય છે. (૫) આ પ્રમાણે દક્ષિણાયનનો આરંભ થાય ત્યાં સુધી દિવસો મોટા થતા જાય છે, તો ઉત્તરાયણ આવી લાગે ત્યાં સુધી રાત્રિઓ (મોટી થતી જાય છે). (૬)

આ પ્રમાણે પંડિતો માનસોત્તર પર્વત પરની સૂર્યની પરિક્રમાનો માર્ગ નવ કરોડ એકાવન્ન લાખ જોજનનો બતાવે છે. તે પર્વત પર મેરુ પર્વતની

પૂર્વ તરફ ઇન્દ્રની દેવધાની, દક્ષિણ તરફ યમરાજની સંયમની, પશ્ચિમ તરફ વરુણની નિમ્લોચની અને ઉત્તર તરફ ચંદ્રમાની વિભાવરી નામની પુરીઓ (નગરીઓ) છે. આ પુરીઓમાં મેરુની ચારે તરફ સમય-અનુસાર સૂર્યોદય, મધ્યાહ્ન, સાયંકાળ અને મધ્યરાત્રિ થતાં રહે છે; અને એમને જ કારણે સમસ્ત જીવોની પ્રવૃત્તિ કે નિવૃત્તિ થતી રહે છે. (૭) હે રાજન્! જે લોકો સુમેરુ ઉપર રહે છે તેમને તો સૂર્યદેવ હંમેશાં મધ્યાહ્નકાલીન (બપોર-વેળાના) જ રહીને તપાવતા રહે છે. તેઓ પોતાની ગતિ અનુસાર અશ્વિની વગેરે નક્ષત્રો તરફ ગતિ કરતાં જોકે મેરુને ડાબી બાજુ રાખીને ચાલે છે, તોપણ સમગ્ર જ્યોતિર્મંડળને ઘુમાવતા, નિરંતર ડાબી બાજુ વાતા પ્રબળ પવન (વાયુ) વડે તે ઘુમાવી દેવાતું હોવાને કારણે તેઓ (સૂર્યદેવ) તેને ડાબી બાજુએ રાખીને ગતિ કરતા જણાઈ આવે છે. (૮) જે પુરીમાં સૂર્યભગવાનનો ઉદય થાય છે તેની બરાબર બીજી તરફની પુરીમાં તેઓ અસ્ત પામતા માલૂમ પડશે અને જ્યાં તેઓ લોકોને પરસેવાથી રેબઝેબ કરતા તપાવી રહ્યા હશે તેની બરાબર સામેની પુરીમાં અડધી રાત (થયેલી) હોવાને કારણે ત્યાંનાં લોકોને તેઓએ નિદ્રાધીન કર્યાં હશે. જે લોકોને મધ્યાહ્ન સમયે તેઓ સ્પષ્ટ દેખાઈ રહ્યા હશે તે લોકો જ, સૂર્ય જ્યારે સૌમ્ય દિશામાં પહોંચશે ત્યારે તેમનું દર્શન કરી શકશે નહીં. (૯)

સૂર્યદેવ જ્યારે ઇન્દ્રની પુરી (દેવધાની)માંથી (આગળ વધી) યમરાજની પુરી (સંયમની) તરફ જાય છે ત્યારે તેઓ પંદર ઘડીમાં સવા બે કરોડ સાડા બાર લાખ જોજનની ગતિથી થોડી – પચીસ હજાર જોજન – વધુ ગતિથી ચાલે છે. (૧૦) એ પછી આ જ ક્રમે તેઓ વરુણની (નિમ્લોચની) અને ચંદ્રમાની (વિભાવરી) પુરીઓને પાર કરીને ફરી પાછા ઇન્દ્રની પુરીમાં પહોંચે છે. આ પ્રમાણે ચંદ્રમા વગેરે ગ્રહો પણ જ્યોતિર્મંડલમાં અન્ય નક્ષત્રોની સાથે સાથે ઉદય અને અસ્ત પામતા રહે છે. (૧૧) આ પ્રમાણે ભગવાન સૂર્યનો વેદમય રથ એક મુહૂર્ત (ઘડી)માં ચોત્રીસ લાખ આઠ સો જોજનની ગતિના હિસાબે ગતિ કરતો આ ચારે પુરીઓમાં ઘૂમતો રહે છે. (૧૨)

આ (સૂર્ય-રથ)નું સંવત્સર નામનું એક ચક્ર બતાવવામાં આવે છે; તેમાં માસરૂપ બાર આરા છે, ઋતુ-રૂપ છ નેમીઓ છે, ત્રણ ચોમાસાં-રૂપ ત્રણ નાભિઓ છે. આ રથની ધરીનો એક છેડો મેરુ પર્વતના શિખર પર અને બીજો છેડો માનસોત્તર પર્વતના શિખર પર છે. એમાં જોડાયેલું આ પૈડું ઘાણીના પૈડાની જેમ ઘૂમતું ઘૂમતું માનસોત્તર પર્વત ઉપર ચક્કર લગાવે છે. (૧૩) આ ધરીમાં જેનો મૂળ ભાગ જોડાયેલો છે તેવી એક બીજી ધરી (પણ) છે; તે લંબાઈમાં તેના ચોથા ભાગ જેટલી છે અને તેનો ઉપરનો છેડો તેલની ઘાણીની ધરીની જેમ ધ્રુવલોક સાથે જોડાયેલો છે. (૧૪)

આ રથમાં બેસવાનું સ્થાન (બેઠક) છત્રીસ લાખ જોજન લાંબું અને નવ લાખ જોજન પહોળું છે. તેનો તુરીય ભાગ પણ છત્રીસ લાખ જોજન જ લાંબો છે. તે (રથ)માં અરુણ નામના સારથિએ ગાયત્રી વગેરે છંદોના જેવાં જ નામવાળા સાત ઘોડા જોતરી રાખ્યા છે અને તેઓ જ આ રથ પર આરૂઢ થયેલા ભગવાન સૂર્યને લઈ ચાલે છે. (૧૫) સૂર્યદેવની આગળ, તેમના જ તરફ મુખ કરીને બેઠેલા અરુણ તેમના સારથિનું કામ કરે છે. (૧૬) ભગવાન સૂર્યની આગળ અંગૂઠાના વેઢા બરાબરના આકારવાળા વાલખિલ્ય વગેરે સાઠ હજાર ઋષિઓ સ્વસ્તિવાચન માટે નિમાયેલા છે. તેઓ તેમની સ્તુતિ કરતા રહે છે. (૧૭) એમના ઉપરાંત ઋષિઓ, ગંધર્વો, અપ્સરાઓ, નાગલોકો, યક્ષો, રાક્ષસો અને દેવતાઓ પણ – જેઓ કુલ

મળીને ચૌદ છે, પરંતુ યુગલરૂપે (જોડામાં) રહેવાને કારણે સાત ગણ કહેવામાં આવે છે – પ્રત્યેક માસમાં ભિન્ન-ભિન્ન નામોવાળા થઈને પોતપોતાનાં ભિન્ન-ભિન્ન કર્મોથી પ્રત્યેક માસમાં ભિન્ન-ભિન્ન નામ ધારણ કરતા આત્મસ્વરૂપ ભગવાન સૂર્યની ઉપાસના બે-બે મળીને કરે છે. (૧૮) આ પ્રમાણે ભગવાન સૂર્ય ભૂમંડળના નવ કરોડ એકાવન લાખ જોજન લાંબા ઘેરાવામાંથી પ્રત્યેક ક્ષણમાં બે હજાર બે જોજનનું અંતર પાર કરતા રહે છે. (૧૯)

★ ★ ★ ★

બાવીસમો અધ્યાય

ભિન્ન-ભિન્ન ગ્રહોની સ્થિતિ અને ગતિનું વર્ણન

રાજા પરીક્ષિતે પૂછ્યું – હે ભગવન્! તમે જે કહ્યું કે ભગવાન સૂર્ય જોકે રાશિઓ તરફ જતી વખતે મેરુ પર્વત અને ધ્રુવને જમણી બાજુએ રાખીને ગતિ કરતા જણાય છે પરંતુ વાસ્તવમાં તેમની ગતિ દક્ષિણાવર્તી હોતી નથી – આ બાબત અમે કેવી રીતે સમજીએ? (૧)

શ્રીશુકદેવજીએ કહ્યું – હે રાજન્! જેમ કુંભારના ઘૂમતા ચાકડા પર બેઠેલી, તેની સાથે ઘૂમતી કીડી વગેરેની પોતાની ગતિ તેનાથી (તે ચાકડાની ગતિથી) ભિન્ન જ છે, કારણ કે તે જુદા જુદા સમયે તે ચાકડાની જુદી જુદી જગ્યાએ જોવામાં આવે છે; તેવી જ રીતે નક્ષત્રો અને રાશિઓમાં દેખાતા કાળચક્રમાં પડેલા, ધ્રુવ અને મેરુને જમણી બાજુએ રાખીને ઘૂમનારા સૂર્ય વગેરે ગ્રહોની ગતિ વાસ્તવમાં તેનાથી ભિન્ન જ છે; કારણ કે તેઓ કાળભેદે ભિન્ન ભિન્ન રાશિઓ અને નક્ષત્રોમાં દેખાઈ આવે છે. (૨) વેદો અને વિદ્વાનો પણ જેમની ગતિને જાણવા માટે ઉત્સુક રહે છે તે સાક્ષાત્ આદિપુરુષ ભગવાન નારાયણ જ સૂર્યરૂપે લોકોના કલ્યાણ માટે તથા કર્મોની શુદ્ધિ માટે પોતાના વેદમય વિગ્રહ કાળને બાર માસોમાં વિભાજિત કરીને વસંત વગેરે છ ઋતુઓમાં તેમના યથાયોગ્ય ગુણોનું વિધાન કરે છે. (૩) આ લોકમાં વર્ણાશ્રમધર્મનું અનુસરણ કરનારા મનુષ્યો ત્રણે વેદો વડે પ્રતિપાદિત નાનાં-મોટાં કર્મોથી ઇન્દ્ર વગેરે દેવતાઓરૂપે અને યોગનાં સાધનોથી અંતર્યામીરૂપે તેમની શ્રદ્ધાપૂર્વક આરાધના કરીને સહેલાઈથી પરમ પદને પ્રાપ્ત કરે છે. (૪) ભગવાન સૂર્ય સમસ્ત લોકોના આત્મા છે. તેઓ પૃથ્વી અને દ્યુલોકની વચ્ચે રહેલા આકાશમંડળની ભીતર કાળચક્રમાં સ્થિત થઈને બાર માસોને ભોગવે છે, કે જેઓ સંવત્સરના અવયવો છે અને મેષ વગેરે રાશિઓના નામે પ્રસિદ્ધ છે. એમનામાંથી પ્રત્યેક માસ ચંદ્રમાનથી શુક્લ અને કૃષ્ણ એમ બે પક્ષનો, પિતૃમાનથી એક રાત અને એક દિવસનો તથા સૌરમાનથી સવા-બે નક્ષત્રોનો બતાવવામાં આવે છે. જેટલા કાળમાં સૂર્યદેવ આ સંવત્સરનો છઠ્ઠો ભાગ ભોગવે છે તેનો તે અવયવ (અર્થાત્ તેટલો ભાગ) એક 'ઋતુ' કહેવાય છે. (૫) આકાશમાં ભગવાન સૂર્યનો જેટલો માર્ગ છે તેનો અડધો તેઓ જેટલા કાળમાં પાર કરી લે છે તેને એક 'અયન' કહે છે; (૬) તથા જેટલા કાળમાં તેઓ પોતાની મંદ, તીવ્ર અને સમાન ગતિથી સ્વર્ગ અને પૃથ્વીમંડળ સહિત પૂરા આકાશનું ચક્કર લગાવી લે છે તેને અવાન્તરભેદે સંવત્સર, પરિવત્સર, ઇડાવત્સર, અનુવત્સર અથવા વત્સર કહે છે. (૭)

આ જ પ્રમાણે સૂર્યનાં કિરણોથી એક લાખ જોજન ઉપર ચંદ્રમા છે, તેની ચાલ (ગતિ) ઘણી તીવ્ર છે તેથી તે બધાં નક્ષત્રોથી આગળ રહે છે.

આ (ચંદ્રમા) સૂર્યના એક વર્ષના માર્ગને એક માસમાં, એક માસના માર્ગને સવા બે દિવસમાં અને એક પક્ષના માર્ગને એક જ દિવસમાં પાર કરી લે છે. (૮) આ (ચંદ્રમા) કૃષ્ણ પક્ષમાં ક્ષીણ થતી જતી કળાઓથી પિતૃગણનાં અને શુક્લ પક્ષમાં વૃદ્ધિ પામતી જતી કળાઓથી દેવતાઓનાં રાત્રિ-દિવસનું વિભાજન કરે છે; તથા ત્રીસ-ત્રીસ મુહૂર્તોમાં એક-એક નક્ષત્રને પાર કરે છે. આ જ અન્નમય અને અમૃતમય હોવાને કારણે સમસ્ત જીવોનો પ્રાણ અને જીવન છે. (૯) સોળ કળાઓવાળા આ જે મનોમય, અન્નમય, અમૃતમય પુરુષસ્વરૂપ ભગવાન ચંદ્રમા છે – એ જ દેવતાઓ, પિતૃઓ, મનુષ્યો, ભૂતો, પશુઓ, પક્ષીઓ, સરીસૃપો તેમ જ વૃક્ષો વગેરે સમસ્ત પ્રાણીઓના પ્રાણોનું પોષણ કરે છે, તેથી તેમને 'સર્વમય' કહે છે. (૧૦)

ચંદ્રમાથી ત્રણ લાખ જોજન ઉપર અભિજિત સહિત અઠ્ઠાવીસ નક્ષત્રો છે. ભગવાને તેમને કાળચક્રમાં નિયુક્ત કરેલાં છે, તેથી એ મેરુને જમણી બાજુએ રાખીને ઘૂમતાં રહે છે. (૧૧) એમનાથી બે લાખ જોજન ઉપર શુક્ર દેખાઈ આવે છે. આ (શુક્ર) સૂર્યની તીવ્ર, મંદ અને સમાન ગતિઓ અનુસાર તેમની જ જેમ ક્યારેક આગળ, ક્યારેક પાછળ અને ક્યારેક સાથે-સાથે રહીને ગતિ કરે છે. આ વરસાદ વરસાવનારો ગ્રહ છે, તેથી લોકોને લગભગ હંમેશ માટે અનુકૂળ રહે છે. આની ગતિ પરથી એવું અનુમાન થાય છે કે આ વરસાદને અવરોધતા ગ્રહોને શાંત કરી દે છે. (૧૨)

શુક્રની ગતિની સાથોસાથ બુધ(ની ગતિ)નું પણ વિવરણ થઈ ગયું – શુક્રની ગતિ પ્રમાણે જ બુધની ગતિ પણ સમજી લેવી જોઈએ. ચંદ્રમાનો પુત્ર આ બુધ શુક્રથી બે લાખ જોજન ઉપર છે. આ ઘણું કરીને મંગલકારી જ છે, પરંતુ તે જ્યારે સૂર્યની ગતિનું ઉલ્લંઘન કરીને ગતિ કરે છે ત્યારે ઘણી મોટી આંધી, અતિવૃષ્ટિ કે દુષ્કાળના ભયનું સૂચન કરે છે. (૧૩) આનાથી બે લાખ જોજન ઉપર મંગળ છે. તે જો વક્ર ગતિએ ચાલતો નથી તો એક-એક રાશિને ત્રણ-ત્રણ પક્ષોમાં ભોગવતો રહીને બારે રાશિઓને પાર કરે છે. આ અશુભ ગ્રહ છે અને ઘણું કરીને અમંગળનો સૂચક છે. (૧૪) આની ઉપર બે લાખ જોજનના અંતરે ભગવાન બૃહસ્પતિજી (ગુરુનો ગ્રહ) છે. એ જો વક્રગતિથી ચાલતા નથી તો એક-એક રાશિને એક-એક વર્ષમાં ભોગવે છે. એ ઘણું કરીને બ્રાહ્મણકુળ માટે અનુકૂળ રહે છે. (૧૫)

બૃહસ્પતિથી બે લાખ જોજન ઉપર શનૈશ્ચર દેખાઈ આવે છે. એ એક-એક રાશિમાં ત્રીસ-ત્રીસ માસ સુધી રહે છે; તેથી એમને બધી રાશિઓને પાર કરવામાં ત્રીસ વર્ષ લાગે છે. એ ઘણું કરીને સૌને માટે અશાન્તિકારક છે. (૧૬) એમની ઉપર અગિયાર લાખ જોજનના અંતરે કશ્યપ વગેરે સપ્તર્ષિઓ દેખાઈ આવે છે. એ બધા લોકો માટે મંગલ-કામના કરતા રહીને ભગવાન વિષ્ણુના પરમપદ ધ્રુવલોકની પ્રદક્ષિણા કર્યા કરે છે. (૧૭)

★ ★ ★ ★

ત્રેવીસમો અધ્યાય

શિશુમાર-ચક્રનું વર્ણન

શ્રીશુકદેવજી કહે છે – હે રાજન્! સપ્તર્ષિઓથી તેર લાખ જોજન ઉપર ધ્રુવલોક છે. આને ભગવાન વિષ્ણુનું પરમપદ કહે છે. અહીં ઉત્તાનપાદના પુત્ર પરમ ભગવદ્‌ભક્ત ધ્રુવજી વિરાજમાન છે. અગ્નિ, ઇન્દ્ર, પ્રજાપતિ કશ્યપ અને ધર્મ - આ બધા એકીસાથે અત્યંત

આદરપૂર્વક એમની પ્રદક્ષિણા કરતા રહે છે. અત્યારે પણ કલ્પપર્યંત રહેતા લોક એમના જ આધારે સ્થિત (રહેલા) છે. એમના આ લોકનો પ્રભાવ અમે અગાઉ (ચોથા સ્કંધમાં) વર્ણવેલો છે. (૧) સદા જાગ્રત રહેતા અવ્યક્ત-ગતિ ભગવાન કાળ વડે ગ્રહો-નક્ષત્રો વગેરે જે જ્યોતિઃસમૂહો નિરંતર ઘુમાવવામાં આવે છે તે બધાના આધારસ્તંભરૂપે આ ધ્રુવલોકને જ ભગવાને નિયુક્ત કરેલો છે. તેથી આ (ધ્રુવ) એક જ સ્થાનમાં રહીને હંમેશાં પ્રકાશિત રહે છે. (૨)

જેમ મેઢીસ્થંભમાં (ડૂંડાંમાંથી દાણા છૂટા પાડવાની પ્રક્રિયામાં) અનાજ(નાં ડૂંડાઓ)ને ખૂંદનારાં પશુઓ ટૂંકી, લાંબી અને સમાન (મધ્યમ માપની) રાશ (દોરડા)થી બંધાઈને ક્રમશઃ નજીક, દૂર અને વચ્ચે રહીને થાંભલીની ચારે તરફ વર્તુળ બનાવીને ઘૂમતા રહે છે તેવી જ રીતે તમામ નક્ષત્રો અને ગ્રહો બહારના-અંદરના ક્રમે આ કાળચક્રમાં નિયુક્ત થઈને ધ્રુવલોકનો જ આશ્રય લઈને, વાયુથી પ્રેરિત થતા, કલ્પના અંત સુધી ઘૂમતા રહે છે. જેમ વાદળાં અને બાજ વગેરે પક્ષીઓ પોતાનાં કર્મોની સહાયથી, વાયુને આધીન રહીને, આકાશમાં ઊડતાં રહે છે તેવી જ રીતે આ જ્યોતિઃસમુદાયો પણ પ્રકૃતિ અને પુરુષના સંયોગને આધીન (રહીને) પોતપોતાનાં કર્મો અનુસાર ચક્કર મારતા રહે છે, પૃથ્વી પર પડતા નથી. (૩)

કેટલાક મનુષ્યો ભગવાનની યોગમાયાના આધારે રહેલા આ જ્યોતિશ્ચક્રનું શિશુમાર-રૂપે વર્ણન કરે છે. (૪) આ શિશુમાર કુંડલીભૂત (ગોળ વર્તુળ વળેલા) આકારમાં છે અને તેનું મુખ નીચે તરફ છે. આની પૂંછડીના છેડે ધ્રુવ છે; પૂંછડીના મધ્યભાગમાં પ્રજાપતિ, અગ્નિ, ઇન્દ્ર અને ધર્મ છે; પૂંછડીના મૂળમાં ધાતા અને વિધાતા છે. આની કેડના ભાગમાં સપ્તર્ષિઓ છે. આ શિશુમાર જમણી તરફ સંકોચાઈને કુંડળી વાળેલો છે. આવી સ્થિતિમાં અભિજિત્થી માંડીને પુનર્વસુ સુધીનાં ઉત્તરાયણનાં જે ચૌદ નક્ષત્રો છે તે (બધાં) આના જમણા ભાગમાં છે અને પુષ્યથી માંડીને ઉત્તરાષાઢા સુધીનાં દક્ષિણાયનનાં જે ચૌદ નક્ષત્રો છે તે (બધાં) ડાબા ભાગમાં છે. સંસારમાં પણ શિશુમાર જ્યારે કુંડલાકાર હોય છે ત્યારે તેની બંને બાજુનાં અંગોની સંખ્યા સરખી રહે છે તેવી જ રીતે અહીં નક્ષત્રોની સંખ્યામાં પણ સરખાપણું (ચૌદ-ચૌદ, બંને બાજુ) છે. આ (શિશુમાર)ની પીઠના ભાગમાં અજવીથી (એટલે કે મૂળ, પૂર્વાષાઢા અને ઉત્તરાષાઢા - એ ત્રણ નક્ષત્રોનો સમૂહ) છે અને આના ઉદરના ભાગમાં આકાશગંગા છે. (૫) હે રાજન્! આના જમણા અને ડાબા કટિભાગોમાં પુનર્વસુ અને પુષ્ય નક્ષત્રો છે, જમણા અને ડાબા ચરણોમાં પાછલા ભાગે આર્દ્રા અને આશ્લેષા નક્ષત્રો છે, તેમ જ જમણા અને ડાબા નસકોરાંમાં અનુક્રમે અભિજિત્ અને ઉત્તરાષાઢા (નક્ષત્રો) છે. આ જ પ્રમાણે જમણા અને ડાબા નેત્રોમાં અનુક્રમે શ્રવણ અને પૂર્વાષાઢા તથા જમણા અને ડાબા કાનોમાં અનુક્રમે ધનિષ્ઠા અને મૂળ નક્ષત્રો છે. દક્ષિણાયનનાં મઘા વગેરે આઠ નક્ષત્રો ડાબી પાંસળીઓમાં અને એનાથી ઊલટા ક્રમે ઉત્તરાયણનાં મૃગશિરા વગેરે આઠ નક્ષત્રો જમણી પાંસળીઓમાં છે. શતભિષા અને જ્યેષ્ઠા - આ બે નક્ષત્રો, ક્રમશઃ જમણા અને ડાબા ખભાઓના સ્થાને છે. (૬) આની ઉપરની હડપચીમાં અગસ્ત્ય, નીચેની હડપચીમાં નક્ષત્રરૂપ યમ, મુખમાં મંગળ, લિંગપ્રદેશમાં શનિ, ખૂંધમાં બૃહસ્પતિ (ગુરુ), છાતીમાં સૂર્ય, હૃદયમાં નારાયણ, મનમાં ચંદ્રમા, નાભિમાં શુક્ર, સ્તનોમાં (બે) અશ્વિનીકુમારો, પ્રાણ અને અપાનમાં બુધ, કંઠમાં રાહુ, સમસ્ત અંગોમાં કેતુ અને રુવાંટાંમાં સમસ્ત

તારાઓ સ્થિત છે. (૭)

હે રાજન્! આ (શિશુમાર) ભગવાન વિષ્ણુનું સર્વદેવમય સ્વરૂપ છે. દરરોજ સાયંકાળ-સમયે પવિત્ર થઈને અને મૌન રહીને આનું દર્શન કરતાં-કરતાં ચિંતન કરવું જોઈએ તથા આ મંત્રનો જપ કરતાં-કરતાં ભગવાનની સ્તુતિ કરવી જોઈએ – 'સમસ્ત જ્યોતિર્ગણોના આશ્રય, કાળચક્ર-સ્વરૂપ, સર્વદેવોના અધિપતિ પરમપુરુષ પરમાત્માનું અમે નમસ્કારપૂર્વક ધ્યાન કરીએ છીએ.' (૮) ગ્રહો, નક્ષત્રો અને તારાઓ-રૂપે ભગવાનનું આધિદૈવિક રૂપ પ્રકાશિત થઈ રહ્યું છે; તે ત્રણે સમય ઉપર્યુક્ત મંત્રનો જપ કરનારા પુરુષોનાં પાપોનો નાશ કરી દે છે. જે મનુષ્ય સવારે, બપોરે અને સાંજે – ત્રણે સમય તેમના આ આધિદૈવિક સ્વરૂપનું રોજેરોજ ચિંતન અને વંદન કરે છે તેનાં કરેલાં પાપ તે સમયે તત્કાળ નાશ પામે છે. (૯)

★ ★ ★ ★

ચોવીસમો અધ્યાય

રાહુ વગેરેની સ્થિતિ તથા અતલ વગેરે નીચેના લોકોનું વર્ણન

શ્રીશુકદેવજી કહે છે – હે પરીક્ષિત! કેટલાક લોકોનું કહેવું છે કે સૂર્યથી દસ હજાર જોજન નીચે રાહુ નક્ષત્રોની જેમ ઘૂમે છે. એણે ભગવાનની કૃપાથી જ દેવત્વ અને ગ્રહત્વ પ્રાપ્ત કરેલું છે, (અન્યથા) સિંહિકાપુત્ર તે પોતે તો અધમ અસુર હોવાને કારણે કોઈ પણ રીતે આ પદને લાયક ન હતો. તેના જન્મ અને તેનાં કર્મોનું વર્ણન અમે આગળ ઉપર કરીશું. (૧) સૂર્યનું અત્યંત તપતું આ જે મંડળ છે તેનો વિસ્તાર દસ હજાર જોજન બતાવવામાં આવે છે. આ જ પ્રમાણે ચંદ્રના મંડળનો વિસ્તાર બાર હજાર અને રાહુનો વિસ્તાર તેર હજાર જોજન છે. અમૃતપાન કરતી વખતે આ રાહુ દેવતાના વેશમાં સૂર્ય અને ચંદ્રની વચ્ચે આવીને બેસી ગયો હતો અને ત્યારે સૂર્ય અને ચંદ્રે આનો ભેદ ખોલી નાખ્યો હતો. તે વેર યાદ કરીને આ (રાહુ) અમાસ અને પૂર્ણિમાના દિવસે તેમના (સૂર્ય અને ચંદ્ર) પર આક્રમણ કરે છે. (૨) આ જોઈને ભગવાને સૂર્ય અને ચંદ્રના રક્ષણ માટે તે બંનેની પાસે પોતાના પ્રિય આયુધ સુદર્શન ચક્રની નિયુક્તિ કરેલી છે, તે નિરંતર ઘૂમતું રહે છે; તેથી રાહુ તેના અસહ્ય તેજથી ઉદ્વિગ્ન અને ચકિતચિત્ત થઈને ઘડીભર માટે તેમની સામે ટકીને પછી તરત પાછો ચાલ્યો જાય છે. આ રાહુના એટલા સમય માટે તેમની સામે ટકવાની ઘટનાને લોકો 'ગ્રહણ' કહે છે. (૩)

રાહુથી દસ હજાર જોજન નીચે સિદ્ધો, ચારણો, વિદ્યાધરો વગેરેનાં સ્થાન છે. (૪) તેમની નીચે જ્યાં સુધી વાયુ ગતિ કરે છે અને વાદળાં દેખાય છે તે અંતરિક્ષલોક છે. એ યક્ષો, રાક્ષસો, પિશાચો, પ્રેતો અને ભૂતોનું વિહારસ્થાન છે.(૫) તેનાથી નીચે સો જોજન દૂર આ પૃથ્વી છે. હંસ, ગીધ, બાજ, ગરુડ વગેરે મુખ્ય-મુખ્ય પક્ષીઓ જ્યાં સુધી ઊડી શકે છે ત્યાં સુધી તેની હદ છે. (૬) પૃથ્વીના વિસ્તારનું અને તેની સ્થિતિનું વર્ણન તો (અગાઉ) થયેલું જ છે. આ (પૃથ્વી)ની પણ નીચે અતલ, વિતલ, સુતલ, તલાતલ, મહાતલ, રસાતલ અને પાતાળ નામના સાત ભૂ-વિવરો (અર્થાત્ ભૂગર્ભમાં રહેલા લોક) છે. આ એકની નીચે એક દસ-દસ હજાર જોજનના અંતરે આવેલા છે અને એમાંના પ્રત્યેકની લંબાઈ-પહોળાઈ પણ દસ-દસ હજાર જોજન જેટલી જ છે. (૭) આ ભૂમિ વિવરો પણ એક પ્રકારનાં સ્વર્ગ જ છે.

એમનામાં સ્વર્ગ કરતાં પણ વધુ વિષયભોગ, ઐશ્વર્ય, આનંદ, સંતાનસુખ અને ધનસંપત્તિ છે. અહીંનાં વૈભવપૂર્ણ ભવનો, ઉદ્યાનો અને ક્રીડાસ્થાનોમાં દૈત્યો, દાનવો અને નાગલોકો જાતજાતની માયામયી ક્રીડાઓ કરતા રહીને નિવાસ કરે છે. તે બધા ગૃહસ્થીધર્મનું પાલન કરે છે. તેમનાં પત્ની, પુત્ર, ભાઈ, સગાંવહાલાં અને સેવકો તેમને ઘણો પ્રેમ કરે છે અને તેઓ હંમેશાં પ્રસન્નચિત્ત રહે છે. તેમના ભોગો ભોગવવામાં અડચણ ઊભી કરવાનું સામર્થ્ય ઇન્દ્ર વગેરેમાં પણ નથી. (૮) હે મહારાજ! આ ભૂમિ-વિવરોમાં માયાવી મયદાનવે બનાવેલી અનેક નગરીઓ શોભાપૂર્વક ઝગમગી રહી છે, કે જે (નગરીઓ) અનેકવિધ સુંદર-સુંદર મણિઓ વડે રચાયેલાં ચિત્ર-વિચિત્ર ભવનો, કોટ, નગરના દરવાજાઓ, સભાભવનો, મંદિરો, મોટાં મોટાં પ્રાંગણો અને ઘરોથી સુશોભિત છે તથા જેમની કૃત્રિમ ભૂ-સપાટી (ફરશ) પર નાગ અને અસુરોનાં યુગલો તેમ જ કબૂતરો, પોપટ, મેના વગેરે પક્ષીઓ કિલ્લોલ કરતાં રહે છે. પાતાળના અધિપતિઓનાં આવાં ભવ્ય ભવનો તે નગરીઓની શોભા વધારે છે. (૯) ત્યાંના બાગબગીચાઓ પણ પોતાની શોભાથી દેવલોકના ઉદ્યાનોની શોભાને પરાજિત કરે છે. તેમાં અનેક વૃક્ષો છે, કે જેમની સુંદર ડાળીઓ ફળ-ફૂલોના ગુચ્છોના અને કોમળ કૂંપળોના ભારથી લચેલી રહે છે તથા જેમને જાતજાતની લતાઓએ પોતાના અંગપાશ વડે બાંધી રાખેલાં છે. ત્યાં નિર્મળ જળથી ભરેલાં જે અનેક જળાશયો છે તેમાં વિવિધ પક્ષીઓનાં યુગલો વિલાસ કરતાં રહે છે. આ વૃક્ષો અને જળાશયોના સૌંદર્યથી તે બગીચાઓ અત્યંત શોભી રહ્યા છે. તે જળાશયોમાં રહેતી માછલીઓ જ્યારે ક્રીડા કરતી ઊછળે છે ત્યારે તેમનાં જળમાં સ્પંદનો ઊઠે છે, એ સાથે જ જળ પર ઊગેલાં કમળ, કુમુદ, કુવલય, કહ્લાર (શ્વેતકમળ) નીલકમળ, રક્ત-કમલ, શતપાંખડી કમળ વગેરેના સમૂહો પણ હાલવા લાગે છે. આ કમળોના વનમાં રહેતાં પક્ષીઓ નિરંતર ક્રીડા-કૌતુક કરતાં રહીને જાત-જાતની અતિ-મધુર બોલીઓ બોલતાં રહે છે, જે સાંભળીને મન અને ઇન્દ્રિયોને ઘણો જ આહ્લાદ મળે છે; અને તે સમયે સમસ્ત ઇન્દ્રિયોમાં જાણે ઉત્સવ છવાઈ જાય છે. (૧૦) ત્યાં સૂર્યનો પ્રકાશ જતો નથી, તેથી દિવસ-રાત વગેરે કાળ-વિભાજનનો પણ કોઈ પ્રશ્ન ઊભો થતો નથી. (૧૧) ત્યાંના સમસ્ત અંધકારને મોટા મોટા નાગોનાં મસ્તકો પરના મણિઓ જ દૂર કરે છે. (૧૨) આ લોકોના રહેવાસીઓ જે ઔષધિ, રસ, રસાયણ, અન્ન, પાન, સ્નાન વગેરેનું સેવન કરે છે તે તમામ પદાર્થો દિવ્ય હોય છે; આ દિવ્ય પદાર્થોના સેવનથી તેમને માનસિક કે શારીરિક રોગ થતા નથી તથા કરચલીઓ પડવી, વાળ પાકી જવા, ઘડપણ આવવું, શરીર તેજહીન થઈ જવું, શરીરમાંથી દુર્ગંધ આવવી, પરસેવો ટપકવો, થાક લાગવો અથવા નબળાઈ આવી જવી તથા ઉમરના બદલાવા સાથે શરીરની અવસ્થામાં ફેરફાર થવો – આવા કોઈ વિકાર થતા નથી. તેઓ હંમેશાં સુંદર, સ્વસ્થ, યુવાન અને શક્તિસંપન્ન રહે છે. (૧૩) તે પુણ્યશાળી જનોનું ભગવાનના તેજરૂપ સુદર્શન ચક્ર સિવાય અન્ય કોઈ સાધનથી મૃત્યુ થઈ શકતું નથી. (૧૪) સુદર્શન ચક્રના તો આગમન-માત્રથી જ ભયને કારણે અસુર-રમણીઓને ગર્ભસ્રાવ અને ગર્ભપાત* થઈ જાય છે. (૧૫)

---

* 'आचतुर्थाद्भवेत्स्रावः पातः पञ्चमषष्ठयोः' - અર્થાત્ ચોથા માસ સુધીમાં જે ગર્ભ પડી જાય છે તેને 'ગર્ભસ્રાવ' કહે છે, જ્યારે પાંચમા કે છઠ્ઠા માસમાં જે ગર્ભ પડી જાય છે તેને 'ગર્ભપાત' કહેવાય છે.

અતલ-લોકમાં મયદાનવનો પુત્ર બલ (નામનો) અસુર રહે છે. તેણે છન્નુ પ્રકારની માયા રચેલી છે. એમાંની કેટલીક તો આજે પણ માયાવી પુરુષોમાં જોવા મળે છે. તેણે એક વાર બગાસું ખાધું હતું, ત્યારે તેના મુખમાંથી સ્વૈરિણી (માત્ર પોતાના વર્ણના પુરુષો સાથે રમણ કરનારી), કામિની (અન્ય વર્ણોના પુરુષો સાથે પણ સમાગમ કરનારી) અને પુંશ્ચલી (અત્યંત ચંચળ સ્વભાવશાળી) – ત્રણ પ્રકારની સ્ત્રીઓ ઉત્પન્ન થઈ હતી. આ સ્ત્રીઓ તે લોકમાં રહેતા પુરુષોને હાટક નામનો રસ પિવડાવીને તેમને સંભોગ કરવા સમર્થ બનાવી દે છે; અને પછી તેમની સાથે પોતાની હાવભાવ-સભર દૃષ્ટિ (નેત્રકટાક્ષ), પ્રેમસભર સ્મિત, પ્રેમાલાપ અને આલિંગન વગેરે વડે યથેષ્ટ રમણ કરે છે. તે હાટક-રસ પીને મનુષ્ય મદાંધ જેવો થઈ જાય છે અને પોતાને દસ હજાર હાથીઓ જેટલો બળવાન માનીને 'હું ઈશ્વર છું, હું સિદ્ધ છું' - એ પ્રમાણે ગર્વથી ફુલાઈને વાતો કરવા લાગે છે. (૧૬)

આ અતલની નીચેના વિતલ-લોકમાં ભગવાન હાટકેશ્વર નામના મહાદેવજી પોતાના પાર્ષદ ભૂતગણો સાથે નિવાસ કરે છે. તેઓ પ્રજાપતિની સૃષ્ટિની વૃદ્ધિ માટે ભવાની સાથે વિહાર કરતા રહે છે. તે બંનેના તેજમાંથી ત્યાં હાટકી નામની એક શ્રેષ્ઠ નદી નીકળેલી છે. તેનું જળ વાયુથી ભભૂકી ઊઠેલો અગ્નિ અત્યંત ઉત્સાહથી પીએ છે. તે (અગ્નિ) હાટક નામનું જે સુવર્ણ થૂંકે છે, તેમાંથી બનેલાં આભૂષણોને દૈત્યરાજોનાં અંતઃપુરોમાંનાં બધાં જ સ્ત્રી-પુરુષો ધારણ કરે છે. (૧૭)

વિતલની નીચે સુતલ-લોક છે. તેમાં વિરોચનનો મહાયશસ્વી, પરમકીર્તિવાન પુત્ર બલિ રહે છે. ઇન્દ્રનું પ્રિય (કાર્ય) કરવા માટે ભગવાને અદિતિના ગર્ભથી વટુ-વામનરૂપે અવતાર લઈને તેની પાસેથી ત્રણે લોક છીનવી લીધાં હતાં. પછી ભગવાનની કૃપાથી જ તેનો આ (સુતલ) લોકમાં પ્રવેશ થયેલો છે. અહીં તેને જેવી ઉત્કૃષ્ટ સંપત્તિ મળેલી છે તેવી ઇન્દ્ર વગેરે પાસે પણ નથી. તેથી તે એ જ પૂજ્યતમ પ્રભુની પોતાના ધર્માચરણ વડે આરાધના કરતો, અહીં આજે પણ નિર્ભયતાપૂર્વક રહે છે. (૧૮) હે રાજન્! સમસ્ત જીવોના નિયામક અને આત્મસ્વરૂપ પરમાત્મા ભગવાન વાસુદેવ જેવા પૂજ્યતમ, પવિત્રતમ પાત્રના આગમનથી તેમને પરમ શ્રદ્ધા અને આદર સાથે સ્થિર ચિત્તે કરેલા ભૂમિના દાનનું આ જ કોઈ મુખ્ય ફળ નથી કે બલિને સુતલ-લોકનું ઐશ્વર્ય મળી ગયું. આ ઐશ્વર્ય તો અનિત્ય છે; પરંતુ તે ભૂમિદાન તો સાક્ષાત્ મોક્ષનું જ દ્વાર છે. (૧૯) સહજરૂપે અર્થાત્ બગાસું કે છીંક આવતાં અથવા પડતાં-આથડતાં વિવશ થઈને પણ ભગવાનનું એક વાર નામ લેવાથી પણ મનુષ્ય એકાએક જ કર્મોના બંધનને કાપી નાખે છે; જ્યારે મુમુક્ષુજનો આ કર્મબંધનને યોગ-સાધન વગેરે અનેક અન્ય ઉપાયોનો આશ્રય લેવા છતાં ઘણી મુશ્કેલીથી કાપી શકે છે. (૨૦) ભગવાનનું જે આત્મભાવથી ભજન કરે તે તેને ભગવાન પોતાનું સ્વરૂપ પ્રદાન કરી દે છે. આ તેમની ભક્તિનો મહિમા છે, ભૂમિદાનનો નહીં. (૨૧) ભગવાને જો બલિને તેના સર્વસ્વના દાનના બદલામાં પોતાની વિસ્મૃતિ કરાવનાર આ માયામય ભોગ અને ઐશ્વર્ય જ આપ્યું તો તેના પર આ કોઈ અનુગ્રહ કર્યો નથી. (૨૨) જ્યારે અન્ય કોઈ ઉપાય ન દેખાતાં ભગવાને યાચનરૂપી છળથી તેનું ત્રણે લોકનું રાજ્ય છીનવી લીધું અને તેની પાસે ફક્ત તેનું શરીરમાત્ર જ રહેવા પામ્યું ત્યારે વરુણના પાશોમાં બાંધીને પર્વતની ગુફામાં નાખી દેવાતાં તેણે કહ્યું હતું – (૨૩) "ખેદની

વાત છે કે, આ ઐશ્વર્યવાન ઇન્દ્ર વિદ્વાન હોવા છતાં પણ પોતાનો સ્વાર્થ સિદ્ધ કરવામાં કુશળ નથી. તેણે મારી પાસેનું આ સ્વર્ગનું રાજ્ય છીનવી લેવા માટે બૃહસ્પતિજીને મંત્રી બનાવ્યા અને સ્વાર્થવશ તેમની અવગણના કરીને તેણે ભગવાન વિષ્ણુ પાસેથી તેમની ભક્તિ ન માગતાં મારી પાસેનું સ્વર્ગનું રાજ્ય અને ભોગો જ માંગ્યા. પરંતુ ઇન્દ્રને એ ખબર નથી કે, આ ત્રણ લોકનું રાજ્ય તો એક મન્વન્તર સુધી જ રહેશે, જે અનંતકાળનો માત્ર એક અંશ જ છે. ભગવાનના કિંકરપણાની સામે આ તુચ્છ ભોગોનું શું મૂલ્ય છે? (૨૪) અમારા પિતામહ પ્રહ્લાદજીએ ભગવાનના હાથે પોતાના પિતા હિરણ્યકશિપુના માર્યા ગયા પછી પ્રભુની સેવાનું જ વરદાન માગ્યું હતું. ભગવાન તેમને રાજ્ય આપવા ઇચ્છતા હતા તોપણ આ બધું ભગવાનથી દૂર કરનારું છે એમ સમજીને તેમણે પોતાના પિતાનું નિષ્કંટક રાજ્ય લેવાનો સ્વીકાર કર્યો ન હતો. (૨૫) તેઓ મોટા મહાનુભાવ હતા. તેમનું અનુકરણ કરવાનું પણ મારામાં સામર્થ્ય નથી. અને ભગવાનના અનુગ્રહથી પણ હું વંચિત છું. તો મારા જેવો કોણ તેમની પાસે પહોંચવાનું સાહસ કરી શકશે? (૨૬) હે રાજન્! આ બલિની ચરિત્રકથા અમે આગળ ઉપર (આઠમા સ્કંધમાં) વિસ્તારપૂર્વક કહીશું. ભગવાનનું હૃદય પોતાના ભક્તો માટે દયાપૂર્ણ જ રહે છે, તેથી જ અખિલ જગતના પરમ પૂજનીય ગુરુ ભગવાન નારાયણ હાથમાં ગદા ધારણ કરીને સુતલ-લોકમાં રાજા બલિના દ્વાર પર હંમેશાં ઉપસ્થિત રહે છે. એક વાર દિગ્વિજય કરતો કરતો ઘમંડી રાવણ જ્યારે ત્યાં જઈ પહોંચ્યો ત્યારે ભગવાને પોતાના પગના અંગૂઠાની ઠોકરથી જ તેને લાખો જોજન દૂર ફેંકી દીધો હતો. (૨૭)

સુતલ-લોકની નીચે તલાતલ-લોક છે. ત્યાં ત્રિપુરાધિપતિ મય નામનો દાનવરાજ રહે છે. પહેલાં ત્રણે લોકને શાંતિ પ્રદાન કરવા ભગવાન શંકરે તેનાં ત્રણે પુર (નગરો) ભસ્મ કરી દીધાં હતાં. પછી તેમની જ કૃપાથી તેને આ સ્થાન મળ્યું. તે (મય) માયાવીઓનો પરમ ગુરુ છે અને મહાદેવજી વડે સુરક્ષિત છે, તેથી તેને સુદર્શન ચક્રનો પણ કોઈ ભય નથી. ત્યાંના રહેવાસીઓ તેનો ઘણો આદર કરે છે. (૨૮)

તે (તલાતલ)ની નીચે આવેલા મહાતલ-લોકમાં કદ્રૂથી ઉત્પન્ન થયેલા અનેક શિરવાળા સર્પોનો ક્રોધવશ નામનો એક સમુદાય રહે છે. તેમાં કુહક, તક્ષક, કાલિય, સુષેણ વગેરે મુખ્ય છે. તેમને મોટી-મોટી ફણાઓ છે. તે બધા હંમેશાં ભગવાનના વાહન - પક્ષીરાજ ગરુડથી બીતા રહે છે, તોપણ ક્યારેક-ક્યારેક પોતાની પત્ની, પુત્ર, મિત્ર અને કુટુંબના સંગથી પ્રમત્ત થઈને વિહાર કરવા લાગે છે. (૨૯)

તે (મહાતલ)ની નીચે આવેલા રસાતલ-લોકમાં પણિ નામના દૈત્યો-દાનવો રહે છે. એ નિવાતકવચ, કાલેય અને હિરણ્યપુરવાસી પણ કહેવાય છે. તેમનો દેવતાઓ સાથે વિરોધ છે. એ બધા જન્મથી જ ઘણા બળવાન અને મહા સાહસિક હોય છે. પરંતુ જેમનો પ્રભાવ સમસ્ત લોકોમાં ફેલાયેલો છે તે શ્રીહરિના તેજથી બળના અભિમાનનો ચૂરો થઈ જવાને કારણે આ લોકો સાપોની જેમ લપાઈ-છુપાઈને રહે છે તથા ઇન્દ્રની દૂતી સરમાએ કહેલા મંત્રવર્ણરૂપ* વાક્યને કારણે સદૈવ ઇન્દ્રથી બીતા રહે છે. (૩૦)

રસાતલની નીચે પાતાળ-લોક છે. ત્યાં શંખ,

* એક કથા (સાંભળવામાં) આવે છે કે જ્યારે પણિ નામના દૈત્યોએ પૃથ્વીને રસાતલમાં સંતાડી દીધી ત્યારે ઇન્દ્રે તેને શોધવા માટે સરમા નામની એક દૂતી મોકલી હતી. સરમા સાથે સંધિ કરી લેવાનું દૈત્યોએ ઇચ્છ્યું, પણ સરમાએ સંધિ કરી નહીં અને ઇન્દ્રની સ્તુતિ કરતાં કહ્યું હતું – 'હતા ઇન્દ્રેણ પણયઃ શયધ્વમ્ ।' (હે પણિઓ! તમે ઇન્દ્રના હાથે મરીને પૃથ્વી પર સૂઈ જાઓ.) આ જ શાપને કારણે તેમને હંમેશાં ઇન્દ્રનો ડર લાગેલો રહે છે.

કુલિક, મહાશંખ, શ્વેત, ધનંજય, ધૃતરાષ્ટ્ર, શંખચૂડ, કંબલ, અશ્વતર, દેવદત્ત વગેરે અત્યંત ક્રોધી અને મોટી-મોટી ફણાઓવાળા નાગ રહે છે. એમાં વાસુકિ મુખ્ય છે. તેમાંના કેટલાકને પાંચ, કેટલાકને સાત, કેટલાકને દસ, કેટલાકને સો અને કેટલાકને હજાર માથાં છે. તેમના ફણાઓના તગતગતા મણિઓ પોતાના પ્રકાશથી પાતાળ-લોકના બધા અંધકારને નષ્ટ કરી દે છે. (૩૧)

★ ★ ★ ★

પચીસમો અધ્યાય

શ્રીસંકર્ષણદેવનું વિવરણ અને સ્તુતિ

શ્રીશુકદેવજી કહે છે – હે રાજન્! પાતાળ-લોકની નીચે ત્રીસ હજાર જોજનના અંતરે 'અનંત' નામથી વિખ્યાત, શ્રીભગવાનની તામસી નિત્ય કલા છે. દેહાભિમાની દ્રષ્ટા (જીવ) દૃશ્ય (જડવસ્તુ)ની સાથે તાદાત્મ્ય કરે છે, જેથી અહંકારરૂપી આ કલા દ્રષ્ટા અને દૃશ્યને અહંતા-મમતાને લીધે ખેંચીને એક કરી દે છે. તેથી પાંચરાત્ર આગમના અનુયાયી ભક્તો એને 'સંકર્ષણ' કહે છે. (૧) આ ભગવાન અનંતને એક હજાર મસ્તક છે. તે પૈકીના એક પર રાખેલું આ સઘળું ભૂમંડળ સરસવના દાણા જેવડું દેખાય છે. (૨) પ્રલયકાળ ઉપસ્થિત થતાં જ્યારે તેમને આ વિશ્વનો ઉપસંહાર (સમાપન) કરવાની ઇચ્છા થાય છે ત્યારે તેમની ક્રોધને લીધે ઘૂમતી મનોહર ભ્રૂકુટિઓના મધ્યભાગમાંથી સંકર્ષણ નામના રુદ્ર પ્રગટ થાય છે. તેમની વ્યૂહસંખ્યા અગિયાર છે. તે બધા જ ત્રણ નેત્રોવાળા છે અને હાથમાં ત્રિશૂળ ધારણ કરેલા હોય છે. (૩) ભગવાન સંકર્ષણનાં ચરણકમળોના ગોળ-ગોળ, સ્વચ્છ અને અરુણવર્ણી નખ મણિઓની હાર જેવા દેદીપ્યમાન છે. અન્ય મુખ્ય મુખ્ય ભક્તો સહિત અનેક નાગરાજો અનન્ય ભક્તિભાવથી જ્યારે તેમને પ્રણામ કરે છે ત્યારે તેમને તે નખરૂપી મણિઓમાં પોતાનાં, કુંડળોની કાન્તિથી યુક્ત કમનીય ગાલવાળાં મનોહર મુખારવિંદોનું મનને મોહી લેનારું દર્શન થાય છે અને તેમનું મન આનંદથી પરિપૂર્ણ થઈ જાય છે. (૪) તે નાગરાજોની અનેક કુમારિકાઓ વિવિધ કામનાઓથી તેમનાં અંગમંડળ પર ચાંદીના સ્થંભ જેવી સુશોભિત, તેમની કંકણ-મંડિત લાંબી-લાંબી શ્વેતવર્ણી સુંદર ભુજાઓ પર અગરુ, ચંદન અને કુમકુમનો લેપ કરે છે. તે સમયે અંગસ્પર્શ થવાથી તેમનાં હૃદયમાં પ્રેમનો સંચાર થઈ જાય છે અને ત્યારે તેઓ પોતાનાં મદ-વિહ્વળ સકરુણ અરુણવર્ણી નેત્રકમળોથી શોભતાં તથા પ્રેમના મદથી આનંદિત મુખારવિંદ ભણી મધુર-મનોહર સ્મિત સાથે લજ્જાયુક્ત ભાવથી નિહાળવા લાગે છે. (૫) અનંત ગુણોના સાગર તે આદિદેવ ભગવાન અનંત પોતાના અમર્ષ અને રોષના વેગને રોકી રાખીને, સમસ્ત લોકોના કલ્યાણ માટે ત્યાં વિરાજમાન છે. (૬)

દેવતાઓ, અસુરો, નાગલોકો, સિદ્ધો, ગંધર્વો, વિદ્યાધરો અને મુનિઓ ભગવાન અનંતનું ધ્યાન ધર્યા કરે છે. તેમનાં નેત્ર નિરંતર પ્રેમ-મદથી આનંદિત, ચંચળ અને વિહ્વળ રહે છે. તેઓ સુલલિત વચનોરૂપી અમૃતથી પોતાના પાર્ષદો અને દેવગણરક્ષકોને સંતુષ્ટ કરતા રહે છે. તેમના અંગ પર નીલાંબર અને કાનોમાં માત્ર એક કુંડળ ઝગમગતું રહે છે; તથા તેમનો સુભગ અને સુંદર હાથ હળની મૂઠ પર રાખેલો રહે છે. તે ઉદાર લીલામય ભગવાન સંકર્ષણ ગળામાં વૈજયન્તીમાળા ધારણ કરેલા રહે છે, કે જે સાક્ષાત્ ઇન્દ્રના હાથી ઐરાવતના ગળામાં રહેલી સુવર્ણની સાંકળ જેવી

જણાય છે. જેનું તેજ ક્યારેય ફીક્કું પડતું નથી એવી નવીન તુલસીની ગંધથી તથા મધુર મકરંદથી ઉન્મત્ત થયેલા ભમરાઓ નિરંતર મધુર ગુંજારવ કરતા રહીને તેની શોભા વધારતા રહે છે. (૭)

હે પરીક્ષિત! આ પ્રમાણે ભગવાન અનંત, તેમના માહાત્મ્યનું શ્રવણ અને ધ્યાન કરવાથી મુમુક્ષુઓના હૃદયમાં આવિર્ભૂત થાય છે અને અનાદિ કાળની કર્મ-વાસનાઓ સાથે ગંઠાયેલી તેમની સત્ત્વ, રજ અને તમોગુણાત્મક અવિદ્યામયી હૃદયગ્રંથિને તત્કાળ કાપી નાખે છે. તેમના ગુણોનું બ્રહ્માજીના પુત્ર ભગવાન નારદે તુમ્બુરુ ગંધર્વ સહિત એક વાર બ્રહ્માજીની સભામાં આ પ્રમાણે ગાન કર્યું હતું – (૮)

"ભગવાન એક જ છે, તેઓ જ અનેકરૂપ ધારણ કરે છે, સંકર્ષણ પણ તે જ છે, તેમની દૃષ્ટિ પડતાં જ જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયના કારણભૂત સત્ત્વ વગેરે પ્રાકૃત ગુણો પોતપોતાના કાર્યમાં સમર્થ થાય છે, જેમનું સ્વરૂપ ધ્રુવ (અનંત) અને અકૃત (અનાદિ) છે તથા જેઓ પોતે એકમાત્ર હોવા છતાં પણ આ અનેકવિધ પ્રપંચને પોતાનામાં ધારણ કરી રહેલા છે તે ભગવાન સંકર્ષણના તત્ત્વને કોણ કેવી રીતે જાણી શકે? (૯) જેમનામાં કાર્ય-કારણરૂપી આ સઘળો પ્રપંચ ભાસી રહ્યો છે તથા પોતાનાં આત્મીય જનોનાં ચિત્તને આકર્ષિત કરવા માટે કરેલી જેમની વીરતાપૂર્ણ લીલાને પરમ પરાક્રમી સિંહે આદર્શ માનીને અપનાવેલી છે તે ઉદારવીર્ય સંકર્ષણ ભગવાને અમારા પર મહાન કૃપા કરીને આ વિશુદ્ધ સત્ત્વમય સ્વરૂપ ધારણ કરેલું છે. (૧૦) જેમના સાંભળેલા-સંભળાવેલા નામનું કોઈ પીડિત કે પતિત મનુષ્ય અચાનક અથવા મજાક ખાતર પણ ઉચ્ચારણ કરે છે તો તે મનુષ્ય બીજાં મનુષ્યોનાં તમામ પાપોનો તત્કાળ નાશ કરી દે છે – એવા ભગવાન શેષને છોડીને મમુક્ષુ મનુષ્ય અન્ય કોનો આશ્રય લઈ શકે? (૧૧) પર્વતો, નદીઓ, સમુદ્રો વગેરેથી પરિપૂર્ણ આ સંપૂર્ણ ભૂમંડળ તે સહસ્ર મસ્તકોવાળા ભગવાનના એક મસ્તક પર એક રજકણની જેમ રખાયેલું છે. તેઓ અનંત છે, તેથી તેમના પરાક્રમનું કોઈ પરિમાણ નથી (અર્થાત્ તેઓ અપરિમિત પરાક્રમી છે). કોઈને હજાર જીભ હોય તોપણ તે મનુષ્ય તે સર્વવ્યાપક ભગવાનનાં પરાક્રમોની ગણતરી કરવાનું સાહસ કેવી રીતે કરી શકે? (૧૨) વાસ્તવમાં તેમનાં વીર્ય, અતિશય ગુણો અને પ્રભાવ અસીમ છે. આવા પ્રભાવશાળી ભગવાન અનંત રસાતલના મૂળમાં પોતાના જ મહિમામાં સ્થિત સ્વતંત્ર છે અને સમસ્ત લોકોની સ્થિતિ માટે લીલાપૂર્વક જ પૃથ્વીને ધારણ કરી રહ્યા છે." (૧૩)

હે રાજન્! ભોગોની કામનાવાળા મનુષ્યોની પોતાનાં કર્મો અનુસાર પ્રાપ્ત થતી ભગવાને રચેલી આ જ ગતિઓ છે. એમને મેં ગુરુના મુખેથી જે રીતે સાંભળી હતી તે જ રીતે તમને કહી સંભળાવી. (૧૪) પ્રવૃત્તિરૂપ ધર્મના પરિણામે મનુષ્યને પ્રાપ્ત થતી પરસ્પર ઉત્તમ અને અધમ જે ગતિઓ વિવિધ પ્રકારની છે, તે મેં તમને તમારા પ્રશ્ન અનુસાર કહી સંભળાવી. હવે કહો, અન્ય શું કહી સંભળાવું? (૧૫)

★ ★ ★ ★

છવ્વીસમો અધ્યાય

નરકોની વિભિન્ન ગતિઓનું વર્ણન

રાજા પરીક્ષિતે પૂછ્યું – હે મહર્ષિ! લોકોને આ જે ઉત્તમ કે અધમ ગતિઓ પ્રાપ્ત થાય છે એમનામાં આટલી વિભિન્નતા શા માટે છે? (૧)

શ્રીશુકદેવજીએ કહ્યું – હે રાજન્! કર્મ

કરનારા મનુષ્યો સાત્ત્વિક, રાજસ અને તામસ – ત્રણ પ્રકારના હોય છે; તથા તેમની શ્રદ્ધાઓ પણ ભિન્ન-ભિન્ન પ્રકારની રહેલી હોય છે. આ પ્રમાણે સ્વભાવ અને શ્રદ્ધાની ભિન્નતાને લીધે તેમનાં કર્મોની ગતિ પણ ભિન્ન-ભિન્ન હોય છે અને ન્યૂનાધિક અંશે આ તમામ ગતિઓ બધા જ કર્મકર્તાઓને પ્રાપ્ત થાય છે. (૨) આ જ પ્રમાણે નિષિદ્ધ કર્મોરૂપી પાપ કરનારાઓને પણ તેમની શ્રદ્ધાના અસમાનપણાને કારણે એકસરખું ફળ મળતું નથી. તેથી અનાદિ અવિદ્યાને વશ થઈને કામનાપૂર્વક કરેલાં તે નિષિદ્ધ કર્મોના પરિણામે હજારો પ્રકારની જે નારકીય ગતિઓ (પ્રાપ્ત) થાય છે તેમનું અમે વિસ્તારપૂર્વક વર્ણન કરીશું. (૩)

રાજા પરીક્ષિતે પૂછ્યું – હે ભગવન્! આપ જેમનું વર્ણન કરવા ઇચ્છો છો તે નરકો આ જ પૃથ્વીના કોઈ વિશેષ ભૂ-ભાગ છે કે પછી ત્રિલોકથી બહાર અથવા એની જ અંદર કોઈ જગ્યાએ છે? (૪)

શ્રીશુકદેવજીએ કહ્યું – હે રાજન્! તે નરકો ત્રણે લોકની અંદર જ છે અને તે દક્ષિણ તરફ પૃથ્વીની નીચે પરંતુ જળની ઉપર આવેલાં છે. આ જ દિશામાં અગ્નિષ્વાત્ત વગેરે પિતૃઓ રહે છે અને તેઓ અત્યંત એકાગ્રતાપૂર્વક પોતાના વંશધરો માટે મંગલ કામના કર્યા કરે છે. (૫) તે નરકલોકમાં સૂર્યના પુત્ર પિતૃરાજ ભગવાન યમ પોતાના સેવકો સાથે રહે છે તથા ભગવાનની આજ્ઞાનું ઉલ્લંઘન નહીં કરતાં, પોતાના દૂતો વડે ત્યાં લવાયેલાં મૃત પ્રાણીઓને તેમનાં દુષ્કર્મો અનુસાર પાપના ફળ તરીકે દંડ આપે છે. (૬) હે પરીક્ષિત! કેટલાક લોકો નરકોની સંખ્યા એકવીસ છે એમ જણાવે છે. હવે અમે નામ, રૂપ અને લક્ષણો અનુસાર તેમનું ક્રમશઃ વર્ણન કરીએ છીએ. તેમનાં નામ આ છે – તામિસ્ર, અંધતામિસ્ર, રૌરવ, મહારૌરવ, કુંભીપાક, કાલસૂત્ર, અસિપત્રવન, સૂકરમુખ, અંધકૂપ, કૃમિભોજન, સન્દંશ, તપ્તસૂર્મિ, વજ્રકંટકશાલ્મલી, વૈતરણી, પૂયોદ, પ્રાણરોધ, વિશસન, લાલાભક્ષ, સારમેયાદન, અવીચિ અને અયઃપાન. આ ઉપરાંત ક્ષારકર્દમ, રક્ષોગણભોજન, શૂલપ્રોત, દંદશૂક, અવટનિરોધન, પર્યાવર્તન અને સૂચીમુખ – આ સાત બીજાં મળીને કુલ અઠ્ઠાવીસ નરકો જાતજાતની યાતનાઓને ભોગવવાનાં સ્થાનો છે. (૭)

જે મનુષ્યો બીજાઓના ધન, સંતાન કે સ્ત્રીનું હરણ કરે છે તેને અત્યંત ભયાનક યમદૂતો કાળપાશથી બાંધીને જબરદસ્તીથી તામિસ્ર નરકમાં નાખે છે. તે અંધકારપૂર્ણ નરકમાં તેને અન્ન-જળ નહીં આપવાં, દંડા મારવા, ભય દેખાડવો વગેરે અનેક પ્રકારના દુઃખ આપવામાં આવે છે; એનાથી અત્યંત દુઃખી થઈને તે એકાએક મૂર્ચ્છિત થઈ જાય છે. (૮) આ જ પ્રમાણે જે મનુષ્ય કોઈ બીજા સાથે દગો કરીને તેની સ્ત્રી વગેરેનો ભોગ કરે છે તે અંધતામિસ્ર નરકમાં પડે છે. ત્યાંની યાતનાઓ ભોગવતો તે મૂળમાંથી કપાયેલા વૃક્ષની જેમ વેદનાનો માર્યો તમામ સાન-ભાન ખોઈ બેસે છે અને તેને કશું જ સૂઝતું નથી. આ કારણે જ તે નરકને અંધતામિસ્ર કહે છે. (૯)

જે મનુષ્ય આ સંસારમાં 'આ શરીર એ જ હું છું અને આ પત્ની-ધન વગેરે મારાં છે' એવી બુદ્ધિને લીધે બીજાં પ્રાણીઓ સાથે દ્રોહ કરીને નિરંતર પોતાના કુટુંબનું જ પાલન-પોષણ કરવામાં રત રહે છે તે પોતાના શરીરનો ત્યાગ કર્યા પછી પોતાના પાપને કારણે જાતે જ રૌરવ નરકમાં જઈ પડે છે. (૧૦) તેણે આ લોકમાં જે જીવોને જે રીતે દુઃખ પહોંચાડ્યું હોય છે, પરલોકમાં યમ-યાતનાનો સમય આવ્યે, તે જીવો 'રુરુ' થઈને તેને તે જ રીતે દુઃખ પહોંચાડે છે.

તેથી તે નરકનું નામ 'રૌરવ' છે. 'રુરુ' સાપ કરતાં પણ વધુ ક્રૂરસ્વભાવવાળા એક જીવનું નામ છે. (૧૧) મહારૌરવ નરકમાં પણ આવું જ છે. એમાં તે વ્યક્તિ જાય છે કે જે અન્ય કોઈનીય પરવા નહીં કરીને કેવળ પોતાના જ શરીરનું પાલનપોષણ કરે છે. ત્યાં તેને કાચું માંસ ખાનારાં રુરુઓ માંસના લોભથી કરડે છે. (૧૨)

જે ક્રૂર મનુષ્ય આ લોકમાં પોતાનું પેટ ભરવા માટે જીવતાં પશુ કે પક્ષીઓને રાંધી ખાય છે તે હૃદયહીન, રાક્ષસો કરતાં પણ ગયા-ગુજર્યા મનુષ્યને યમદૂતો કુંભીપાક નરકમાં લઈ જાય છે અને તેને ઊકળતા તેલમાં રાંધે છે. (૧૩) જે મનુષ્ય આ લોકમાં માતા-પિતા, બ્રાહ્મણો અને વેદોનો વિરોધ કરે છે તેને યમદૂતો કાલસૂત્ર નરકમાં લઈ જાય છે. એનો ઘેરાવો દસ હજાર જોજનનો છે. એની ભૂમિ તાંબાની છે. એમાં જે મેદાન તપેલું છે તે ઉપરથી સૂર્યના અને નીચેથી અગ્નિના દાહને લીધે બળતું રહે છે. ત્યાં પહોંચાડવામાં આવેલો પાપી જીવ ભૂખ-તરસથી વ્યાકુળ થઈ જાય છે અને તેનું શરીર બહારથી ને અંદરથી બળવા લાગે છે. તેની બેચેની ત્યાં સુધી વધી જાય છે કે તે ક્યારેક બેસી જાય છે, ક્યારેક આળોટવા લાગે છે, ક્યારેક તરફડવા લાગે છે, ક્યારેક ઊભો થઈ જાય છે અને ક્યારેક અહીં-તહીં દોડવા માંડે છે. આ પ્રમાણે તે નરપશુના શરીરમાં જેટલાં રુવાંડાં હોય છે તેટલાં જ હજાર વર્ષો સુધી તેની આ દુર્ગતિ થતી રહે છે. (૧૪)

જે મનુષ્ય કોઈ પણ પ્રકારની આપત્તિ નહીં આવી પડવા છતાં પોતાના વૈદિક માર્ગને ત્યજીને અન્ય પાખંડપૂર્ણ ધર્મોનો આશ્રય લે છે તેને યમદૂતો અસિપત્રવનમાં લઈ જાય છે અને કોરડાઓથી મારે છે. આ માર થી બચવા જ્યારે તે અહીંતહીં દોડવા માંડે છે ત્યારે તેનાં બધાં અંગો તાલવનનાં તલવાર જેવાં ધારદાર પત્તાંઓથી, કે જેમને બંને બાજુ ધારો હોય છે – તેમનાથી ટુકડે ટુકડા થવા લાગે છે; અને ત્યારે તે વેદનાથી 'હાય! મરી ગયો રે!' એ પ્રમાણે ચીસો પાડતો ક્ષણે-ક્ષણે મૂર્ચ્છિત થઈને પટકાતો રહે છે. પોતાના ધર્મને ત્યજીને પાખંડના માર્ગે ચાલવાથી તેણે આ પ્રમાણે પોતાનાં કુકર્મોનું ફળ ભોગવવું પડે છે. (૧૫)

જે મનુષ્ય આ લોકમાં (પોતે) રાજા અથવા રાજ-કર્મચારી હોવાથી કોઈ નિર્દોષ મનુષ્યને દંડ આપે છે અથવા બ્રાહ્મણને શરીરદંડ આપે છે તે મહાપાપી મર્યા પછી સૂકરમુખ નરકમાં જઈ પડે છે. ત્યાં મહાબળવાન યમદૂતો જ્યારે તેનાં અંગોને કચડે છે ત્યારે તે ઘાણીમાં ઓરવામાં આવતા શેરડીના સાંઠાઓની જેમ પીડિત થાય છે અને આ લોકમાં તેના વડે રંજાડવામાં આવેલાં નિર્દોષ પ્રાણીઓ જે રીતે રોતાં-બરાડતાં હતાં તેવી જ રીતે તે ક્યારેક આર્તસ્વરે ચીસો પાડે છે અને ક્યારેક મૂર્ચ્છિત થઈ જાય છે. (૧૬)

જે મનુષ્ય આ લોકમાં માકણ-મચ્છર વગેરે જીવોની હિંસા કરે છે તે તેમનો દ્રોહ કરવાને કારણે અંધકૂપ નરકમાં પડે છે; કારણ કે તે જંતુઓની રક્તપાન કરવાની વૃત્તિ ખુદ ભગવાને જ બનાવેલી છે અને તેમને એ કારણે બીજાંઓને કષ્ટ પહોંચે છે એનું જ્ઞાન પણ હોતું નથી, પરંતુ મનુષ્યની વૃત્તિ ભગવાને વિધિ-નિષેધપૂર્વક બનાવેલી છે (અર્થાત્ શું કરવું, શું ન કરવું તેનો વૃત્તિવિવેક આપેલો છે) અને તેને બીજાંઓને કષ્ટ પહોંચે છે એનું જ્ઞાન પણ હોય છે. ત્યાં (અંધકૂપ નરકમાં) તે પશુઓ, મૃગો, પક્ષીઓ, સાપ વગેરે ઘસડાઈને ચાલતાં જંતુઓ, મચ્છરો, જૂ, માકણ, માખી વગેરે જીવો, કે જેમનો તેણે દ્રોહ કર્યો હતો - તેઓ તેને બધી બાજુએ કરડે છે. એનાથી તેની નિદ્રા અને શાંતિનો ભંગ થઈ જાય છે અને ક્યાંય સ્થાન નહીં મળવાથી

પણ બેચેનીને કારણે તે ઘોર અંધકારમાં એવી રીતે ભટકતો રહે છે કે જેમ રોગગ્રસ્ત શરીરમાં જીવ તરફડ્યા કરતો હોય છે. (૧૭)

જે મનુષ્ય આ લોકમાં પંચમહાયજ્ઞ કર્યા વિના તથા જે કંઈ મળે તેને કોઈ બીજાને આપ્યા વિના માત્ર પોતે જ ખાય છે તેને કાગડા જેવો કહેવામાં આવ્યો છે. તે પરલોકમાં કૃમિભોજન નામના અધમ નરકમાં પડે છે. ત્યાં એક લાખ જોજન લાંબો-પહોળો કીડાઓનો એક કુંડ છે, તેમાં તેણે પણ કીડો બનીને રહેવું પડે છે; અને પોતાનાં પાપોનું પ્રાયશ્ચિત્ત નહીં કરનારા તે પાપીની, આપ્યા વિના અને હવન કર્યા વિના ખાવાના કરેલા દોષમાંથી જ્યાં સુધી સારી રીતે શુદ્ધિ થઈ જતી નથી ત્યાં સુધી તે તેમાં જ પડ્યો પડ્યો દુઃખ ભોગવતો રહે છે. ત્યાં કીડાઓ તેને ચટકા ભરે છે અને તે કીડાઓને ખાય છે. (૧૮) હે રાજન્! જે મનુષ્ય આ લોકમાં ચોરી કરે છે અથવા બળજોરીથી બ્રાહ્મણનું કે આપત્તિનો સમય નહીં હોવા છતાં પણ કોઈ બીજા મનુષ્યનું સુવર્ણ, રત્ન વગેરે ધનનું હરણ કરે છે તેને તેના મર્યા પછી યમદૂતો સન્દંશ નામના નરકમાં લઈ જઈને તપાવેલા લોઢાના ગોળાઓથી ડામ દે છે અને સાણસીથી તેની ખાલ ચૂંટે છે. (૧૯) જો કોઈ પુરુષ આ લોકમાં અગમ્યા સ્ત્રી સાથે સંભોગ કરે છે અથવા કોઈ સ્ત્રી અગમ્યા પુરુષ સાથે વ્યભિચાર કરે છે તો યમદૂતો તેને તપ્તસૂર્મિ નામના નરકમાં લઈ જઈને કોરડાઓથી મારે છે તથા પુરુષને તપાવેલા લોઢાની સ્ત્રીમૂર્તિ સાથે અને સ્ત્રીને તપાવેલા લોઢાની પુરુષપ્રતિમા સાથે આલિંગન કરાવે છે. (૨૦) જે મનુષ્ય આ લોકમાં પશુ વગેરે સૌ કોઈની સાથે વ્યભિચાર કરે છે તેને તેના મૃત્યુ પછી યમદૂતો વજ્રકંટકશાલ્મલી નામના નરકમાં નાખે છે અને વજ્ર જેવા કઠોર કાંટાવાળા શીમળાના વૃક્ષ પર ચઢાવીને નીચે તરફ ખેંચે છે. (૨૧)

જે રાજાઓ કે રાજપુરુષો આ લોકમાં શ્રેષ્ઠ કુળમાં જન્મ પામીને પણ ધર્મની મર્યાદાનું ઉચ્છેદન કરે છે તેઓને એવા મર્યાદાના ઉલ્લંઘનને કારણે વૈતરણી નદીમાં ફેંકવામાં આવે છે. આ નદી નરકોની ખાઈ જેવી છે; તેમાં મળ, મૂત્ર, પરુ, રક્ત, કેશ, નખ, હાડકાં, ચરબી, માંસ-મજ્જા વગેરે ગંદી ચીજો ભરેલી છે. તેમાં પડ્યા પછી તેમને જળચર જીવો બધી બાજુએથી ચટકા ભરે છે. પણ તેમ છતાંય તેમનું શરીર છૂટતું નથી, કરેલા પાપને કારણે તેમના પ્રાણ આ પીડાને વહન કરતા રહે છે અને તેઓ આ દુર્ગતિને પોતાની કરણીનું ફળ સમજીને મનોમન સંતપ્ત થતા રહે છે. (૨૨) જે લોકો શૌચ-શુદ્ધિ અને આચરણના નિયમોનો પરિત્યાગ કરીને તથા લાજમર્યાદાને તિલાંજલિ આપીને આ લોકમાં શૂદ્રાઓની સાથે સંબંધ જોડીને પશુઓના જેવું આચરણ કરે છે તેઓ પણ મર્યા પછી પરુ, વિષ્ઠા, મૂત્ર, કફ અને મળથી ભરેલા પૂયોદ નામના સમુદ્રમાં પડે છે અને તેઓ તે અત્યંત ઘૃણિત વસ્તુઓ જ ખાય છે. (૨૩) આ લોકમાં બ્રાહ્મણ વગેરે ઉચ્ચ વર્ણના જે લોકો કૂતરાં અને ગધેડાં પાળે છે અને શિકાર વગેરે (નિષિદ્ધ કર્મો)માં રત રહે છે તથા શાસ્ત્રથી વિપરીત પશુવધ કરે છે તેમને તેમના મર્યા પછી પ્રાણરોધ નામના નરકમાં નાખવામાં આવે છે અને ત્યાં યમદૂતો તેમને લક્ષ્ય બનાવીને બાણોથી વીંધે છે. (૨૪)

જે પાખંડી લોકો પાખંડપૂર્ણ યજ્ઞોમાં પશુઓનો વધ કરે છે તેમને પરલોકમાં વૈશસ (વિશસન) નામના નરકમાં નાખીને ત્યાંના અધિકારીઓ ઘણું કષ્ટ આપીને કાપે છે. (૨૫) જે બ્રાહ્મણ કામાતુર થઈને પોતાની સવર્ણા પત્નીને વીર્યપાન કરાવે છે તે પાપીને તેના મર્યા પછી યમદૂતો વીર્યની નદી (લાલાભક્ષ નામના નરક)માં નાખીને વીર્ય

પિવડાવે છે. (૨૬) જે કોઈ ચોર લુટારા અથવા રાજા કે રાજપુરુષો આ લોકમાં કોઈના ઘરમાં આગ લગાડે છે, કોઈને ઝેર આપે છે અથવા ગામોને કે વેપારીઓની મંડળીઓને લૂંટે છે તેમને તેમના મર્યા પછી સારમેયાદન નામના નરકમાં (નાખીને) વજ્ર જેવી દાઢોવાળા સાતસો વીસ યમદૂતો કૂતરા બનીને ભારે વેગપૂર્વક કરડવા લાગે છે. (૨૭) જે મનુષ્ય આ લોકમાં કોઈની સાક્ષી આપવામાં, વેપારમાં અથવા દાન આપતી વખતે કોઈ પણ પ્રકારે જૂઠું બોલે છે તે મર્યા પછી આધારરહિત અવીચિમાન નામના નરકમાં પડે છે. ત્યાં તેને સો જોજન ઊંચા પર્વતના શિખર પરથી ઊંધા માથે નીચે નાખવામાં આવે છે. તે નરકની પથ્થરની ભૂમિ પાણી જેવી જણાય છે, તેથી તેનું નામ અવીચિમાન છે. ત્યાં નીચે નાખી દેવામાં આવતાં તેના શરીરના ટુકડે ટુકડા થઈ જાય છે છતાં પણ તેના પ્રાણ નીકળતા નથી; તેથી તેને વારંવાર ઉપર લઈ જઈને નીચે ફેંકવામાં આવે છે. (૨૮)

જે બ્રાહ્મણ કે બ્રાહ્મણી અથવા વ્રતપાલન કરતી અન્ય કોઈ પણ વ્યક્તિ પ્રમાદને લીધે મદ્યપાન કરે છે તથા જે ક્ષત્રિય કે વૈશ્ય સોમપાન* કરે છે તેમને યમદૂતો અયઃપાન નામના નરકમાં લઈ જાય છે અને તેમની છાતી પર પગ મૂકીને તેમના મોઢામાં આગમાં ઓગાળેલું લોઢું નાખે છે. (૨૯)

જે મનુષ્ય આ લોકમાં (પોતે) નિમ્ન કક્ષાનો હોવા છતાં પણ પોતાને મોટો (ઉત્કૃષ્ટ) માને છે અને તેને લીધે જન્મ, તપ, વિદ્યા, આચાર, વર્ણ કે આશ્રમમાં પોતાનાથી જેઓ મોટા હોય તેમનો વિશેષ સત્કાર કરતો નથી તે જીવતો હોવા છતાં પણ મરેલા જેવો છે. તેને તેના મર્યા પછી ક્ષારકર્દમ નામના નરકમાં ઊંધા માથે નાખવામાં આવે છે અને ત્યાં તેણે અત્યંત પીડાઓ ભોગવવી પડે છે. (૩૦) જે મનુષ્યો આ લોકમાં નરમેધયજ્ઞ વગેરે વડે ભૈરવ, યક્ષો, રાક્ષસો વગેરેનું યજન કરે છે અને જે સ્ત્રીઓ પશુઓની જેમ પુરુષોને ભરખી જાય છે તેમને, પશુઓની જેમ મારવામાં આવેલા તે પુરુષો યમલોકમાં રાક્ષસો થઈ જાત-જાતની યાતનાઓ આપે છે અને રક્ષોગણભોજન નામના નરકમાં કસાઈઓની જેમ કુહાડીથી કાપી કાપીને તેમનું લોહી પીએ છે; તથા તે માંસભક્ષી પુરુષો આ લોકમાં જે રીતે તેમના માંસનું ભક્ષણ કરીને આનંદિત થતા હતા તે જ રીતે તેઓ પણ તેમનું રક્તપાન કરે છે અને આનંદિત થઈને નાચગાન કરે છે. (૩૧) જે લોકો આ લોકમાં વન કે ગામના નિર્દોષ જીવોને – કે જે બધાય પોતાના પ્રાણ જાળવી રાખવા ઇચ્છતા હોય છે તેમને જાત-જાતની યુક્તિઓથી ફોસલાવીને પોતાની પાસે બોલાવી લે છે અને પછી કાંટાઓથી વીંધીને અથવા દોરડાથી બાંધીને ખેલ કરાવતા રહીને જાતજાતની પીડાઓ આપે છે તેમને પણ તેમના મર્યા પછી યમયાતનાઓ ભોગવવાના સમયે શૂલપ્રોત નામના નરકમાં શૂળોથી વીંધવામાં આવે છે. તે સમયે તેમને જ્યારે ભૂખ-તરસ સતાવે છે અને કંક, બટેર વગેરે તીક્ષ્ણ ચાંચોવાળાં ભયંકર નારકીય પક્ષીઓ ચટકા ભરવા લાગે છે ત્યારે તેમને પોતે કરેલાં બધાં પાપ યાદ આવી જાય છે. (૩૨)

હે રાજન્! આ લોકમાં સર્પો જેવા ઉગ્ર સ્વભાવવાળા જે મનુષ્યો બીજા જીવોને પીડા પહોંચાડે છે તેઓ મર્યા પછી દંદશૂક નામના નરકમાં પડે છે. ત્યાં પાંચ-પાંચ, સાત-સાત મોઢાવાળા સર્પો તેમની પાસે આવીને તેમને ઉંદરોની જેમ ગળી જાય છે. (૩૩) જે મનુષ્ય આ લોકમાં બીજાં પ્રાણીઓને અંધારી ખીણો, કોઠાઓ કે ગુફાઓમાં નાખી રાખે છે તેમને

* ક્ષત્રિયો તેમ જ વૈશ્યો માટે શાસ્ત્રમાં સોમપાનનો નિષેધ (મનાઈ) છે.

પરલોકમાં યમદૂતો તેવાં જ સ્થાનોમાં નાખી રાખીને ઝેરી આગના ધુમાડામાં ગુંગળાવી મારે છે. તેથી આ નરકને અવટનિરોધન કહે છે. (૩૪) જે ગૃહસ્થ પોતાના ઘરે આવેલા અતિથિઓ-અભ્યાગતો પ્રત્યે વારંવાર ક્રોધે ભરાઈને એવી કુટિલ દૃષ્ટિથી જુએ છે કે જાણે તે તેમને ભસ્મ કરી દેશે, તે જ્યારે નરકમાં જાય છે ત્યારે તેની પાપદૃષ્ટિવાળી તે આંખોને ગીધો, કંક, કાગડા, બટેર વગેરે વજ્ર જેવી કઠોર ચાંચોવાળાં પક્ષીઓ જબરદસ્તીથી કાઢી લે છે. આ નરકને પર્યાવર્તન કહે છે. (૩૫)

જે મનુષ્ય આ લોકમાં પોતાને મોટો ધનવાન સમજીને અભિમાનને લીધે સૌને વાંકી નજરે જુએ છે અને સૌના પર સંદેહ રાખે છે, જેમનાં હૃદય અને મુખ ધનસંપત્તિના વ્યય અને નાશની ચિંતાને લીધે શોષાયેલાં રહે છે અને તેથી જરા પણ સુખચેન નહીં પામીને યક્ષની જેમ ધનનું રક્ષણ કરવામાં જ પ્રવૃત્ત રહે છે તથા જે ધનના ઉપાર્જન માટે, તેમાં વધારો કરવા માટે અને તેને સાચવવા માટે જાતજાતનાં પાપ કરતો રહે છે તે નરાધમ મૃત્યુ પામ્યા પછી સૂચીમુખ નામના નરકમાં પડે છે. ત્યાં યમરાજના દૂતો તે અર્થપિશાચ પાપાત્માનાં બધાં અંગોને દરજીઓની જેમ સોય-દોરાથી સીવે છે. (૩૬)

હે રાજન્! યમલોકમાં આ જ પ્રકારનાં સેંકડો-હજારો નરક છે. એ પૈકીનાં જેમનો અહીં ઉલ્લેખ થયો છે અને જેમના વિશે કશું કહેવામાં આવ્યું નથી તે બધાં (નરકો)માં બધા અધર્મ-પરાયણ જીવો પોતાનાં કર્મો અનુસાર ક્રમાનુસાર જાય છે. આ જ પ્રમાણે ધર્માત્મા મનુષ્યો સ્વર્ગ વગેરે લોકોમાં જાય છે. આ પ્રમાણે નરક અને સ્વર્ગના ભોગથી જ્યારે તેમનાં મોટા ભાગનાં પાપો અને પુણ્યો ક્ષીણ થઈ જાય છે ત્યારે બાકી બચેલાં પુણ્ય-પાપરૂપી કર્મોને લીધે તેઓ આ જ લોકમાં ફરીથી જન્મ લેવા માટે પાછા આવે છે. (૩૭)

આ ધર્મ અને અધર્મ – બંનેથી વિલક્ષણ એવો જે નિવૃત્તિ- માર્ગ છે તેનું તો પહેલાં જ (બીજા સ્કંધમાં) વર્ણન થઈ ગયું છે. પુરાણોમાં જેમનું ચૌદ ભુવનો તરીકે વર્ણન કરવામાં આવ્યું છે તે બ્રહ્માંડ કોશ આટલો જ છે. સાક્ષાત્ પરમપુરુષ શ્રીનારાયણનું પોતાની માયાના ગુણોથી યુક્ત આ અત્યંત સ્થૂળ સ્વરૂપ છે. આનું વર્ણન મેં તમને કહી સંભળાવ્યું. પરમાત્મા ભગવાનનું ઉપનિષદોમાં વર્ણવાયેલું નિર્ગુણ સ્વરૂપ જોકે મન-બુદ્ધિની પહોંચની બહાર છે, તોપણ જે મનુષ્ય (તેમના) આ સ્થૂળ રૂપનું વર્ણન આદરપૂર્વક વાંચે છે, સાંભળે છે કે સંભળાવે છે તેની બુદ્ધિ શ્રદ્ધા અને ભક્તિને કારણે શુદ્ધ થઈ જાય છે અને તે ભગવાનના તે સૂક્ષ્મ રૂપનો પણ અનુભવ કરી શકે છે. (૩૮)

યતિજનોએ ભગવાનનાં સ્થૂળ અને સૂક્ષ્મ – બંને પ્રકારનાં રૂપોનું શ્રવણ કરીને પહેલાં ચિત્તને સ્થૂળ રૂપમાં સ્થિર કરવું જોઈએ અને પછી ધીરે ધીરે ચિત્તને ત્યાંથી હટાવીને સૂક્ષ્મ રૂપમાં જોડી દેવું જોઈએ. (૩૯) હે પરીક્ષિત! મેં તમારી આગળ પૃથ્વી, તેની અંતર્ગત દ્વીપો, વર્ષો (દેશો), નદીઓ, પર્વતો, આકાશ, સમુદ્રો, પાતાળ (વગેરે લોક), દિશા, નરકો, જ્યોર્તિગણ અને લોકો (ભુવનો)ની સ્થિતિનું વર્ણન કર્યું. આ જ ભગવાનનું અતિઅદ્‌ભુત સ્થૂળ રૂપ છે, કે જે સમસ્ત જીવસમુદાયોનો આશ્રય છે. (૪૦)

પાંચમો સ્કંધ સમાપ્ત.

॥ હરિઃ ૐ તત્સત્ ॥

શ્રીરાધાકૃષ્ણાભ્યાં નમઃ

શ્રીમદ્‌ભાગવત-મહાપુરાણ

છઠ્ઠો સ્કંધ

વન્દે ગોવિન્દદેવસ્ય નામ નારાયણં સદા ।
અબુદ્ધ્યાપિ યદુચાર્ય મુક્તઃ પાપોઽપ્યજામિલઃ ॥

॥ ૐ નમો ભગવતે વાસુદેવાય ॥

શ્રીમદ્‌ભાગવત-મહાપુરાણ

છઠ્ઠો સ્કંધ

પહેલો અધ્યાય

અજામિલ-ઉપાખ્યાનનો પ્રારંભ

રાજા પરીક્ષિતે કહ્યું – હે ભગવન્! તમે આ પહેલાં (બીજા સ્કંધમાં) નિવૃત્તિમાર્ગનું વર્ણન કરી ચૂક્યા છો તથા એ (પણ) બતાવી ચૂક્યા છો કે તે માર્ગ દ્વારા અર્ચિરાદિ માર્ગે જીવ ક્રમશઃ બ્રહ્મલોકમાં જઈ પહોંચે છે અને પછી બ્રહ્માની સાથે મુક્ત થઈ જાય છે. (૧) હે મુનિવર! આ સિવાય તમે તે પ્રવૃત્તિમાર્ગનું પણ (ત્રીજા સ્કંધમાં) સમ્યક્‌પણે (સારી પેઠે) વર્ણન કર્યું છે, કે જેના થકી ત્રિગુણમય સ્વર્ગ વગેરે લોકોની પ્રાપ્તિ થાય છે; અને પ્રકૃતિનો સંબંધ નહીં છૂટવાને કારણે જીવોએ વારંવાર જન્મ-મૃત્યુના ચકરાવામાં ફસાવું પડે છે. (૨) તમે એ પણ (પાંચમા સ્કંધમાં) બતાવ્યું છે કે અધર્મ કરવાથી અનેક નરકોની પ્રાપ્તિ થાય છે અને તે નરકોનું તમે વિસ્તારપૂર્વક વર્ણન પણ કર્યું છે. તમે તે પહેલાં (ચોથા સ્કંધમાં) મન્વંતરનું વર્ણન કર્યું, કે જેના અધિપતિ સ્વાયંભુવ મનુ હતા. (૩) એ સાથે જ (ચોથા અને પાંચમા સ્કંધમાં) પ્રિયવ્રત અને ઉત્તાનપાદના વંશોનું તથા તેમનાં ચરિત્રોનું તેમ જ દ્વીપો, વર્ષો (ખંડો), સમુદ્રો, પર્વતો, નદીઓ, ઉદ્યાનો અને વિભિન્ન દ્વીપોનાં વૃક્ષોનું પણ નિરૂપણ કર્યું છે. (૪) ભૂમંડળની સ્થિતિ, તેનું દ્વીપો–વર્ષો વગેરેમાં વિભાજન, તેમનાં પરિમાણ અને લક્ષણો, નક્ષત્રોની સ્થિતિ, અતલ-વિતલ વગેરે ભૂ-વિવરો (સાત પાતાળલોક) અને ભગવાને આ બધાનું જે રીતે સર્જન કર્યું - તેનું વર્ણન પણ કહી સંભળાવ્યું છે. (૫) હે મહાભાગ! હવે હું તે ઉપાય જાણવા ઇચ્છું છું કે જેના અનુષ્ઠાનથી મનુષ્યોએ અનેકાનેક ભયંકર યાતનાઓપૂર્ણ નરકોમાં જવું પડે નહીં. તમે કૃપા કરીને તેનો ઉપદેશ કરો. (૬)

શ્રીશુકદેવજીએ કહ્યું – મનુષ્ય મન, વાણી અને શરીરથી પાપ કરે છે. તે જો તે પાપોનું આ જ જન્મમાં પ્રાયશ્ચિત્ત નથી કરી લેતો, તો મર્યા પછી તેણે અવશ્યપણે તે ભયંકર યાતનાપૂર્ણ નરકોમાં જવું પડે છે, કે જેમનું વર્ણન મેં તમને (પાંચમા સ્કંધના અંતમાં) કહી સંભળાવ્યું છે. (૭) તેથી ઘણી સાવધાની અને જાગૃતિ સાથે રોગ અને મૃત્યુ(ના આગમન) પહેલાં જ જલદીમાં જલદી પાપોની ગુરુતા અને લઘુતાનો વિચાર કરીને તેમનું પ્રાયશ્ચિત્ત કરી લેવું જોઈએ; જેમ મર્મજ્ઞ વૈદ્ય રોગોનું કારણ અને તેમની ગુરુતા-લઘુતાને જાણી લઈને તત્કાળ ચિકિત્સા કરે છે. (૮)

રાજા પરીક્ષિતે પૂછ્યું – હે ભગવન્! મનુષ્ય રાજદંડ, સમાજદંડ વગેરે લૌકિક અને નરક-ગમન વગેરે પારલૌકિક કષ્ટોને લીધે જાણે જ છે કે પાપ પોતાનો શત્રુ છે અને છતાંય પાપ-વાસનાઓથી વિવશ થઈને વારંવાર એવાં

જ કર્મો કરવા પ્રવૃત્ત થાય છે; આવી સ્થિતિમાં તેનાં પાપોનું પ્રાયશ્ચિત્ત કેવી રીતે સંભવી શકે? (૯) મનુષ્ય ક્યારેક પ્રાયશ્ચિત્ત વગેરે વડે પાપોથી છુટકારો મેળવે છે, તો ક્યારેક પાછો એ જ પાપો કરવા લાગે છે. આવી સ્થિતિમાં હું સમજું છું કે જેમ સ્નાન કર્યા પછી ધૂળથી ખરડાવાને કારણે હાથીનું સ્નાન વ્યર્થ જાય છે તેવી જ રીતે મનુષ્યનું પ્રાયશ્ચિત્ત પણ વ્યર્થ જ છે. (૧૦)

શ્રીશુકદેવજીએ કહ્યું – વાસ્તવમાં કર્મ વડે જ કર્મનો નિર્બીજ નાશ થતો નથી, કારણ કે કર્મનો અધિકારી અજ્ઞાની છે. અજ્ઞાન હોય તો પાપવાસનાઓ સર્વથા દૂર થઈ શકતી નથી. તેથી સાચું પ્રાયશ્ચિત્ત તો તત્ત્વજ્ઞાન જ છે. (૧૧) જે મનુષ્ય સુપથ્યનું જ સેવન કરે છે તેને રોગો પોતાને વશ કરી શકતા નથી, એ જ રીતે હે પરીક્ષિત! જે મનુષ્ય નિયમોનું પાલન કરે છે તે ધીરે ધીરે પાપવાસનાઓમાંથી મુક્ત થઈને કલ્યાણપ્રદ તત્ત્વજ્ઞાનને પ્રાપ્ત કરવામાં સમર્થ થાય છે. (૧૨) જેમ વાંસની ઝાડીમાં લાગેલી આગ બધા વાંસોને બાળી નાખે છે તેવી જ રીતે ધર્મજ્ઞ અને શ્રદ્ધાવાન ધીરમનુષ્ય તપસ્યા, બ્રહ્મચર્ય, ઇન્દ્રિયદમન, મનની સ્થિરતા, દાન, સત્ય, બહારની અને અંદરની પવિત્રતા તથા યમ અને નિયમ – આ નવ સાધનોથી મન, વાણી અને શરીર વડે કરાયેલાં મોટામાં મોટાં પાપોને પણ નષ્ટ કરી દે છે. (૧૩-૧૪) ભગવાનના શરણમાં રહેનારા ભક્તજનો, કે જેઓ વિરલ જ હોય છે - તેઓ કેવળ ભક્તિ વડે જ પોતાનાં તમામ પાપોને એવી રીતે ભસ્મ કરી નાખે છે કે જેમ સૂર્ય ધુમ્મસને નષ્ટ કરી દે છે. (૧૫) હે પરીક્ષિત! ભગવાનને આત્મસમર્પણ કરવાથી અને તેમના ભક્તોનું સેવન કરવાથી પાપી મનુષ્યની જેવી શુદ્ધિ થાય છે તેવી તપસ્યા વગેરે કરવાથી થતી નથી. (૧૬) સંસારમાં આ ભક્તિનો માર્ગ જ સર્વશ્રેષ્ઠ, ભયરહિત અને કલ્યાણસ્વરૂપ છે; કારણ કે આ માર્ગ પર ભગવત્પરાયણ સુશીલ સાધુજનો ચાલે છે.(૧૭) હે પરીક્ષિત! જેમ દારૂથી ભરેલા ઘડાને નદીઓ પવિત્ર કરી શકતી નથી તેવી જ રીતે મોટાં મોટાં પ્રાયશ્ચિત્તો વારંવાર કરવા છતાં પણ તેઓ ભગવાનથી વિમુખ મનુષ્યને પવિત્ર કરવામાં અસમર્થ છે. (૧૮) જેમણે ભગવાનના ગુણોના અનુરાગી એવા પોતાના મનરૂપી મધુકરને ભગવાન શ્રીકૃષ્ણનાં ચરણારવિંદના મકરંદ (પુષ્પ-મધુ)નું એકવાર પણ પાન કરાવી લીધું તેમણે બધાં પ્રાયશ્ચિત્ત કરી લીધાં (એમ જાણવું) અને તેવા મનુષ્યો સ્વપ્નમાં પણ યમરાજ અને તેમના પાશધારી દૂતોને જોવા પામતા નથી, પછી નરક પામવાની તો વાત જ ક્યાં રહી? (૧૯)

હે પરીક્ષિત! આ બાબતમાં મહાત્માઓ એક પ્રાચીન ઈતિહાસનું ઉદાહરણ આપે છે, જેમાં ભગવાન વિષ્ણુ અને યમરાજના દૂતોનો વાર્તાલાપ છે. તે તમે મારી પાસેથી સાંભળો. (૨૦) કાન્યકુબ્જ (કનોજ) નગરમાં એક દાસીપતિ બ્રાહ્મણ રહેતો હતો. તેનું નામ હતું અજામિલ. દાસીના સંસર્ગને લીધે દૂષિત થવાને કારણે તેનો સદાચાર નષ્ટ થઈ ચૂક્યો હતો. (૨૧) પતન પામેલો તે ક્યારેક વટેમાર્ગુઓને બાંધીને લૂંટી લેતો હતો, ક્યારેક લોકોને જુગારમાં છળકપટથી હરાવી દેતો હતો, કોઈનું ધન દગાખોરીથી લઈ લેતો હતો, તો કોઈનું ધન ચોરી લેતો હતો. આ પ્રમાણે અત્યંત નિંદનીય વૃત્તિનો આશ્રય લઈને તે પોતાના કુટુંબનું પાલનપોષણ કરતો હતો અને બીજા દેહધારીઓ (જીવો)ને ઘણું સતાવતો હતો. (૨૨) હે પરીક્ષિત! આ જ રીતે તે ત્યાં રહીને દાસીનાં બાળકોનું લાલન-પાલન કરતો રહ્યો અને એમ તેના આયુષ્યનો ઘણો મોટો

ભાગ – અઠ્ઠાશી વર્ષ - વીતી ગયો. (૨૩) તે વૃદ્ધ અજામિલને દસ પુત્રો હતા. તેમાંના સૌથી નાનાનું નામ હતું નારાયણ. માબાપ તેને ઘણો પ્રેમ કરતાં હતાં. (૨૪) વૃદ્ધ અજામિલે અત્યંત મોહને કારણે પોતાનું સંપૂર્ણ હૃદય પોતાના બાળક નારાયણને સોંપી દીધું હતું. તે પોતાના બાળકની કાલી-ઘેલી બોલી સાંભળીને તથા તેની બાળસહજ ક્રીડાઓ જોઈ-જોઈને અત્યંત આનંદિત થતો રહેતો હતો. (૨૫) અજામિલ બાળકના સ્નેહબંધનમાં બંધાઈ ગયો હતો. તે જ્યારે પોતે ખાતો ત્યારે તેને પણ ખવડાવતો, જ્યારે પોતે પાણી પીતો ત્યારે તેને પણ પિવડાવતો. આ પ્રમાણે તે અત્યંત મૂઢ થઈ ગયો હતો અને તેને એ વાતની ખબર જ ન પડી કે મૃત્યુ મારા માથા પર આવી પહોંચ્યું છે. (૨૬)

તે મૂર્ખ આવી રીતે પોતાનું જીવન વિતાવી રહ્યો હતો ત્યાં જ મૃત્યુવેળા આવી પહોંચી. તે સમયે તે પોતાના બાળક પુત્ર નારાયણ વિશે જ વિચારતો અને ચિંતા કરતો હતો. (૨૭) એ દરમિયાન જ અજામિલે જોયું કે તેને લઈ જવા માટે અત્યંત ભયાનક ત્રણ યમદૂતો આવ્યા છે, તેમના હાથોમાં ફંદો (પાશ) છે, તેમનાં મોઢાં વાંકાંચૂકાં છે અને શરીરનાં રુવાડાં ઊભાં થઈ ગયેલાં છે. (૨૮) તે સમયે બાળક નારાયણ ત્યાંથી થોડેક દૂર રમી રહ્યો હતો. યમદૂતોને જોઈને અજામિલ અત્યંત વ્યાકુળ થઈ ગયો અને તેણે ઘણા મોટા અવાજે સાદ દીધો – 'નારાયણ!' (૨૯) ભગવાનના પાર્ષદોએ જોયું કે આ મરતી વખતે અમારા સ્વામી ભગવાન નારાયણનું નામ લઈ રહ્યો છે, તેમના નામનું કીર્તન કરી રહ્યો છે; તેથી તે પાર્ષદો અતિશય વેગથી ત્યાં આવી પહોંચ્યા; (૩૦) કે જે સમયે યમરાજના દૂતો દાસીપતિ અજામિલના શરીરમાંથી તેના સૂક્ષ્મદેહને ખેંચી રહ્યા હતા. વિષ્ણુના દૂતોએ તેમને જબરદસ્તીથી અટકાવી દીધા. (૩૧) તેમના અટકાવવાથી યમરાજના દૂતોએ તેમને કહ્યું – "અરે, ધર્મરાજની આજ્ઞાનો નિષેધ કરનારા તમે કોણ છો? (૩૨) તમે કોના દૂત છો? ક્યાંથી આવ્યા છો? અને આને લઈ જતાં અમને તમે શા માટે રોકી રહ્યા છો? શું તમે કોઈ દેવતા, ઉપદેવતા કે સિદ્ધશ્રેષ્ઠ છો? (૩૩) અમે જોઈએ છીએ કે તમારા બધાની આંખો કમળદળ જેવી કોમળતાથી ભરેલી છે, તમે પીળાં રેશમી વસ્ત્રો પહેરેલા છો, તમારા મસ્તક પર મુગટ, કાનોમાં કુંડળ અને ગળાંમાં કમળના હાર લહેરાઈ રહ્યાં છે. (૩૪) તમારા બધાની યુવાન અવસ્થા છે, સુંદર ચાર-ચાર ભુજાઓ છે, બધાંનાં કરકમળોમાં ધનુષ્ય, તરકસ, તલવાર, ગદા, શંખ, ચક્ર, કમળ વગેરે શોભી રહ્યાં છે. (૩૫) તમારાં અંગની કાન્તિથી દિશાઓનો અંધકાર અને પ્રાકૃત પ્રકાશ પણ દૂર થઈ રહ્યો છે. અમે ધર્મરાજના સેવકો છીએ. તમે અમને શા માટે રોકી રહ્યા છો?" (૩૬)

શ્રીશુકદેવજી કહે છે – હે પરીક્ષિત! તે યમદૂતોએ જ્યારે આ પ્રમાણે કહ્યું ત્યારે ભગવાન નારાયણના આજ્ઞાંકિત પાર્ષદોએ હસીને મેઘ સમાન ગંભીર વાણીથી તેમને આ પ્રમાણે કહ્યું – (૩૭)

ભગવાન વિષ્ણુના દૂતોએ કહ્યું – હે યમદૂતો! જો તમે સાચેસાચ ધર્મરાજાના આજ્ઞાંકિત (સેવકો) છો તો તમે અમને ધર્મનું લક્ષણ અને ધર્મનું તત્ત્વ કહી સંભળાવો. (૩૮) દંડ કેવી રીતે આપવામાં આવે છે? દંડને પાત્ર કોણ છે? મનુષ્યોમાં શું બધા જ પાપાચારીઓ દંડને પાત્ર છે કે પછી તે પૈકીના અમુક જ છે? (૩૯)

યમદૂતોએ કહ્યું – વેદોએ જે કર્મોનું

વિધાન કર્યું છે તે (કર્મો કરવાં એ) ધર્મ છે અને જેમનો નિષેધ કર્યો છે તે (કર્મો કરવાં એ) અધર્મ છે. વેદો સ્વયં ભગવાનનું સ્વરૂપ છે, તેઓ તેમના સ્વાભાવિક શ્વાસોચ્છ્વાસ છે અને સ્વયંપ્રકાશ જ્ઞાન છે – એવું અમે સાંભળેલું છે. (૪૦) જગતના સત્ત્વમય, રજોમય ને તમોમય – બધા જ પદાર્થો, બધાં જ પ્રાણીઓ પોતાના પરમ આશ્રયભૂત ભગવાનમાં જ સ્થિત રહે છે. વેદો જ તેમનું તેમનાં ગુણો, નામો, કર્મો, રૂપો વગેરે અનુસાર યથાયોગ્ય વિભાજન કરે છે. (૪૧) જીવ શરીર થકી કે મનોવૃત્તિઓ થકી જેટલાં કર્મ કરે છે તેનાં સાક્ષી રહેતાં હોય છે – સૂર્ય, અગ્નિ, આકાશ, વાયુ, ઇન્દ્રિયો, ચંદ્રમા, સંધ્યા, રાત, દિવસ, દિશાઓ, જળ, પૃથ્વી, કાળ અને ધર્મ. (૪૨) એમના દ્વારા અધર્મની જાણ થાય છે અને ત્યારે દંડની પાત્રતાનો નિર્ણય થાય છે. પાપકર્મ કરનારાં બધાં જ મનુષ્યો પોતપોતાનાં કર્મો અનુસાર દંડને પાત્ર થાય છે. (૪૩) હે નિષ્પાપ જનો! જે પ્રાણીઓ કર્મ કરે છે તેમનો ગુણો સાથે સંબંધ રહેતો જ હોય છે. તેથી બધાં વડે થોડાંક પાપ અને થોડાંક પુણ્ય થાય જ છે; અને દેહધારી હોવાથી કોઈ પણ મનુષ્ય કર્મ કર્યા વિના રહી શકતો નથી. (૪૪) આ લોકમાં જે મનુષ્ય જે પ્રકારનો જેટલો અધર્મ અથવા ધર્મ કરે છે તે પરલોકમાં તેનું તેવું જ અને તેટલું જ ફળ ભોગવે છે. (૪૫) હે દેવશિરોમણિઓ! સત્ત્વ, રજ અને તમ – આ ત્રણ ગુણોના ભેદને કારણે આ લોકમાં પણ ત્રણ પ્રકારનાં મનુષ્યો જોવા મળે છે – પુણ્યાત્મા, પાપાત્મા અને પુણ્ય-પાપ બંનેથી યુક્ત; અથવા સુખી, દુઃખી અને સુખ-દુઃખ બંનેથી યુક્ત. તેવી જ રીતે પરલોકમાં પણ તેમની ત્રિવિધતા હોવાનું અનુમાન કરી શકાય છે. (૪૬) વર્તમાન સમય જ ભૂત અને ભવિષ્યનું અનુમાન કરાવી દે છે, તેવી જ રીતે વર્તમાન જન્મનાં પાપ-પુણ્ય પણ ભૂતકાળના અને ભવિષ્યના જન્મોનાં પાપ-પુણ્યનું અનુમાન કરાવી દે છે. (૪૭) અમારા સ્વામી અજન્મા, સર્વજ્ઞ ભગવાન યમરાજ બધાંનાં અંતઃકરણમાં વિરાજમાન છે. તેથી તેઓ પોતાના મનથી જ સૌનાં પૂર્વરૂપોને જોઈ લે છે, એ સાથે જ તેઓ તે સૌનાં ભાવિ સ્વરૂપોનો પણ વિચાર કરી લે છે. (૪૮) જેમ ઊંઘેલો અજ્ઞાની મનુષ્ય સ્વપ્ન-સમયે પ્રતીત થતા શરીરને જ પોતાનું વાસ્તવિક શરીર સમજે છે અને સૂતેલા કે જાગતા શરીરને ભૂલી જાય છે તેવી જ રીતે જીવ પણ પોતાના પૂર્વજન્મોનું સ્મરણ ભૂલી જાય છે અને વર્તમાન શરીર સિવાય, પહેલાંનાં અને પછીનાં શરીરો વિશે કશું જ જાણતો હોતો નથી. (૪૯) હે સિદ્ધજનો! જીવ આ શરીરમાં (રહીને) પાંચ કર્મેન્દ્રિયો વડે આપવું-લેવું, હાલવું-ચાલવું વગેરે કામ કરે છે, પાંચ જ્ઞાનેન્દ્રિયો વડે રૂપ-રસ વગેરે પાંચ વિષયોની અનુભૂતિ કરે છે અને સોળમા મનની સાથે સત્તરમો તે પોતે મળીને એકલો જ મન, જ્ઞાનેન્દ્રિયો અને કર્મેન્દ્રિયો – એ ત્રણેના વિષયોનો ભોગ કરે છે. (૫૦) જીવનું આ સોળકળાઓ અને સત્ત્વ વગેરે ત્રણ ગુણોવાળું લિંગશરીર અનાદિ છે. એ જ જીવને વારંવાર હર્ષ, શોક, ભય અને પીડા આપનાર જન્મ-મૃત્યુના ચકરાવામાં નાખે છે. (૫૧) જે જીવ અજ્ઞાનને લીધે કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર – આ છ શત્રુઓ પર વિજય મેળવી લેતો નથી તેણે (તેની) ઇચ્છા ન હોવા છતાં પણ વિભિન્ન વાસનાઓ અનુસાર અનેક કર્મો કરવાં પડે છે. આવી સ્થિતિમાં તે રેશમના કીડાની જેમ પોતાને કર્મની જાળમાં જકડી લે છે અને એ રીતે પોતાના જ હાથે મોહનો શિકાર થઈ જાય છે.

(૫૨) કોઈ પણ શરીરધારી જીવ ક્યારેય, એક ક્ષણ માટે પણ કર્મ કર્યા વિના રહી શકતો નથી. પ્રત્યેક પ્રાણીના સ્વાભાવિક ગુણો જબરદસ્તીથી વિવશ કરીને તેની પાસે કર્મ કરાવે છે. (૫૩) જીવ પોતાના પૂર્વજન્મોના પાપ-પુણ્યમય સંસ્કારો અનુસાર સ્થૂળ અને સૂક્ષ્મ શરીર પ્રાપ્ત કરે છે. તેની સ્વાભાવિક અને પ્રબળ વાસનાઓ ક્યારેક તેને માતાના જેવો (સ્ત્રીરૂપ) બનાવે છે, તો ક્યારેક પિતાના જેવો (પુરુષરૂપ). (૫૪) પ્રકૃતિનો સંસર્ગ થવાથી જ મનુષ્ય પોતાને પોતાના વાસ્તવિક સ્વરૂપથી વિપરીત લિંગશરીર માની લે છે. આ વિપર્યય ભગવાનની ભક્તિથી તરત જ દૂર થઈ જાય છે. (૫૫)

હે દેવતાઓ! તમે તો જાણો જ છો કે આ અજામિલ મહાન શાસ્ત્રજ્ઞ હતો. શીલ, સદાચાર અને સદ્‌ગુણોનો તો તે ભંડાર હતો. બ્રહ્મચારી, વિનયી, જિતેન્દ્રિય, સત્યનિષ્ઠ, મંત્રવેત્તા અને પવિત્ર પણ હતો. (૫૬) એણે ગુરુ, અગ્નિ, અતિથિ અને વૃદ્ધજનોની સેવા કરી હતી. અહંકાર તો એનામાં હતો જ નહીં. એ સમસ્ત પ્રાણીઓનું હિત ઇચ્છતો હતો, ઉપકાર કરતો હતો અને મિતભાષી હતો તથા કોઈનામાં દોષ જોવાની તેની દૃષ્ટિ ન હતી. (૫૭) એક દિવસે આ બ્રાહ્મણ પોતાના પિતાના આદેશથી વનમાં ગયો અને ત્યાંથી ફળ, ફૂલ, સમિધ તથા દર્ભ લઈને ઘરે પાછો વળ્યો. (૫૮) પાછા વળતાં તેણે જોયું કે એક ભ્રષ્ટ શૂદ્ર, કે જે ઘણો કામી અને નિર્લજ્જ હતો તે મદ્યપાન કરીને કોઈ વેશ્યાની સાથે વિહાર કરી રહ્યો છે; વેશ્યા પણ મદ્યપાન કરીને ઉન્મત્ત થયેલી છે, નશાને કારણે તેની આંખો નાચી રહી છે અને તે અર્ધનગ્ન અવસ્થામાં હતી. તે વેશ્યાની સાથે તે શૂદ્ર ક્યારેક ગાય છે, ક્યારેક હસે છે અને ક્યારેક વિભિન્ન ચેષ્ટાઓ કરીને તેને પ્રસન્ન કરી રહ્યો છે. (૫૯-૬૦) હે નિષ્પાપજનો! શૂદ્રના હાથોમાં અંગરાગ વગેરે કામોદ્દીપક પદાર્થોનો લેપ કરેલો હતો અને તેનાથી તે કુલટાને આલિંગી રહ્યો હતો. અજામિલ તેમને આવી હાલતમાં જોઈને એકદમ મોહિત અને કામવશ થઈ ગયો. (૬૧) જોકે અજામિલે પોતાના જ્ઞાન અને ધૈર્ય મુજબ, કામવેગથી વિચલિત થયેલા પોતાના મનને સંયમમાં રાખવાના ઘણા-ઘણા પ્રયત્નો કર્યા છતાં, પૂરી શક્તિ લગાડી દેવા છતાં તે પોતાના મનનું સમાધાન કરવામાં અસમર્થ રહ્યો; (૬૨) અને કામ-પિશાચે તે વેશ્યાને નિમિત્ત બનાવીને અજામિલના મનને ગ્રસી લીધું. તેની સદાચાર અને શાસ્ત્રવિષયક ચેતના નષ્ટ થઈ ગઈ. હવે તે મનોમન તે વેશ્યાનું જ ચિંતન કરવા લાગ્યો અને પોતાના ધર્મથી વિમુખ થઈ ગયો. (૬૩) (પછી તો) જેનાથી તે ખુશ થતી તેવી સુંદર-સુંદર વસ્ત્રાભૂષણો વગેરે વસ્તુઓ લઈ આવતો; ત્યાં સુધી કે એણે પોતાના પિતાની સઘળી સંપત્તિ તેને આપી દઈને તેને રાજી રાખી. એ બ્રાહ્મણ એવી જ ચેષ્ટાઓ કરતો કે જેનાથી તે વેશ્યા પ્રસન્ન થાય. (૬૪) તે સ્વચ્છંદચારી કુલટાના વાંકા નેત્રકટાક્ષે તેના મનને એવું લુબ્ધ કરી દીધું કે તેણે પોતાની કુલીન નવયુવતી પરણેતર પત્ની સુધ્ધાંનો પણ પરિત્યાગ કરી દીધો. એના પાપાચરણની તો કોઈ સીમા જ ન રહી. (૬૫) એ કુબુદ્ધિ (અજામિલ) ન્યાયપૂર્વક, અન્યાયપૂર્વક – જે પણ રીતે જ્યાં-ક્યાંયથી પણ ધન મળતું તે ત્યાંથી ઉઠાવી લાવતો હતો. તે વેશ્યાના બહોળા કુટુંબનું પાલનપોષણ કરવામાં જ તે વ્યસ્ત રહેતો હતો. (૬૬) એવા આ પાપીએ શાસ્ત્રાજ્ઞાનું ઉલ્લંઘન કરીને સ્વચ્છંદ આચરણ કર્યું છે. આ સત્પુરુષો વડે નિંદિત છે. આણે ઘણા સમય સુધી વેશ્યાના મળતુલ્ય અપવિત્ર અન્નથી

પોતાનું જીવન વિતાવ્યું છે. આનું સઘળું જીવન જ પાપમય છે. (૬૭) આણે આજ સુધી પોતાનાં પાપોનું કોઈ પ્રાયશ્ચિત્ત પણ કર્યું નથી. તેથી હવે અમે આ પાપીને દંડપાણિ ભગવાન યમરાજ પાસે લઈ જઈશું, ત્યાં આ પોતાનો દંડ ભોગવીને શુદ્ધ થશે. (૬૮)

★ ★ ★ ★

બીજો અધ્યાય

વિષ્ણુના દૂતોએ કરેલું ભાગવતધર્મનું નિરૂપણ અને અજામિલનું પરમધામ-ગમન

શ્રીશુકદેવજી કહે છે – હે પરીક્ષિત! ભગવાનના નીતિનિપુણ અને ધર્મનો મર્મ જાણનારા તે પાર્ષદોએ યમદૂતોનું આ વક્તવ્ય સાંભળીને તેમને આ પ્રમાણે કહ્યું. (૧)

વિષ્ણુના પાર્ષદોએ કહ્યું – હે યમદૂતો! એ મોટા આશ્ચર્ય અને દુઃખની વાત છે કે ધર્મજ્ઞોની સભામાં અધર્મ પ્રવેશી રહ્યો છે; કારણ કે ત્યાં નિરપરાધ અને અદંડનીય વ્યક્તિઓને વ્યર્થમાં જ દંડ આપવામાં આવે છે (શિક્ષા કરવામાં આવે છે). (૨) જેઓ પ્રજાના રક્ષક છે, શાસક છે, સમદર્શી અને પરોપકારી છે તેઓ જ જો પ્રજા પ્રત્યે વિષમતાનો વ્યવહાર કરવા લાગે તો પછી પ્રજા કોનું શરણ લેશે? (૩)

સત્પુરુષો જેવું આચરણ કરે છે, સાધારણ લોકો પણ તેવું જ આચરણ કરે છે. તેઓ પોતાના આચરણ વડે જે કર્મને ધર્માનુકૂળ પ્રમાણિત કરે છે, લોકો તેનું જ અનુકરણ કરવા લાગે છે. (૪) સાધારણ લોકો પશુઓની જેમ ધર્મ અને અધર્મનું સ્વરૂપ જાણ્યા વગર જ કોઈ સત્પુરુષ પર વિશ્વાસ કરી લે છે અને તેના ખોળામાં માથું મૂકીને નિર્ભય અને નિશ્ચિંતપણે સૂઈ જાય છે. (૫) એ દયાળુ સત્પુરુષ, કે જે પ્રાણીઓનો અત્યંત વિશ્વાસપાત્ર હોય છે અને જેને મિત્રભાવે પોતાનો હિતૈષી સમજીને તે લોકોએ આત્મસમર્પણ કરી દીધું હોય છે તે આ અજ્ઞાની જીવો સાથે કેવી રીતે વિશ્વાસઘાત કરી શકે? (૬)

હે યમદૂતો! આણે (અજામિલે) કરોડો-કરોડો જન્મોના પાપરાશિનું પૂરેપૂરું પ્રાયશ્ચિત્ત કરી લીધું છે, કારણ કે તેણે ભલેને વિવશ થઈને પણ, ભગવાનના પરમ કલ્યાણમય (મોક્ષપ્રદ) નામનું ઉચ્ચારણ તો કર્યું જ છે. (૭) જે સમયે આણે 'નારાયણ' – એ ચાર અક્ષરોનું ઉચ્ચારણ કર્યું તે જ સમયે, માત્ર એટલાથી જ આ પાપીનાં સમસ્ત પાપોનું પ્રાયશ્ચિત્ત થઈ ગયું. (૮) ચોર, દારૂડિયા, મિત્રદ્રોહી, બ્રહ્મહત્યારા, ગુરુપત્ની-ગમન કરનારા – આવા લોકોના સંસર્ગમાં રહેનારો; સ્ત્રી, રાજા, પિતા કે ગાયની હત્યા કરનારો – ભલેને ગમે તેટલો મહાન પાપી કેમ ન હોય – તે બધાને માટે એ જ, એટલું જ સૌથી મોટું પ્રાયશ્ચિત્ત છે કે ભગવાનનાં નામોનું ઉચ્ચારણ* કરવામાં આવે; કારણ કે ભગવાનનાં નામોના ઉચ્ચારણથી મનુષ્યની બુદ્ધિ ભગવાનના ગુણોમાં, તેમની લીલામાં અને તેમના સ્વરૂપમાં રમમાણ થઈ જાય છે અને સ્વયં ભગવાનની

---

* આ પ્રસંગમાં 'નામ-વ્યાહરણ'નો અર્થ કેવળ 'નામોનું ઉચ્ચારણ' જ છે. ભગવાન શ્રીકૃષ્ણ કહે છે –

यद् गोविन्देति चुक्रोश कृष्णा मां दूरवासिनम्। ऋणमेतत् प्रवृद्धं मे हृदयान्नापसर्पति॥

'મારા દૂર હોવાને કારણે દ્રૌપદીએ જોર-જોરથી 'હે ગોવિંદ! હે ગોવિંદ!' – આ પ્રમાણે કરુણ ક્રંદન કરીને મને પોકાર્યો, તે ઋણ મારા પર વધી ગયું છે અને તેનો ભાર મારા હૃદયમાંથી ક્ષણમાત્ર માટે પણ દૂર થતો નથી.'

તેના પ્રત્યે આત્મીય બુદ્ધિ થઈ જાય છે. (૯-૧૦) મોટા-મોટા બ્રહ્મવાદી ઋષિઓએ પાપોનાં ઘણાંબધાં પ્રાયશ્ચિત્તો – કૃચ્છ્ર, ચાન્દ્રાયણ વગેરે વ્રતો બતાવ્યાં છે; પરંતુ તે પ્રાયશ્ચિત્તોથી પાપીની એવી જડમૂળથી શુદ્ધિ થતી નથી કે જેવી ભગવાનનાં નામોનું, તે નામો સાથે ગૂંથાયેલાં પદો*નું ઉચ્ચારણ કરવાથી થાય છે; કારણ કે તે નામો પવિત્રકીર્તિ ભગવાનના ગુણોનું જ્ઞાન કરાવનારાં છે. (૧૧)

જો પ્રાયશ્ચિત્ત કર્યા પછી પણ મન ફરીથી કુમાર્ગે વળે – પાપો તરફ દોડે તો તે ચરમ સીમાનું – પૂરેપૂરું પ્રાયશ્ચિત્ત નથી. તેથી જે લોકો એવું પ્રાયશ્ચિત્ત કરવા ઇચ્છે કે જેનાથી પાપકર્મો અને વાસનાઓનું મૂળ જ ઊખડી જાય તો તેમણે ભગવાનના ગુણોનું જ ગાન કરવું જોઈએ, કારણ કે તેનાથી ચિત્ત સર્વથા શુદ્ધ થઈ જાય છે. (૧૨)

માટે હે યમદૂતો! તમે અજામિલને ન લઈ જાઓ. આણે બધાં પાપોનું પ્રાયશ્ચિત્ત કરી લીધું છે, કારણ કે આણે મરતી વખતે* ભગવાનના નામનું ઉચ્ચારણ કર્યું છે. (૧૩)

મોટા મોટા મહાત્મા પુરુષો એ વાત જાણે છે કે સંકેત (અન્ય કોઈ અભિપ્રાય) ખાતર, ઉપહાસ ખાતર, રાગ આલાપવા ખાતર કે કોઈની અવગણના કરવા ખાતર પણ જો કોઈ મનુષ્ય ભગવાનનાં નામોનું ઉચ્ચારણ કરે છે તો તેનાં બધાં પાપો નષ્ટ થઈ જાય છે. (૧૪) જે મનુષ્ય પડતી વખતે, પગ લપસતી વખતે, શરીરભંગ થતી વખતે, સાપ ડસતી વખતે, આગમાં બળતી વખતે તથા ઘાયલ થતી વખતે પણ વિવશતાને લીધે 'હરિ! હરિ!' કહી ભગવાનના નામનું ઉચ્ચારણ કરે છે તે યમ-યાતનાને પાત્ર રહેતો નથી. (૧૫) મહર્ષિઓએ જાણી-સમજીને મોટાં પાપો માટે મોટાં અને નાનાં પાપો માટે નાનાં પ્રાયશ્ચિત્ત બતાવેલાં છે. (૧૬) એમાં તો શંકા છે જ નહીં કે તે તપસ્યા, દાન, જપ વગેરે (સ્વરૂપનાં) પ્રાયશ્ચિત્તોથી તે પાપો નાશ પામે છે, પરંતુ તે પાપોથી મલિન થયેલું તેનું હૃદય શુદ્ધ થતું નથી, ભગવાનનાં ચરણોની સેવાથી જ તે શુદ્ધ થાય છે. (૧૭) હે યમદૂતો! જેમ બળતણ સાથે જાણ્યે-અજાણ્યે અગ્નિનો સ્પર્શ થાય છે તો તે ભસ્મ થઈ જ જાય છે તેવી જ રીતે જાણી-સમજીને કે પછી અજાણતાં પણ ભગવાનનાં નામોનું સંકીર્તન કરવામાં આવે તો તેથી મનુષ્યનાં બધાં પાપો ભસ્મ થઈ જાય છે. (૧૮) જેમ કોઈ મનુષ્ય પરમ શક્તિશાળી અમૃતને તેના ગુણ જાણ્યા વિના અજાણતાં જ પીએ છે તોપણ પીનારને તે અવશ્યપણે ગુણદાયી થાય છે, તેવી જ રીતે અજાણતાં જ ઉચ્ચારણ કરવામાં આવે તોપણ

★ 'નામપદૈઃ' કહેવાનો અભિપ્રાય એ છે કે ભગવાનનું માત્ર નામ – 'રામ-રામ', 'કૃષ્ણ-કૃષ્ણ', 'હરિ-હરિ', 'નારાયણ-નારાયણ' જ અંતઃકરણની શુદ્ધિ માટે, પાપોના નિવારણ માટે પર્યાપ્ત છે. 'નમઃ નમામિ' વગેરે ક્રિયાઓ જોડવાની પણ કોઈ આવશ્યકતા નથી. નામની સાથે બહુવચનનો પ્રયોગ અહીં એવા આશયથી થયેલો છે કે ભગવાનનાં નામ ઘણાંબધાં છે, તે પૈકીના કોઈ પણ નામનું સંકીર્તન કરવામાં આવે; એક વ્યક્તિ બધાં નામોનું ઉચ્ચારણ કરે એવા આશયથી થયેલો નથી; કારણ કે ભગવાનનાં નામ અનંત છે; બધાં નામોનું ઉચ્ચારણ શક્ય જ નથી. તાત્પર્ય એ છે કે ભગવાનના એક નામનું ઉચ્ચારણ કરવા માત્રથી બધાં પાપોનું નિવારણ થઈ જાય છે. પૂર્ણ વિશ્વાસ નહીં હોવાને કારણે તથા નામનું ઉચ્ચારણ કર્યા પછી પણ પાપ કરવાને કારણે જ તેનો અનુભવ થતો નથી.

* પાપના નિવારણ માટે ભગવાનના નામનો એક અંશ પણ પર્યાપ્ત છે, જેમ કે 'રામ'નો 'રા'. આણે તો સંપૂર્ણ નામનું ઉચ્ચારણ કરી લીધું. 'મરતી વખતે'નો અર્થ બરાબર મરવાની ક્ષણે જ એવો નથી; કારણ કે મરવાની ક્ષણે જેમ કૃચ્છ્ર, ચાંદ્રાયણ વગેરે કરવા માટે વિધિ થઈ શકતી નથી તેવી જ રીતે નામોચ્ચારણ પણ થઈ શકતું નથી. તેથી 'ઘ્રિયમાણ' શબ્દનો અભિપ્રાય અહીં એવો છે કે હવેથી આગળ ઉપર આના વડે કોઈ પાપ થવાની સંભાવના નથી.

ભગવાનનું નામ* પોતાનું ફળ આપીને જ રહે છે. (વસ્તુની સ્વાભાવિક શક્તિ શ્રદ્ધાની અપેક્ષા રાખતી નથી.) (૧૯)

શ્રીશુકદેવજી કહે છે – હે રાજન્! આ પ્રમાણે ભગવાન વિષ્ણુના પાર્ષદોએ ભાગવત-ધર્મનો પૂરેપૂરો નિર્ણય કહી સંભળાવ્યો અને

---

* વસ્તુની સ્વાભાવિક શક્તિ એ વાતની પ્રતીક્ષા કરતી નથી કે આ મારા પર શ્રદ્ધા રાખે છે કે નહીં; જેમ કે અગ્નિ કે અમૃત.

હરિર્હરતિ પાપાનિ દુષ્ટચિત્તૈરપિ સ્મૃતઃ। અનિચ્છયાપિ સંસ્પૃષ્ટો દહત્યેવ હિ પાવકઃ॥

"દુષ્ટ ચિત્તવાળો મનુષ્ય સ્મરણ કરે તોપણ ભગવાન શ્રીહરિ તેનાં પાપોને હરી લે છે. જેમ કે – અજાણતામાં કે અનિચ્છાપૂર્વક સ્પર્શ કરવામાં આવે તોપણ અગ્નિ તો બાળે જ છે."

ભગવાનના નામનું ઉચ્ચારણમાત્ર પાપનું જ નિવારણ કરે છે, એનું અન્ય કોઈ ફળ નથી – આવી ધારણા ભ્રમભરેલી છે; કારણ કે શાસ્ત્રમાં કહ્યું છે –

સકૃદુચ્ચરિતં યેન હરિરિત્યક્ષરદ્વયમ્। બદ્ધઃ પરિકરસ્તેન મોક્ષાય ગમનં પ્રતિ॥

"જેણે 'હરિ' – આ બે અક્ષરોનું એક વાર પણ ઉચ્ચારણ કરી લીધું તેણે મોક્ષ-પ્રાપ્તિ માટે પરિકર (વર્તુળ) બાંધી લીધો – કમર કસી લીધી." – આ શાસ્ત્રવચનથી એ સિદ્ધ થાય છે કે ભગવાનનું નામ મોક્ષપ્રાપ્તિનું પણ સાધન છે. મોક્ષપ્રાપ્તિની સાથોસાથ તે ધર્મ, અર્થ અને કામની પૂર્તિ માટેનું પણ સાધન છે; કારણ કે એવાં અનેક પ્રમાણો મળે છે કે જેમનામાં ત્રિવર્ગ (ધર્મ-અર્થ-કામ)ને સિદ્ધ કરવા સારુ પણ નામને જ કારણ બતાવવામાં આવ્યું છે –

ન ગઙ્ગા ન ગયાસેતુર્ન કાશી ન ચ પુષ્કરમ્। જિહ્વાગ્રે વર્તતે યસ્ય હરિરિત્યક્ષરદ્વયમ્॥
ઋગ્વેદોઽથ યજુર્વેદઃ સામવેદો હ્યથર્વણઃ। અધીતાસ્તેન યેનોક્તં હરિરિત્યક્ષરદ્વયમ્॥
અશ્વમેધાદિભિર્યજ્ઞૈર્નરમેધૈઃ સદક્ષિણૈઃ। યજિતં તેન યેનોક્તં હરિરિત્યક્ષરદ્વયમ્॥
પ્રાણપ્રયાણપાથેયં સંસારવ્યાધિભેષજમ્। દુઃખક્લેશપરિત્રાણં હરિરિત્યક્ષરદ્વયમ્॥

"જેની જીભના ટેરવે 'હરિ' – આ બે અક્ષરો રહે છે તેને ગંગા, ગયા, સેતુબંધ, કાશી અને પુષ્કરતીર્થની કોઈ આવશ્યકતા નથી, અર્થાત્ તે તીર્થોની યાત્રા, સ્નાન વગેરેનું ફળ ભગવાનના નામના ઉચ્ચારણથી જ મળી જાય છે. જેણે 'હરિ' – આ બે અક્ષરોનું ઉચ્ચારણ કર્યું તેણે ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદનું અધ્યયન કરી લીધું. જેણે 'હરિ' – આ બે અક્ષરોનું ઉચ્ચારણ કર્યું તેણે દક્ષિણા સહિતના અશ્વમેધ વગેરે યજ્ઞોથી યજન કરી લીધું. 'હરિ' – આ બે અક્ષરો મૃત્યુ પછી પરલોકના માર્ગે પ્રયાણ કરનારા પ્રાણો માટે પાથેય (ભાથું - રસ્તા માટેની ભોજનસામગ્રી) છે, સંસારરૂપી રોગ માટે સિદ્ધ ઔષધ છે અને જીવનનાં દુઃખો અને ક્લેશો (સંતાપો) માટે પરિત્રાણ (રક્ષક છત્ર) છે."

આ વચનોથી એ સિદ્ધ થાય છે કે ભગવાનનું નામ અર્થ, ધર્મ અને કામ – આ ત્રણે વર્ગોને પણ સિદ્ધ કરી આપનારું છે. આ વાત 'હરિ', 'નારાયણ' વગેરે કેટલાંક વિશેષ નામોની બાબતમાં જ લાગુ પડતી નથી, બલકે બધાં જ નામો બાબતે લાગુ પડે છે; કારણ કે ઠેર-ઠેર સામાન્યરૂપે એમ કહેવામાં આવ્યું છે કે અનંતનાં નામ, વિષ્ણુનાં નામ, હરિનાં નામ – વગેરે ભગવાનનાં બધાં જ નામોમાં એક જ શક્તિ છે.

નામ-સંકીર્તન વગેરે કરવામાં વર્ણ, આશ્રમ વગેરેનો પણ કોઈ નિયમ (બાધ) નથી –

બ્રાહ્મણાઃ ક્ષત્રિયા વૈશ્યાઃ સ્ત્રિયઃ શૂદ્રાન્ત્યજાતયઃ।
યત્ર તત્રાનુકુર્વન્તિ વિષ્ણોર્નામાનુકીર્તનમ્। સર્વપાપવિનિર્મુક્તાસ્તેઽપિ યાન્તિ સનાતનમ્॥

"બ્રાહ્મણો, ક્ષત્રિયો, વૈશ્યો, શૂદ્રો, સ્ત્રીઓ, અંત્યજો વગેરે જ્યાં ને ત્યાં ભગવાન વિષ્ણુના નામનું અનુકીર્તન કરતા રહે છે, તેઓ પણ સમસ્ત પાપોમાંથી મુક્ત થઈને સનાતન પરમાત્માને પ્રાપ્ત કરી લે છે."

નામ-સંકીર્તન કરવામાં દેશ અને કાળ વગેરેના નિયમો (બાધ) પણ નથી –

જેમ કે –

ન દેશકાલનિયમઃ શૌચાશૌચવિનિર્ણયઃ। પરં સઙ્કીર્તનાદેવ રામ રામેતિ મુચ્યતે॥

× × × ×

ન દેશનિયમો રાજન્ન કાલનિયમસ્તથા। વિદ્યતે નાત્ર સન્દેહો વિષ્ણોર્નામાનુકીર્તને॥
કાલોઽસ્તિ યજ્ઞે દાને વા સ્નાને કાલોઽસ્તિ સજ્જપે। વિષ્ણુસઙ્કીર્તને કાલો નાસ્ત્યત્ર પૃથિવીપતે॥
ગચ્છંસ્તિષ્ઠન્સ્વપન્વાપિ પિબન્ભુઞ્જઞ્જપંસ્તથા। કૃષ્ણ કૃષ્ણેતિ સઙ્કીર્ત્ય મુચ્યતે પાપકઞ્ચુકાત્॥

× × × ×

અપવિત્રઃ પવિત્રો વા સર્વાવસ્થાં ગતોઽપિ વા। યઃ સ્મરેત્પુણ્ડરીકાક્ષં સ બાહ્યાભ્યન્તરઃ શુચિઃ॥

"દેશ-કાળનો નિયમ (બાધ) નથી; શૌચ-અશૌચ વગેરે નક્કી કરવાની પણ આવશ્યકતા નથી. ફક્ત 'રામ! રામ!' એમ સંકીર્તન કરવા માત્રથી જીવ મુક્ત થઈ જાય છે. × × × ભગવાનના નામનું સંકીર્તન કરવામાં નથી તો દેશનો નિયમ કે નથી તો કાળનો નિયમ. આમાં કોઈ સંદેહ નથી. હે રાજન્! યજ્ઞ, દાન, તીર્થ-સ્નાન કે વિધિપૂર્વકના જપ કરવા માટે શુદ્ધ કાળ (પવિત્ર સમય) અપેક્ષિત છે, પરંતુ ભગવાનના નામના આ સંકીર્તનમાં સમય-શુદ્ધિની કોઈ આવશ્યકતા નથી. હરતાં-ફરતાં, ઊભા રહેતાં, સૂતાં, ખાતાં-પીતાં અને જપ કરતાં કરતાં પણ 'કૃષ્ણ! કૃષ્ણ!' એમ સંકીર્તન કરીને મનુષ્ય પાપમાંથી છૂટી જાય છે. × × × અપવિત્ર હોય કે પવિત્ર, તમામ અવસ્થાઓમાં (ગમે તે અવસ્થામાં) જે વ્યક્તિ કમલનયન ભગવાનનું સ્મરણ કરે છે તે બહાર અને અંદર પવિત્ર થઈ જાય છે."

અજામિલને યમદૂતોના પાશમાંથી છોડાવીને મૃત્યુમાંથી બચાવી લીધો. (૨૦) હે પ્રિય પરીક્ષિત! પાર્ષદો પાસેથી આ બધું સાંભળીને યમદૂતો યમરાજ પાસે ગયા અને તેમને આ આખોયે વૃત્તાન્ત યથાતથ કહી સંભળાવ્યો. (૨૧)

અજામિલ યમદૂતોના ફંદામાંથી છૂટીને નિર્ભય અને સ્વસ્થ થઈ ગયો. તેણે ભગવાનના પાર્ષદોના દર્શનથી નીપજેલા આનંદમાં મગ્ન થઈને મસ્તક નમાવીને તેમને પ્રણામ કર્યા. (૨૨) હે નિષ્પાપ પરીક્ષિત! ભગવાનના તે પાર્ષદોએ જોયું કે અજામિલ કશુંક કહેવા માગે છે, ત્યારે તેઓ અચાનક તેની સામે જ ત્યાં

કૃષ્ણેતિ મઙ્ગલં નામ યસ્ય વાચિ પ્રવર્તતે । ભસ્મીભવન્તિ સદ્યસ્તુ મહાપાતકકોટયઃ ॥
સર્વેષામપિ યજ્ઞાનાં લક્ષણાનિ વ્રતાનિ ચ । તીર્થસ્નાનાનિ સર્વાણિ તપાંસ્યનશનાનિ ચ ॥
વેદપાઠસહસ્રાણિ પ્રાદક્ષિણ્યં ભુવઃ શતમ્ । કૃષ્ણનામજપસ્યાસ્ય કલાં નાર્હન્તિ ષોડશીમ્ ॥

"જેની જીભ પર 'કૃષ્ણ' આ મંગળમય નામ પ્રવર્તતું રહે છે તેનો કરોડો-કરોડો મહાપાપોનો પુંજ તત્કાળ ભસ્મીભૂત થઈ જાય છે. સઘળા યજ્ઞો, લાખો વ્રતો, બધાં તીર્થ-સ્નાન, તપ, અનેક ઉપવાસ, હજારો વેદ-પાઠ, પૃથ્વીની શત-શત પ્રદક્ષિણા (એ સર્વ) 'કૃષ્ણ'-નામના જપના સોળમા ભાગની પણ બરોબરી કરી શકતાં નથી."

ભગવાનનાં નામોના કીર્તનમાં જ આ ફળ છે એવી જ વાત નથી, તે નામો સાંભળવામાં અને સ્મરણ કરવામાં પણ એ જ ફળ છે. દસમા સ્કંધના અંતમાં કહેવામાં આવશે – 'જેમના નામનું સ્મરણ અને ઉચ્ચારણ અમંગળનો ઘાત કરનારાં છે.' શિવગીતા અને પદ્મપુરાણમાં કહ્યું છે –

આશ્ચર્યે વા ભયે શોકે ક્ષતે વા મમ નામ યઃ । વ્યાજેન વા સ્મરેદ્યસ્તુ સ યાતિ પરમાં ગતિમ્ ॥
પ્રયાણે ચાપ્રયાણે ચ યન્નામ સ્મરતાં નૃણામ્ । સદ્યો નશ્યતિ પાપૌઘો નમસ્તસ્મૈ ચિદાત્મને ॥

"(ભગવાન કહે છે કે –) આશ્ચર્ય, ભય, શોક, ક્ષતિ (ઘાયલ થવું) વગેરે પ્રસંગે જે વ્યક્તિ મારું નામ પોકારી ઊઠે છે અથવા કોઈ હેતુથી મારા નામનું સ્મરણ કરે છે તે પરમગતિ પામે છે. મૃત્યુ કે જીવન - ગમે ત્યારે ક્યારેય પણ જે ભગવાનના નામનું સ્મરણ કરનારા મનુષ્યોનાં પાપોનો પુંજ તત્કાળ નાશ પામે છે તે ચિદાત્મા પ્રભુને નમસ્કાર છે."

'ઇતિહાસોત્તમ'માં કહેવામાં આવ્યું છે –

શ્રુત્વા નામાનિ તત્રસ્થાસ્તેનોક્તાનિ હરેર્દ્વિજ । નારકા નરકાન્મુક્તાઃ સદ્ય એવ મહામુને ॥

"હે મહામુનિ બ્રાહ્મણદેવ! નરકમાં રહેતા જીવોએ ભક્તરાજના મુખેથી શ્રીહરિના નામનું શ્રવણ કર્યું અને તેઓ તત્કાળ નરકમાંથી મુક્ત થઈ ગયા."

યજ્ઞ-યાગ વગેરે-રૂપી ધર્મ પોતાના અનુષ્ઠાન માટે જે પવિત્ર દેશ, કાળ, પાત્ર, શક્તિ, સામગ્રી, શ્રદ્ધા, મંત્ર, દક્ષિણા વગેરેની અપેક્ષા રાખે છે તે સંપન્ન થવાં આ કળિયુગમાં અત્યંત મુશ્કેલ છે. ભગવાનના નામના સંકીર્તન વડે તેનું ફળ અનાયાસે જ પ્રાપ્ત કરી શકાય છે. ભગવાન શંકર પાર્વતીજીને કહે છે –

ઈશોઽહં સર્વજગતાં નામ્નાં વિષ્ણોર્હિ જાપકઃ । સત્યં સત્યં વદામ્યેવ હરેર્નાન્યા ગતિર્નૃણામ્ ॥

"હું સમસ્ત જગતનો સ્વામી હોવા છતાં પણ ભગવાન વિષ્ણુના નામનો જ જપ કરું છું. હું તમને સાચેસાચું કહું છું કે, જીવો માટે ભગવાન શ્રીહરિ સિવાય, કર્મકાંડ વગેરે અન્ય કોઈ પણ રીતે ગતિ નથી." શ્રીમદ્ભાગવતમાં જ આ વાત આગળ ઉપર આવશે કે સત્યયુગમાં ધ્યાનથી, ત્રેતાયુગમાં યજ્ઞથી અને દ્વાપરયુગમાં અર્ચન-પૂજનથી જે ફળ મળે છે તે ફળ કળિયુગમાં માત્ર ભગવાનના નામથી મળે છે. બીજું એ પણ છે કે કળિયુગ દોષોનો ભંડાર છે, પણ એમાં મહાન ગુણ એ છે કે શ્રીકૃષ્ણના સંકીર્તન-માત્રથી જ જીવ બંધનમુક્ત થઈને પરમાત્માને પ્રાપ્ત કરી લે છે.

આ પ્રમાણે એક વારના નામોચ્ચારણનો પણ અપાર મહિમા શાસ્ત્રોમાં કહેવામાં આવ્યો છે. અહીં મૂળ પ્રસંગમાં જ 'એકદાપિ' ('એક વાર પણ') કહેવામાં આવ્યું છે; 'સકૃદુચ્ચરિતં'નો ઉલ્લેખ કરી દેવાયો છે. વારંવાર નામોચ્ચારણનું જે વિધાન છે તે આગળ ઉપર પાપ ઉત્પન્ન ન થઈ જાય એને માટે છે. એવાં પણ વચનો મળે છે કે ભગવાનના નામનું ઉચ્ચારણ કરવાથી ભૂત, વર્તમાન અને ભવિષ્યનાં બધાં જ પાપો ભસ્મ થઈ જાય છે. જેમ કે –

વર્તમાનં ચ યત્ પાપં યદ્ ભૂતં યદ્ ભવિષ્યતિ । તત્સર્વં નિર્દહત્યાશુ ગોવિન્દાનલકીર્તનમ્ ॥

આમ છતાં પણ ભગવાનના પ્રેમી જીવે પાપોના નાશ તરફ અધિક દૃષ્ટિ રાખવી જોઈએ નહીં; તેણે તો ભક્તિભાવની દૃઢતા માટે, ભગવાનનાં ચરણોમાં વધુ ને વધુ પ્રેમ વધતો જાય એ દૃષ્ટિથી અહર્નિશ નિત્ય-નિરંતર ભગવાનનાં મધુર-મધુર નામો જપતા જ જવું જોઈએ. (આમાં) જેટલું વધુ નિષ્કામપણું હશે તેટલી તેટલી જ નામની પૂર્ણતા પ્રગટ થતી જશે, અનુભવમાં આવતી જશે.

અનેક તાર્કિકોના મનમાં એવી કલ્પના જાગે છે કે નામનો મહિમા વાસ્તવિક નથી, માત્ર અર્થવાદ જ છે. તેમના મનમાં એવી ધારણા તો થઈ જ જાય છે કે દારૂનું એક ટીપું પણ માણસને પતિત બનાવવા માટે પર્યાપ્ત છે, પરંતુ તેને એવો વિશ્વાસ નથી બેસતો કે ભગવાનનું એક નામ પણ પરમ કલ્યાણકારી છે. ભગવાનના નામના મહિમાને અર્થવાદ સમજવો એ પાપ છે એમ શાસ્ત્રોમાં બતાવવામાં આવ્યું છે.

અંતર્ધાન થઈ ગયા. (૨૩) આ પ્રસંગે અજામિલે ભગવાનના પાર્ષદો પાસેથી વિશુદ્ધ ભાગવત-ધર્મનું અને યમરાજના દૂતોના મુખેથી વેદોક્ત સગુણ (પ્રવૃત્તિવિષયક) ધર્મનું શ્રવણ કર્યું હતું. (૨૪) સર્વ પાપોને હરી લેનારો ભગવાનનો મહિમા સાંભળવાથી અજામિલના હૃદયમાં સત્વરે ભક્તિનો ઉદય થઈ ગયો. હવે તેને પોતાનાં પાપો યાદ કરતાં ભારે પશ્ચાત્તાપ થવા લાગ્યો. (૨૫) (તે મનોમન વિચારવા લાગ્યો –) 'અરે! હું ઇન્દ્રિયોનો કેવો દાસ છું! મેં એક દાસીના ગર્ભથી પુત્ર ઉત્પન્ન કરીને પોતાનું બ્રાહ્મણત્વ નષ્ટ કરી દીધું – એ મોટા દુઃખની વાત છે. (૨૬) ધિક્કાર છે! મને વારંવાર ધિક્કાર છે! હું સંતો વડે નિંદિત છું, પાપાત્મા છું! મેં પોતાના કુળ પર કલંકનું ટીલું લગાવી દીધું! અરે હાય! મેં પોતાની સતીતુલ્ય અને અબોધ (ભોળી) પત્નીનો પરિત્યાગ કરી દીધો અને મદ્યપાન કરનારી કુલટાનો સંસર્ગ કર્યો. (૨૭)

હું કેટલો અધમ છું! મારાં માતા-પિતા ઘરડાં અને તપસ્વી હતાં, તેઓ સર્વથા અસહાય હતાં; તેમની સેવા-ચાકરી કરનારું અન્ય કોઈપણ ન હતું. મેં તેમનો પણ પરિત્યાગ કરી દીધો. અરે! હું કેટલો કૃતઘ્ન છું! (૨૮) હું હવે અવશ્યપણે અત્યંત ભયાનક નરકમાં પડીશ, કે જેમાં પડીને ધર્મહત્યારા પાપી જીવો એવા કામી પુરુષો અનેક પ્રકારની યમ-યાતનાઓ ભોગવે છે. (૨૯)

મેં હમણાં જે અદ્‌ભુત દૃશ્ય જોયું તે શું સ્વપ્ન છે? કે પછી જાગ્રત અવસ્થાનો જ પ્રત્યક્ષ અનુભવ છે? હમણાં હમણાં હાથમાં ફંદો લઈને જેઓ મને ખેંચી રહ્યા હતા તેઓ ક્યાં ચાલ્યા ગયા? (૩૦) હમણાં જ તો તેઓ મને પોતાના ફંદામાં ફસાવીને પૃથ્વીની નીચે લઈ જઈ રહ્યા હતા, પરંતુ અત્યંત સુંદર ચાર સિદ્ધોએ આવીને મને છોડાવી દીધો! હવે તેઓ ક્યાં ચાલ્યા ગયા? (૩૧) જોકે હું આ જન્મનો મહાપાપી છું તોપણ મેં પૂર્વના જન્મોમાં અવશ્યપણે શુભ કર્મો કર્યાં હશે; અને તેથી જ તો મને આ શ્રેષ્ઠ દેવતાઓનાં દર્શન થયાં. તેમના સ્મરણથી મારું હૃદય અત્યારે પણ આનંદથી ભરાઈ રહ્યું છે. (૩૨) હું કુલટા-ગમન કરનારો અને અત્યંત અપવિત્ર છું. જો પૂર્વજન્મોમાં મેં પુણ્યકર્મો કર્યાં ન હોત તો મરતી વખતે મારી જીભ ભગવાનના મનમોહક નામનું ઉચ્ચારણ કેવી રીતે કરવા પામત? (૩૩) ક્યાં મહાકપટી, પાપી, નિર્લજ્જ અને બ્રહ્મતેજને નષ્ટ કરનારો હું ને ક્યાં ભગવાનનું તે પરમ મંગલમય 'નારાયણ' નામ! (સાચે જ હું તો કૃતાર્થ થઈ ગયો.) (૩૪) હવે હું પોતાનાં મન, ઇન્દ્રિયો અને પ્રાણને વશ કરીને એવો પ્રયત્ન કરીશ કે જેથી ફરીથી પોતાનું ઘોર અંધકારમય નરકમાં પતન ન કરી

પુરાણેષ્વર્થવાદત્વં યે વદન્તિ નરાધમાઃ। તૈરર્જિતાનિ પુણ્યાનિ તદ્વદેવ ભવન્તિ હિ ॥

× × × ×

મન્નામકીર્તનફલં વિવિધં નિશમ્ય ન શ્રદ્દધાતિ મનુતે યદુતાર્થવાદમ્।
યો માનુષસ્તમિહ દુઃખચયે ક્ષિપામિ સંસારઘોરવિવિધાર્તિનિપીડિતાઙ્ગમ્ ॥

× × × ×

અર્થવાદં હરેર્નામ્નિ સમ્ભાવયતિ યો નરઃ। સ પાપિષ્ઠો મનુષ્યાણાં નરકે પતતિ સ્ફુટમ્ ॥

"જે નરાધમો પુરાણોમાં અર્થવાદની કલ્પના કરે છે તેમના વડે ઉપાર્જિત પુણ્યો અનાયાસે જ થઈ જાય છે." × × × "જે મનુષ્ય મારા નામ-કીર્તનનાં વિવિધ ફળો સાંભળીને તેનામાં શ્રદ્ધા કરતો નથી અને તેને અર્થવાદ માને છે તેણે સંસારના વિવિધ ઘોર તાપોથી પીડિત થવું પડે છે અને હું તેને અનેક દુઃખોમાં નાખી દઉં છું." × × × "જે મનુષ્ય ભગવાનના નામમાં અર્થવાદની સંભાવના (ધારણા) કરે છે તે મનુષ્યોમાં અત્યંત પાપી છે અને તેણે નરકમાં પડવું પડે છે."

બેસું. (૩૫)

અજ્ઞાનને લીધે મેં પોતાને શરીર સમજીને તેના માટે મોટી મોટી કામનાઓ કરી અને તે કામનાઓને પૂરી કરવા અનેક કર્મો કર્યાં, તેનું જ ફળ છે આ બંધન! હવે હું તે (બંધન)ને કાપીને સમસ્ત પ્રાણીઓનું હિત કરીશ, વાસનાઓનું શમન કરી દઈશ, સૌની સાથે મિત્રતાનો વ્યવહાર કરીશ, દુઃખીઓ પર દયા કરીશ અને સંપૂર્ણપણે આત્મસંયત રહીશ. (૩૬) ભગવાનની માયાએ સ્ત્રીનું રૂપ ધારણ કરીને અધમ એવા મને ફંદામાં નાખ્યો અને ક્રીડામૃગની જેમ મને ઘણો ઘણો નચાવ્યો. (પણ) હવે હું પોતાની જાતને તે માયામાંથી મુક્ત કરીશ. (૩૭)

મેં સત્ય વસ્તુ - પરમાત્માને ઓળખી લીધા છે; તેથી હવે હું શરીર વગેરેમાં 'હું' તથા 'મારા'પણાનો ભાવ ત્યજી દઈને ભગવાનના નામના કીર્તન વગેરેથી પોતાના મનને શુદ્ધ કરીશ અને તેને ભગવાનમાં પરોવી દઈશ." (૩૮)

શ્રીશુકદેવજી કહે છે – હે પરીક્ષિત! ભગવાનના તે પાર્ષદ મહાત્માઓનો થોડાક સમય માટે સત્સંગ થયો હતો, એટલા માત્રથી જ અજામિલના ચિત્તમાં સંસાર પ્રત્યે તીવ્ર વૈરાગ્ય થઈ ગયો. (પછી) તેઓ બધાંનો સંબંધ અને મોહ ત્યજીને હરદ્વારમાં ચાલ્યા ગયા. (૩૯) તે દેવસ્થાનમાં જઈને તેઓ ભગવાનના મંદિરમાં આસન જમાવીને બેસી ગયા અને તેમણે યોગમાર્ગનો આશ્રય લઈને પોતાની બધી ઇન્દ્રિયોને વિષયોમાંથી વાળી લઈને મનમાં લીન કરી દીધી અને મનને બુદ્ધિમાં લીન કરી દીધું. (૪૦) એ પછી આત્મચિંતન વડે તેમણે બુદ્ધિને વિષયોમાંથી અલગ કરી દીધી તથા તેને ભગવાનના ધામ અનુભવસ્વરૂપ પરબ્રહ્મમાં જોડી દીધી. (૪૧) આ પ્રમાણે અજામિલની બુદ્ધિ જ્યારે ત્રિગુણમયી પ્રકૃતિથી અતીત થઈને ભગવાનના સ્વરૂપમાં સ્થિત થઈ ગઈ ત્યારે તેમણે જોયું કે તે જ ચારે પાર્ષદો, કે જેમને તેમણે પહેલાં જોયા હતા તેઓ પોતાની સામે ઉપસ્થિત છે. અજામિલે માથું નમાવીને તેમને પ્રણામ કર્યા. (૪૨) તેમનું દર્શન પામ્યા પછી તેમણે તે તીર્થસ્થાનમાં ગંગાકિનારે પોતાના શરીરનો ત્યાગ કર્યો અને તત્કાળ ભગવાનના પાર્ષદનું સ્વરૂપ પ્રાપ્ત કરી લીધું. (૪૩) પછી તેઓ ભગવાનના પાર્ષદોની સાથે સ્વર્ણમય વિમાન પર આરૂઢ થઈને આકાશમાર્ગે ભગવાન લક્ષ્મીપતિના નિવાસસ્થાન વૈકુંઠમાં સિધાવી ગયા. (૪૪)

હે પરીક્ષિત! અજામિલે દાસીનો સહવાસ કરીને તમામ ધર્મ-કર્મને નષ્ટ કરી દીધાં હતાં. તેઓ પોતાના નિંદનીય કર્મને કારણે પતિત થઈ ગયા હતા. નિયમચ્યુત થવાને કારણે તેમને નરકમાં નાખવામાં આવી રહ્યા હતા, પરંતુ ભગવાનના એક નામનું ઉચ્ચારણ કરવા માત્રથી તેઓ તેમાંથી તત્કાળ મુક્ત થઈ ગયા. (૪૫) જે લોકો આ સંસારના બંધનમાંથી મુક્ત થવા ઇચ્છતા હોય તેમને માટે, પોતાના ચરણસ્પર્શથી તીર્થોને પણ તીર્થ બનાવનારા ભગવાનના નામ કરતાં ઉત્તમ અન્ય કોઈ સાધન નથી; કારણ કે (ભગવાનના) નામનો આશ્રય લેવાથી મનુષ્યનું મન ફરી પાછું કર્મોમાં પ્રવૃત્ત થતું નથી. ભગવાનના નામ સિવાયના, અન્ય કોઈ પ્રાયશ્ચિત્તનો આશ્રય લેવાથી મન રજોગુણ અને તમોગુણથી ગ્રસ્ત જ રહે છે તથા તેનાં પાપોનો પણ સંપૂર્ણપણે નાશ થતો નથી. (૪૬)

હે પરીક્ષિત! આ ઇતિહાસ અત્યંત ગોપનીય અને સમસ્ત પાપોનો નાશ કરનારો છે. જે

મનુષ્ય શ્રદ્ધા અને ભક્તિ સાથે આનું શ્રવણ અને કીર્તન કરે છે તે ક્યારેય નરકમાં જતો નથી. યમરાજના દૂતો તો તેની સામે આંખ ઊંચી કરીને જોઈ પણ શકતા નથી. તે મનુષ્યનું જીવન ભલેને પાપમય જ કેમ ન હોય, તેની વૈકુંઠલોકમાં પૂજા થાય છે. (૪૭-૪૮) હે પરીક્ષિત! જુઓ, અજામિલ જેવા પાપીએ મૃત્યુવેળાએ પુત્ર-નિમિત્તે ભગવાનના નામનું ઉચ્ચારણ કર્યું, તો તેને પણ વૈકુંઠની પ્રાપ્તિ થઈ ગઈ, તો પછી જે લોકો શ્રદ્ધાપૂર્વક ભગવાનના નામનું નિરંતર ઉચ્ચારણ કરે છે તેમના વિશે તો કહેવાનું જ શું હોય? (૪૯)

★ ★ ★ ★

ત્રીજો અધ્યાય

યમ અને યમદૂતોનો સંવાદ

રાજા પરીક્ષિતે પૂછ્યું – હે ભગવન્! તમામ જીવો દેવાધિદેવ ધર્મરાજના વશમાં છે; પરંતુ ભગવાનના પાર્ષદોએ તેમની આજ્ઞાનો ભંગ કર્યો અને તેમના દૂતોને અપમાનિત કર્યા. તેમના દૂતોએ યમપુરીમાં જઈને જ્યારે તેમને અજામિલનો વૃત્તાન્ત કહી સંભળાવ્યો ત્યારે તે બધું સાંભળીને તેમણે પોતાના દૂતોને શું કહ્યું? (૧) હે ઋષિવર! મેં અગાઉ એવી વાત ક્યારેય સાંભળી નથી કે કોઈએ કોઈ પણ કારણે ધર્મરાજના શાસનનો ભંગ કર્યો હોય. હે ભગવન્! આ બાબતમાં લોકો ઘણી શંકા કરશે અને તે (શંકા)નું નિવારણ તમારા સિવાય બીજું કોઈ કરી શકે તેમ નથી એવો મારો નિશ્ચિત મત છે. (૨)

શ્રીશુકદેવજીએ કહ્યું – હે પરીક્ષિત! ભગવાનના પાર્ષદોએ જ્યારે યમદૂતોનો પ્રયત્ન નિષ્ફળ કરી દીધો ત્યારે તે દૂતોએ સંયમનીપુરીના સ્વામી અને પોતાના શાસક યમરાજ પાસે જઈને નિવેદન કર્યું. (૩)

યમદૂતોએ કહ્યું – હે પ્રભુ! સંસારના જીવો ત્રણ પ્રકારનાં કર્મ કરે છે – પાપ, પુણ્ય અને મિશ્ર. આ જીવોને (તેમનાં) તે કર્મોનું ફળ આપનાર શાસકો સંસારમાં કેટલા છે? (૪) જો સંસારમાં દંડ આપનારા ઘણાબધા શાસકો હોય તો કોને સુખ મળે અને કોને દુઃખ, એની વ્યવસ્થા એકસમાન થઈ શકશે નહીં. (૫) સંસારમાં કર્મ કરનારાઓ અનેક હોવાને કારણે જો તેમના શાસકો પણ અનેક હોય તો તે શાસકોનું શાસન નામ-માત્રનું જ હશે; જેમ કે એક સમ્રાટને આધીન ઘણાબધા નામ-માત્રના સામંત હોય છે. (૬) તેથી અમે તો એવું સમજીએ છીએ કે એકલા તમે જ સમસ્ત પ્રાણીઓના અને તેમના સ્વામીઓના પણ અધીશ્વર છો. તમે જ મનુષ્યોના પાપ અને પુણ્યનો નિર્ણય કરનારા, દંડ આપનારા અને શાસક છો. (૭) હે પ્રભુ! આજ સુધી સંસારમાં ક્યાંય પણ તમારા વડે નિર્ણીત થયેલા દંડની અવગણના થઈ નથી, પરંતુ આ સમયે આ ચાર અદ્‌ભુત સિદ્ધોએ તમારી આજ્ઞાનું ઉલ્લંઘન કર્યું છે. (૮) હે પ્રભુ! તમારી આજ્ઞાથી અમે એક પાપીને યાતનાગૃહ તરફ લઈ જઈ રહ્યા હતા, પરંતુ આ લોકોએ જબરદસ્તીથી તમારા બંધનને કાપી નાખીને તેને છોડાવી દીધો. (૯) અમે તમારી પાસેથી આનું રહસ્ય જાણવા ઇચ્છીએ છીએ. તમે જો અમને તે સાંભળવાને પાત્ર (અધિકારી) સમજતા હો તો તે કહી સંભળાવો. હે પ્રભુ! ઘણા જ આશ્ચર્યની ઘટના બની કે આ તરફ અજામિલના મુખમાંથી 'નારાયણ' એવો શબ્દ નીકળ્યો અને એ તરફથી

તેઓ 'ડરો નહીં, ડરો નહીં!' કહેતા તત્ક્ષણ ત્યાં આવી પહોંચ્યા. (૧૦)

શ્રીશુકદેવજી કહે છે – તે દૂતોએ જ્યારે આ પ્રમાણે પ્રશ્ન કર્યો ત્યારે પ્રજાના શાસક દેવશિરોમણિ ભગવાન યમરાજે પ્રસન્ન થઈને શ્રીહરિનાં ચરણકમળોનું સ્મરણ કરતાં-કરતાં તે દૂતોને કહ્યું. (૧૧)

યમરાજે કહ્યું – હે દૂતો! મારા સિવાય એક બીજા જ ચરાચર જગતના સ્વામી છે. તેમનામાં જ આ સંપૂર્ણ જગત સૂતરમાં વસ્ત્રની જેમ ઓતપ્રોત છે. તેમના જ અંશભૂત બ્રહ્મા, વિષ્ણુ અને શંકર આ જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય કરે છે. તેમણે જ આ સમસ્ત જગતને નાથેલા બળદની જેમ પોતાને આધીન કરી રાખેલું છે. (૧૨) મારા પ્રિય દૂતો! જેમ ખેડૂત પોતાના બળદોને પહેલાં નાની નાની દોરડીઓથી બાંધે છે અને પછી તે દોરડીઓને એક મોટા આડા દોરડા સાથે બાંધી લે છે તેવી જ રીતે જગદીશ્વર ભગવાને પણ બ્રાહ્મણ વગેરે વર્ણો અને બ્રહ્મચર્ય વગેરે આશ્રમોરૂપી (નામની) નાની નાની દોરડીઓથી બાંધીને પછી બધાં નામોને વેદવાણીરૂપી મોટા દોરડામાં બાંધી રાખેલ છે. આ પ્રમાણે બધા જીવો નામ અને કર્મરૂપી બંધનમાં બંધાયેલા, ભયભીત થઈને તેમને જ પોતાનું સર્વસમર્પણ કરી દે છે. (૧૩) હે દૂતો! હું, ઇન્દ્ર, નિર્ઋતિ, વરુણ, ચંદ્રમા, અગ્નિ, શંકર, વાયુ, સૂર્ય, બ્રહ્મા, બાર આદિત્યો, વિશ્વેદેવતા, આઠ વસુ, સાધ્યો, ઓગણપચાસ મરુતો, સિદ્ધો, અગિયાર રુદ્રો, રજોગુણ-તમોગુણથી રહિત ભૃગુ વગેરે પ્રજાપતિઓ અને મોટા-મોટા દેવતાઓ – આ બધાયે સત્ત્વપ્રધાન હોવા છતાં પણ તેમની માયાને આધીન છે તથા તે ભગવાન ક્યારે, કયા રૂપમાં શું કરવા ઇચ્છે છે એ જાણતા નથી; તો પછી બીજાઓની તો વાત જ શી કરવી? (૧૪-૧૫) હે દૂતો! જેમ ઘડો, વસ્ત્ર વગેરે રૂપવાળા પદાર્થો પોતાનાં પ્રકાશક નેત્રોને જોઈ શકતા નથી તેવી જ રીતે પોતાના સાક્ષીરૂપે અંતઃકરણમાં સ્થિત પરમાત્માને કોઈ પણ પ્રાણી ઇન્દ્રિયો, મન, પ્રાણ, હૃદય, વાણી વગેરે કોઈ પણ સાધન વડે જાણી શકતું નથી. (૧૬) તે પ્રભુ સૌના સ્વામી છે અને સ્વયં પરમ સ્વતંત્ર છે. એ જ માયાપતિ ભગવાન પુરુષોત્તમના દૂતો તેમના જ જેવા મનોહર રૂપ, ગુણ અને સ્વભાવથી સંપન્ન થઈને આ સંસારમાં ઘણું કરીને વિચરણ કરતા રહે છે. (૧૭)

વિષ્ણુ ભગવાનના, દેવતાઓ થકી પૂજિત અને પરમ અલૌકિક પાર્ષદોનું દર્શન અત્યંત દુર્લભ છે. તેઓ ભગવાનના ભક્તોને તેમના શત્રુઓ તરફથી, મારા તરફથી અને અગ્નિ વગેરે બધી વિપત્તિઓ તરફથી સર્વથા સુરક્ષિત રાખે છે. (૧૮)

સ્વયં ભગવાને જ ધર્મની મર્યાદાનું નિર્માણ કર્યું છે, તેને નથી તો ઋષિઓ જાણતા કે નથી તો જાણતા દેવતાઓ કે સિદ્ધો. આવી સ્થિતિમાં તેને મનુષ્યો, વિદ્યાધરો, ચારણો, અસુરો વગેરે તો જાણી જ કેવી રીતે શકે? (૧૯) ભગવાન વડે નિર્માણ કરાયેલો ભાગવત-ધર્મ પરમ શુદ્ધ અને અત્યંત ગોપનીય છે. તેને જાણવો એ ઘણું જ મુશ્કેલ છે. જે તેને જાણી લે છે તે ભગવાનના સ્વરૂપને પ્રાપ્ત કરી લે છે. હે દૂતો! ભાગવત-ધર્મનું રહસ્ય અમે બાર જણ જ જાણીએ છીએ – બ્રહ્માજી, દેવર્ષિ નારદ, ભગવાન શંકર, સનત્કુમાર, કપિલમુનિ, સ્વાયંભુવ મનુ, પ્રહ્લાદ, જનક, ભીષ્મ પિતામહ, બલિ, શુકદેવજી અને હું (ધર્મરાજ). (૨૦-૨૧) આ જગતમાં જીવો માટે સૌથી મોટું કર્તવ્ય - પરમ ધર્મ બસ આ જ છે કે તેઓ નામ-કીર્તન વગેરે ઉપાયોથી ભગવાનનાં ચરણોમાં ભક્તિભાવ (ભક્તિયોગ) સ્થાપિત કરે.

(૨૨) પ્રિય દૂતો! ભગવાનના નામના ઉચ્ચારણનો મહિમા તો જુઓ, અજામિલ જેવા પાપીએ પણ એક વાર નામનું ઉચ્ચારણ કરવા માત્રથી મૃત્યુપાશમાંથી છુટકારો મેળવી લીધો! (૨૩) ભગવાનના ગુણ, તેમની લીલા અને તેમનાં નામોનું સમ્યક્‌પણે કરેલું કીર્તન મનુષ્યોનાં પાપોનો સર્વથા વિનાશ કરી દે એ એનું કોઈ ઘણું મોટું ફળ નથી; કારણ કે અત્યંત પાપી અજામિલે મરતી વખતે ચંચળ ચિત્તથી પોતાના પુત્રનું નામ 'નારાયણ' ઉચ્ચાર્યું અને આ નામના આભાસ-માત્રથી જ તેનાં બધાં પાપ તો ક્ષીણ થઈ જ ગયાં, એ સાથે મુક્તિની પ્રાપ્તિ પણ થઈ ગઈ. (૨૪)

મોટા મોટા વિદ્વાનોની બુદ્ધિ (પણ) ક્યારેક ભગવાનની માયાથી મોહિત થઈ જાય છે; તેઓ કર્મોનાં મીઠાં-મીઠાં ફળોનું વર્ણન કરતી અર્થવાદ-રૂપી વેદવાણીમાં જ મોહિત થઈ જાય છે અને યજ્ઞ-યાગ વગેરે મોટાં મોટાં કર્મ કરવામાં જ પ્રવૃત્ત રહે છે તથા આ સુગમ - અતિસુગમ ભગવાનના નામના મહિમાને જાણતા નથી. આ કેટલા ખેદની વાત છે! (૨૫)

હે પ્રિય દૂતો! બુદ્ધિમાન મનુષ્યો આ પ્રમાણે વિચારીને ભગવાન અનંતમાં જ પૂરેપૂરા અંતઃકરણપૂર્વક પોતાનો ભક્તિભાવ સ્થાપિત કરે છે; તેઓ મારા દંડને પાત્ર (બનતા) નથી. પહેલી વાત તો એ છે કે તેઓ પાપ કરતા જ નથી, પરંતુ જો ક્યારેક સંજોગવશાત્‌ કોઈ પાપ થઈ પણ જાય તો તેને ભગવાનનું ગુણગાન તરત જ નષ્ટ કરી દે છે. (૨૬) જે સમદર્શી સાધુઓ ભગવાનને જ પોતાનું સાધ્ય અને સાધન – બંને સમજીને તેમના પર નિર્ભર રહે છે, તેમનાં પવિત્ર ચરિત્રોનું મોટા મોટા દેવતાઓ અને સિદ્ધો પ્રેમપૂર્વક ગાન કરતા રહે છે. હે મારા દૂતો! ભગવાનની ગદા તેવા સાધુઓનું હંમેશાં રક્ષણ કરતી રહે છે. તેવાઓની નજીકમાં તમે ક્યારેય ભૂલથી પણ ફરકશો નહીં. તેમને દંડ આપવાનું સામર્થ્ય નથી તો અમારામાં કે નથી તો સાક્ષાત્‌ કાળમાં. (૨૭) મોટા મોટા પરમહંસો દિવ્ય રસ(પ્રાપ્તિ)ના લોભથી સમસ્ત જગતમાંથી અને શરીર વગેરેમાંથી પણ પોતાની અહંતા-મમતા દૂર કરીને અકિંચન થઈને નિરંતર ભગવાન મુકુન્દનાં ચરણકમળોના મકરંદ-રસનું પાન કરતા રહે છે. જે દુષ્ટો તે દિવ્ય રસથી વિમુખ છે અને નરકના દ્વાર પર ઘર-ગૃહસ્થીની તૃષ્ણાનું પોટલું બાંધીને તેનું વહન કરી રહ્યા છે તેમને જ મારી પાસે વારંવાર લાવતા રહો. (૨૮) જેમની જીભ ભગવાનના ગુણો અને તેમનાં નામોનું ઉચ્ચારણ કરતી નથી, જેમનું ચિત્ત ભગવાનનાં ચરણકમળોનું ચિંતન કરતું નથી અને જેમનું મસ્તક એક વાર પણ ભગવાન શ્રીકૃષ્ણનાં ચરણોમાં નમતું નથી તેવા, ભગવાનની સેવાથી વિમુખ પાપીઓને જ મારી પાસે લાવતા રહો. (૨૯) આજે મારા દૂતોએ ભગવાનના પાર્ષદોનો અપરાધ કરીને સ્વયં ભગવાનનો જ અનાદર (અસત્કાર) કર્યો છે; આ મારો જ અપરાધ છે. પુરાણપુરુષ ભગવાન નારાયણ અમારો આ અપરાધ માફ કરે. અમે અજ્ઞાની હોવા છતાં પણ છીએ તો તેમના આત્મીયજન અને તેમની આજ્ઞા મેળવવાને હંમેશાં હાથ જોડીને ઉત્સુક રહીએ છીએ. તેથી પરમ મહિમાયુક્ત ભગવાન માટે એ જ યોગ્ય છે કે તેઓ અમને ક્ષમા કરે. હું તે સર્વાન્તર્યામી એકરસ અનંત પ્રભુને નમસ્કાર કરું છું. (૩૦)

(શ્રીશુકદેવજી કહે છે–) હે પરીક્ષિત! માટે તમે એમ સમજી લો કે મોટામાં મોટા પાપોનું, અંતિમ અને પાપ-વાસનાઓને પણ નિર્મૂળ કરી દેનારું પ્રાયશ્ચિત્ત એ જ છે કે માત્ર ભગવાનના ગુણોનું, તેમની લીલાઓનું અને તેમનાં નામોનું

કીર્તન કરવામાં આવે. આનાથી સંસારનું કલ્યાણ થઈ શકે છે. (૩૧) જે લોકો ભગવાનનાં ઉદાર અને કૃપાસભર ચરિત્રોનું વારંવાર શ્રવણ અને કીર્તન કરે છે તેમના હૃદયમાં પ્રેમમયી ભક્તિનો ઉદય થઈ જાય છે. તે ભક્તિથી જેવી આત્મશુદ્ધિ થાય છે તેવી કૃચ્છ્ર-ચાન્દ્રાયણ વગેરે વ્રતો (કરવા)થી થતી નથી. (૩૨) જે મનુષ્ય ભગવાન શ્રીકૃષ્ણચંદ્રનાં ચરણકમળોના મકરંદ-રસનો લોભી ભ્રમર છે તે સ્વાભાવિક રીતે જ માયાના આપાત-રમ્ય, (જોવામાં રમ્ય પણ પરિણામમાં દુઃખદ) એવા ત્યજી દીધેલા વિષયોમાં ફરીથી રમમાણ થતો નથી; કારણ કે તેમને ભગવાનનાં ચરણકમળોના રસનો ચસકો લાગી ગયો છે. પરંતુ જે લોકો તે દિવ્યરસથી વિમુખ છે, જેમની વિવેકબુદ્ધિને કામનાઓએ નષ્ટ કરી દીધી છે તેઓ પોતાનાં પાપોને ધોવા માટે ફરી પ્રાયશ્ચિત્તરૂપી કર્મો જ કરે છે. આનાથી થાય છે એવું કે તેમની કર્મોની વાસના મટતી નથી અને તેઓ ફરી પાછા તેવા જ દોષ કરી બેસે છે. (૩૩)

હે પરીક્ષિત! યમના દૂતોએ પોતાના સ્વામી ધર્મરાજના મુખેથી આ પ્રમાણે ભગવાન(ના નામ-કીર્તન)નો મહિમા જ્યારે સાંભળ્યો અને તેનું સ્મરણ કર્યું ત્યારે તેમના આશ્ચર્યનો પાર રહ્યો નહીં. બસ, ત્યારથી ધર્મરાજની વાતમાં વિશ્વાસ કરીને, તેમને ભગવાનના ભક્તો પ્રત્યે જરા પણ શંકા રહી નહીં. ભગવાનના આશ્રિત ભક્તો પાસે જતા નથી. બીજું તો શું, તેઓ તેમની સામે આંખ ઊંચી કરીને જોવામાં પણ બીતા રહે છે. (૩૪) પ્રિય પરીક્ષિત! આ ઇતિહાસ પરમ ગોપનીય – અત્યંત રહસ્યમય છે. મલય પર્વત પર વિરાજમાન ભગવાન અગસ્ત્યજીએ શ્રીહરિની પૂજા કરતી વખતે મને આ (ઇતિહાસ) સંભળાવ્યો હતો. (૩૫)

★ ★ ★ ★

ચોથો અધ્યાય

દક્ષે કરેલી ભગવાનની સ્તુતિ અને ભગવાનનો પ્રાદુર્ભાવ

રાજા પરીક્ષિતે પૂછ્યું – હે ભગવન્! તમે સંક્ષેપમાં (ત્રીજા સ્કંધમાં) એ વાતનું વર્ણન કર્યું હતું કે સ્વાયંભુવ મન્વંતરમાં દેવતાઓ, દાનવો, મનુષ્યો, સર્પો, પશુપક્ષીઓ વગેરેની સૃષ્ટિ કેવી રીતે થઈ. (૧) હવે હું તેને વિસ્તારપૂર્વક જાણવા ઇચ્છું છું. પ્રકૃતિ વગેરે કારણોના પણ પરમ કારણભૂત ભગવાન પોતાની જે શક્તિથી જે રીતે એ પછીની સૃષ્ટિની રચના કરે છે તે જાણવાની પણ મારી ઇચ્છા છે. (૨)

સૂતજી કહે છે – હે શૌનક વગેરે ઋષિઓ! રાજર્ષિ પરીક્ષિતનો આ સુંદર પ્રશ્ન સાંભળીને પરમયોગી, વ્યાસનંદન શ્રીશુકદેવજીએ તેમનું અભિનંદન કર્યું અને આ પ્રમાણે કહ્યું. (૩)

શ્રીશુકદેવજીએ કહ્યું – રાજા પ્રાચીનબર્હિના દસ પુત્રો, કે જેમનાં નામ પ્રચેતાઓ હતાં, તેઓ જ્યારે પોતાની તપસ્યા પૂરી કરીને સમુદ્રમાંથી બહાર નીકળ્યા અને તેમણે જોયું કે અમારા પિતાજીના નિવૃત્તિપરાયણ થઈ જવાને કારણે સઘળી પૃથ્વી વૃક્ષોથી ઘેરાઈ ગઈ છે, (૪) તેમને વૃક્ષો પર ઘણો ક્રોધ આવ્યો. તેમના તપોબળે તો જાણે (ક્રોધની) આગમાં ઘી હોમ્યું! બસ, પછી તો તેમણે વૃક્ષોને બાળી નાખવા માટે પોતાના મોઢામાંથી વાયુ અને અગ્નિનું સર્જન કર્યું. (૫) હે પરીક્ષિત! પ્રચેતાઓએ છોડેલા અગ્નિ અને વાયુ જ્યારે તે વૃક્ષોને બાળવા લાગ્યા ત્યારે વૃક્ષોના રાજાધિરાજ ચંદ્રમાએ તેમના ક્રોધને શાંત

કરતાં આ પ્રમાણે કહ્યું– (૬) "હે મહાભાગ્યવાન પ્રચેતાઓ! આ વૃક્ષો ઘણાં દયાપાત્ર છે. તમે એમનો દ્રોહ ન કરો; કારણ કે તમે તો પ્રજાની અભિવૃદ્ધિ કરવા ઇચ્છો છો અને સૌ જાણે છે કે તમે પ્રજાપતિ છો. (૭) અરે મહાત્મા પ્રચેતાઓ! પ્રજાપતિઓના અધિપતિ અવિનાશી ભગવાન શ્રીહરિએ તમામ વનસ્પતિઓ અને ઔષધિઓ પ્રજાના હિત માટે તેના ખાવા-પીવા માટે બનાવેલી છે. (૮)

સંસારમાં પાંખો વડે ઊડતાં ચર (ચેતન) પ્રાણીઓનું ભોજન ફળ-પુષ્પ વગેરે અચર પદાર્થો છે; પગ વડે ચાલતાં પ્રાણીઓનું ભોજન ઘાસ-તણખલાં વગેરે પગ વિનાના પદાર્થો છે; હાથવાળાં પ્રાણીઓનું ભોજન વૃક્ષ-વેલીઓ વગેરે (હાથ વિનાના) પદાર્થો છે અને બે પગવાળાં મનુષ્યો વગેરે માટે ધાન (ડાંગર), ઘઉં વગેરે અનાજ ભોજન છે. ચાર પગવાળાં બળદ, ઊંટ વગેરે પ્રાણીઓ ખેતી વગેરે થકી થતા અનાજના ઉત્પાદનમાં સહાયક છે. (૯) હે નિષ્પાપ પ્રચેતાઓ! તમારા પિતાએ અને દેવાધિદેવ ભગવાને તમને એવો આદેશ આપ્યો છે કે તમે પ્રજાનું સર્જન કરો. આવી સ્થિતિમાં તમે વૃક્ષોને બાળી નાખો એ કેમ યોગ્ય હોઈ શકે? (૧૦) તમે પોતાના ક્રોધનું શમન કરો અને પોતાના પિતા, પિતામહ, પ્રપિતામહ વગેરે વડે સેવાયેલા, સત્પુરુષોના માર્ગને અનુસરો. (૧૧) જેમ માબાપ બાળકોનું, પાંપણો આંખોનું, પતિ પત્નીનું, ગૃહસ્થ ભિક્ષુકોનું અને જ્ઞાનીજનો અજ્ઞાનીઓનું રક્ષણ કરે છે અને તેમનું કલ્યાણ ઇચ્છે છે તેવી જ રીતે પ્રજાના રક્ષણ અને કલ્યાણ માટે રાજા જવાબદાર હોય છે. (૧૨) હે પ્રચેતાઓ! સમસ્ત પ્રાણીઓના હૃદયમાં સર્વશક્તિમાન ભગવાન આત્મારૂપે વિરાજમાન છે. તેથી તમે સૌને ભગવાનનું નિવાસસ્થાન સમજો. જો તમે આમ કરશો તો ભગવાનને પ્રસન્ન કરી લેશો. (૧૩) જે મનુષ્ય હૃદયના ઊકળતા ભયંકર ક્રોધને આત્મવિચાર વડે શરીરમાં જ શાંત કરી દે છે, તેને બહાર નીકળવા દેતો નથી તે કાળક્રમે ત્રણે ગુણો પર વિજય મેળવી લે છે. (૧૪) હે પ્રચેતાઓ! આ દીન-હીન વૃક્ષોને હવે વધુ બાળો નહીં, જે થોડાંક બચેલાં છે તેમનું રક્ષણ કરો. આનાથી તમારું પણ કલ્યાણ થશે. આ શ્રેષ્ઠ કન્યાનું પાલનપોષણ આ વૃક્ષોએ જ કર્યું છે, તેનો તમે પત્ની તરીકે સ્વીકાર કરો." (૧૫)

હે પરીક્ષિત! વનસ્પતિઓના અધિપતિ ચંદ્રમાએ પ્રચેતાઓને આ પ્રમાણે સમજાવી-મનાવીને તેમને પ્રમ્લોચા અપ્સરાની સુંદરી પુત્રીનું દાન કર્યું અને તેઓ ત્યાંથી ચાલ્યા ગયા. પ્રચેતાઓએ ધર્મ અનુસાર તેનું પાણિગ્રહણ કર્યું. (૧૬) તે જ પ્રચેતાઓ વડે તે કન્યાના ગર્ભથી પ્રાચેતસ દક્ષની ઉત્પત્તિ થઈ. પછી એ દક્ષની પ્રજા-સૃષ્ટિથી ત્રણે લોક ભરાઈ ગયા. (૧૭) તેમનો પોતાની પુત્રી પર ખૂબ પ્રેમ હતો. તેમણે જે રીતે પોતાના સંકલ્પ અને વીર્યથી વિવિધ પ્રાણીઓનું જે સર્જન કર્યું તે હું કહી સંભળાવું છું; તમે સાવધાન થઈને તે સાંભળો. (૧૮)

હે પરીક્ષિત! પ્રજાપતિ દક્ષે સૌપ્રથમ તો જળ, સ્થળ અને આકાશમાં રહેનારા દેવતાઓ, અસુરો તેમ જ મનુષ્યો વગેરે પ્રજાની સૃષ્ટિ પોતાના સંકલ્પથી જ કરી. (૧૯) જ્યારે તેમણે જોયું કે તે સૃષ્ટિ વધતી જતી નથી ત્યારે તેમણે વિન્ધ્યાચળની નજીકના પર્વતો પર જઈને ઘણું ભીષણ તપ કર્યું. (૨૦) ત્યાં એક અત્યંત શ્રેષ્ઠ તીર્થ છે, જેનું નામ છે – અઘમર્ષણ. તે બધાં પાપ ધોઈ નાખે છે. પ્રજાપતિ દક્ષ તે તીર્થમાં ત્રિકાળ સ્નાન કરતા અને તપ વડે ભગવાનની આરાધના કરતા હતા. (૨૧) પ્રજાપતિ દક્ષે 'હંસગુહ્ય' નામના

સ્તોત્રથી ઇન્દ્રિયાતીત ભગવાનની સ્તુતિ કરી હતી, એનાથી ભગવાન તેમના પર પ્રસન્ન થયા હતા. હું તમને તે સ્તુતિ કહી સંભળાવું છું. (૨૨)

દક્ષ પ્રજાપતિએ આ પ્રમાણે સ્તુતિ કરી – હે ભગવન્! તમારી અનુભૂતિ, તમારી ચિત્-શક્તિ (જ્ઞાન) અમોઘ છે. તમે જીવ અને પ્રકૃતિથી પર, તેમના નિયામક અને તેમને સત્તા-સ્ફૂર્તિ આપનારા છો. જે જીવોએ ત્રિગુણમયી સૃષ્ટિને જ વાસ્તવિક સત્ય સમજી લીધી છે તેઓ તમારા સ્વરૂપનો સાક્ષાત્કાર કરી શક્યા નથી; કારણ કે કોઈ પણ પ્રમાણથી આપને જાણવાનું મનુષ્યનું સામર્થ્ય નથી, તમારી કોઈ અવધિ – કોઈ સીમા નથી. તમે સ્વયંપ્રકાશ અને પરાત્પર છો. હું તમને નમસ્કાર કરું છું. (૨૩) આમ તો જીવ અને ઈશ્વર એકબીજાના સખા છે અને આ જ શરીરમાં એકસાથે રહે છે, પરંતુ જીવ સર્વશક્તિમાન એવા તમારા સખ્યભાવને જાણતો નથી – બરાબર એવી જ રીતે કે જેમ રૂપ, રસ, ગંધ વગેરે વિષયો પોતાને પ્રકાશિત (પ્રગટ) કરનારી નેત્ર, જિહ્વા, ઘ્રાણ વગેરે ઇન્દ્રિયવૃત્તિઓને જાણતા નથી; કારણ કે તમે જીવ અને જગતના દ્રષ્ટા છો, દૃશ્ય નહીં. હે મહેશ્વર! હું તમારાં શ્રીચરણોમાં નમસ્કાર કરું છું. (૨૪) દેહ, પ્રાણ, ઇન્દ્રિયો, અંતઃકરણની વૃત્તિઓ, પાંચ મહાભૂતો અને તેમની તન્માત્રાઓ – આ બધાં જડ હોવાને કારણે પોતાને તથા પોતાના સિવાયનાને પણ જાણતાં નથી; પરંતુ જીવ (ક્ષેત્રજ્ઞ) આ બધાંને અને તેમના કારણભૂત સત્ત્વ, રજ અને તમ – આ ત્રણ ગુણોને પણ જાણે છે, પણ તે પણ દૃશ્ય કે જ્ઞેયરૂપે તમને તો નથી જ જાણી શકતો; કારણ કે તમે જ સર્વજ્ઞ અને અનન્ત છો. તેથી હે પ્રભુ! હું તો માત્ર તમારી સ્તુતિ જ કરું છું. (૨૫) સમાધિકાળમાં દૃષ્ટ અને સ્મરણરૂપી જ્ઞાન નષ્ટ થઈ જવાને કારણે નામ અને રૂપને જાણનારું મન જ્યારે ઉપરામ થઈ જાય છે, ત્યારે જે માત્ર આત્મજ્ઞાનથી જ પોતાની સ્વરૂપ-સ્થિતિથી પ્રકાશિત થાય છે, શુદ્ધ અંતઃકરણમાં રહેનારા એવા હંસરૂપ પરમાત્માને મારા નમસ્કાર છે. (૨૬) જેમ યાજ્ઞિકો કાષ્ઠમાં છુપાયેલા અગ્નિને 'સામિધેની'ના પંદર મંત્રો વડે પ્રગટ કરે છે, તેવી જ રીતે જ્ઞાનીજનો પોતાના સત્તાવીસ તત્ત્વોની ભીતર ગૂઢભાવે છુપાયેલા પોતાને પોતાની શુદ્ધ બુદ્ધિ વડે હૃદયમાં જ શોધી લે છે. (૨૭) જગતમાં જેટલી પણ ભિન્નતાઓ દેખાય છે તે બધી માયાની જ છે. માયાનો નિષેધ કરી દીધા પછી પરમસુખના સાક્ષાત્કારસ્વરૂપ તમે જ માત્ર અવશેષ રહો છો. આપની શક્તિનું નિરૂપણ કરવું અસંભવ છે. વિશ્વના બધાં નામ અને બધાં રૂપ તમારા જ છે. હે પ્રભુ! તમે મારા પર પ્રસન્ન થાઓ, (૨૮) હે પ્રભુ! વાણીથી જે કંઈ કહેવામાં આવે છે અથવા મન, બુદ્ધિ અને ઇન્દ્રિયોથી જે કંઈ ગ્રહણ કરવામાં આવે છે તે તમારું સ્વરૂપ નથી; કારણ કે તે તો ગુણરૂપ છે અને તમે ગુણોની ઉત્પત્તિના તથા પ્રલયના અધિષ્ઠાન છો. તમારામાં તેમની કેવળ પ્રતીતિમાત્ર થાય છે. (૨૯) આ સમસ્ત વિશ્વ જેમાં છે, જેનાથી છે અને જેણે બનાવ્યું છે, જેનું છે અને જેના માટે છે અને જે છે, જેવી રીતે બનાવ્યું છે અથવા બનાવડાવાયું છે તે બધું કાર્ય-કારણથી પર પહેલાંથી જ પ્રસિદ્ધ બ્રહ્મ જ છે, તેના સિવાય બીજું કોઈ કારણ નથી, તે જ બધાનું કારણ છે અને તે એક જ છે. (૩૦) હે પ્રભુ! તમારી જ શક્તિઓ વાદી-પ્રતિવાદીઓના વિવાદનો અને સંવાદનો વિષય થાય છે અને તેમને વારંવાર મોહમાં નાખી દેતી રહે છે. તમે અનંત અપ્રાકૃત કલ્યાણ-ગુણસમુદાયથી યુક્ત છો અને સ્વયં અનંત છો. હું તમને નમસ્કાર કરું છું. (૩૧) હે ભગવન્!

ભક્તિયોગી ઉપાસકો કહે છે કે અમારા ભગવાન હાથ-પગ વગેરે અંગોવાળા સાકાર વિગ્રહ છે અને સાંખ્યવાદીઓ કહે છે કે ભગવાન હાથ-પગ વગેરે અંગવિગ્રહ વિનાના નિરાકાર છે. જોકે આ પ્રમાણે તેઓ (બધા) એક જ વસ્તુના બે પરસ્પરવિરોધી ધર્મોનું વર્ણન કરે છે તેમ છતાં પણ એમાં વિરોધ નથી; કારણ કે તે બંનેમાં દેખાનારું તે પરબ્રહ્મ એક જ છે અને બંનેના વર્ણનનો વિષય પણ પરબ્રહ્મ જ છે. આમ બન્નેમાં એ સામ્ય છે. (૩૨) હે પ્રભુ! તમે અનંત છો. તમારું નથી તો કોઈ પ્રાકૃત નામ કે નથી તો કોઈ પ્રાકૃત રૂપ; અને છતાં પણ જેઓ તમારાં ચરણકમળોની ભક્તિ કરે છે તેમના પર અનુગ્રહ (કૃપા-કરુણા) કરવા માટે તમે અનેક રૂપોમાં પ્રગટ થઈને અનેક લીલાઓ કરો છો તથા તે-તે રૂપો અને લીલાઓ અનુસાર અનેક નામો ધારણ કરો છો. હે પરમાત્મા! તમે મારા પર કૃપા કરો, પ્રસન્ન થાઓ. (૩૩) લોકોની ઉપાસનાઓ ઘણું કરીને સાધારણ કક્ષાની હોય છે; તેથી તમે સૌના હૃદયમાં રહીને તેમની ભાવના અનુસાર ભિન્ન-ભિન્ન દેવતાઓના રૂપમાં પ્રતીત થતા રહો છો – બરાબર એવી જ રીતે કે જેમ હવા ગંધનો આશ્રય લઈને સુગંધિત પ્રતીત થાય છે, પરંતુ વાસ્તવમાં તે સુગંધિત હોતી નથી. આવા, સૌની ભાવનાઓનું અનુસરણ કરનારા પ્રભુ મારી અભિલાષા પૂર્ણ કરો. (૩૪)

શ્રીશુકદેવજી કહે છે – હે પરીક્ષિત! વિન્ધ્યાચળના અઘમર્ષણ તીર્થમાં પ્રજાપતિ દક્ષે જ્યારે આ પ્રમાણે સ્તુતિ કરી ત્યારે ભક્તવત્સલ ભગવાન તેમની સમ્મુખ પ્રગટ થયા. (૩૫) તે સમયે ભગવાને ગરુડની કાંધ પર ચરણ મૂકેલા હતા. વિશાળ અને હૃષ્ટપુષ્ટ આઠ ભુજાઓ હતી અને તેમાં ચક્ર, શંખ, તલવાર, ઢાલ, બાણ, ધનુષ્ય, પાશ અને ગદા ધારણ કરેલાં હતાં. (૩૬) વર્ષાઋતુના મેઘ જેવા શામળા શરીર પર પીતાંબર લહેરાઈ રહ્યું હતું. મુખમંડળ પ્રફુલ્લિત હતું. આંખોમાંથી કૃપાની વૃષ્ટિ થઈ રહી હતી. ઘૂંટણો સુધી વનમાળા લટકી રહી હતી. વક્ષઃસ્થળ પર સોનેરી તેજરેખા – શ્રીવત્સચિહ્ન અને ગળામાં કૌસ્તુભમણિ ઝગમગી રહ્યાં હતાં. (૩૭) કીમતી મુગટ, કંકણ, મકરાકાર કુંડળ, કટિમેખલા, વીંટી, કડાં, નૂપુર અને બાજુબંધ પોતપોતાના સ્થાને શોભતાં હતાં. (૩૮) ત્રિભુવનપતિ ભગવાને ત્રણે લોકને મોહ પમાડતું રૂપ ધારણ કરેલું હતું. નારદ, નંદ, સુનંદ વગેરે પાર્ષદો તેમની ચારે બાજુએ ઊભા હતા. ઇન્દ્ર વગેરે દેવેશ્વરો સ્તુતિ કરી રહ્યા હતા તથા સિદ્ધો, ગંધર્વો અને ચારણો ભગવાનના ગુણોનું ગાન કરી રહ્યા હતા. આવું અત્યંત આશ્ચર્યમય અને અલૌકિક રૂપ જોઈને દક્ષ પ્રજાપતિ ચકિત થઈ ગયા. (૩૯-૪૦) દક્ષ પ્રજાપતિએ આનંદિત થઈને ભગવાનનાં ચરણોમાં સાષ્ટાંગ પ્રણામ કર્યા. જેમ ઝરણાંઓના જળથી નદીઓ ભરાય છે તેવી જ રીતે પરમાનંદની વિપુલતાથી તેમની એકેએક ઇન્દ્રિય ભરાઈ ગઈ અને આનંદવશ તેઓ કશું બોલી શક્યા નહીં. (૪૧) હે પરીક્ષિત! પ્રજાપતિ દક્ષ અત્યંત નમ્રતાપૂર્વક નમીને ભગવાનની સમ્મુખ ઊભા રહી ગયા. ભગવાન સૌના હૃદયની વાત જાણે જ છે; તેમણે દક્ષ પ્રજાપતિની ભક્તિ અને પ્રજાવૃદ્ધિની કામના જોઈને તેમને આ પ્રમાણે કહ્યું. (૪૨)

શ્રીભગવાને કહ્યું – હે પરમ ભાગ્યશાળી દક્ષ! હવે તમારું તપ સિદ્ધ થઈ ગયું; કારણ કે મારા પર શ્રદ્ધા કરવાથી તમારા હૃદયમાં મારા પ્રત્યેના પરમ પ્રેમભાવનો પ્રાદુર્ભાવ થઈ ગયો છે. (૪૩) હે પ્રજાપતિ! તમે આ જગતની વૃદ્ધિ માટે તપ કર્યું છે, તેથી હું તમારા પર પ્રસન્ન છું; કારણ કે એ મારી જ ઇચ્છા છે કે જગતનાં તમામ પ્રાણીઓ

અભિવૃદ્ધિ પામે અને સમૃદ્ધ થાય. (૪૪) બ્રહ્મા, શંકર, તમારા જેવા પ્રજાપતિઓ, સ્વાયંભુવ વગેરે મનુઓ તથા ઇન્દ્ર વગેરે દેવેશ્વરો – આ બધા મારી વિભૂતિઓ છે અને બધાં જ પ્રાણીઓની અભિવૃદ્ધિ કરનારાઓ છે. (૪૫) હે બ્રહ્મન્! તપ મારું હૃદય છે, વિદ્યા શરીર છે, કર્મ આકૃતિ છે, યજ્ઞ અંગ છે, ધર્મ મન છે અને દેવતા પ્રાણ છે. (૪૬) જ્યારે આ સૃષ્ટિ ન હતી ત્યારે કેવળ એકમાત્ર હું જ હતો અને તે પણ નિષ્ક્રિયરૂપે બહાર-અંદર, ક્યાંય પણ અન્ય કશું જ ન હતું. ન તો હતો કોઈ દ્રષ્ટા કે ન હતું દૃશ્ય. હું જ માત્ર જ્ઞાનસ્વરૂપ અને અવ્યક્ત હતો. એમ જ સમજી લોને કે જાણે બધી તરફ સુષુપ્તિ જ સુષુપ્તિ છવાઈ ગઈ હતી. (૪૭) પ્રિય દક્ષ! હું અનંત ગુણોનો આધાર છું અને પોતે અનંત છું. જ્યારે ગુણમયી માયાના ક્ષુબ્ધ થવાથી આ બ્રહ્માંડ-શરીર પ્રગટ થયું ત્યારે આમાં અયોનિજ આદિપુરુષ બ્રહ્મા ઉત્પન્ન થયા. (૪૮)

જ્યારે મેં તેમનામાં શક્તિ અને ચેતનાનો સંચાર કર્યો ત્યારે દેવશિરોમણિ બ્રહ્માજી સૃષ્ટિ-સર્જન કરવા માટે ઉદ્યત થયા. પરંતુ તેમણે સર્જન-કાર્ય માટે પોતાને અસમર્થ અનુભવ્યા. (૪૯) તે સમયે મેં તેમને આજ્ઞા આપી કે તપ કરો. ત્યારે તેમણે ભીષણ તપ કર્યું અને તે તપના પ્રભાવથી તેમણે સૌથી પહેલાં તો તમારું – નવ પ્રજાપતિઓનું સર્જન કર્યું. (૫૦)

પ્રિયદક્ષ! જુઓ, આ પંચજન પ્રજાપતિની પુત્રી અસિક્ની છે. તમે તેનું પત્ની તરીકે પાણિગ્રહણ કરો. (૫૧) હવે તમે ગૃહસ્થોચિત સ્ત્રી-સહવાસના ધર્મનો સ્વીકાર કરો. આ (અસિક્ની) પણ એ જ ધર્મનો સ્વીકાર કરશે અને ત્યારે તમે તેનાથી ઘણી બધી પ્રજા ઉત્પન્ન કરી શકશો. (૫૨) હે પ્રજાપતિ! અત્યાર સુધી તો માનસી-સૃષ્ટિસર્જન થતું હતું, પણ હવે તમારા પછીની સઘળી પ્રજા મારી માયાથી સ્ત્રી-પુરુષના સંયોગથી જ ઉત્પન્ન થશે અને મારી સેવામાં તત્પર રહેશે. (૫૩)

શ્રીશુકદેવજી કહે છે – વિશ્વના જીવનદાતા ભગવાન શ્રીહરિ આમ કહીને દક્ષની સામે જ એવી રીતે અંતર્ધાન થઈ ગયા કે જેમ સ્વપ્નમાં જોયેલી વસ્તુ સ્વપ્ન તૂટી જતાં જ લોપ પામે છે. (૫૪)

★★★★

પાંચમો અધ્યાય

શ્રીનારદજીના ઉપદેશથી દક્ષના પુત્રોનો વૈરાગ્ય તથા દક્ષનો નારદજીને શાપ

શ્રીશુકદેવજી કહે છે – હે પરીક્ષિત! ભગવાને શક્તિસંચાર કર્યો તેથી દક્ષ પ્રજાપતિ પરમ સમર્થ થઈ ગયા. તેમણે પંચજનની પુત્રી અસિક્નીથી હર્યશ્વ નામના દશ હજાર પુત્રો ઉત્પન્ન કર્યા. (૧) હે રાજન્! દક્ષના આ બધા જ પુત્રો એકસમાન આચરણ કરનારા અને એકસમાન સ્વભાવવાળા હતા. તેમના પિતા દક્ષે જ્યારે તેમને સંતાન ઉત્પન્ન કરવાની આજ્ઞા આપી ત્યારે તેઓ તપ કરવાના ખ્યાલથી પશ્ચિમ દિશા ભણી ચાલી નીકળ્યા. (૨) પશ્ચિમ દિશામાં સિંધુ નદી અને સમુદ્રના સંગમસ્થાને નારાયણ સરોવર નામનું એક મહાન તીર્થ છે. મોટા મોટા મુનિઓ અને સિદ્ધપુરુષો ત્યાં નિવાસ કરે છે. (૩) નારાયણ સરોવરમાં સ્નાન કરતાં જ હર્યશ્વોનાં અંતઃકરણ શુદ્ધ થઈ ગયાં અને તેમની બુદ્ધિ ભાગવતધર્મમાં જોડાઈ ગઈ. તેમ છતાં પોતાના પિતા દક્ષની આજ્ઞાથી બંધાયેલા હોવાને કારણે તેઓ ઉગ્ર તપ કરતા જ રહ્યા. જ્યારે દેવર્ષિ નારદે જોયું કે

ભાગવતધર્મમાં રુચિ હોવા છતાં પણ આ (હર્યશ્વો) પ્રજાની વૃદ્ધિ કરવા માટે જ તત્પર છે ત્યારે તેમણે તેમની પાસે જઈને કહ્યું – "અરે હર્યશ્વો! તમે પ્રજાપતિ છો તો શું થયું? વાસ્તવમાં તો તમે બધા મૂર્ખ જ છો. જરા બતાવો તો, તમે જ્યારે 'ભૂ'નો અંત જોયો જ નથી તો સૃષ્ટિ-સર્જન કેવી રીતે કરશો? આ તો ઘણા દુ:ખની વાત છે! (૪-૬) જુઓ – એક એવો દેશ છે કે જેમાં એક જ પુરુષ છે; એક એવી ગુફા છે કે જેમાંથી બહાર નીકળવાનો રસ્તો જ નથી; એક એવી સ્ત્રી છે કે જે ઘણાં રૂપ ધારણ કરનારી છે; એક એવો પુરુષ છે કે જે વ્યભિચારિણી સ્ત્રીનો પતિ છે; એક એવી નદી છે કે જે આગળ અને પાછળ – બંને દિશાઓમાં વહે છે; એક એવું વિચિત્ર ઘર છે કે જે પચ્ચીસ પદાર્થોથી બનેલું છે; એક એવો હંસ છે કે જેની કથની ઘણી વિચિત્ર છે; એક એવું ચક્ર છે કે તે છરા અને વજથી બનેલું છે અને આપોઆપ જ ઘૂમતું રહે છે. મૂર્ખ હર્યશ્વો! જ્યાં સુધી તમે પોતાના સર્વજ્ઞ પિતાના યોગ્ય આદેશને (બરાબર) સમજી નહીં લો અને ઉપર્યુક્ત બધી વસ્તુઓને જોશો નહીં ત્યાં સુધી તેમની આજ્ઞા પ્રમાણે તમે સૃષ્ટિ-સર્જન કેવી રીતે કરી શકશો?" (૭-૯)

શ્રીશુકદેવજી કહે છે – હે પરીક્ષિત! હર્યશ્વો જન્મથી જ ઘણા બુદ્ધિશાળી હતા. તેઓ દેવર્ષિ નારદનો આ કોયડો – આ ગૂઢ વચનો સાંભળીને પોતાની બુદ્ધિથી જાતે જ વિચારવા લાગ્યા – (૧૦) '(દેવર્ષિ નારદનું કહેવું સાચું છે) કે આ લિંગશરીર કે જેને સાધારણ રીતે જીવ કહે છે – એ જ ભૂ એટલે કે જીવસંજ્ઞક ક્ષેત્ર છે અને એ જ આત્માનું અનાદિ બંધન છે; એનો અંત (વિનાશ) જોયા વિના મોક્ષનાં અનુપયોગી કર્મો કરવામાં રત રહેવાથી શો લાભ? (૧૧) ઈશ્વર, જાગ્રત્, સ્વપ્ન, સુષુપ્તિ-આ ત્રણેયથી પર, તુરીય છે. તેઓ એક જ છે. તેઓ પોતાનામાં જ રહેનારા સાક્ષીભૂત છે, પરમેશ્વર છે. ('અભવમ્') અર્થાત્ અજન્માને જોયા વિના મનુષ્યને અસત્ કર્મોથી શું ફાયદો? (૧૨) જેમ મનુષ્ય ગુફારૂપી પાતાળમાં પ્રવેશ્યા પછી ત્યાંથી પાછો આવી શકતો નથી તેવી જ રીતે જેમને પ્રાપ્ત કર્યા પછી જીવ ફરી સંસારમાં પાછો આવતો નથી અને જેઓ સ્વયં અંતર્જ્યોતિ:સ્વરૂપ છે તે અંતર્યામી પરમાત્માને જાણ્યા વિના વિનાશશીલ સ્વર્ગ વગેરે ફળો આપનારાં અસત્ કર્મોથી શો લાભ? (૧૩) પોતાની આ બુદ્ધિ જ ઘણાં રૂપ ધારણ કરનારી અને સત્ત્વ, રજ વગેરે ગુણોને ધારણ કરનારી સ્વેચ્છાચારી સ્ત્રી જેવી છે. આ જીવનમાં આનો (આ બુદ્ધિનો) અંત જાણ્યા વિના - વિવેક(જ્ઞાન) પ્રાપ્ત કર્યા વિના અશાંતિને વધુ ને વધુ વધારનારાં અસત્ કર્મથી શો લાભ? (૧૪) આ બુદ્ધિ જ કુલટા સ્ત્રી જેવી છે; એના સંગથી જીવરૂપી મનુષ્યનું ઐશ્વર્ય – એનું સ્વસ્વરૂપ નષ્ટ થઈ ગયું છે. એની જ પાછળ-પાછળ તે મનુષ્ય કુલટા સ્ત્રીના પતિની જેમ કોણ જાણે ક્યાં ક્યાં ભટકી રહ્યો છે! એની વિચિત્ર ગતિને જાણ્યા વિના જ વિવેક વિનાનાં અસત્ કર્મો કરવાથી શો લાભ? (૧૫) માયા જ બન્ને બાજુ વહેનારી નદી છે તે સર્જન પણ કરે છે અને પ્રલય પણ કરે છે. જે લોકો આમાંથી બહાર નીકળવા માટે તપસ્યા, વિદ્યા વગેરે કિનારાઓનું અવલંબન લેવા માંડે છે, તેમને તેમ કરતાં રોકવા માટે અહંકાર વગેરેના રૂપમાં તે (નદી) વધારે વેગથી વહેવા લાગે છે. જે પુરુષ તેના વેગથી વિવશ અને અજાણ છે તેના માટે માયારૂપી અસત્ કર્મોથી શો લાભ? (૧૬) આ મનુષ્યદેહ જ પચીસ તત્ત્વોનું વિચિત્ર ઘર છે. તે પુરુષનો આશ્ચર્યરૂપ આશ્રય છે. જીવાત્મા દ્વારા પોતાના સ્વરૂપને જાણ્યા વિના

સ્વેચ્છાપૂર્વક કરવામાં આવતાં અસત્ કર્મોથી શો લાભ? (૧૭) બંધન અને મોક્ષનું જ્ઞાન કરાવનારા ઈશ્વરીય શાસ્ત્રોનો આશ્રય છોડીને વિવેક દ્વારા ચિત્-જડ વસ્તુને જાણ્યા વિના બહિર્મુખ બનાવનારાં અસત્ કર્મો કરવાથી શો લાભ? (૧૮) આ કાળ જ એક ચક્ર છે. એ (કાળ-ચક્ર) નિરંતર ઘૂમતું રહે છે. એની ધાર છરા અને વજ્ર જેવી તીક્ષ્ણ છે અને એ આખા જગતને પોતાની તરફ ખેંચી રહ્યું છે. એને રોકનારું કોઈ નથી; એ પરમ સ્વતંત્ર છે. આ વાત જાણ્યા વિના, કર્મોનાં ફળને નિત્ય સમજીને જે લોકો સકામભાવે તેમનું અનુષ્ઠાન કરે છે તેમને તેવાં અનિત્ય કર્મો કરવાથી શો લાભ? (૧૯) શાસ્ત્ર જ પિતા છે; કારણ કે બીજો જન્મ શાસ્ત્ર (જ્ઞાન) થકી જ થાય છે અને તેની આજ્ઞા કર્મોમાં પ્રવૃત્ત થવા માટેની નહીં, પરંતુ કર્મોમાંથી નિવૃત્ત થવા માટે હોય છે. પરંતુ જેમનો સકામ કર્મોમાં વિશ્વાસ છે તેઓ તે કર્મોમાંથી નિવૃત્ત થવાની આજ્ઞાનું પાલન કેવી રીતે કરી શકે?'' (૨૦)

હે પરીક્ષિત! હર્યશ્વોએ એકમતે આ જ નિશ્ચય કર્યો અને નારદજીની પરિક્રમા કરીને તેઓ તે મોક્ષ-પથના પથિક બની ગયા, કે જે પથ પર ચાલ્યા પછી પાછા આવવું પડતું નથી. (૨૧) ત્યારબાદ દેવર્ષિ નારદ સ્વરબ્રહ્મમાં – સંગીતલહરીમાં અભિવ્યક્ત થયેલા, ભગવાન શ્રીકૃષ્ણચંદ્રનાં ચરણકમળોમાં પોતાના ચિત્તને અખંડરૂપે સ્થિર કરીને લોક-લોકાન્તરોમાં વિચરવા લાગ્યા. (૨૨)

હે પરીક્ષિત! (પછી) જ્યારે દક્ષ પ્રજાપતિને ખબર પડી કે મારા શીલવાન પુત્રો નારદના ઉપદેશને લીધે કર્તવ્યચ્યુત થઈ ગયા છે ત્યારે તેઓ શોકથી વ્યાકુળ થઈ ગયા. તેમને ઘણો પશ્ચાત્તાપ થયો. આ ઉક્તિ બરાબર જ છે કે સારાં સંતાન હોવાં એ પણ શોકનું જ કારણ છે! (૨૩) બ્રહ્માજીએ દક્ષ પ્રજાપતિને ઘણું સાન્ત્વન આપ્યું. પછી તેમણે પંચજનની પુત્રી અસિક્નીના ગર્ભથી હજારો પુત્રો ઉત્પન્ન કર્યા, તેમનાં નામ હતાં શબલાશ્વ. (૨૪) તેઓ પણ પોતાના પિતા દક્ષ પ્રજાપતિની આજ્ઞા મેળવીને પ્રજાનું સર્જન કરવાના ઉદ્દેશ્યથી તપ કરવા માટે તે જ નારાયણ સરોવર પર ગયા, કે જ્યાં જઈને તેમના મોટા ભાઈઓ - હર્યશ્વોએ સિદ્ધિ પ્રાપ્ત કરી હતી. (૨૫) ત્યાં જઈને શબલાશ્વોએ તે સરોવરમાં સ્નાન કર્યું. સ્નાન કરવા માત્રથી જ તેમના અંતઃકરણના સઘળા મળ ધોવાઈ ગયા. પછી તેઓ પરબ્રહ્મસ્વરૂપ પ્રણવ (ૐકાર)ના જપ કરતા મહાન તપ કરવા લાગી ગયા. (૨૬) કેટલાક મહિનાઓ માત્ર પાણી અને કેટલાક મહિનાઓ માત્ર હવા પીને જ તેમણે 'અમે નમસ્કારપૂર્વક ઓંકારસ્વરૂપ ભગવાન નારાયણનું ધ્યાન ધરીએ છીએ, કે જેઓ વિશુદ્ધ અંતઃકરણમાં નિવાસ કરે છે, સૌના અંતર્યામી છે તથા સર્વવ્યાપક અને પરમહંસસ્વરૂપ છે' – આ મંત્ર*નું રટણ કરતા રહીને મંત્રાધિપતિ ભગવાનની આરાધના કરી. (૨૭-૨૮) હે પરીક્ષિત! આ પ્રમાણે દક્ષના પુત્રો શબલાશ્વો પ્રજાના સર્જન માટે તપમાં સંલગ્ન હતા, (ત્યારે) તેમની પાસે પણ દેવર્ષિ નારદ આવ્યા અને તેમણે પહેલાં જેવાં જ ગૂઢ વચનોથી તેમને ઉપદેશ આપ્યો. (૨૯) (તેમણે કહ્યું–) ''દક્ષ પ્રજાપતિના પુત્રો! આ તમને જે ઉપદેશ આપું છું તે સાંભળો. તમે તમારા જ ભાઈઓના માર્ગનું જ અનુસંધાન કરો. (૩૦) જે ધર્મજ્ઞ ભાઈ

★ ૐ નમો નારાયણાય પુરુષાય મહાત્મને । વિશુદ્ધસત્ત્વધિષ્ણ્યાય મહાહંસાય ધીમહિ ॥

પોતાના મોટા ભાઈઓના શ્રેષ્ઠ માર્ગનું અનુસરણ કરે છે તે જ સાચો ભાઈ છે! તે પુણ્યશાળી મનુષ્ય પરલોકમાં મરુત્-ગણો સાથે આનંદ ભોગવે છે.'' (૩૧) હે પરીક્ષિત! શબલાશ્વોને આ પ્રમાણે ઉપદેશ આપીને દેવર્ષિ નારદ ત્યાંથી ચાલ્યા ગયા અને તે શબલાશ્વોએ પોતાના ભાઈઓના માર્ગનું જ અનુગમન કર્યું; કારણ કે નારદજીનું દર્શન ક્યારેય વ્યર્થ જતું નથી. (૩૨) તેઓ તે પથના પથિક બન્યા, કે જે અંતર્મુખી વૃત્તિથી પ્રાપ્ય, અત્યંત સુંદર અને ભગવત્પ્રાપ્તિ માટે અનુકૂળ છે. આવા અંતર્મુખી તપસ્વીઓ વીતી ગયેલી રાત્રિઓની જેમ નથી તો હજી સુધી પાછા ફર્યા કે ન ભવિષ્યમાં પાછા ફરશે. (૩૩)

દક્ષ પ્રજાપતિએ જોયું કે આજ સુધી ઘણાબધા અપશુકન થતા રહ્યા છે. (તેથી) તેમના ચિત્તમાં પુત્રોના અનિષ્ટની આશંકા થઈ આવી. દરમિયાનમાં તેમને ખબર પડી કે પહેલાંની જેમ આ વખતે પણ નારદજીએ મારા પુત્રોને ભટકાવી દીધા છે. (૩૪) પોતાના પુત્રો કર્તવ્યચ્યુત થવાથી તેમને ઘણો શોક થયો અને તેઓ નારદજી પર ઘણા ક્રુદ્ધ થયા. નારદજી મળ્યા ત્યારે ક્રોધવશ દક્ષ પ્રજાપતિના હોઠ ફફડવા લાગ્યા અને આવેશમાં આવીને તેમણે નારદજીને કહ્યું. (૩૫)

દક્ષ પ્રજાપતિએ કહ્યું – અરે દુષ્ટ! તેં ખોટેખોટો સાધુઓનો વેશ ધારણ કરી રાખ્યો છે. અમારા ભલાભોળા બાળકોને ભિક્ષુકોનો માર્ગ બતાવીને તેં અમારો મોટો અપકાર કર્યો છે. (૩૬) હજી તો તેમણે બ્રહ્મચર્યથી ઋષિઓનું ઋણ, યજ્ઞથી દેવોનું ઋણ અને સંતાનોની ઉત્પત્તિથી પિતૃઓનું ઋણ ચૂકવ્યું નથી; હજી તેમણે કર્મફળની નશ્વરતા વિશે પણ કશું વિચાર્યું નથી, એ પહેલાં જ હે પાપાત્મા! તેં તેમના બંને લોકના સુખને નષ્ટ કરી દીધું છે. (૩૭) સાચે જ તારા હૃદયમાં દયાનો છાંટોય નથી. તું આ પ્રમાણે બાળકોની બુદ્ધિ ભ્રષ્ટ કરતો ફરે છે. તેં ભગવાનના પાર્ષદોમાં રહીને તેમની કીર્તિમાં કલંક જ લગાડ્યું છે. સાચે જ તું ઘણો નિર્લજ્જ છે. (૩૮) હું જાણું છું કે ભગવાનના પાર્ષદો હરહંમેશ દુઃખી પ્રાણીઓ પર દયા કરવા આતુર રહે છે, પણ તું તો પ્રેમભાવનો વિનાશ કરનારો છે. તું એવા લોકો સાથે પણ વેર રાખે છે કે જેઓ કોઈની સાથે વેર રાખતા નથી. (૩૯) જો તું એમ સમજે છે કે વૈરાગ્યથી જ સ્નેહપાશ - વિષયાસક્તિનું બંધન કપાઈ જાય છે તો તારો એ ખ્યાલ બરાબર નથી; કારણ કે તારા જેવા ખોટેખોટા વૈરાગ્યનો સ્વાંગ રચનારાઓથી કોઈને વૈરાગ્ય થઈ શકે નહીં. (૪૦) નારદ! મનુષ્ય વિષયોનો અનુભવ કર્યા સિવાય તેમની કટુતા જાણી શકે નહીં, તેથી વિષયોની દુઃખરૂપતાનો અનુભવ થતાં આપમેળે જેવો વૈરાગ્ય થાય છે તેવો બીજાઓના બહેકાવવાથી થતો નથી. (૪૧) અમે સદ્‌ગૃહસ્થો છીએ, પોતાના ધર્મની મર્યાદા પાળીએ છીએ. એક વાર આ પહેલાં પણ તેં અમારો અસહ્ય અપકાર કર્યો હતો. ત્યારે તો અમે તે સહી લીધો હતો. (૪૨) તું તો અમારી વંશપરંપરાનો ઉચ્છેદ કરવાને જ તત્પર બનેલો છે. તેં ફરીથી અમારી સાથે દુષ્ટતાનો એ જ વ્યવહાર કર્યો છે. તેથી હે મૂઢ! જા, લોક-લોકાન્તરોમાં ભટકતો રહે; ક્યાંય પણ તારે માટે ઠરવાનું ઠામ-ઠેકાણું નહીં હોય. (૪૩)

શ્રીશુકદેવજી કહે છે – હે પરીક્ષિત! સંતશિરોમણિ દેવર્ષિ નારદે 'ભલે, સારુ' કહીને દક્ષના શાપનો સ્વીકાર કરી લીધો. સંસારમાં બસ, સાધુતા એ જ છે કે બદલો લેવાનું સામર્થ્ય હોય તોપણ બીજાએ કરેલા અપકારને સહી લે. (૪૪)

★ ★ ★ ★

છઠ્ઠો અધ્યાય

દક્ષ પ્રજાપતિની સાઠ પુત્રીઓના વંશનું વર્ણન

શ્રીશુકદેવજી કહે છે – હે પરીક્ષિત! ત્યારપછી બ્રહ્માજીના ઘણા આગ્રહને કારણે દક્ષ પ્રજાપતિએ પોતાની પત્ની અસિક્નીના ગર્ભથી સાઠ પુત્રીઓ ઉત્પન્ન કરી. તે બધી જ પોતાના પિતા દક્ષને ઘણો પ્રેમ કરતી હતી. (૧) દક્ષ પ્રજાપતિએ તે પુત્રીઓમાંથી દસ ધર્મ સાથે, તેર કશ્યપ સાથે, સત્તાવીસ ચંદ્રમા સાથે, બે ભૂત સાથે, બે અંગિરા સાથે, બે કૃશાશ્વ સાથે અને બાકીની ચાર તાર્ક્ષ્ય નામ ધારણ કરનારા કશ્યપ સાથે પરણાવી. (૨) હે પરીક્ષિત! તમે મારી પાસેથી દક્ષની તે પુત્રીઓ અને તેમનાં સંતાનોનાં નામ સાંભળો. તેમની વંશપરંપરા ત્રણે લોકમાં ફેલાયેલી છે. (૩)

ધર્મની દસ પત્નીઓ હતી – ભાનુ, લંબા, કકુભ્, જામિ, વિશ્વા, સાધ્યા, મરુત્વતી, વસુ, મુહૂર્તા અને સંકલ્પા. તેમના પુત્રોનાં નામ સાંભળો. (૪) હે રાજન્! ભાનુનો પુત્ર દેવઋષભ અને તેનો પુત્ર ઇન્દ્રસેન થયો. લંબાનો પુત્ર વિદ્યોત થયો અને તેને પુત્રો થયા મેઘો. (૫) કકુભ્નો પુત્ર થયો સંકટ, તેનો કીકટ અને કીકટના પુત્રો થયા પૃથ્વીના સમસ્ત દુર્ગો (કિલ્લાઓ)ના અભિમાની દેવતાઓ. જામિના પુત્રનું નામ હતું સ્વર્ગ અને તેનો પુત્ર થયો નંદી. (૬) વિશ્વાના પુત્રો વિશ્વેદેવો થયા, તેમને કોઈ સંતાન ન થયાં. સાધ્યાથી સાધ્યો થયા અને તેમનો પુત્ર થયો અર્થસિદ્ધિ. (૭) મરુત્વતીના બે પુત્રો થયા – મરુત્વાન અને જયંત. જયંત ભગવાન વાસુદેવના અંશ છે, તેમને લોકો ઉપેન્દ્ર પણ કહે છે. (૮) મુહૂર્તાથી મુહૂર્તના અભિમાની દેવતા ઉત્પન્ન થયા; તેઓ પોત-પોતાના મુહૂર્તમાં જીવોને તેમનાં કર્મો અનુસાર ફળ આપે છે. (૯) સંકલ્પાનો પુત્ર સંકલ્પ અને તેનો પુત્ર કામ થયો. વસુના પુત્રો આઠ વસુ થયા, તેમનાં નામ મારી પાસેથી સાંભળો – (૧૦) દ્રોણ, પ્રાણ, ધ્રુવ, અર્ક, અગ્નિ, દોષ, વસુ અને વિભાવસુ. દ્રોણની પત્નીનું નામ છે અભિમતિ. તેનાથી હર્ષ, શોક, ભય વગેરેના અભિમાની દેવતા ઉત્પન્ન થયા. (૧૧) પ્રાણની પત્ની ઊર્જસ્વતીના ગર્ભથી સહ, આયુ અને પુરોજવ નામે ત્રણ પુત્રો થયા. ધ્રુવની પત્ની ધરણીએ અનેક નગરોના અભિમાની દેવતા ઉત્પન્ન કર્યા. (૧૨) અર્કની પત્ની વાસનાના ગર્ભથી તર્ષ (તૃષ્ણા) વગેરે પુત્રો થયા. અગ્નિ નામના વસુની પત્ની ધારાના ગર્ભથી દ્રવિણક વગેરે ઘણા-બધા પુત્રો ઉત્પન્ન થયા. (૧૩) કૃત્તિકાનો પુત્ર સ્કંદ પણ અગ્નિથી જ ઉત્પન્ન થયો. એનાથી વિશાખ વગેરેનો જન્મ થયો. દોષની પત્ની શર્વરીના ગર્ભથી શિશુમારનો જન્મ થયો, તે ભગવાનનો કલા-અવતાર છે. (૧૪) વસુની પત્ની આંગિરસીથી શિલ્પકલાના અધિપતિ વિશ્વકર્માજી થયા. વિશ્વકર્માજીના તેમની પત્ની આકૃતીના ગર્ભથી ચાક્ષુષ મનુ થયા અને તેમના પુત્રો વિશ્વેદેવો અને સાધ્યો થયા. (૧૫) વિભાવસુની પત્ની ઉષાથી ત્રણ પુત્રો થયા – વ્યુષ્ટ, રોચિષ અને આતપ. એમાંના આતપને પંચયામ (દિવસ) નામનો પુત્ર થયો, એના જ કારણે બધા જીવો પોતપોતાનાં કાર્યોમાં પ્રવૃત્ત રહે છે. (૧૬)

ભૂતની પત્ની દક્ષપુત્રી સરૂપાએ કરોડ-કરોડ રુદ્રો ઉત્પન્ન કર્યા. એમાં રૈવત, અજ, ભવ, ભીમ, વામ, ઉગ્ર, વૃષાકપિ, અજૈકપાદ,

અહિર્બુધ્ન્ય, બહુરૂપ અને મહાન – એ અગિયાર મુખ્ય છે. ભૂતની બીજી પત્ની ભૂતાથી ભયંકર ભૂતો અને વિનાયકો વગેરેનો જન્મ થયો. આ બધા અગિયારમા મુખ્ય રુદ્ર મહાનના પાર્ષદો થયા. (૧૭-૧૮)

અંગિરા પ્રજાપતિની પહેલી પત્ની સ્વધાએ પિતૃઓને ઉત્પન્ન કર્યા અને બીજી પત્ની સતીએ અથર્વાંગિરસ નામના વેદને જ પુત્રરૂપે સ્વીકારી લીધો. (૧૯) કૃશાશ્વની પત્ની અર્ચિથી ધૂમ્રકેશનો જન્મ થયો અને (બીજી પત્ની) ધિષણાથી વેદશિરા, દેવલ, વયુન અને મનુ – એ ચાર પુત્રો થયા. (૨૦) તાર્ક્ષ્ય નામના કશ્યપને ચાર પત્નીઓ હતી – વિનતા, કદ્રૂ, પતંગી અને યામિની. પતંગીથી પક્ષીઓનો અને યામિનીથી શલભો (પતંગિયાં)નો જન્મ થયો. (૨૧) વિનતાના પુત્ર ગરુડ થયા, એ જ ભગવાન વિષ્ણુનું વાહન છે. વિનતાના જ બીજા પુત્ર અરુણ છે, જેઓ ભગવાન સૂર્યના સારથિ છે, કદ્રૂથી અનેક નાગો ઉત્પન્ન થયા. (૨૨)

હે પરીક્ષિત! કૃત્તિકા વગેરે નક્ષત્રોની અભિમાની સત્તાવીસ દેવીઓ ચંદ્રમાની પત્નીઓ છે. તેમાંની રોહિણી સાથે વિશેષ પ્રેમ કરવાને કારણે ચંદ્રમાને પ્રજાપતિ દક્ષે શાપ આપ્યો, જેનાથી તેમને ક્ષયનો વ્યાધિ થઈ ગયો હતો. તેમને કોઈ સંતાન થયું નહીં. (૨૩) તેમણે દક્ષને ફરીથી પ્રસન્ન કરીને કૃષ્ણ પક્ષની ક્ષીણ કળાઓ શુક્લ પક્ષમાં પૂર્ણ થવાનું વરદાન મેળવી લીધું હતું (તેમ છતાં નક્ષત્રોની અભિમાની દેવીઓથી તેમને કોઈ સંતાન તો ન જ થયું). હવે તમે કશ્યપની પત્નીઓનાં મંગલમય નામ સાંભળો. તેઓ લોકમાતાઓ છે અને તેમનાથી જ આ સઘળી સૃષ્ટિ ઉત્પન્ન થઈ છે. તેમનાં નામ છે – અદિતિ, દિતિ, દનુ, કાષ્ઠા, અરિષ્ટા, સુરસા, ઇલા, મુનિ, ક્રોધવશા, તામ્રા, સુરભિ, સરમા અને તિમિ. આમાંની તિમિનાં સંતાનો છે – જળચર જંતુઓ અને સરમાનાં સંતાનો છે વાઘ વગેરે હિંસક જીવો. (૨૪-૨૬) સુરભિનાં સંતાનો છે – ગાય વગેરે બે ખરીઓવાળાં પશુઓ. તામ્રાનાં સંતાન છે – બાજ, ગીધ વગેરે શિકારી પક્ષીઓ. મુનિથી અપ્સરાઓ ઉત્પન્ન થઈ. (૨૭) ક્રોધવશાનાં સંતાનો થયાં – સાપ, વીંછી વગેરે ઝેરી જંતુઓ. ઇલાથી વૃક્ષો, વેલીઓ વગેરે પૃથ્વીમાં ઉત્પન્ન થતી વનસ્પતિઓ થઈ અને સુરસાથી યાતુધાન (રાક્ષસો) પેદા થયા. (૨૮) અરિષ્ટાથી ગંધર્વો અને કાષ્ઠાથી ઘોડા વગેરે એક ખરીવાળાં પશુઓ ઉત્પન્ન થયાં. દનુના એકસઠ પુત્ર થયા, એમાંનાં મુખ્ય-મુખ્ય સંતાનોનાં નામ સાંભળો – (૨૯) દ્વિમૂર્ધા, શંબર, અરિષ્ટ, હયગ્રીવ, વિભાવસુ, અયોમુખ, શંકુશિરા, સ્વર્ભાનુ, કપિલ, અરુણ, પુલોમા, વૃષપર્વા, એકચક્ર, અનુતાપન, ધૂમ્રકેશ, વિરૂપાક્ષ, વિપ્રચિત્તિ અને દુર્જય. (૩૦-૩૧) સ્વર્ભાનુની પુત્રી સુપ્રભા સાથે નમુચિએ અને વૃષપર્વાની પુત્રી શર્મિષ્ઠા સાથે નહુષપુત્ર મહાબળવાન યયાતિએ લગ્ન કર્યાં. (૩૨) દનુના પુત્ર વૈશ્વાનરને ચાર સુંદર પુત્રીઓ હતી, તેમનાં નામ હતાં – ઉપદાનવી, હયશિરા, પુલોમા અને કાલકા. (૩૩) એમાંની ઉપદાનવી સાથે હિરણ્યાક્ષનું અને હયશિરા સાથે ક્રતુનું લગ્ન કર્યું. બ્રહ્માજીની આજ્ઞાથી પ્રજાપતિ ભગવાન કશ્યપે વૈશ્વાનરની બાકીની બે પુત્રીઓ – પુલોમા અને કાલકા સાથે લગ્ન થયું. એમનાથી પૌલોમ અને કાલકેય નામના સાઠ હજાર યુદ્ધવીર દાનવો થયા. એમનું જ બીજું નામ નિવાતકવચ હતું. તેઓ યજ્ઞ-કર્મમાં વિઘ્નો નાખતા હતા, તેથી હે પરીક્ષિત! તમારા દાદા (પિતામહ) અર્જુને ઇન્દ્રને પ્રસન્ન કરવા માટે

તેમને મારી નાખ્યા હતા. આ તે દિવસોની વાત છે કે જ્યારે અર્જુન સ્વર્ગમાં ગયા હતા. (૩૪-૩૬) વિપ્રચિત્તિની પત્ની સિંહિકાના ગર્ભથી એકસો એક પુત્રો ઉત્પન્ન થયા. એમાં સૌથી મોટો હતો રાહુ, કે જેની ગણના ગ્રહોમાં થવા પામી. બાકીના સો પુત્રો કેતુ એવા એક જ નામે જાણીતા હતા. (૩૭)

હે પરીક્ષિત! હવે ક્રમશઃ અદિતિની વંશપરંપરા સાંભળો. આ વંશમાં સર્વવ્યાપી દેવાધિદેવ નારાયણે પોતાના અંશથી વામન-રૂપે અવતાર લીધો હતો. (૩૮) અદિતિના પુત્રો હતા – વિવસ્વાન, અર્યમા, પૂષા, ત્વષ્ટા, સવિતા, ભગ, ધાતા, વિધાતા, વરુણ, મિત્ર, ઇન્દ્ર અને ત્રિવિક્રમ (વામન). આ જ બાર આદિત્યો કહેવાયા. (૩૯) વિવસ્વાનની પત્ની મહાભાગ્યશાળી સંજ્ઞાના ગર્ભથી શ્રાદ્ધદેવ (વૈવસ્વત) મનુ અને યમ-યમીનું જોડકું પેદા થયાં. સંજ્ઞાએ જ અશ્વિની (ઘોડી)નું રૂપ ધારણ કરીને ભગવાન સૂર્ય દ્વારા ભૂલોકમાં બંને અશ્વિનીકુમારોને જન્મ આપ્યો. (૪૦) વિવસ્વાનની બીજી પત્ની હતી છાયા. તેના શનૈશ્ચર અને સાવર્ણિ મનુ નામના બે પુત્રો થયા અને તપતી નામની એક પુત્રી ઉત્પન્ન થઈ. તપતીએ સંવરણને પતિ તરીકે વરણ કર્યા. (૪૧) અર્યમાની પત્ની માતૃકા હતી. તેના ગર્ભથી ચર્ષણી નામના પુત્ર થયા. તેઓ કર્તવ્ય-અકર્તવ્યના જ્ઞાનથી યુક્ત હતા. તેથી બ્રહ્માજીએ તેમના જ આધારે મનુષ્યજાતિની (અર્થાત્ બ્રાહ્મણ વગેરે વર્ણોની) કલ્પના કરી. (૪૨) પૂષાને કોઈ સંતાન ન થયું. પ્રાચીન કાળમાં શિવજી જ્યારે દક્ષ પર ક્રોધિત થયા હતા ત્યારે (આ) પૂષા દાંત દેખાડીને હસ્યા હતા, તેથી (રુદ્ર) વીરભદ્રે આમના દાંત તોડી નાખ્યા હતા. ત્યારથી પૂષા પીસેલું અનાજ જ ખાય છે. (૪૩) દૈત્યોની નાની બહેન કુમારી રચના ત્વષ્ટાની પત્ની હતી. રચનાના ગર્ભથી બે પુત્રો થયા – સંનિવેશ અને પરાક્રમી વિશ્વરૂપ. (૪૪) આ પ્રમાણે વિશ્વરૂપ જોકે શત્રુઓના ભાણેજ હતા, તોપણ દેવોના ગુરુ બૃહસ્પતિજીએ જ્યારે ઇન્દ્રથી અપમાનિત થઈને દેવોનો પરિત્યાગ કરી દીધો ત્યારે દેવોએ આ વિશ્વરૂપને જ પોતાના પુરોહિત બનાવ્યા હતા. (૪૫)

★ ★ ★ ★

સાતમો અધ્યાય

બૃહસ્પતિજીએ કરેલો દેવોનો ત્યાગ અને વિશ્વરૂપની દેવગુરુ તરીકે વરણી

રાજા પરીક્ષિતે પૂછ્યું – હે ભગવન્! દેવોના આચાર્ય બૃહસ્પતિજીએ પોતાના પ્રિય શિષ્યો એવા દેવોનો કયા કારણે ત્યાગ કર્યો હતો? દેવોએ પોતાના ગુરુજીનો એવો કયો અપરાધ કર્યો હતો, તે તમે મને કહી બતાવો. (૧)

શ્રીશુકદેવજીએ કહ્યું – હે રાજન્! ઇન્દ્રને ત્રણે લોકનું ઐશ્વર્ય મળવાથી ઘમંડ થયો હતો. આ ઘમંડને કારણે તેઓ ધર્મની મર્યાદાનું અને સદાચારનું ઉલ્લંઘન કરવા લાગ્યા હતા. એક દિવસની વાત છે – તેઓ ભરી સભામાં પોતાની પત્ની શચી સાથે ઊંચા સિંહાસન પર બેઠેલા હતા. ઓગણપચાસ મરુતો, આઠ વસુઓ, અગિયાર રુદ્રો, આદિત્યો, ઋભુઓ, વિશ્વેદેવો, સાધ્યો અને બંને અશ્વિનીકુમારો તેમની સેવામાં ઉપસ્થિત હતા. સિદ્ધો, ચારણો, ગંધર્વો, બ્રહ્મવાદી મુનિઓ, વિદ્યાધરો, અપ્સરાઓ, કિન્નરો, પક્ષીઓ

અને નાગો તેમની સેવા અને સ્તુતિ કરી રહ્યાં હતાં. બધી બાજુએ લલિત સ્વરે દેવરાજ ઇન્દ્રની કીર્તિનું ગાન થઈ રહ્યું હતું. તેમની ઉપર ચંદ્રમંડળ જેવું સુંદર શ્વેત છત્ર શોભતું હતું. ચામર, ઝૂલણા વગેરે મહારાજને અનુરૂપ સામગ્રીઓ યથાસ્થાને સજાયેલી હતી. આ દિવ્ય સભામાં દેવરાજ ઘણા જ સુશોભિત થઈ રહ્યા હતા. (૨-૬) આ જ સમયે દેવરાજ ઇન્દ્રના અને સમસ્ત દેવોના પરમ આચાર્ય બૃહસ્પતિજી ત્યાં પધાર્યા. તેમને દેવો-દાનવો – બધા જ નમસ્કાર કરે છે. ઇન્દ્રે જોયું કે તેઓ સભામાં પધાર્યા છે, પરંતુ તેઓ ન તો ઊભા થયા કે ન તો આસન વગેરે આપીને ગુરુદેવનો સત્કાર પણ કર્યો. અરે, તેઓ પોતાના આસનમાંથી હાલ્યાચાલ્યા સુધ્ધાં પણ નહીં. (૭-૮) ત્રિકાળદર્શી સમર્થ બૃહસ્પતિજીએ જોયું કે આ ઐશ્વર્યના મદનો દોષ છે. બસ, તેઓ તરત જ ત્યાંથી બહાર નીકળી ગયા અને પોતાના ઘરે ચાલ્યા ગયા. (૯)

(હે પરીક્ષિત!) ત્યારે જ દેવરાજ ઇન્દ્રને ભાન થયું અને તેઓ સમજી ગયા કે મેં પોતાના ગુરુની અવગણના કરી છે. તેઓ સભામાં પોતે જ પોતાની નિંદા (નિર્ભર્ત્સના) કરવા લાગ્યા – (૧૦) ''અરેરે, હાય! ભારે ખેદની વાત છે કે મેં મૂર્ખતાપૂર્વક ઐશ્વર્યના મદને લીધે સભામાં પોતાના ગુરુદેવનો તિરસ્કાર કર્યો. સાચે જ મારું આ કૃત્ય ઘણું જ નિંદનીય છે. (૧૧) ભલા, કયો વિવેકી મનુષ્ય આ સ્વર્ગીય રાજલક્ષ્મીને મેળવવાની ઇચ્છા કરશે? જુઓ તો ખરા, આજે એણે જ મને - દેવરાજને પણ અસુરોના જેવા રજોગુણી ભાવથી ભરી દીધો! (૧૨) જે લોકો એવું કહે છે કે સાર્વભૌમ રાજ્યસિંહાસન પર બેઠેલા સમ્રાટે કોઈનું પણ આગમન થતાં રાજ્યસિંહાસન પરથી ઊભા ન થવું જોઈએ તેઓ ધર્મના વાસ્તવિક સ્વરૂપને જાણતા નથી. (૧૩) આવો ઉપદેશ કરનારાઓ કુમાર્ગ તરફ જ લઈ જાય છે. તેઓ સ્વયં ઘોર નરકમાં પડે છે અને તેમની વાતનો જે લોકો વિશ્વાસ કરે છે તેઓ પથ્થરની નાવની જેમ ડૂબી જાય છે. (૧૪) મારા ગુરુદેવ બૃહસ્પતિજી તો જ્ઞાનના અગાધ સમુદ્ર છે. મેં ભારે દુષ્ટતા આચરી છે. હવે હું તેમનાં ચરણોમાં મસ્તક ટેકવીને તેમને પ્રસન્ન કરીશ.'' (૧૫)

(હે પરીક્ષિત!) દેવરાજ ઇન્દ્ર આ પ્રમાણે વિચારી રહ્યા હતા ત્યારે જ ભગવાન બૃહસ્પતિજી પોતાના ઘરમાંથી બહાર નીકળીને, યોગબળથી અંતર્ધાન થઈ ગયા. (૧૬) દેવરાજ ઇન્દ્રે પોતાના ગુરુદેવને ઘણા શોધ્યા, પરંતુ તેમનો ક્યાંય પત્તો લાગ્યો નહીં. ત્યારે તેઓ ગુરુદેવ વિના પોતે સુરક્ષિત નથી એમ સમજીને દેવોની સાથે (મળીને) પોતાની બુદ્ધિ અનુસાર સ્વર્ગના રક્ષણનો ઉપાય વિચારવા લાગ્યા, પરંતુ તેઓ કશું પણ વિચારી શક્યા નહીં. તેમના ચિત્તને શાંતિ મળી નહીં. (૧૭) (પછી તો) દૈત્યોને પણ દેવગુરુ બૃહસ્પતિજી અને દેવરાજ ઇન્દ્ર વચ્ચેના વિસંવાદની જાણ થઈ ગઈ. ત્યારે તે મદોન્મત્ત અને આતતાયી અસુરોએ પોતાના ગુરુ શુક્રાચાર્યના આદેશ મુજબ દેવો પર વિજય મેળવવા માટે આક્રમણ કર્યું. (૧૮) તેમણે દેવો પર એટલાં તીક્ષ્ણ બાણોનો વરસાદ વરસાવ્યો કે તેમનાં માથાં, જાંઘ, હાથ વગેરે અંગો વિચ્છિન્ન થઈને પડવા લાગ્યાં. ત્યારે ઇન્દ્રની સાથે બધા જ દેવો શિર નમાવીને બ્રહ્માજીના શરણે ગયા. (૧૯) સ્વયંભૂ અને સમર્થ બ્રહ્માજીએ જોયું કે દેવોની તો ખરેખર ભારે દુર્દશા થઈ રહી છે; અને તેથી તેમનું હૃદય અત્યંત કરુણાથી ભરાઈ ગયું. તેઓ દેવતાઓને સાંત્વના આપતાં કહેવા

લાગ્યા. (૨૦)

બ્રહ્માજીએ કહ્યું – હે દેવતાઓ! આ ઘણા દુઃખની વાત છે. સાચે જ તમે લોકોએ બહુ અનુચિત કામ કર્યું છે. હરિ! હરિ! તમે ઐશ્વર્યના મદથી આંધળા થઈને બ્રહ્મજ્ઞાની, વેદવેત્તા અને સંયમી બ્રાહ્મણ (ગુરુ)નો સત્કાર કર્યો નહીં! (૨૧) દેવતાઓ! તમારી તે જ અનીતિનું આ ફળ છે કે સમૃદ્ધિશાળી હોવા છતાં પણ આજે તમારે પોતાના નિર્બળ શત્રુઓ સામે નીચું જોવું પડ્યું છે. (૨૨) (હે ઇન્દ્ર!) જુઓ, તમારા શત્રુઓ પણ પહેલાં તેમણે પોતાના ગુરુ શુક્રાચાર્યજીનો તિરસ્કાર કર્યો હતો એ કારણે અત્યંત નિર્બળ થઈ ગયા હતા, પરંતુ હવે તેમની ભક્તિભાવપૂર્વક આરાધના કરીને તેઓ ફરીથી ધન-જનથી શક્તિશાળી થઈ ગયા છે. હે દેવો! મને તો એવું જણાઈ રહ્યું છે કે શુક્રાચાર્યજીને પોતાના આરાધ્યદેવ માનતા એ દૈત્યો થોડા દિવસોમાં મારો બ્રહ્મલોક પણ પડાવી લેશે. (૨૩) શુક્રાચાર્યજીએ એમને અર્થશાસ્ત્રનું સંપૂર્ણ શિક્ષણ આપેલું છે. એ જે કંઈ કરવા ઇચ્છે છે તેનો ભેદ તમે પામી શકતા નથી. તેમની સલાહમંત્રણા ઘણી ગુપ્ત હોય છે. આવી સ્થિતિમાં તેઓ સ્વર્ગને તો ગણતા જ નથી. તેઓ તો ઇચ્છે તે લોકને જીતી શકે છે. એ સાચું છે કે જે રાજાઓ બ્રાહ્મણો, ગોવિંદ અને ગાયોને પોતાનું સર્વસ્વ માને છે અને જેમના પર તેમની કૃપા રહે છે તેમનું ક્યારેય અમંગળ થતું નથી. (૨૪) તેથી, તમે બધા અત્યારે સત્વરે ત્વષ્ટાના પુત્ર વિશ્વરૂપ પાસે જાઓ અને તેમની સેવા કરો. તેઓ સાચા બ્રાહ્મણ, તપસ્વી અને સંયમી છે. જો તમે તેમના અસુરો પ્રત્યેના પ્રેમને ક્ષમા કરી શકશો અને તેમનું સમ્માન કરશો તો તેઓ તમારું કામ બનાવી દેશે. (૨૫)

શ્રીશુકદેવજી કહે છે – હે રાજન્! જ્યારે બ્રહ્માજીએ દેવોને આ પ્રમાણે કહ્યું ત્યારે તેમની ચિંતા દૂર થઈ ગઈ. (પછી) તેઓ ત્વષ્ટાના પુત્ર ઋષિ વિશ્વરૂપ પાસે ગયા અને તેમને ભેટીને આ પ્રમાણે કહેવા લાગ્યા. (૨૬)

દેવોએ કહ્યું – હે તાત! તમારું કલ્યાણ થાઓ. અમે તમારા આશ્રમમાં અતિથિ તરીકે આવ્યા છીએ. અમે એક રીતે તમારા વડીલ છીએ, તેથી તમે અમારી સમયોચિત અભિલાષા પૂરી કરો. (૨૭) જેમને સંતાન થઈ ગયાં હોય તેવા સત્પુત્રોનો પણ સૌથી મોટો ધર્મ એ જ છે કે તેઓ પોતાના પિતાની અને અન્ય વડીલોની સેવા કરે; તો પછી જેઓ બ્રહ્મચારી છે તેમની બાબતમાં તો કહેવાનું જ શું હોય? (૨૮) હે વત્સ! આચાર્ય વેદની, પિતા બ્રહ્માજીની, ભાઈ ઇન્દ્રની અને માતા પૃથ્વીની સાક્ષાત્ મૂર્તિ હોય છે; (૨૯) (એ જ પ્રમાણે) બહેન દયાની, અતિથિ ધર્મની, અભ્યાગત અગ્નિની અને જગતના બધાં પ્રાણીઓ પોતાના આત્માની જ મૂર્તિ અર્થાત્ આત્મસ્વરૂપ હોય છે. (૩૦) હે પુત્ર! અમે તમારા વડીલ છીએ. અત્યારે શત્રુઓએ અમને જીતી લીધા છે. અમે ઘણા દુઃખી થઈ રહ્યા છીએ. તમે પોતાના તપોબળથી આ દુઃખ, દારિદ્ર્ય અને પરાજયને દૂર કરી દો. પુત્ર! તમારે અમારી આજ્ઞાનું પાલન કરવું જોઈએ. (૩૧) તમે બ્રહ્મનિષ્ઠ બ્રાહ્મણ છો, તેથી જન્મથી જ તમે અમારા ગુરુ છો. અમે તમારી આચાર્યરૂપે વરણી કરીને તમારી શક્તિથી શત્રુઓ પર અનાયાસ જ વિજય મેળવી લઈશું. (૩૨) પુત્ર! જરૂર પડ્યે પોતાનાથી ઉંમરમાં નાના હોય તેમને પણ નમન કરવું એ નિંદનીય નથી. અવસ્થાને લીધે કોઈ મોટું નથી, આપને વેદોનું જ્ઞાન છે, તેથી આપ જ મોટા છો. (૩૩)

શ્રીશુકદેવજી કહે છે – (હે પરીક્ષિત) જ્યારે દેવોએ આ પ્રમાણે (પોતાનું) પુરોહિતપણું કરવા માટે વિશ્વરૂપને પ્રાર્થના કરી ત્યારે પ્રસન્ન થયેલા પરમ તપસ્વી વિશ્વરૂપે તેમને અત્યંત પ્રિય અને મધુર વાણીમાં કહ્યું. (૩૪)

વિશ્વરૂપે કહ્યું – પુરોહિતપદનું કામ બ્રહ્મતેજને ક્ષીણ કરે છે, તેથી ધર્મશીલ મહાત્માઓએ તેની નિંદા કરી છે. પરંતુ (હે દેવો!) તમે મારા સ્વામી છો અને પોતે લોકના ઈશ્વરો હોવા છતાં પણ મને તેના માટે પ્રાર્થના કરી રહ્યા છો. આવી સ્થિતિમાં મારા જેવી વ્યક્તિ ભલા, તેનો અનાદર કેવી રીતે કરી શકે? હું તો તમારો સેવક છું. તમારી આજ્ઞાઓનું પાલન કરવું એ જ મારો ધર્મ છે. (૩૫) હે દેવો! અમે તો અકિંચન છીએ. ખેતીની ફસલ લેવાઈ ગયા પછી અથવા અનાજની દુકાન ઉઠાવી લેવાયા પછી ત્યાં પડી રહેલા દાણા વીણી લાવીએ છીએ અને તેનાથી જ દેવોનું તથા પિતૃઓનું કાર્ય સંપન્ન કરી લઈએ છીએ. હે લોકપાલો! આ પ્રમાણે મારો નિર્વાહ થઈ જ રહ્યો છે, તો હું પુરોહિતપણાની નિંદનીય વૃત્તિ શા માટે કરું? એનાથી તો માત્ર તે લોકો જ પ્રસન્ન થાય છે કે જેમની બુદ્ધિ ભ્રષ્ટ થઈ ગઈ હોય. (૩૬) જે કામ તમે બધા મારી પાસે કરાવવા માગો છો તે નિંદનીય છે - છતાં પણ હું તમારું કામ કરવાની ના કહી શકતો નથી; કારણ કે તમારી પ્રાર્થના (માગણી) કેટલી સ્વલ્પ છે! તેથી તમારી પ્રાર્થના પ્રમાણેનું સર્વ કાંઈ હું સંપત્તિ અને પ્રાણ થકી સિદ્ધ કરીશ. (૩૭)

શ્રીશુકદેવજી કહે છે – (હે પરીક્ષિત!) વિશ્વરૂપ મહાન તપસ્વી હતા. દેવો સમક્ષ આવી પ્રતિજ્ઞા (સંકલ્પ) કરીને, તેમની વરણી કરવાથી તેઓ પરમ સમાધિપૂર્વક (અર્થાત્ પૂરેપૂરી લગનથી) તેમનું પુરોહિતપણું કરવા લાગ્યા. (૩૮) જોકે શુક્રાચાર્યજીએ પોતાના નીતિબળથી અસુરોની સંપત્તિ સુરક્ષિત કરી દીધેલી હતી તોપણ સમર્થ વિશ્વરૂપે વૈષ્ણવી વિદ્યાના પ્રભાવથી તેમની પાસેથી તે સંપત્તિ પડાવી લઈને દેવરાજ ઈન્દ્રને અપાવી દીધી. (૩૯) (હે રાજન્!) જે વિદ્યાથી સુરક્ષિત થઈને ઈન્દ્રે અસુરોની સેના પર વિજય મેળવ્યો હતો તેનો ઉપદેશ તેમને ઉદારબુદ્ધિ વિશ્વરૂપે જ કર્યો હતો. (૪૦)

★ ★ ★ ★

આઠમો અધ્યાય

નારાયણ-કવચનો ઉપદેશ

રાજા પરીક્ષિતે પૂછ્યું – (હે ભગવન્!) દેવરાજ ઈન્દ્રે જેનાથી સુરક્ષિત થઈને શત્રુઓની ચતુરંગી સેનાને અનાયાસે જ જીતીને ત્રણે લોકની રાજલક્ષ્મીનો ઉપભોગ કર્યો તે **નારાયણકવચ** તમે મને કહી સંભળાવો અને એ પણ બતાવો કે તેમણે તેનાથી સુરક્ષિત થઈને યુદ્ધભૂમિમાં આક્રમણકારી શત્રુઓ પર કેવી રીતે વિજય મેળવ્યો. (૧-૨)

શુકદેવજીએ કહ્યું – (હે પરીક્ષિત!) જ્યારે દેવોએ વિશ્વરૂપને (પોતાના) પુરોહિત બનાવ્યા ત્યારે દેવરાજ ઈન્દ્રના પૂછવાથી વિશ્વરૂપે તેમને નારાયણકવચનો ઉપદેશ કર્યો. તમે તે એકાગ્રચિત્તે સાંભળો. (૩)

વિશ્વરૂપે (ઉપદેશ કરતાં) કહ્યું – હે દેવરાજ ઈન્દ્ર! ભયનો પ્રસંગ આવી પડતાં નારાયણકવચ ધારણ કરીને પોતાના શરીરનું

રક્ષણ કરવું જોઈએ. તેની વિધિ છે – સૌપ્રથમ હાથપગ ધોઈને આચમન કરવું, પછી હાથમાં દર્ભની પવિત્રી પહેરીને ઉત્તરાભિમુખ બેસવું. ત્યારપછી કવચ ધારણ કરતાં સુધી મૌન રાખવાનો નિશ્ચય કરીને પવિત્રતાપૂર્વક **'ॐ नमो नारायणाय'** અને **'ॐ नमो भगवते वासुदेवाय'** – આ મંત્રો વડે હૃદય વગેરેમાં અંગ-ન્યાસ તથા અઙ્ગુષ્ઠાદિ કર-ન્યાસ કરવો. પહેલાં **'ॐ नमो नारायणाय'** – આ આઠ અક્ષરના મંત્રના 'ॐ' વગેરે આઠ અક્ષરોનો ક્રમશઃ પગ, ઘૂંટણ, જાંઘ, પેટ, હૃદય, વક્ષઃસ્થળ, મુખ અને શિરમાં ન્યાસ કરવો; અથવા આ જ મંત્રના (છેલ્લા અક્ષર) 'ય'કારથી શરૂ કરી 'ॐ'કાર સુધીના આઠ અક્ષરોનો શિરથી શરૂ કરીને તે જ આઠ અંગોમાં ઊલટા ક્રમે ન્યાસ કરવો. (૪-૬)

ત્યારપછી **'ॐ नमो भगवते वासुदेवाय'** – આ દ્વાદશાક્ષરી મંત્રના 'ॐ' વગેરે બાર અક્ષરોનો જમણી તર્જનીથી ડાબી તર્જની સુધીની બંને હાથની આઠ આંગળીઓમાં અને (હાથના) બંને અંગૂઠાઓના બંને વેઢાઓમાં ન્યાસ કરવો. (૭) એ પછી **'ॐ विष्णवे नमः'** – આ મંત્રના પહેલા અક્ષર 'ॐ'નો હૃદયમાં, 'વિ'નો બ્રહ્મરંધ્રમાં, 'ષ્'નો ભવાંની મધ્યમાં, 'ણ'નો ચોટલી (શિખા)માં, 'વે'નો બંને આંખોમાં અને 'ન'નો શરીરની બધી સંધિઓમાં ન્યાસ કરવો. ત્યારપછી **'ॐ मः अस्त्राय फट्'** કહીને દિગ્બંધ કરવો. આ પ્રમાણે ન્યાસ કરવાથી આ વિધિને જાણનારો મનુષ્ય મંત્રસ્વરૂપ થઈ જાય છે. (૮-૧૦)

એ પછી સમગ્ર ઐશ્વર્ય, ધર્મ, યશ, લક્ષ્મી, જ્ઞાન અને વૈરાગ્યથી પરિપૂર્ણ ઇષ્ટદેવનું ધ્યાન ધરવું અને પોતે પણ તદ્રૂપ થઈ જવું. ત્યારપછી વિદ્યા, તેજ અને તપ-સ્વરૂપ આ કવચનો પાઠ કરવો – (૧૧)

"ભગવાન શ્રીહરિએ ગરુડજીની પીઠ પર પોતાનાં ચરણકમળ રાખેલાં છે. અણિમા વગેરે આઠે સિદ્ધિઓ તેમની સેવા કરી રહી છે. આઠ હાથોમાં શંખ, ચક્ર, ઢાલ, તલવાર, ગદા, બાણ, ધનુષ્ય અને પાશ ધારણ કરેલાં છે. તે જ ૐકારસ્વરૂપ પ્રભુ બધા પ્રકારે, બધી બાજુએથી મારું રક્ષણ કરે. (૧૨) મત્સ્ય-મૂર્તિ ભગવાન પાણીમાં જળજંતુઓમાંથી અને વરુણના પાશમાંથી મારું રક્ષણ કરે. માયાથી બ્રહ્મચારીનું રૂપ ધારણ કરનારા વામન ભગવાન પૃથ્વી પર અને વિશ્વરૂપ ત્રિવિક્રમ ભગવાન આકાશમાં મારું રક્ષણ કરે. (૧૩) જેમના ભયાનક અટ્ટહાસ્યથી બધી દિશાઓ ગૂંજી ઊઠી હતી અને દૈત્યોની ગર્ભવતી પત્નીઓના ગર્ભ પડી ગયા હતા તે, દૈત્ય-યૂથપતિઓના શત્રુ નરસિંહ ભગવાન કિલ્લા, જંગલ, રણભૂમિ વગેરે વિકટ સ્થાનોમાં મારું રક્ષણ કરે. (૧૪)

પોતાની દાઢો (દંતશૂળો) પર પૃથ્વીને ધારણ કરનારા યજ્ઞમૂર્તિ વરાહ ભગવાન માર્ગમાં, પરશુરામજી પર્વતોના શિખરો પર અને લક્ષ્મણજી સહિત ભરતજીના મોટા ભાઈ શ્રીરામચંદ્ર ભગવાન પ્રવાસના સમયે મારું રક્ષણ કરે. (૧૫)

નારાયણ ભગવાન મારણ-મોહન વગેરે ભયંકર અવિચારોમાંથી અને તમામ પ્રકારના પ્રમાદોમાંથી (સર્વ પ્રકારની આકસ્મિક દુર્ઘટનાઓથી) મારું રક્ષણ કરે. ઋષિશ્રેષ્ઠ નર ગર્વમાંથી, યોગેશ્વર દત્તાત્રેય ભગવાન યોગનાં વિઘ્નોમાંથી અને ત્રણે ગુણોના અધિપતિ કપિલ ભગવાન કર્મનાં બંધનોમાંથી મારું રક્ષણ કરે. (૧૬) પરમ ઋષિ સનત્કુમાર કામદેવ તરફથી, હયગ્રીવ ભગવાન માર્ગમાં ચાલતી વખતે દેવમૂર્તિઓને નમસ્કાર વગેરે નહીં કરવાના

અપરાધમાંથી, દેવર્ષિ નારદજી સેવાના દોષો*માંથી અને કચ્છપ ભગવાન બધા પ્રકારનાં નરકોમાંથી મારું રક્ષણ કરે. (૧૭)

ધન્વંતરિ ભગવાન કુપથ્યમાંથી, જિતેન્દ્રિય ભગવાન ઋષભદેવજી સુખદુઃખ તથા ભયપ્રદ દ્વંદ્વોમાંથી, યજ્ઞ ભગવાન લોકનિંદામાંથી, શ્રીબળરામજી મનુષ્યનિર્મિત આપત્તિઓમાંથી અને શ્રીશેષજી ક્રોધવશ નામના સર્પોથી મારું રક્ષણ કરે. (૧૮) ભગવાન શ્રીકૃષ્ણદ્વૈપાયન વ્યાસ અજ્ઞાનમાંથી તથા શ્રીબુદ્ધદેવ પાખંડીઓ તરફથી અને પ્રમાદમાંથી મારું રક્ષણ કરે. ધર્મના રક્ષણ માટે મહાન અવતાર ધારણ કરનારા કલ્કિ ભગવાન પાપપ્રધાન કળિકાળના દોષોમાંથી મારું રક્ષણ કરે. (૧૯) પ્રાતઃકાળે કેશવ ભગવાન પોતાની ગદા લઈને, પોતાની વાંસળી લઈને ગાયો ચરાવવા જતા શ્રી ગોવિંદ ભગવાન પોતાની તીક્ષ્ણ શક્તિ સાથે નારાયણ ભગવાન પૂર્વાહ્ણમાં (બપોર પહેલાં) અને વિષ્ણુ ભગવાન ચક્રરાજ સુદર્શન લઈને મધ્યાહ્નમાં મારું રક્ષણ કરે. (૨૦) મધુસૂદન ભગવાન પોતાનું પ્રચંડ ધનુષ્ય લઈને અપરાહ્ણમાં (ત્રીજા પહોરમાં) મારું રક્ષણ કરે. બ્રહ્મા વગેરે ત્રિમૂર્તિધારી માધવ સાયંકાળે, હૃષીકેશ ભગવાન સૂર્યાસ્ત પછીના સમયે અને પદ્મનાભ ભગવાન એકલા મધ્યરાત્રિ પહેલાં તથા મધ્યરાત્રિના સમયે મારું રક્ષણ કરે. (૨૧) શ્રીવત્સલાંછન શ્રીહરિ રાત્રિના પાછલા પહોરમાં, ખડ્‌ગધારી જનાર્દન ભગવાન ઉષાકાળે, શ્રીદામોદર ભગવાન સૂર્યોદય પહેલાંના સમયે અને કાળમૂર્તિ વિશ્વેશ્વર ભગવાન સમસ્ત સંધ્યાઓ વેળાએ મારું રક્ષણ કરે. (૨૨)

હે સુદર્શન! તમારો આકાર ચક્ર જેવો છે. તમારી કિનારીનો ભાગ પ્રલયવેળાના અગ્નિ જેવો અત્યંત તીક્ષ્ણ છે. તમે ભગવાનની પ્રેરણાથી બધી બાજુએ વિચરતા રહો છો. જેમ આગ વાયુની મદદથી સૂકાં ઘાસપાંદડાંને બાળી નાખે છે તેવી જ રીતે તમે અમારા શત્રુની સેનાને જલદીમાં જલદી બાળી નાખો, બાળી નાખો. (૨૩)

હે કૌમોદકી ગદા! તમારામાંથી છૂટતા તણખાઓનો સ્પર્શ વજ્રના જેવો અસહ્ય છે. તમે ભગવાન અજિતની પ્રિયા છો અને હું તેમનો સેવક છું; તેથી તમે કૂષ્માંડ, વિનાયક, યક્ષ,

---

* સેવાના દોષો બત્રીસ પ્રકારના માનવામાં આવ્યા છે – (૧) સવારી પર આરૂઢ થઈને અથવા પગોમાં પગરખાં પહેરીને શ્રીભગવાનના મંદિરમાં જવું. (૨) રથયાત્રા, જન્માષ્ટમી વગેરે ઉત્સવો નહીં ઊજવવા અથવા તેમનાં દર્શન નહીં કરવાં. (૩) શ્રીમૂર્તિનાં દર્શન કરીને પ્રણામ નહીં કરવા. (૪) અપવિત્ર (અશૌચ) અવસ્થામાં દર્શન કરવાં. (૫) એક (જ) હાથે પ્રણામ કરવા. (૬) પરિક્રમા કરતી વખતે ભગવાનની સમ્મુખ આવતાં થોડુંક નહીં રોકાતાં ફરી પાછી પરિક્રમા કરવી અથવા માત્ર (ભગવાનની) સમ્મુખ જ પરિક્રમા કર્યા કરવી. (૭) ભગવાનના શ્રીવિગ્રહની સામે પગ પહોળા કરીને બેસવું. (૮) ભગવાનના શ્રીવિગ્રહની સામે બંને ઢીંચણ ઊંચા રાખીને તેમને હાથ વીંટાળીને બેસવું. (૯) ભગવાનના શ્રીવિગ્રહની સામે સૂવું. (૧૦) ભગવાનના શ્રીવિગ્રહની સામે ભોજન કરવું. (૧૧) ભગવાનના શ્રીવિગ્રહની સામે જૂઠું બોલવું. (૧૨) ભગવાનના શ્રીવિગ્રહની સામે મોટેથી બોલવું. (૧૩) ભગવાનના શ્રીવિગ્રહની સામે અંદરોઅંદર વાતો કરવી. (૧૪) ભગવાનના શ્રીવિગ્રહની સામે ચીસો પાડવી. (૧૫) ભગવાનના શ્રીવિગ્રહની સામે ઝઘડો કરવો. (૧૬) ભગવાનના શ્રીવિગ્રહની સામે કોઈને કષ્ટ આપવું. (૧૭) ભગવાનના શ્રીવિગ્રહની સામે કોઈના પર દયા દેખાડવી. (૧૮) ભગવાનના શ્રીવિગ્રહની સામે કોઈને નિર્દય વચનો કહેવાં. (૧૯) ભગવાનના શ્રીવિગ્રહની સામે કાંબળથી આખું શરીર ઢાંકી દેવું. (૨૦) ભગવાનના શ્રીવિગ્રહની સામે બીજાની નિંદા કરવી. (૨૧) ભગવાનના શ્રીવિગ્રહની સામે બીજાની સ્તુતિ (પ્રશંસા) કરવી. (૨૨) ભગવાનના શ્રીવિગ્રહની સામે અશ્લીલ શબ્દો બોલવા. (૨૩) ભગવાનના શ્રીવિગ્રહની સામે અધોવાયુ છોડવો (વાછૂટ કરવી). (૨૪) શક્તિસંપન્નતા હોવા છતાં પણ ભગવાનની સેવાપૂજા ગૌણ એટલે કે સામાન્ય ઉપચારોથી કરવી. (૨૫) ભગવાનને ધરાવ્યા વિના જ કોઈ વસ્તુ ખાવી કે પીવી. (૨૬) જે ઋતુનું જે ફળ હોય તે સૌથી પહેલાં ભગવાનને ન ચઢાવવું. (૨૭) કોઈ શાક કે ફળ વગેરે તેના આગળના ભાગને તોડીને ભગવાનની વાનગીઓ માટે આપવું. (૨૮) ભગવાનના શ્રીવિગ્રહને પીઠ ટેકવીને બેસવું. (૨૯) ભગવાનના શ્રીવિગ્રહની સામે કોઈને પણ પ્રણામ કરવા. (૩૦) ગુરુદેવની અભ્યર્થના, કુશળ-પૃચ્છા અને તેમનું સ્તવન ન કરવું. (૩૧) પોતાના મુખે પોતાની પ્રશંસા કરવી અને (૩૨) કોઈ પણ દેવની નિંદા કરવી.

રાક્ષસ, ભૂત, પ્રેત વગેરે ગ્રહોને અત્યારે જ કચડી નાખો, કચડી નાખો તથા મારા શત્રુઓના ચૂરેચૂરા કરી નાખો. (૨૪) હે શંખશ્રેષ્ઠ! તમે ભગવાન શ્રીકૃષ્ણ વડે કરાયેલા ભયંકર (શંખનાદથી) ઘોષથી મારા શત્રુઓનાં હૈયાં થથરાવી દો તથા યાતુધાન, પ્રમથ, પ્રેત, માતૃકા, પિશાચ, બ્રહ્મરાક્ષસ વગેરે ભયાનક પ્રાણીઓને અહીંથી તરત જ ભગાડી મૂકો. (૨૫) ભગવાનની પ્રિય હે તલવાર! તમારી ધાર અત્યંત તીક્ષ્ણ છે. તમે ભગવાનની પ્રેરણાથી મારા શત્રુઓને છેદી નાખો, છિન્નભિન્ન કરી નાખો. ભગવાનની પ્રિય હે ઢાલ! તમારાં સેંકડો ચંદ્રાકાર મંડળ છે. તમે પાપી નજરવાળા પાપી આત્માવાળા મારા શત્રુઓની આંખોને આચ્છાદિત કરી દો. (૨૬)

સૂર્ય વગેરે ગ્રહો, ધૂમકેતુ (પૂંછડિયા તારા) વગેરે કેતુઓ, દુષ્ટ મનુષ્યો, સાપ વગેરે પેટે ચાલનારાં જીવજંતુઓ, દાઢોવાળાં હિંસક પશુઓ તેમ જ ભૂત-પ્રેત વગેરેના તથા પાપી પ્રાણીઓથી અમને જે જે ભય છે અને જેઓ જેઓ અમારા કલ્યાણમાં બાધારૂપ છે – તે બધાં જ ભગવાનનાં નામ, રૂપ અને આયુધોનું કીર્તન કરવાથી તત્કાળ નાશ પામે. (૨૭-૨૮) બૃહદ, રથંતર વગેરે સામવેદીય સ્તોત્રોથી જેમની સ્તુતિ કરવામાં આવે છે તે વેદમૂર્તિ ભગવાન ગરુડ અને વિષ્વક્સેનજી પોતાના નામોચ્ચારના પ્રભાવથી અમારું બધા પ્રકારની આપત્તિઓમાંથી રક્ષણ કરે. (૨૯) શ્રીહરિનાં નામ, રૂપ, વાહન, આયુધો અને એમના શ્રેષ્ઠ પાર્ષદો અમારી બુદ્ધિ, ઇન્દ્રિયો, મન અને પ્રાણનું બધા પ્રકારની આપત્તિઓમાંથી રક્ષણ કરે. (૩૦)

'જેટલાં પણ કાર્યો છે અથવા કારણરૂપ જગત છે તે (સર્વ) વાસ્તવમાં ભગવાન જ છે' – આ સત્યના પ્રભાવે અમારા તમામ ઉપદ્રવોનો નાશ થઈ જાય. (૩૧) જે લોકોએ બ્રહ્મ અને આત્માના ઐક્યનો અનુભવ કરી લીધો છે તેમની દૃષ્ટિમાં ભગવાનનું સ્વરૂપ સમસ્ત વિકલ્પો-ભેદો વિનાનું છે; અને છતાંય તેઓ પોતાની માયાશક્તિ વડે ભૂષણ, આયુધ અને રૂપ નામની શક્તિઓ ધારણ કરે છે, આ વાત નિશ્ચિતપણે સાચી છે. આ કારણે સર્વજ્ઞ, સર્વવ્યાપક ભગવાન શ્રીહરિ સદૈવ સર્વત્ર બધાં સ્વરૂપોથી અમારું રક્ષણ કરે. (૩૨-૩૩)

જેઓ પોતાના ભયંકર અટ્ટહાસ્યથી બધા લોકોના ભયને ભગાડી મૂકે છે અને પોતાના તેજથી બધાંના તેજને ગ્રસી લે છે તે ભગવાન નરસિંહ દિશા-વિદિશાઓમાં નીચે અને ઉપર, બહાર અને અંદર – બધી બાજુએ અમારું રક્ષણ કરે.'' (૩૪)

હે દેવરાજ ઇન્દ્ર! મેં તમને આ નારાયણકવચ કહી સંભળાવ્યું. આ કવચથી તમે પોતાને સુરક્ષિત કરી લો. પછી તમે અનાયાસે જ બધા દૈત્ય-યૂથપતિઓને જીતી લેશો. (૩૫) આ નારાયણકવચ ધારણ કરનારો મનુષ્ય જેને પણ પોતાનાં નેત્રોથી જુએ છે અથવા પગથી સ્પર્શ કરે છે તે તરત જ બધા ભયોમાંથી મુક્ત થઈ જાય છે. (૩૬) જે મનુષ્ય આ વૈષ્ણવી વિદ્યાને ધારણ કરી લે છે તેને રાજા, લુટારા, પ્રેત-પિશાચ વગેરે તથા વાઘ વગેરે હિંસક જાનવરો તરફથી ક્યારેય કોઈ પણ પ્રકારનો ભય રહેતો નથી. (૩૭) હે દેવરાજ! પ્રાચીન કાળમાં એક કૌશિક બ્રાહ્મણે આ વિદ્યા ધારણ કરીને રણપ્રદેશમાં યોગધારણાપૂર્વક પોતાનો દેહત્યાગ કર્યો હતો. (૩૮) તે બ્રાહ્મણનો દેહ જ્યાં પડ્યો હતો તે સ્થળ ઉપરથી ગંધર્વરાજ ચિત્રરથ એક દિવસ પોતાની પત્નીઓ સાથે વિમાનમાં બેસીને જતા હતા. (૩૯) તેઓ તે સ્થળે આવતાં જ ઊંધા

માથે આકાશમાંથી વિમાન સહિત પૃથ્વી પર પટકાઈ પડ્યા. આ ઘટના બનતાં તેમને ભારે આશ્ચર્ય થયું. જ્યારે તેમને વાલખિલ્ય મુનિઓએ બતાવ્યું કે નારાયણકવચ ધારણ કરવાનો જ આ પ્રભાવ છે, ત્યારે તેમણે તે બ્રાહ્મણદેવતાનાં અસ્થિ લઈ જઈને પૂર્વે વહેતી સરસ્વતી નદીના પ્રવાહમાં વહાવી દીધાં અને પછી તેઓ સ્નાન કરીને પોતાના લોકમાં સિધાવી ગયા. (૪૦)

શ્રીશુકદેવજી કહે છે – (હે પરીક્ષિત!) જે મનુષ્ય આ નારાયણકવચ (યોગ્ય) સમયે સાંભળે છે અને જે એને આદરપૂર્વક ધારણ કરે છે તેની આગળ બધાં જ ભૂતપ્રાણીઓ આદરથી નમી પડે છે અને તે બધા પ્રકારના ભયમાંથી મુક્ત થઈ જાય છે. (૪૧) શતક્રતુ ઇન્દ્રે આચાર્ય વિશ્વરૂપજી પાસેથી આ વૈષ્ણવી વિદ્યા મેળવીને યુદ્ધભૂમિમાં અસુરોને જીતી લીધા અને તેઓ ત્રણ લોકના ઐશ્વર્યનો ઉપભોગ કરવા લાગ્યા. (૪૨)

★ ★ ★ ★

નવમો અધ્યાય

વિશ્વરૂપનો વધ, વૃત્રાસુર થકી દેવોનો પરાજય, દેવોએ કરેલી ભગવાનની સ્તુતિ અને ભગવાનની પ્રેરણાથી દેવોનું દધીચિ ઋષિ પાસે જવું

શ્રીશુકદેવજી કહે છે – પરીક્ષિત! અમે સાંભળ્યું છે કે વિશ્વરૂપને ત્રણ શિર હતાં. તેઓ એક મુખેથી સોમરસ તથા બીજા મુખેથી સુરા (મદ્ય) પીતા હતા અને ત્રીજા મુખેથી અન્ન આરોગતા હતા. (૧) તેમના પિતા ત્વષ્ટા વગેરે બાર આદિત્યદેવો હતા, તેથી તેઓ (વિશ્વરૂપજી) યજ્ઞ સમયે પ્રત્યક્ષપણે મોટા સ્વરે ઉચ્ચારણ કરીને અત્યંત વિનયપૂર્વક દેવતાઓને આહુતિ આપતા હતા; (૨) અને એ સાથે જ ગુપ્ત રીતે અસુરોને પણ આહુતિ આપતા રહેતા હતા. તેમની માતા અસુરકુળની હતી, તેથી જ તેઓ માતૃપ્રેમને વશ વર્તીને યજ્ઞ કરતી વખતે આ પ્રમાણે અસુરોને યજ્ઞભાગ પહોંચાડતા રહેતા હતા. (૩) દેવરાજ ઇન્દ્રે જોયું કે આ પ્રમાણે તેઓ દેવોનો અપરાધ અને ધર્મના બહાને અસત્ય આચરણ (કપટ) કરી રહ્યા છે. આનાથી ઇન્દ્રને ડર લાગ્યો અને ક્રોધે ભરાઈને તેમણે ખૂબ જ ત્વરાથી તેમનાં ત્રણે શિર છેદી નાખ્યાં. (૪) વિશ્વરૂપનું સોમરસ પીનારું શિર ચાતક, મદ્યપાન કરનારું શિર ગોરૈયો અને અન્ન આરોગનારું મુખ તેતર બની ગયાં. (૫) ઇન્દ્રે ઇચ્છ્યું હોત તો તેઓ વિશ્વરૂપના વધથી લાગેલું હત્યાનું પાપ દૂર કરી શકત, પરંતુ તેમણે એમ કરવું યોગ્ય ન માન્યું, બલકે હાથ જોડીને તેનો (તે પાપ-ફળનો) સ્વીકાર કરી લીધો અને એક વર્ષ સુધી, તેમાંથી છૂટવાનો કોઈ ઉપાય કર્યો નહીં. ત્યારપછી બધા લોકોની સામે પોતાની શુદ્ધિ માટે તેમણે પોતાની બ્રહ્મહત્યાને ચાર ભાગમાં વહેંચીને પૃથ્વી, જળ, વૃક્ષો અને સ્ત્રીઓને આપી. (૬) પૃથ્વીએ ઇન્દ્રની બ્રહ્મહત્યાનો ચોથો ભાગ સ્વીકારી લીધો અને બદલામાં એવું વરદાન મેળવી લીધું કે જ્યાં ક્યાંય પણ ખાડો હોય તે (યોગ્ય) સમયે આપોઆપ પુરાઈ જશે. આ જ (પૃથ્વીએ સ્વીકારેલી) બ્રહ્મહત્યા ક્યાંક ક્યાંક ઊષર (ક્ષારયુક્ત ભૂમિ)ના રૂપમાં દેખાઈ આવે છે. (૭) બીજો ચતુર્થાંશ વૃક્ષોએ (સ્વીકારી) લીધો અને તેમણે એવું વરદાન મેળવ્યું કે તેમનો કોઈ ભાગ કપાઈ જાય તોપણ તે પાછો જોડાઈ જશે.

તેમનામાં અત્યારે પણ ગુંદરરૂપે બ્રહ્મહત્યા દેખાઈ આવે છે. (૮) સ્ત્રીઓએ તે બ્રહ્મહત્યાનો ત્રીજો ચતુર્થાંશ સ્વીકારી લીધો અને તેઓ સદૈવ પુરુષોનો સહવાસ કરી શકે એવું વરદાન મેળવ્યું. તેમની બ્રહ્મહત્યા દર મહિને રજરૂપે દેખાઈ આવે છે. (૯)

પાણીએ (જળ) બ્રહ્મહત્યાનો ચોથો ચતુર્થાંશ સ્વીકારી લીધો અને વરદાન મેળવી લીધું કે વપરાશ થવા છતાં પણ ઝરણું વગેરે રૂપે તેની વૃદ્ધિ થતી જ રહેશે. ફીણ, પરપોટા વગેરે રૂપે તે બ્રહ્મહત્યા દેખાઈ આવે છે; અને તેથી મનુષ્યો તેમને દૂર કરીને પાણી લેતા રહે છે. (૧૦)

વિશ્વરૂપજીના મૃત્યુ પછી તેમના પિતા ત્વષ્ટા 'હે ઇન્દ્રશત્રુ! તમારી અભિવૃદ્ધિ થાઓ અને જલદીમાં જલદી તમે શત્રુને મારી નાખો' – આ પ્રમાણે ઇન્દ્રનો શત્રુ પેદા કરવા માટે હવન કરવા લાગ્યા. (૧૧) યજ્ઞ સમાપ્ત થયા પછી અન્વાહાર્ય-પચન નામના અગ્નિ (દક્ષિણાગ્નિ)માંથી એક મોટો ભયાનક પુરુષ (દૈત્ય) પ્રગટ થયો. તે એવો દેખાતો હતો કે જાણે લોકોનો નાશ કરવા માટે પ્રલયકાલીન વિકરાળ કાળ જ ઉત્પન્ન થયો હોય. (૧૨) (હે પરીક્ષિત!) તે દરરોજ પોતાના શરીરની બધી બાજુએ એક બાણ જેટલો વધતો રહેતો હતો. તે બળેલા પહાડ જેવો કાળો અને ભારે શરીરવાળો હતો. તેના શરીરમાંથી સંધ્યાકાળનાં વાદળો જેવી આભા નીકળતી હતી. (૧૩) તેના માથાના વાળ અને દાઢીમૂછ તપેલા તાંબા જેવા લાલ રંગનાં હતાં તથા તેની આંખો મધ્યાહ્નના સૂર્ય જેવી ભડભડતી હતી. (૧૪) ચમકતી ત્રણ અણીઓવાળું ત્રિશૂળ લઈને જ્યારે તે નાચતો, બરાડતો અને કૂદતો હતો ત્યારે પૃથ્વી કંપી ઊઠતી હતી અને એવું લાગતું હતું કે તેણે તે ત્રિશૂળ પર અંતરિક્ષને ઉપાડી રાખેલું છે. (૧૫) તે વારંવાર બગાસાં ખાતો હતો, એનાથી ગુફા જેવું તેનું વિકરાળ મુખ જ્યારે ખૂલતું ત્યારે લાગતું હતું કે તે (જાણે) આખા આકાશને પી જશે, જીભથી બધાં નક્ષત્રોને ચાટી જશે અને પોતાની વિશાળ અને વિકરાળ દાઢોવાળા મોઢાથી ત્રણે લોકોને ગળી જશે. તેનું ભયાનક રૂપ જોઈને બધા લોકો ભયભીત થઈ ગયા અને આમ-તેમ ભાગવા લાગ્યા. (૧૬-૧૭)

(હે પરીક્ષિત!) ત્વષ્ટાના (આ) તમોગુણી પુત્રે બધા લોકને ઘેરી લીધા હતા, તેથી જ તે પાપી અને અત્યંત ક્રૂર પુરુષનું નામ વૃત્રાસુર પડ્યું. (૧૮) મોટા મોટા દેવો પોતપોતાના અનુયાયીઓ સહિત એકસામટા તેના પર તૂટી પડ્યા તથા પોતપોતાનાં દિવ્ય અસ્ત્રો-શસ્ત્રોથી પ્રહાર કરવા લાગ્યા; પરંતુ વૃત્રાસુર તેમનાં બધાં અસ્ત્રો-શસ્ત્રોને ગળી ગયો. (૧૯) ત્યારે તો દેવતાઓ અચંબામાં પડી ગયા, તેમનો પ્રભાવ ઓસરી ગયો. તે તમામ દીન-હીન અને ઉદાસ થઈ ગયા તથા પોતાના હૃદયમાં વિરાજમાન આદિપુરુષ ભગવાન નારાયણના, એકાગ્રચિત્ત થઈને, શરણે ગયા. (૨૦)

દેવો (ભગવાનને પ્રાર્થના કરતા) બોલ્યા – વાયુ, આકાશ, અગ્નિ, જળ અને પૃથ્વી – આ પાંચે ભૂતો, તેમનાથી બનેલા ત્રણે લોક, તેમના અધિપતિઓ બ્રહ્માજી વગેરે તથા અમે બધા દેવો જે કાળથી ભય પામીને તેને પૂજા-સામગ્રી અર્પણ કરતા રહીએ છીએ તે જ કાળ ભગવાનથી ભયભીત રહે છે, તેથી હવે (તો) ભગવાન જ અમારા રક્ષક છે. અમે તે ભગવાનની શરણે આવ્યા છીએ. (૨૧) હે પ્રભુ! તમારે માટે કશું નવું નથી તેથી કશું પણ જોઈને તમે વિસ્મિત થતા નથી. તમે પોતાના સ્વરૂપના સાક્ષાત્કારથી જ સર્વથા પૂર્ણકામ, સમ અને શાંત છો. આપના

સિવાય કોઈ અન્યનું શરણ લેનાર, કૂતરાની પૂંછડી પકડીને સમુદ્ર પાર કરવા ઇચ્છનાર જેવા મૂર્ખ છે. (૨૨) વૈવસ્વત મનુ કલ્પના અંતમાં જેમના વિશાળ શૃંગમાં પૃથ્વીરૂપી નૌકાને બાંધીને પ્રલયવેળાના સંકટમાંથી અનાયાસ જ ઊગરી ગયા હતા તે મત્સ્ય ભગવાન જ અમને - શરણાગત દેવોને, વૃત્રાસુરે ઊભા કરેલા દુસ્તર ભયમાંથી અવશ્ય ઉગારી લેશે. (૨૩) પ્રાચીનકાળમાં પ્રચંડ પવનનાં ઝાપટાંને લીધે ઊઠેલાં ઊંચાં ઊંચાં મોજાંઓની ગર્જનાને કારણે બ્રહ્માજી ભગવાન (શ્રીવિષ્ણુ)ના નાભિકમળમાંથી અત્યંત ભયાનક પ્રલયકાળના જળમાં પડી ગયા હતા અને જોકે પોતે લાચાર હતા તોપણ જેમની કૃપાથી તેઓ તે આફતમાંથી ઊગરી ગયા હતા તે જ ભગવાન અમને આ સંકટમાંથી પાર ઉતારે. (૨૪) તે જ શ્રીપ્રભુએ પોતે અદ્વિતીય હોવા છતાં પણ પોતાની માયાથી અમારી રચના કરી અને તેમની જ કૃપાથી અમે સૃષ્ટિ-રચનાનું સંચાલન કરીએ છીએ. જોકે તેઓ અમારી સામે જ બધા પ્રકારની ક્રિયાઓ કરે છે અને કરાવે છે તેમ છતાં 'અમે સ્વતંત્ર ઈશ્વર છીએ' એ પ્રમાણેના પોતાના અભિમાનને કારણે અમે તેમના સ્વરૂપને જાણી શકતા નથી. (૨૫) તે શ્રીપ્રભુ જ્યારે જુએ છે કે દેવો પોતાના શત્રુઓથી ઘણા દુઃખી થઈ રહ્યા છે ત્યારે તેઓ (પોતે) નિર્વિકાર હોવા છતાં પણ પોતાની માયાનો આશ્રય લઈને દેવ, ઋષિ, પશુપક્ષી, મનુષ્ય વગેરે યોનિઓમાં અવતાર લે છે તથા યુગે-યુગે અમને પોતાના સમજીને અમારું રક્ષણ કરે છે. (૨૬) તેઓ જ સર્વના આત્મા એ પરમ આરાધ્યદેવ છે. તેઓ જ પ્રકૃતિ અને પુરુષરૂપે વિશ્વનું કારણ છે. તેઓ વિશ્વથી અલગ પણ છે અને વિશ્વરૂપ પણ છે. અમે બધા તે જ શરણાગત-વત્સલ ભગવાન શ્રીહરિનું શરણ લઈએ છીએ. તે મહાન આત્મા શ્રીપ્રભુ પોતાના સ્વજનો એવા અમારું - દેવતાઓનું અવશ્ય કલ્યાણ કરશે. (૨૭)

શ્રીશુકદેવજી કહે છે – હે મહારાજ! દેવોએ જ્યારે ભગવાનની આ પ્રમાણે સ્તુતિ-પ્રાર્થના કરી ત્યારે શંખ-ચક્ર-ગદા-પદ્મધારી ભગવાન સ્વયં તેમની સામે અંતર્દેશમાં પ્રગટ થયા. (૨૮) ભગવાનનાં નેત્રો શરદઋતુવેળાનાં કમળ જેવાં વિકસેલાં હતાં. તેમની સાથે સોળ પાર્ષદો તેમની સેવામાં પ્રવૃત્ત હતા. તેઓ દેખાવે બધી રીતે ભગવાનના જેવા જ હતા; સિવાય કે તેમનાં વક્ષઃસ્થળ પર શ્રીવત્સલાંછન અને ગળામાં કૌસ્તુભમણિ ન હતાં. (૨૯) હે રાજન્! ભગવાનનાં દર્શન પામીને તે બધા દેવો આનંદથી વિહ્વળ થઈ ગયા. તે બધાએ ધરતી પર આળોટીને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા અને પછી ધીરે ધીરે ઊઠીને તેઓ ભગવાનની સ્તુતિ કરવા લાગ્યા. (૩૦)

દેવો (સ્તુતિ કરતા) બોલ્યા – હે ભગવન્! યજ્ઞમાં સ્વર્ગ વગેરે આપવાની શક્તિ અને તેમનાં ફળની સીમા નક્કી કરનારા કાળ પણ તમે જ છો. યજ્ઞમાં વિઘ્નો નાખનારા દૈત્યોને આપ ચક્રથી છિન્નભિન્ન કરી નાખો છો, તેથી આપના નામો અપાર છે. અમે આપને વારંવાર નમસ્કાર કરીએ છીએ. (૩૧) હે વિધાતા! સત્ત્વ, રજ અને તમ – આ ત્રણ ગુણો અનુસાર જે ઉત્તમ, મધ્યમ અને અધમ ગતિઓ પ્રાપ્ત થાય છે તેમના નિયામક આપ જ છો. આપ પુરાણ પુરુષ છો. આ કાર્યરૂપ જગતનું કોઈ પણ પ્રાણી તમારા પરમ પદના વાસ્તવિક રૂપને જાણી શકતું નથી. (૩૨)

હે ભગવન્! નારાયણ! વાસુદેવ! આપ આદિ પુરુષ (જગતનું પરમ કારણ) અને મહાપુરુષ (પુરુષોત્તમ) છો. આપનો મહિમા

અસીમ છે. આપ પરમ મંગલમય, પરમ કલ્યાણસ્વરૂપ અને પરમ દયાળુ છો. આપ જ સમસ્ત જગતના આધાર અને અદ્વિતીય છો. માત્ર આપ જ સમસ્ત જગતના સ્વામી છો. આપ સર્વેશ્વર છો, દેવી લક્ષ્મીપતિ છો. હે પ્રભુ! પરમહંસ પરિવ્રાજક વિરક્ત મહાત્માઓ જ્યારે આત્મસંયમરૂપી પરમ સમાધિપૂર્વક સારી પેઠે તમારું ચિંતન કરે છે ત્યારે તેમના શુદ્ધ અંતઃકરણમાં પરમહંસોના ધર્મરૂપ ભગવદ્ભક્તિનો પ્રાદુર્ભાવ થાય છે. આનાથી તેમના હૃદયનાં અજ્ઞાનરૂપી દ્વાર ખૂલી જાય છે અને તેમના આત્મલોકમાં આપ આત્માનંદરૂપે કશાય આવરણ વિના પ્રગટ થાઓ છો આપ સર્વાન્તર્યામી હોવાથી તેમના હૃદયમાં પહેલેથી જ બિરાજમાન છો. અને તેઓ આપનો અનુભવ કરીને ધન્ય થઈ જાય છે. એવા આપને અમે વારંવાર નમસ્કાર કરીએ છીએ. (૩૩) હે ભગવન્! આપની લીલાના રહસ્યને જાણવું ઘણું જ મુશ્કેલ છે; કારણ કે કોઈ પણ આશ્રય અને પ્રાકૃત શરીર વિના જ, અમારા સહયોગની અપેક્ષા નહીં રાખતાં, સ્વયં નિર્વિકાર રહીને નિર્ગુણ હોવા છતાં સ્વયં જ આ સગુણ જગતનું સર્જન, રક્ષણ અને સંહાર કરો છો. (૩૪) હે ભગવન્! આપ દેવદત્ત જેવા અર્થાત્ કોઈ વ્યક્તિ જેવા ગુણોના કાર્યરૂપ આ જગતમાં જીવરૂપે પ્રગટ થાઓ છો અને કર્મોને આધીન થઈને પોતે કરેલાં સારાં-ખોટાં કર્મોનું ફળ ભોગવો છો આપ આત્મારામ, શાંતસ્વભાવ તથા સર્વથી ઉદાસીન – સાક્ષીમાત્ર થઈ રહો છો તથા સૌને સમાન જુઓ છો. આવી આપની પરસ્પર વિરોધી લીલા અમારી સમજમાં આવતી નથી. (૩૫)

અમે સમજીએ છીએ કે જો આપનામાં આવી બે પ્રકારની લીલાઓ હોય તો તેનો કોઈ વિરોધ નથી કારણ કે આપ સ્વયં ભગવાન છો. આપના અનંત ગુણો છે, આપનો મહિમા અપાર છે અને આપ સર્વ શક્તિમાન છો. આપ પુરાણ પુરુષ છો. તેને જાણ્યા વિના ભેદદૃષ્ટિવાળા આધુનિક લોકો કે જેમનું અનેક પ્રકારના કુતર્કપૂર્ણ શાસ્ત્રોનો અભ્યાસ કરીને અંતઃકરણ દૂષિત થઈ ગયું છે તેઓ, આપના સંબંધમાં દુરાગ્રહપૂર્વક અવાસ્તવિક વાતો કરતા હોય છે, પરંતુ તેનાથી આપના પ્રભુત્વમાં કશો ફેર પડતો નથી. આપ તો સમસ્ત માયામય પદાર્થોથી ભિન્ન વિશુદ્ધસ્વરૂપ છો. જેમનું માયાનું આવરણ હટી ગયું છે તેવા ભક્તો આપના તે વિશુદ્ધસ્વરૂપને જાણે છે. ખરેખર, માયા વડે પોતાને છુપાવીને રાખનારા આપના માટે શું અશક્ય છે? આપ સર્વથી વિલક્ષણ અને અનિર્વચનીય છો. (૩૬)

જેમ એક જ દોરડાના ટુકડામાં મનુષ્યને સાપની ભ્રાન્તિ થાય છે પરંતુ જ્ઞાની મનુષ્યને દોરડું જ દેખાય છે, તેમ ભ્રાન્તિગ્રસ્ત લોકો આપને કર્તા, ભોક્તા આદિ અનેક રૂપોમાં જુએ છે પરંતુ જ્ઞાનીઓ આપને શુદ્ધ સચ્ચિદાનંદરૂપે જ જુએ છે. (૩૭)

વિચારપૂર્વક જોવાથી જણાય છે કે આપ જ જગતના તમામ પદાર્થોમાં સત્તારૂપે રહેલા છો, સર્વના સ્વામી, અને સંપૂર્ણ જગતના કારણ બ્રહ્માજી અને પ્રકૃતિ વગેરેના પણ કારણ છો. આપ સર્વના અંતર્યામી, અંતરાત્મા છો. તેથી જગતમાં જેટલા પણ ગુણોનો આભાસ થાય છે તે બધામાં અધિષ્ઠાનરૂપે આપની જ પ્રતીતિ થાય છે. તેથી શ્રુતિઓએ 'નેતિ નેતિ' દ્વારા જગતના સમસ્ત પદાર્થોનો નિષેધ કરીને છેવટે નિષેધની પરિસીમારૂપે આપ જ શેષ રહો છો એમ કહ્યું છે. (૩૮)

હે મધુસૂદન! આપનો મહિમા અમૃતરસનો સાગર છે. તેના એક બુંદનો પણ જેણે એકવાર

પણ સ્વાદ ચાખી લીધો છે તેના હૃદયમાં નિત્ય-નિરંતર પરમાનંદની અખંડ ધારા વહેવા માંડે છે. આને કારણે આ લોક અને પરલોકના જેટલાં પણ સુખ સાંભળવામાં આવ્યાં છે. તે બધાં જ વિસરાઈ જાય છે. સમસ્ત પ્રાણીઓના પરમ હિતૈષી, સુહૃદ અને સર્વાત્મા એવા આપ પરમાત્મામાં જેણે પોતાના ચિત્તને નિરંતર પરોવી દીધું છે અને જેઓ આપના તે ચરણારવિંદરૂપી અમૃતનું પાન કરવારૂપી સ્વાર્થમાં કુશળ છે તેવા આપના તે પ્રિય અને સુહૃદ પરમ ભાગવત (ભક્ત)જનો મૃત્યુરૂપી આ સંસારચક્રમાંથી હંમેશને માટે છૂટી જાય છે. (૩૯)

હે ત્રિવિક્રમ! હે ત્રિનયન! આ ત્રણે લોક આપનું ભવન છે. આપનું સામર્થ્ય ત્રણે લોકોને આનંદદાયી છે. દૈત્યો અને દાનવો પણ આપની જ વિભૂતિઓ છે. પરંતુ આ સમય તેમની ઉન્નતિનો નથી એવું વિચારીને અમારી આપને વિનંતી છે કે ઉપદ્રવીઓને દંડ આપવા માટે પોતાની માયાથી આપ દેવ, મનુષ્ય, મૃગ અને નર-સિંહ જેવા મિશ્ર પ્રાણી તથા મત્સ્યાદિ જળચરોના રૂપમાં સમય-સમય પર અવતાર ધારણ કરો છો તે રીતે હે પ્રભુ! આપ ઉચિત સમજો તો આ વૃત્રાસુરનો વધ કરો. (૪૦) હે ભગવન્! હે અનઘ! આપ અમારા પિતા, પિતામહ - સર્વ કાંઈ છો. અમે આપના આત્મીય છીએ અને નિરંતર આપની સામે મસ્તક નમાવેલા રહીએ છીએ. આપના ચરણકમળોનું ધ્યાન ધરતાં ધરતાં અમારું હૃદય તેમાં જ પ્રેમાસક્ત થઈ ગયું છે. આપે પોતાનો દિવ્ય ગુણોથી યુક્ત સાકાર શ્રીવિગ્રહ અમારી સામે પ્રગટ કરીને અમને અપનાવ્યા છે; તેથી હે પ્રભુ! અમે આપને પ્રાર્થના કરીએ છીએ કે આપ દયાપૂર્ણ, નિર્મળ સુંદર અને શીતળ સ્મિતયુક્ત દૃષ્ટિથી તથા પોતાના મુખારવિંદમાંથી ટપકતાં મનોહર વાણીરૂપ સુમધુર સુધાબિંદુઓથી અમારા હૃદયના તાપનું શમન કરો અને અમારા અંતરાગ્નિને શાંત કરો. (૪૧) હે પ્રભુ! જેમ અગ્નિનો તણખો અગ્નિને પ્રકાશિત કરવામાં અસમર્થ છે તેવી જ રીતે અમે પણ આપને કોઈ પ્રાર્થના કરવામાં અસમર્થ છીએ. આપને તો કહેવાનું જ ન હોય! કારણ કે આપ અંતર્યામી છો. આપ સમસ્ત જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને લય કરનારી દિવ્ય માયાની સાથે વિનોદ કરતા રહો છો આપ બ્રહ્મરૂપે સર્વવ્યાપી છો તથા તમામ જીવોનાં અંતઃકરણમાં અંતર્યામીરૂપે વિરાજમાન છો. અને બહાર પણ પ્રકૃતિરૂપે આપ જ વિરાજમાન છો. જગતમાં જેટલાં પણ દેશ, કાળ, શરીર, વગેરેનો વિભાગ છે તેમના ઉપાદાન કારણ, નિમિત્ત કારણ, અને પ્રકાશકના રૂપમાં અનુભવ કરનાર પણ આપ જ છો. આપ જ બધી વૃત્તિઓના સાક્ષી છો. આપ આકાશની જેમ સર્વગત અને નિર્લેપ છો. માટે જ, અમે અમારું મંતવ્ય આપને નિવેદિત કરીએ એવી અપેક્ષા નહીં રાખતાં, જે કાર્ય માટે અમે અહીં આવ્યા છીએ તેને આપ પૂર્ણ કરો. આપ અચિંત્ય ઐશ્વર્યથી સંપન્ન અને જગતના પરમ ગુરુ છો. અમે આપના ચરણકમળોની શરણમાં આવ્યા છીએ, કે જે વિવિધ પાપોના ફળસ્વરૂપ જન્મ-મૃત્યુરૂપ સંસારના તાપને શાન્ત કરી દેનારા છે. (૪૨-૪૩) હે સર્વશક્તિમાન શ્રીકૃષ્ણ! વૃત્રાસુરે અમારા પ્રભાવને અને અસ્ત્રો-શસ્ત્રોને તો ગળી જ લીધાં છે, હવે તે ત્રણ લોકને પણ ભરખી જશે. આપ વધ કરો. (૪૪) હે પ્રભુ! આપ શુદ્ધસ્વરૂપ, હૃદયસ્થિત શુદ્ધ જ્યોતિર્મય આકાશ, સૌના સાક્ષી, અનાદિ, અનંત અને ઉજ્જ્વળ કીર્તિસંપન્ન છો. સંતો આપના ભજનરૂપી ધનનો જ સંગ્રહ કરે છે. સંસારપથના પ્રવાસીઓ ફરી-ફરીને જ્યારે આપના

શરણમાં આવે છે ત્યારે આપ તેમને પરમાનંદસ્વરૂપ અભીષ્ટ ફળ આપો છો અને એ રીતે આપ તેમના જન્મ-જન્માંતરના કષ્ટને હરી લો છો. હે પ્રભુ! અમે આપને નમસ્કાર કરીએ છીએ. (૪૫)

શ્રીશુકદેવજી કહે છે – (હે પરીક્ષિત!) આ પ્રમાણે ઘણા આદરપૂર્વક દેવોએ જ્યારે ભગવાનની સ્તુતિ કરી ત્યારે તેઓ પોતાની સ્તુતિ સાંભળીને ઘણા પ્રસન્ન થયા અને તેમણે તેમને કહ્યું. (૪૬)

શ્રીભગવાને કહ્યું – હે શ્રેષ્ઠ દેવો! આપે સ્તુતિયુક્ત જ્ઞાનથી મારી ઉપાસના કરી છે, તેથી હું તમારા પર પ્રસન્ન છું. આ સ્તુતિ વડે જીવોને પોતાના વાસ્તવિક સ્વરૂપની સ્મૃતિ અને મારી ભક્તિ પ્રાપ્ત થાય છે. (૪૭) હે દેવશિરોમણિઓ! મારા પ્રસન્ન થવાથી કોઈ પણ વસ્તુ દુર્લભ રહેતી નથી; તોપણ મારા અનન્યપ્રેમી તત્ત્વવેત્તા ભક્તો મારી પાસેથી મારા સિવાય અન્ય કશું જ ઇચ્છતા નથી. (૪૮) જે મનુષ્ય જગતના વિષયોને સત્ય સમજે છે તે મૂર્ખ પોતાનું વાસ્તવિક કલ્યાણ (શામાં છે તે) જાણતો નથી. તેથી તે વિષયોને ચાહે છે વળી, કોઈ જાણનારો તેને વિષયભોગ જ આપે છે તો તે પણ તેવો જ મૂર્ખ છે. (૪૯) જે મનુષ્ય મુક્તિનું સ્વરૂપ જાણે છે તે (તો) અજ્ઞાનીને પણ કર્મોમાં ફસાવાનો ઉપદેશ આપતો નથી; જેમ કે રોગી ઇચ્છતો હોવા છતાં સારો વૈદ્ય તેને કુપથ્ય નથી આપતો. (૫૦) હે દેવરાજ ઇન્દ્ર! તમારા બધાનું કલ્યાણ થાઓ. હવે વિલંબ ન કરો. ઋષિશિરોમણિ દધીચિ પાસે જાઓ અને તેમની પાસેથી તેમનું શરીર, કે જે ઉપાસના, વ્રત તથા તપસ્યાને કારણે અત્યંત દૃઢ થઈ ગયું છે તે માગી લો. (૫૧) દધીચિ ઋષિ પૂર્ણ બ્રહ્મજ્ઞાની છે. બંને અશ્વિનીકુમારોને અશ્વના શિરેથી ઉપદેશ કરવાને કારણે તેમનું એક નામ 'અશ્વશિર'* પણ છે. તેમણે ઉપદેશ કરેલી આત્મવિદ્યાના પ્રભાવે જ બંને અશ્વિનીકુમારો જીવન્મુક્ત થઈ ગયા. (૫૨) અથર્વવેદી દધીચિ ઋષિએ જ મારા સ્વરૂપભૂત અભેદ્ય નારાયણકવચનો સૌપ્રથમ ઉપદેશ ત્વષ્ટાને કર્યો હતો. તે જ ઉપદેશ ત્વષ્ટાએ વિશ્વરૂપને આપ્યો અને વિશ્વરૂપ પાસેથી તમને મળ્યો. (૫૩) દધીચિ ઋષિ ધર્મના પરમ મર્મજ્ઞ છે. તેઓ તમને લોકોને, ખાસ કરીને અશ્વિનીકુમારોના માગવાથી પોતાનાં શરીરનાં અંગો અવશ્ય આપી દેશે. ત્યારપછી વિશ્વકર્મા દ્વારા તે અંગોમાંથી એક શ્રેષ્ઠ આયુધ તૈયાર કરાવી લેજો. હે દેવરાજ! મારી શક્તિથી યુક્ત થઈને તમે તે જ આયુધ વડે વૃત્રાસુરનું મસ્તક છેદી લેશો. (૫૪) હે દેવો! વૃત્રાસુરનું મૃત્યુ થવાથી તમે બધા ફરીથી તેજ, અસ્ત્રો-શસ્ત્રો અને સંપત્તિઓ પ્રાપ્ત કરી લેશો. અવશ્ય તમારું કલ્યાણ થશે, કારણ કે મારા શરણાગતોને કોઈ કષ્ટ આપી શકતું નથી. (૫૫)

★ ★ ★ ★

* આ કથા આ પ્રમાણે છે : દધીચિ ઋષિને પ્રવર્ગ્ય (યજ્ઞકર્મવિશેષ) અને બ્રહ્મવિદ્યાનું ઉત્તમ જ્ઞાન છે – એ જાણીને અશ્વિનીકુમારો એક વાર તેમની પાસે ગયા અને પોતાને બ્રહ્મવિદ્યાનો ઉપદેશ કરવા માટે તેમને પ્રાર્થના કરી. ત્યારે દધીચિ મુનિએ કહ્યું – 'અત્યારે તો હું એક કાર્યમાં વ્યસ્ત છું, તો ફરી વાર કોઈ સમયે આવજો.' તેથી અશ્વિનીકુમારો ચાલ્યા ગયા. તેમના ગયા પછી ઇન્દ્ર આવ્યા અને તેમણે મુનિને કહ્યું – 'હે મુનિ! અશ્વિનીકુમારો વૈદ્ય છે, તેમને તમે બ્રહ્મવિદ્યાનો ઉપદેશ ન કરશો. જો તમે મારી વાત નહીં માનીને તેમને ઉપદેશ કરશો તો હું તમારું શિર કાપી નાખીશ.' આમ કહીને જ્યારે ઇન્દ્ર ચાલ્યા ગયા ત્યારે અશ્વિનીકુમારોએ આવીને ફરીથી તે જ પ્રાર્થના કરી. મુનિએ ઇન્દ્રનો બધો વૃત્તાંત કહી સંભળાવ્યો. એ સાંભળી અશ્વિનીકુમારોએ કહ્યું – 'અમે પહેલાંથી જ તમારું આ માથું કાપીને (તેને સ્થાને) ઘોડાનું માથું જોડી દઈએ, એનાથી તમે અમને ઉપદેશ કરો; અને ઇન્દ્ર જ્યારે તમારું ઘોડાનું માથું કાપી નાખશે ત્યારે અમે (તમારું) અસલ માથું ફરીથી જોડી દઈશું.' મુનિએ વ્યર્થ વિવાદના ભયને લીધે તેમનું કહેવું સ્વીકારી લીધું. આ પ્રમાણે અશ્વના મુખેથી ઉપદેશ કરવામાં આવ્યો. એને કારણે બ્રહ્મવિદ્યાનું નામ 'અશ્વશિરા' પડ્યું.

દસમો અધ્યાય

દેવતાઓ વડે દધીચિ ઋષિનાં અસ્થિઓથી વજ્રનું નિર્માણ અને વૃત્રાસુરની સેના પર આક્રમણ

શ્રીશુકદેવજી કહે છે – (હે પરીક્ષિત!) વિશ્વના જીવનદાતા ભગવાન શ્રીહરિ ઇન્દ્રને આ પ્રમાણે આદેશ આપીને, દેવતાઓની સામે જ અંતર્ધાન થઈ ગયા. (૧)

એ પછી દેવો ઉદારશિરોમણિ અથર્વવેદી દધીચિ ઋષિ પાસે ગયા અને ભગવાનની આજ્ઞા પ્રમાણે તેમને પ્રાર્થના કરી. દેવોની પ્રાર્થના સાંભળીને દધીચિ ઋષિને ઘણો આનંદ થયો. તેમણે હસીને દેવોને કહ્યું – (૨) "હે દેવો! તમને લોકોને કદાચ એ વાતની જાણ નથી કે મરતી વખતે પ્રાણીઓને ભારે કષ્ટ થાય છે. તેમને જ્યાં સુધી ભાન રહે છે ત્યાં સુધી ઘણી અસહ્ય પીડા સહન કરવી પડે છે અને અંતે તેઓ મૂર્ચ્છિત થઈ જાય છે. (૩) જે જીવો જગતમાં જીવતા રહેવા ઇચ્છે છે તેમના માટે શરીર અત્યંત અમૂલ્ય, પ્રિયતમ અને અભીષ્ટ વસ્તુ છે. આવી સ્થિતિમાં સ્વયં ભગવાન શ્રીવિષ્ણુ પણ જો જીવ પાસેથી તેનું શરીર માગે તો તે આપવા કોણ ઉત્સાહ બતાવે, ભલા?" (૪)

દેવોએ કહ્યું – હે બ્રહ્મન્! તમારા જેવા ઉદાર અને પ્રાણીઓ પર દયા કરનારા મહાપુરુષો, કે જેમનાં કર્મોની મોટા-મોટા યશસ્વી મહાનુભાવો પણ પ્રશંસા કરે છે - તેઓ પ્રાણીઓની ભલાઈ માટે કઈ વસ્તુ ન્યોછાવર નથી કરી શકતા! (૫) હે ભગવન્! એમાં સંદેહ નથી કે માગનારા લોકો સ્વાર્થી હોય છે, તેમનામાં આપનારાની મુશ્કેલીનો વિચાર કરવાની બુદ્ધિ હોતી નથી. જો તેમનામાં આટલી સમજ હોય તો તેઓ માગે જ શા માટે? એ જ પ્રમાણે આપનાર પણ માગનારાની વિપત્તિ જાણતો નથી હોતો, નહિતર તેના મુખેથી કદી પણ 'ના' ન નીકળે (તેથી તમે અમારી વિપત્તિ સમજીને અમારી યાચના પૂરી કરો). (૬)

દધીચિ ઋષિએ કહ્યું – હે દેવો! મેં તમારા બધાના મુખેથી ધર્મની વાત સાંભળવા માટે જ તમારી યાચના પ્રત્યે ઉપેક્ષા બતાવી હતી. આ લો, હું પોતાના પ્રિય શરીરનો તમારા બધાના ભલા માટે અત્યારે જ ત્યાગ કરી દઉં છું; કારણ કે એક દિવસ આ શરીર પોતે જ મારો ત્યાગ કરનાર છે. (૭) હે દેવશ્રેષ્ઠો! જે મનુષ્ય આ નાશવંત શરીર થકી, દુઃખી પ્રાણીઓ પર દયા કરીને મુખ્યરૂપે ધર્મને અને ગૌણરૂપે યશને સંપાદિત કરતો નથી તે તો જડ ઝાડઝાંખરાંથી પણ ગયો-ગુજર્યો છે. (૮) મોટા મોટા મહાત્માઓએ આ અવિનાશી ધર્મની ઉપાસના કરી છે. તે (ધર્મ)નું સ્વરૂપ તો બસ આટલું જ છે કે મનુષ્ય કોઈ પણ પ્રાણીના દુઃખમાં દુઃખ અને સુખમાં સુખ અનુભવે. (૯) જગતના ધન, જન, તન વગેરે પદાર્થો ક્ષણભંગુર છે. એ પોતાના કોઈ કામમાં ખપ લાગતા નથી, અંતે બીજાને જ ખપ લાગશે. અરે! આ તે કેવી કૃપણતા છે, કેટલા દુઃખની વાત છે કે આ મરણધર્મી મનુષ્ય એના થકી બીજાઓનું ભલું કરી લેતો નથી? (૧૦)

શ્રીશુકદેવજી કહે છે – (હે પરીક્ષિત!) આ પ્રમાણે નિશ્ચય કરીને અથર્વવેદી મહર્ષિ દધીચિએ પોતાને પરબ્રહ્મ પરમાત્મા શ્રીભગવાનમાં લીન કરીને પોતાના સ્થૂળ શરીરનો ત્યાગ કર્યો. (૧૧) તેમનાં ઇન્દ્રિયો, પ્રાણ, મન અને બુદ્ધિ સંયત હતાં, તેમની દૃષ્ટિ તત્ત્વમયી હતી, તેમનાં બધાં બંધન કપાઈ ચૂક્યાં હતાં; તેથી તેઓ જ્યારે ભગવાન સાથે અત્યંત યુક્ત થઈને સ્થિત થઈ ગયા ત્યારે

તેમને એ વાતનો ખ્યાલ પણ ન આવ્યો કે પોતાનું શરીર છૂટી ગયું છે. (૧૨)

(આ રીતે) ભગવાનની શક્તિ મેળવીને ઇન્દ્રનું બળ-પૌરુષ ઉન્નતિના શિખરે પહોંચી ગયું. હવે વિશ્વકર્માજીએ દધીચિ ઋષિનાં હાડકાંમાંથી વજ્ર બનાવીને તેમને આપ્યું અને તેઓ તેને હાથમાં લઈને ઐરાવત હાથી પર આરૂઢ થયા. તેમની સાથે સાથે બધા જ દેવો તૈયાર થઈ ગયા. (ત્યારે) મોટા મોટા ઋષિમુનિઓ દેવરાજ ઇન્દ્રની સ્તુતિ કરવા લાગ્યા. પછી તેમણે ત્રણે લોકને આનંદિત કરતાં કરતાં, વૃત્રાસુરનો વધ કરવા માટે પૂરું બળ પ્રયોજીને તેના પર આક્રમણ કર્યું – બરાબર એવી જ રીતે કે જાણે ભગવાન રુદ્ર ક્રોધિત થઈને સ્વયં કાળ પર જ આક્રમણ કરી રહ્યા હોય. હે રાજન્! ત્યારે તે વૃત્રાસુર પણ દૈત્ય-સેનાપતિઓની ઘણી મોટી સેના સહિત યુદ્ધમોરચે આવી પહોંચ્યો હતો. (૧૩-૧૫) જે વૈવસ્વત મન્વંતર આ સમયે પ્રવર્તમાન છે તેની પહેલી ચતુર્યુગીનો ત્રેતાયુગ આ સમયે જ શરૂ થયો હતો. તે જ સમયે નર્મદાકિનારે દેવોનું દૈત્યો સાથેનું આ ભયંકર યુદ્ધ થયું. (૧૬) તે સમયે હાથમાં વજ્ર ધારણ કરેલા દેવરાજ ઇન્દ્ર રુદ્રો, વસુઓ, આદિત્યો, અશ્વિનીકુમારો, પિતૃઓ, અગ્નિ, મરુદ્ગણ, ઋભુગણ, સાધ્યો, વિશ્વેદેવો વગેરે સહિત પોતાની કાન્તિથી શોભી રહ્યા હતા. વૃત્રાસુર વગેરે દૈત્યો તેમને પોતાની સામે આવેલા જોઈને આવેશમાં આવી ગયા. (૧૭-૧૮) અને તેથી તે નમુચિ, શંબર, અનર્વા, દ્વિમૂર્ધા, ઋષભ, અંબર, હયગ્રીવ, શંકુશિરા, વિપ્રચિત્તિ, અયોમુખ, પુલોમા, વૃષપર્વા, પ્રહેતિ, હેતિ, ઉત્કલ, સુમાલી, માલી વગેરે હજારો દૈત્યો-દાનવો તેમ જ યક્ષો-રાક્ષસો સુવર્ણની સાધન-સામગ્રીથી સુસજ્જ થઈને દેવરાજ ઇન્દ્રની સેનાને આગળ વધતી અટકાવવા લાગ્યા. (હે પરીક્ષિત!) તે સમયે દેવોની સેના સ્વયં મૃત્યુ માટે પણ અજેય હતી. (૧૯-૨૧) અને બીજી બાજુ મદોન્મત્ત અસુરો સિંહગર્જના કરતા કરતા અત્યંત સાવધાનીપૂર્વક દેવોની સેના પર પ્રહારો કરવા લાગ્યા. તે લોકોએ ગદા, પરિઘ, બાણ, પ્રાસ, મગદળ, તોમર, શૂળ, પરશુ, તલવાર, શતઘ્ની (તોપ), ભુશુંડિ વગેરે અસ્ત્રો-શસ્ત્રો વરસાવીને દેવોને બધી બાજુએથી ઢાંકી દીધા. (૨૨-૨૩) એક પછી એક એટલાં બાણ ચારે બાજુથી આવી રહ્યાં હતાં કે તેમનાથી ઢંકાઈ જવાને કારણે દેવો દેખાતા પણ ન હતા, જેમ કે વાદળોથી ઢંકાઈ જવાથી આકાશના તારા દેખાતા નથી. (૨૪) હે પરીક્ષિત! જોકે તે અસ્ત્રો-શસ્ત્રોનો વરસાદ દેવ-સૈનિકોને સ્પર્શી પણ શક્યો નહીં અને તેમણે પોતાના હસ્તકૌશલથી આકાશમાં જ તેમના હજારો ટુકડા કરી દીધા. (૨૫) જ્યારે અસુરોનાં અસ્ત્રો-શસ્ત્રો સમાપ્ત થઈ ગયાં ત્યારે તેઓ દેવોની સેના પર પર્વતનાં શિખરો, વૃક્ષો અને પથ્થરો વરસાવવા લાગ્યા. પરંતુ તેમને પણ દેવોએ પહેલાંની જેમ તોડી પાડ્યાં. (૨૬)

(હે પરીક્ષિત!) જ્યારે વૃત્રાસુરના અનુયાયી અસુરોએ જોયું કે પોતાનાં અસંખ્ય અસ્ત્રો-શસ્ત્રો પણ દેવસેનાને કોઈ ક્ષતિ પહોંચાડી શક્યાં નથી – અરે, ત્યાં સુધી કે વૃક્ષો, પથ્થરશિલાઓ અને પર્વતોનાં મોટાં મોટાં શિખરોથી પણ તેમનાં શરીરોને સ્હેજ પણ ઈજા સુદ્ધાં પહોંચી નથી અને તેઓ બધા જ સકુશળ છે ત્યારે તે અસુરો ઘણા ગભરાઈ ગયા. તે દૈત્યો દેવોને પરાજિત કરવા માટે જે જે પ્રયત્નો કરતા રહ્યા તે તમામ નિષ્ફળ બનતા રહ્યા; બરાબર એવી જ રીતે કે ભગવાન શ્રીકૃષ્ણ વડે સુરક્ષિત ભક્તો પર ક્ષુદ્ર મનુષ્યોનાં કઠોર અને અમંગલમય વચનોનો કોઈ પ્રભાવ પડતો હોતો નથી. (૨૭-૨૮) ભગવાન-વિરોધી

અસુરો પોતાના પ્રયત્નો વ્યર્થ ગયેલા જોઈને નિરુત્સાહ થઈ ગયા, તેમનો વીરતાનો ઘમંડ ઊતરી ગયો. ત્યારે તેઓ પોતાના નાયક વૃત્રાસુરને યુદ્ધભૂમિમાં જ ત્યજી દઈને ભાગી છૂટ્યા, કારણ કે દેવોએ તેમનું તમામ બળ-પૌરુષ છીનવી લીધું હતું. (૨૯)

જ્યારે ધીર-વીર વૃત્રાસુરે જોયું કે મારા અનુયાયી અસુરો ભાગી જઈ રહ્યા છે અને અત્યંત ભયભીત થયેલી મારી સેના પણ નષ્ટભ્રષ્ટ અને વેરણછેરણ થઈ રહી છે ત્યારે તે હસીને કહેવા લાગ્યો. (૩૦) તે વીરશિરોમણિ વૃત્રાસુરે સમયને અનુરૂપ વીરોચિત વાણીથી વિપ્રચિત્તિ, નમુચિ, પુલોમા, મય, અનર્વા, શંબર વગેરે દૈત્યોને સંબોધીને કહ્યું – ''હે અસુરો! ભાગો નહીં. મારી એક વાત સાંભળી લો. (૩૧) એમાં સંદેહ નથી કે જે ઉત્પન્ન થયું છે તેણે એક ને એક દિવસે અવશ્ય મરવું જ પડશે. સંસારમાં વિધાતાએ મૃત્યુમાંથી બચવાનો કોઈ ઉપાય બતાવ્યો નથી. આવી સ્થિતિમાં જો મૃત્યુ મારફતે સ્વર્ગ વગેરે લોકો અને સાથે સુયશ પણ મળતો હોય તો એવો કોણ બુદ્ધિમાન હશે કે જે તે ઉત્તમ મૃત્યુને અપનાવશે નહીં? (૩૨) સંસારમાં બે પ્રકારનું મૃત્યુ પરમ દુર્લભ અને શ્રેષ્ઠ માનવામાં આવ્યું છે – એક તો યોગીજનનો પોતાના પ્રાણોને વશ કરીને બ્રહ્મનું ચિંતન કરતાં કરતાં દેહત્યાગ કરવો અને બીજું, યુદ્ધભૂમિમાં સેનાની મોખરે રહીને, પીઠ નહીં બતાવતાં, ઝઝૂમીને મરવું. (તમે બધા આવો શુભ અવસર શા માટે ગુમાવી રહ્યા છો?) (૩૩)

★ ★ ★ ★

અગિયારમો અધ્યાય

વૃત્રાસુરની વીરવાણી અને ભગવત્પ્રાપ્તિ

શ્રીશુકદેવજી કહે છે – હે રાજન્! અસુરોની ભયભીત થયેલી સેના ભાગી જઈ રહી હતી. તેના સૈનિકો એટલા ચેતનારહિત થઈ રહ્યા હતા કે તેમણે પોતાના સ્વામીનાં ધર્મને અનુકૂળ (ધર્મોચિત) વચનો પર પણ ધ્યાન આપ્યું નહીં. (૧) વૃત્રાસુરે જોયું કે સમય-સંજોગની અનુકૂળતાને કારણે દેવો દાનવસેનાને ખદેડી રહ્યા છે અને તે સેના એવી રીતે છિન્નભિન્ન થઈ રહી છે કે જાણે તે નાયક વિનાની હોય. (૨)

હે રાજન્! આ જોઈને વૃત્રાસુર અસહિષ્ણુતા અને ક્રોધને લીધે તપી ઊઠ્યો. તેણે હિંમતપૂર્વક દેવોના સૈન્યને આગળ વધતું અટકાવી દીધું અને દેવોની નિર્ભર્ત્સના કરતાં તે બોલ્યો – (૩) ''અરે પામર દેવો! યુદ્ધભૂમિમાં પીઠ બતાવનારા કાયર અસુરો પર પાછળથી ઘા કરવાથી શો લાભ? એ લોકો તો પોતાનાં માતાપિતાનાં મળ છે; પરંતુ પોતાને શૂરવીર માનનારા તમારા જેવા પુરુષો માટે પણ ડરપોક લોકોનો વધ કરવો એ કંઈ પ્રશંસનીય તો નથી જ ને! અને એમ કરવાથી તમને સ્વર્ગ પણ મળી શકશે નહીં. (૪) જો તમારા મનમાં યુદ્ધ કરવાનું બળ અને ઉત્સાહ છે તથા હજીય જીવતા રહીને વિષય-સુખો ભોગવવાની લાલસા નથી તો તમે ક્ષણ વાર માટે મારી સામે જામી પડો અને યુદ્ધની મજા માણી લો.'' (૫)

વૃત્રાસુર મહાબળવાન હતો. તે પોતાના શરીર થકી જ શત્રુ દેવતાઓને ભય પમાડવા લાગ્યો. તેણે ક્રોધે ભરાઈને એવી વિકરાળ સિંહગર્જના કરી કે ઘણાબધા તો તે સાંભળીને જ બેહોશ થઈ ગયા. (૬) વૃત્રાસુરની ભયંકર ગર્જનાથી બધા જ દેવો મૂર્ચ્છિત થઈને ધરતી પર

ઢળી પડ્યા, જાણે કે તેમના પર વીજળી ત્રાટકી હોય. (૭) જેમ મદોન્મત્ત ગજરાજ કમળનાળના વનનો કચ્ચરઘાણ કાઢી નાખે છે તેવી જ રીતે તે રણબંકો વૃત્રાસુર હવે હાથમાં ત્રિશૂળ લઈને, ભયને લીધે આંખો મીંચીને પડેલી દેવસેનાને પગતળે કચડવા લાગ્યો. તેના વેગને લીધે ધરતી ડોલવા લાગી. (૮) ત્યારે વજ્રપાણિ દેવરાજ ઇન્દ્ર તેનું આ કૃત્ય સહી શક્યા નહીં. જ્યારે તે (વૃત્રાસુર) તેમના તરફ ધસ્યો ત્યારે તેમણે અત્યધિક રોષપૂર્વક પોતાના તે શત્રુ પર ઘણી મોટી ગદા ફેંકી. હજી તો તે અસહ્ય ગદા વૃત્રાસુર પાસે પહોંચી પણ નહોતી ત્યાં જ તેણે લીલાપૂર્વક (ઘણી આસાનીથી) પોતાના ડાબા હાથથી તેને પકડી લીધી. (૯) હે રાજન્! પરમ પરાક્રમી વૃત્રાસુરે ક્રોધથી કાળઝાળ થઈને તે જ ગદાથી ઇન્દ્રના વાહન ઐરાવતના માથા પર મોટેથી ત્રાડ પાડીને પ્રહાર કર્યો. તેના આ કાર્યની બધા પ્રશંસા કરવા લાગ્યા. (૧૦) વૃત્રાસુરના ગદાના પ્રહારથી ઐરાવત હાથી વજ્રથી ઘવાયેલા પર્વતની જેમ ધૂંધવાઈ ઊઠ્યો. (પોતાનું) માથું ફાટી જવાથી તે અત્યંત વ્યાકુળ થઈ ગયો અને લોહી ઓકતો તે ઇન્દ્રને લઈને અઠ્ઠાવીસ હાથ જેટલો પાછો પડી ગયો. (૧૧) પોતાના વાહન ઐરાવતના મૂર્ચ્છિત થઈ જવાથી દેવરાજ ઇન્દ્ર પોતે પણ વિષાદગ્રસ્ત થઈ ગયા. આ જોઈને યુદ્ધકર્મના મર્મને જાણનારા વૃત્રાસુરે તેમના ઉપર ફરીથી ગદા ચલાવી નહીં. એ દરમિયાન ઇન્દ્રે પોતાના અમૃતસ્રાવી હાથના સ્પર્શથી ઘાયલ ઐરાવતની પીડા મટાડી દીધી અને તેઓ ફરીથી યુદ્ધભૂમિમાં આવીને (યુદ્ધ માટે) જામી પડ્યા. (૧૨) હે રાજન્! પછી, જ્યારે વૃત્રાસુરે જોયું કે મારા ભાઈ વિશ્વરૂપનો વધ કરનારો શત્રુ ઇન્દ્ર યુદ્ધ કરવાને હાથમાં વજ્ર લઈને ફરીથી સામે આવી ગયો છે ત્યારે તેને તે ઇન્દ્રનું તે ક્રૂર પાપકર્મ યાદ આવી ગયું અને તે શોક અને મોહ-યુક્ત થઈને હસતાં-હસતાં તેમને કહેવા લાગ્યો.

વૃત્રાસુરે કહ્યું – આજે મારા માટે મહાન સૌભાગ્યનો દિવસ છે કે જેણે વિશ્વરૂપના રૂપમાં રહેલા બ્રાહ્મણ, પોતાના ગુરુ તેમ જ મારા ભાઈની હત્યા કરી છે તે તારા જેવો શત્રુ મારી સામે ઊભો છે. અરે દુષ્ટ! હવે અત્યંત સત્વરે હું તારા પથ્થર જેવા કઠોર હૃદયને પોતાના શૂળથી ચીરી નાખીને (પોતાના) ભાઈના ઋણમાંથી મુક્ત થઈશ. અહો! આ મારા માટે કેવા આનંદની વાત હશે! (૧૪) અરે ઇન્દ્ર! મારા આત્મવેત્તા અને નિષ્પાપ મોટાભાઈ, કે જે બ્રાહ્મણ હોવાની સાથોસાથ યજ્ઞમાં દીક્ષિત થયેલા અને તારા ગુરુ હતા તેમને ભોળવીને તેં પોતાની તલવારથી તેમનાં ત્રણે શિર બરાબર એવી જ રીતે ઉતારી લીધાં કે જેમ સ્વર્ગની કામનાવાળો નિર્દય મનુષ્ય યજ્ઞમાં પશુનું માથું કાપી નાખે છે. (૧૫) દયા, લાજમર્યાદા, લક્ષ્મી અને કીર્તિ તને છોડી દઈ ચૂક્યાં છે. તેં એવાં એવાં અધમ કૃત્યો કર્યાં છે કે જેમની નિંદા મનુષ્યો તો શું, રાક્ષસો સુધ્ધાં કરે છે. આજે મારા ત્રિશૂળથી તારું શરીર ટુકડે ટુકડા થઈ જશે. ભારે કષ્ટપૂર્વક તારું મોત થશે. તારા જેવા પાપીને તો આગ પણ નહીં બાળે, તને તો ગીધડાં જ ચૂંથી ખાશે. (૧૬) આ અજ્ઞાની દેવતાઓ તારા જેવા અધમ અને ક્રૂરના અનુયાયી બનીને મારા પર શસ્ત્રોથી પ્રહાર કરી રહ્યા છે. હું પોતાના તીક્ષ્ણ ત્રિશૂળથી તેમની ગરદનો કાપી નાખીશ અને ગણોસહિત ભૈરવ વગેરે ભૂતનાથોને તેમનો બલિ ચઢાવીશ. (૧૭)

અને વીર ઇન્દ્ર! એવો પણ સંભવ છે કે તું મારી સેનાને છિન્નભિન્ન કરીને પોતાના વજ્રથી મારું માથું કાપી લે. તેમ થશે તો હું પોતાના શરીરનો બલિ પશુપક્ષીઓને સમર્પિત કરીને,

કર્મબંધનમાંથી મુક્ત થઈને મહાપુરુષોની ચરણરજનો આશ્રય ગ્રહણ કરીશ અને જે લોકમાં મહાપુરુષો જાય છે ત્યાં પહોંચી જઈશ. (૧૮) હે દેવરાજ! હું તારો શત્રુ તારી સામે ઊભો છું, તો તું હજી મારા પર પોતાનું અમોઘ વજ્ર કેમ છોડતો નથી? તું એવી શંકા ન કર કે જેમ તારી ગદા નિષ્ફળ થઈ ગઈ તેવી જ રીતે કૃપણ પાસે કરેલી યાચનાની જેમ આ વજ્ર પણ નિષ્ફળ થઈ જશે. (૧૯) ઇન્દ્ર! તારું આ વજ્ર શ્રીહરિના તેજથી અને દધીચિ ઋષિના તપથી શક્તિમાન થઈ રહ્યું છે. વળી, મને મારવા માટે ભગવાન શ્રીવિષ્ણુએ તને આજ્ઞા પણ આપેલી છે. તેથી હવે તું તે જ વજ્રથી મારો વધ કર. કારણ કે જે પક્ષે ભગવાન શ્રીહરિ છે ત્યાં જ વિજય, લક્ષ્મી અને તમામ ગુણો નિવાસ કરે છે. (૨૦) દેવરાજ! ભગવાન શ્રીસંકર્ષણની આજ્ઞા અનુસાર હું પોતાનું ચિત્ત તેમનાં ચરણકમળોમાં લીન કરી દઈશ. તારા વજ્રનો વેગ મને નહીં, મારા વિષયભોગરૂપ ફંદાને કાપી નાખશે અને હું દેહત્યાગ કરીને મુનિજનોની જેમ ગતિ પ્રાપ્ત કરીશ. (૨૧) જે મનુષ્યો ભગવાનને અનન્ય પ્રેમ કરે છે, જેઓ તેમના આત્મીયજનો છે તેમને તેઓ સ્વર્ગ, પૃથ્વી કે રસાતલની સંપત્તિઓ નથી આપતા; કારણ કે તેમના થકી પરમાનંદની પ્રાપ્તિ તો નથી જ થતી, પણ એથી વિપરીત દ્વેષ, ઉદ્વેગ, અભિમાન, માનસિક પીડા, કલહ (ક્લેશ), દુઃખ અને પરિશ્રમ જ હાથ લાગે છે. (૨૨) ઇન્દ્ર! અમારા સ્વામી ભગવાન તો એવા દયાળુ છે કે, પોતાના ભક્તના અર્થ, ધર્મ અને કામ-સંબંધિત પ્રયત્નને વ્યર્થ બનાવી દે છે અને ખરું કહું તો એનાથી જ ભગવાનની કૃપાનું અનુમાન થાય છે; કારણ કે તેમનો આવો કૃપા-પ્રસાદ અકિંચન ભક્તો માટે જ અનુભવગમ્ય છે, બીજાઓ માટે તો તે અત્યંત દુર્લભ જ છે. (૨૩)

(ભગવાનની પ્રત્યક્ષ અનુભૂતિ કરતાં વૃત્રાસુરે પ્રાર્થના કરી કે –) "હે પ્રભુ! તમે મારા પર એવી કૃપા કરો કે તમારાં ચરણકમળોના અનન્યભાવે આશ્રિત થયેલા (તમારા) સેવકોની સેવા કરવાનો અવસર મને આગામી જન્મમાં પણ પ્રાપ્ત થાય. હે પ્રાણવલ્લભ! મારું ચિત્ત તમારા મંગલમય ગુણોનું સ્મરણ કરતું રહે, મારી વાણી તમારા જ ગુણગાન કરતી રહે અને મારું શરીર તમારી સેવામાં જ સંલગ્ન રહે. (૨૪)

હે સર્વસૌભાગ્યનિધિ! હું તમારાથી વિરહ પામીને સ્વર્ગ, બ્રહ્મલોક, ભૂમંડળનું સામ્રાજ્ય, રસાતલનું એકચક્રી રાજ્ય, યોગસિદ્ધિઓ – કશું જ, અરે ત્યાં સુધી કે મોક્ષ પણ ઇચ્છતો નથી. (૨૫) જેમ પક્ષીઓનાં પાંખ વિનાનાં બચ્ચાં પોતાની માતાની રાહ જોયા કરે છે, જેમ ભૂખ્યાં વાછરડાં પોતાની માતા (ગાય)નું દૂધ પીવાને આતુર રહે છે અને જેમ વિરહિણી પત્ની પ્રવાસે ગયેલા પોતાના પ્રિયતમને મળવાને ઉત્કંઠિત રહે છે તેવી જ રીતે હે કમલનયન! મારું ચિત્ત તમારાં દર્શનને માટે તરફડી રહ્યું છે. (૨૬) હે પ્રભુ! મારે મુક્તિ નથી જોઈતી; મારાં કર્મોના ફળસ્વરૂપે મારે વારંવાર જન્મ-મૃત્યુના ચક્કરમાં ભટકવું પડે એની પરવા નથી, પરંતુ હું જ્યાં-જ્યાં જાઉં, જે જે યોનિમાં જન્મું ત્યાં-ત્યાં ભગવાનના પ્રિય ભક્તો સાથે મારી પ્રેમપૂર્ણ મૈત્રી કાયમ રહે. હે સ્વામી! હું માત્ર એ જ ઇચ્છું છું કે જે લોકો તમારી માયાને લીધે શરીર, ઘર અને પત્ની-પુત્રો વગેરેમાં આસક્ત છે તેમની સાથે મારો ક્યારેય કોઈ પણ પ્રકારનો સંબંધ ન થાય." (૨૭)

★ ★ ★ ★

બારમો અધ્યાય

વૃત્રાસુરનો વધ

શ્રીશુકદેવજી કહે છે – હે રાજન્! વૃત્રાસુર યુદ્ધભૂમિમાં પોતાના શરીરનો ત્યાગ કરવા ઇચ્છતો હતો, કારણ કે તેના માટે ઇન્દ્ર પર વિજય મેળવીને સ્વર્ગ મેળવવું એના કરતાં ભગવાનને પ્રાપ્ત કરવા એ શ્રેષ્ઠ હતું. તેથી, જેમ પ્રલય કાળના જળમાં અસુર મધુ-કૈટભ ભગવાન શ્રીવિષ્ણુ પર પ્રહાર કરવા માટે દોડ્યા હતા તેવી જ રીતે આ વૃત્રાસુર ત્રિશૂળ ઉઠાવીને ઇન્દ્ર પર તૂટી પડ્યો. (૧) વીર વૃત્રાસુરે પ્રલય- વેળાની આગની જ્વાળાઓ જેવા તીક્ષ્ણ અણીઓવાળા ત્રિશૂળને ઘુમાવીને અત્યંત વેગથી તે ઇન્દ્ર પર ચલાવ્યું અને અત્યંત ક્રોધપૂર્વક સિંહગર્જના કરીને તે બોલ્યો – "પાપી ઇન્દ્ર! હવે તું બચી શકીશ નહીં." (૨)

તે ભયંકર ત્રિશૂળ ગ્રહો અને ઉલ્કાની જેમ ચક્કર લગાવતું આકાશમાર્ગે આવી રહ્યું છે એ જોવા છતાં પણ ઇન્દ્રે કોઈ પણ પ્રકારનું અધૈર્ય દર્શાવ્યું નહીં અને એ ત્રિશૂળને તથા એની સાથે જ વાસુકિ નાગ જેવી વૃત્રાસુરની વિશાળ ભુજાને પોતાના સો ગાંઠોવાળા વજ્રથી કાપી નાખી. (૩) એક ભુજા કપાઈ જવાથી વૃત્રાસુર અત્યંત ગુસ્સે થયો અને તેણે વજ્રધારી ઇન્દ્રની પાસે જઈને તેમની હડપચી (દાઢી) પર અને ગજરાજ ઐરાવત પર પરિઘથી એવો પ્રહાર કર્યો કે તેમના હાથમાંથી વજ્ર પડી ગયું. (૪)

વૃત્રાસુરનું આ અત્યંત અલૌકિક કામ જોઈને દેવો, અસુરો, ચારણો, સિદ્ધો વગેરે બધા જ તેની પ્રશંસા કરવા લાગ્યા, પરંતુ ઇન્દ્રનું આ સંકટ જોઈને એ જ બધા વારંવાર 'હાહાકાર' કહેતા ચીસો પાડવા લાગ્યા. (૫) (હે પરીક્ષિત!) તે વજ્ર ઇન્દ્રના હાથમાંથી છૂટી જઈને વૃત્રાસુરની પાસે જ જઈ પડ્યું હતું; તેથી લજ્જિત થયેલા ઇન્દ્રે તેને ફરીથી ઉઠાવ્યું નહીં. ત્યારે વૃત્રાસુરે કહ્યું – "ઇન્દ્ર! તું વજ્ર ઉઠાવીને પોતાના શત્રુનો વધ કર. આ વિષાદ કરવાનો સમય નથી. (૬) (સાંભળ–) સર્વજ્ઞ, સનાતન, આદિપુરુષ શ્રીભગવાન જ જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય કરવાને સમર્થ છે. તેમના સિવાય, દેહાભિમાનીઓ અને યુદ્ધ માટે ઉત્સુક આતતાયીઓને હંમેશાં વિજય જ મળે છે એવું નથી. તેઓ ક્યારેક જીતે છે તો ક્યારેક હારે છે. (૭) આ બધા લોકો અને લોકપાલો જાળમાં ફસાયેલાં પક્ષીઓની જેમ જેની આધીનતામાં વિવશ થઈને ચેષ્ટાઓ કરે છે તે કાળ જ સૌના જય અને પરાજયનું કારણ છે. (૮) તે કાળ જ મનુષ્યના મનોબળ, ઇન્દ્રિયબળ, શરીરબળ, પ્રાણ, જીવન અને મૃત્યુ-રૂપે રહેલો છે. મનુષ્ય તેને નહીં જાણતાં, જડ શરીરને જ જય-પરાજય વગેરેનું કારણ સમજે છે. (૯) હે ઇન્દ્ર! જેમ કઠપૂતળી અને યાંત્રિક હરણ તેમના નચાવનારાને આધીન હોય છે તેવી જ રીતે તું સમસ્ત પ્રાણીઓને ભગવાનને આધીન જ સમજ. (૧૦)

ભગવાનના કૃપા-પ્રસાદ વિના પુરુષ, પ્રકૃતિ, મહત્તત્ત્વ, અહંકાર, પંચમહાભૂતો, ઇન્દ્રિયો અને ચારેય અંતઃકરણો – આમાંનાં કોઈ પણ જગતની ઉત્પત્તિ વગેરે કાર્યો કરવાને સમર્થ થઈ શકતાં નથી. (૧૧) ભગવાન જ સૌનું નિયમન કરે છે એ વાત જે જાણતો નથી તે જ મનુષ્ય આ પરતંત્ર જીવને સ્વતંત્ર કર્તા અને ભોક્તા માની લે છે. વાસ્તવમાં તો સ્વયં ભગવાન જ પ્રાણીઓ વડે પ્રાણીઓની રચના કરે છે અને તેમના જ વડે

તેમનો સંહાર કરે છે. (૧૨) જેમ ઇચ્છા ન હોવા છતાં પણ સમય વિપરીત હોવાને લીધે મનુષ્યને મૃત્યુ, અપયશ વગેરે પ્રાપ્ત થાય છે તેવી જ રીતે સમય સાનુકૂળ હોય તો ઇચ્છા ન હોવા છતાં પણ તેને આયુષ્ય, લક્ષ્મી, યશ, ઐશ્વર્ય વગેરે ભોગો પણ મળી જાય છે. (૧૩) તેથી યશ-અપયશ, જય-પરાજય, સુખ-દુઃખ, જીવન-મરણ – આ (દ્વંદ્વો) પૈકીના કોઈ એકની ઇચ્છા કે અનિચ્છા નહીં રાખતાં, બધી જ પરિસ્થિતિઓમાં સમભાવપૂર્વક રહેવું જોઈએ, હર્ષ કે શોકને વશીભૂત થવું જોઈએ નહીં. (૧૪) સત્ત્વ, રજ અને તમ – આ ત્રણે ગુણ પ્રકૃતિના છે, આત્માના નહીં. તેથી જે મનુષ્ય આત્માને તેમનો સાક્ષીમાત્ર જાણે છે તે તેમના ગુણો કે દોષોથી લેપાતો નથી. (૧૫) હે દેવરાજ ઇન્દ્ર! મને જ જુઓને! તમે મારા હાથ અને શસ્ત્ર કાપી નાખીને એક રીતે તો મને પરાસ્ત કરી દીધો છે, તોપણ હું તમારા પ્રાણ લેવા માટે યથાશક્તિ પ્રયત્ન કરી જ રહ્યો છું. (૧૬) આ યુદ્ધ છે શું? એક પ્રકારનો જુગાર જ ને! આમાં પ્રાણ હરવાની હોડ લાગે છે, બાણોરૂપી પાસા નાખવામાં આવે છે અને વાહન જ ચોપાટ (શતરંજ) છે. આમાં પહેલેથી એ જાણી શકાતું નથી કે કોણ જીતશે અને કોણ હારશે?'' (૧૭)

શ્રીશુકદેવજી કહે છે – (હે પરીક્ષિત!) વૃત્રાસુરનાં આ સત્ય અને નિખાલસ (કપટ વિનાનાં) વચનો સાંભળીને ઇન્દ્રે તેનો આદર કર્યો અને પોતાનું વજ્ર (જમીન પરથી) ઉપાડી લીધું. એ પછી કોઈ પ્રકારનું આશ્ચર્ય નહીં પામતાં તેમણે સ્મિતહાસ્યપૂર્વક (વૃત્રાસુરને) કહ્યું. (૧૮)

દેવરાજ ઇન્દ્રે કહ્યું – અહો દાનવરાજ! સાચે જ તમે સિદ્ધપુરુષ છો અને તેથી જ તો તમારું ધૈર્ય, નિશ્ચયભાવ અને ભગવદ્‌ભાવ આટલાં વિલક્ષણ છે. તમે સમસ્ત પ્રાણીઓના સુહૃદ આત્મસ્વરૂપ જગદીશ્વરની અનન્યભાવે ભક્તિ કરેલી છે. (૧૯) લોકોને મોહિત કરનારી ભગવાનની માયાને તમે અવશ્ય પાર કરી ગયા છો અને તેથી જ તો તમે અસુરને અનુરૂપ ભાવો ત્યજીને મહાપુરુષ થઈ ગયા છો. (૨૦) અવશ્ય એ મોટા આશ્ચર્યની વાત છે કે તમે રજોગુણી પ્રકૃતિના હો તોપણ તમારી બુદ્ધિ વિશુદ્ધ સત્ત્વ-સ્વરૂપ ભગવાન શ્રીવાસુદેવમાં દૃઢતાથી જોડાયેલી છે. (૨૧) જે પરમ કલ્યાણના સ્વામી ભગવાન શ્રીહરિનાં ચરણોમાં પ્રેમમય ભક્તિભાવ રાખે છે તેને જગતના ભોગોની ભલા, શી જરૂર? જે અમૃતના સમુદ્રમાં વિહાર કરી રહ્યો છે તેને ક્ષુદ્ર ખાબોચિયાંના જળથી શું પ્રયોજન? (૨૨)

શ્રીશુકદેવજી કહે છે – હે રાજન્! આ પ્રમાણે યોદ્ધાઓમાં શ્રેષ્ઠ મહાપરાક્રમી દેવરાજ ઇન્દ્ર અને વૃત્રાસુર (બંને જણ) ધર્મનું તત્ત્વ જાણવાની અભિલાષાથી એક-બીજા સાથે વાર્તાલાપ કરતા પરસ્પર યુદ્ધ કરવા લાગ્યા. (૨૩) હવે શત્રુદમન વૃત્રાસુરે ડાબા હાથથી પોલાદનો બનેલો એક અત્યંત ભયાનક પરિઘ ઉઠાવીને આકાશમાં ઘુમાવ્યો અને તેનાથી ઇન્દ્ર પર પ્રહાર કર્યો. (૨૪) પરંતુ દેવરાજ ઇન્દ્રે વૃત્રાસુરના તે પરિઘને તથા હાથીની લાંબી સૂંઢ જેવી તે ભુજાને પોતાના સો ગાંઠોવાળા વજ્રથી એકસાથે છેદી નાખ્યાં. (૨૫) મૂળમાંથી બંને ભુજાઓ કપાઈ જવાથી વૃત્રાસુરના ડાબા અને જમણા - બંને ખભાઓમાંથી લોહીનો સ્રોત વહેવા લાગ્યો. તે સમયે તે એવો દેખાવા લાગ્યો કે જાણે ઇન્દ્રના વજ્રના પ્રહારથી પાંખો કપાઈ જતાં કોઈ પર્વત આકાશમાંથી પડી ગયો હોય. (૨૬) હવે પગે ચાલતા-ફરતા પર્વતરાજ જેવા અત્યંત મહાકાય વૃત્રાસુરે પોતાની હડપચીને ધરતી સાથે અને ઉપરના હોઠને સ્વર્ગલોક સાથે ફેલાવ્યો તથા આકાશ જેવડા ગહન મોઢાથી,

સાપના જેવી ભયંકર જીભથી તેમ જ (સાક્ષાત્) મૃત્યુ જેવી વિકરાળ દાઢોથી જાણે કે ત્રણે લોકને ગળી જતો, પોતાના પગના પ્રહારોથી ધરતીને કચડતો અને પ્રબળ વેગથી પર્વતોને ઊલટા-સૂલટા કરતો તે ઇન્દ્રની પાસે આવ્યો અને તેમને તેમના વાહન ઐરાવત હાથી સહિત એવી રીતે ગળી ગયો, કે જેમ કોઈ પરમ પરાક્રમી અને અત્યંત બળવાન અજગર હાથીને ગળી જાય. પ્રજાપતિઓ અને મહર્ષિઓ સહિત દેવોએ જ્યારે જોયું કે વૃત્રાસુર ઇન્દ્રને ગળી ગયો છે ત્યારે તો તેઓ બધા અત્યંત દુઃખી થઈ ગયા અને દુઃખી થઈને હાહાકાર કરવા લાગ્યા. અને મહાન અનર્થ થઈ ગયો એમ કહીને વિલાપ કરવા લાગ્યા. (૨૭-૩૦) બલ નામના દૈત્યનો સંહાર કરનારા દેવરાજ ઇન્દ્રે મહાપુરુષવિદ્યા (નારાયણકવચ)થી પોતાને સુરક્ષિત કરી રાખ્યા હતા અને પોતાની પાસે યોગમાયાનું બળ તો હતું જ; તેથી વૃત્રાસુરે તેમને ગળી લેવાથી, તેના પેટમાં જવા છતાં પણ તેઓ મર્યા નહીં. (૩૧) તેમણે પોતાના વજ્રથી તેનું પેટ ચીરી નાખ્યું અને તેના પેટમાંથી બહાર આવીને ભારે વેગપૂર્વક તેનું પર્વતના શિખર જેવડું ઊંચું મસ્તક છેદી નાખ્યું. (૩૨) સૂર્ય વગેરે ગ્રહોની ઉત્તરાયણ-દક્ષિણાયનની ગતિમાં જેટલા દિવસો લાગે છે તેટલા દિવસોમાં (એટલે કે પૂરા એક વર્ષમાં) વૃત્રાસુરના વધનો યોગ ઉપસ્થિત થતાં ઘૂમતા તે તીવ્ર ગતિવાળા વજ્રે તેની ગરદનને બધી બાજુએથી છેદી નાખીને તેને ધરતી પર ઢાળી દીધો. (૩૩)

તે સમયે આકાશમાં દુંદુભિઓ (નગારાં) વાગવા લાગ્યાં. મહર્ષિઓ સહિત ગંધર્વો, સિદ્ધો વગેરે વૃત્રાસુરનો વધ કરનારા ઇન્દ્રના પરાક્રમને સૂચિત કરતા મંત્રોથી તેમની સ્તુતિ કરીને ભારે હર્ષોલ્લાસ સાથે તેમના પર પુષ્પવૃષ્ટિ કરવા લાગ્યા. (૩૪) હે શત્રુદમન (પરીક્ષિત)! તે સમયે વૃત્રાસુરના શરીરમાંથી તેની આત્મજ્યોતિ બહાર નીકળી અને ઇન્દ્ર વગેરે સૌના જોતાં જ સર્વલોકાતીત શ્રીભગવાનના સ્વરૂપમાં લીન થઈ ગઈ. (૩૫)

★ ★ ★ ★

તેરમો અધ્યાય

ઇન્દ્ર પર બ્રહ્મહત્યાનું આક્રમણ

શ્રીશુકદેવજી કહે છે – હે મહાદાની (પરીક્ષિત)! વૃત્રાસુરના હણાયાથી ઇન્દ્ર ઉપરાંત ત્રણે લોક અને (બધા) લોકપાલો તરત જ અત્યંત પ્રસન્ન થઈ ગયા. તેમના ભય અને સંતાપ વગેરેનું નિવારણ થઈ ગયું. (૧) યુદ્ધ સમાપ્ત થઈ જવાથી દેવતાઓ, ઋષિઓ, પિતૃઓ, ભૂતો, દૈત્યો, દેવોના અનુચર ગંધર્વો વગેરે પોતપોતાના લોકમાં પાછા ગયા. એ પછી બ્રહ્મા, શંકર અને ઇન્દ્ર પણ સિધાવી ગયા. (૨)

રાજા પરીક્ષિતે પૂછ્યું – હે ભગવન્! હું દેવરાજ ઇન્દ્રની અપ્રસન્નતાનું કારણ સાંભળવા ઇચ્છું છું. વૃત્રાસુરના વધથી જ્યારે બધા દેવો સુખી થયા ત્યારે ઇન્દ્રને શા કારણે દુઃખ થયું? (૩)

શ્રીશુકદેવજીએ કહ્યું – વૃત્રાસુરના પરાક્રમથી જ્યારે બધા દેવો અને ઋષિઓ-મહર્ષિઓ અત્યંત ભયગ્રસ્ત થઈ ગયા હતા ત્યારે તેનો વધ કરવા માટે તે બધાએ ઇન્દ્રને પ્રાર્થના કરી હતી, પરંતુ તેઓ બ્રહ્મહત્યા થવાના ભયને લીધે તેનો વધ કરવા ઇચ્છતા ન હતા. (૪)

ઇન્દ્રે તે બધાને કહ્યું – હે દેવો! હે

ઋષિઓ! વિશ્વરૂપનો વધ કરવાથી મને જે બ્રહ્મહત્યા લાગી હતી તેને તો સ્ત્રી, પૃથ્વી, જળ અને વૃક્ષોએ કૃપા કરીને વહેંચી લીધી હતી. પરંતુ હવે જો હું વૃત્રનો વધ કરું તો તેની હત્યાથી મારો છુટકારો કેમ થાય? (૫)

શ્રીશુકદેવજી કહે છે – દેવરાજ ઇન્દ્રનું આવું કહેવું સાંભળીને ઋષિઓએ તેમને કહ્યું – "હે દેવરાજ! તમારું કલ્યાણ થાઓ. તમે સ્હેજ પણ ભય ન રાખો; કારણ કે અમે અશ્વમેધ યજ્ઞ કરાવીને તમને બધાં પાપોમાંથી છુટકારો અપાવીશું. (૬) અશ્વમેધ યજ્ઞ વડે સૌના અંતર્યામી સર્વશક્તિમાન પરમાત્મા શ્રીનારાયણની આરાધના કરીને તમે સમસ્ત જગતનો વધ કરવાના પાપમાંથી પણ મુક્ત થઈ શકો છો, તો પછી વૃત્રાસુરના વધની તો વાત જ ક્યાં રહી? (૭) હે દેવરાજ! ભગવાનના નામના કીર્તનમાત્રથી જ બ્રાહ્મણ, પિતા, માતા, ગાય, આચાર્ય વગેરેની હત્યા કરનારા મહાપાપીઓ, કૂતરાનું માંસ ખાનારા ચાંડાળો અને કસાઈઓ પણ શુદ્ધ (પાપરહિત) થઈ જાય છે. (૮) અમે 'અશ્વમેધ' મહાયજ્ઞનું અનુષ્ઠાન કરીશું. તેના વડે શ્રદ્ધાપૂર્વક ભગવાનની આરાધના કરીને તમે બ્રહ્મા સુધ્ધાં ચરાચર જગતની હત્યાના પાપથી પણ લેપાશો નહીં; તો પછી આ દુષ્ટને દંડ આપવાના પાપમાંથી છૂટવાની તો વાત જ શી છે? (૯)

શ્રીશુકદેવજી કહે છે – આ પ્રમાણે બ્રાહ્મણોથી ઠીક- ઠીક પ્રેરિત થયેલા દેવરાજ ઇન્દ્રે વૃત્રાસુરનો વધ કર્યો હતો; અને એના માર્યા જવાથી ઇન્દ્રને બ્રહ્મહત્યા લાગી. (૧૦) એને કારણે ઇન્દ્રે મહાન ક્લેશ, ભારે બળતરા સહન કરવાં પડ્યાં. તેમને એક ક્ષણ માટે પણ ચેન પડતું ન હતું. એ સાચું જ છે કે જ્યારે કોઈ સંકોચશીલ સજ્જનને કલંક લાગી જાય છે ત્યારે તેના ધૈર્ય વગેરે ગુણો પણ તેને સુખ આપી શકતા નથી. (૧૧) દેવરાજ ઇન્દ્રે જોયું કે બ્રહ્મહત્યા સાક્ષાત્ ચાંડાલીની જેમ તેમની પાછળ-પાછળ દોડતી આવી રહી છે; વૃદ્ધત્વને કારણે તેનાં બધાં અંગો કંપી રહ્યાં છે અને ક્ષયરોગ તેને પીડી રહ્યો છે; તેનાં બધાં વસ્ત્રો લોહીથી લથપથ થઈ રહ્યાં છે. (૧૨) પોતાના સફેદ-સફેદ (પળિયાં આવેલા) વાળ વિખેરેલી તે 'ઊભો રહે! ઊભો રહે!' – એમ ચીસો પાડતી આવી રહી છે. તેના શ્વાસની સાથે માછલીના જેવી દુર્ગંધ ફેલાઈ રહી છે, જેને કારણે માર્ગ પણ દૂષિત થઈ રહ્યો છે. (૧૩) હે રાજન્! દેવરાજ ઇન્દ્ર તેના ભયથી દિશાઓ અને આકાશમાં નાસતા ફરતા રહ્યા. અંતે ક્યાંય પણ શરણ નહીં મળવાને કારણે તેઓ પૂર્વ અને ઉત્તરની દિશામાં (ઇશાન ખૂણામાં) આવેલા માનસરોવરમાં શીઘ્રતાપૂર્વક પ્રવેશ્યા. (૧૪) દેવરાજ ઇન્દ્ર માનસરોવરના કમળનાળના તંતુઓમાં સંતાઈને એક હજાર વર્ષ સુધી નિવાસ કરતા રહ્યા અને વિચારતા રહ્યા કે બ્રહ્મહત્યામાંથી પોતાનો છુટકારો કેમ થાય. આટલા સમય સુધી તેમને ભોજન કરવા કોઈ પણ પ્રકારની વસ્તુ મળી નહીં; કારણ કે તેઓ અગ્નિદેવના મુખેથી ભોજન કરે છે અને અગ્નિદેવ જળની અંદર કમળતંતુઓમાં જઈ શકતા ન હતા. (૧૫) દેવરાજ ઇન્દ્ર જ્યાં સુધી કમળતંતુઓમાં રહ્યા ત્યાં સુધી રાજા નહુષ પોતાની વિદ્યા, તપ અને યોગશક્તિના પ્રભાવથી સ્વર્ગનું શાસન કરતા રહ્યા. પરંતુ તેમણે સંપત્તિ અને ઐશ્વર્યના મદથી અંધ થઈને જ્યારે ઇન્દ્રનાં પત્ની શચીની સાથે અનાચાર કરવા ઇચ્છ્યું ત્યારે શચીએ તેમના વડે ઋષિઓનો અપરાધ કરાવીને તેમને શાપ અપાવ્યો, જેનાથી તેઓ સાપ બની ગયા. (૧૬)

ત્યારબાદ સત્યના પરમ પોષક શ્રીભગવાનનું

ધ્યાન ધરવાથી જ્યારે ઇન્દ્રનાં પાપ નષ્ટપ્રાય થઈ ગયાં ત્યારે બ્રાહ્મણોના બોલાવ્યાથી તેઓ ફરીથી સ્વર્ગલોકમાં આવ્યા. (ત્યારે) કમળવનમાં વિહાર કરનારાં વિષ્ણુનાં પત્ની લક્ષ્મીજી ઇન્દ્રનું રક્ષણ કરી રહ્યાં હતાં અને પૂર્વોત્તર દિશાના અધિપતિ ભગવાન રુદ્રે પાપને પહેલાંથી જ નિસ્તેજ કરી દીધું હતું, જેથી તે ઇન્દ્ર પર આક્રમણ કરી શક્યું નહીં. (૧૭)

હે પરીક્ષિત! ઇન્દ્રના સ્વર્ગમાં આવી ગયા પછી બ્રહ્મર્ષિઓએ ત્યાં આવીને ભગવાનની આરાધના કરવા માટે ઇન્દ્રને અશ્વમેધ યજ્ઞની દીક્ષા આપી અને તેમની પાસે અશ્વમેધ યજ્ઞ કરાવ્યો. (૧૮) વેદવાદી ઋષિઓએ જ્યારે તેમની પાસે અશ્વમેધ યજ્ઞ કરાવ્યો તથા દેવરાજ ઇન્દ્રે તે યજ્ઞ વડે સર્વદેવ-સ્વરૂપ ભગવાન શ્રીપુરુષોત્તમની આરાધના કરી ત્યારે ભગવાનની આરાધનાના પ્રભાવથી વૃત્રાસુરના વધનો તે ઘણો મોટો પાપપુંજ એવી રીતે ભસ્મ થઈ ગયો કે જેમ સૂર્યોદય થવાથી ધુમ્મસનો નાશ થઈ જાય છે. (૧૯-૨૦) મરીચિ વગેરે મુનીશ્વરોએ જ્યારે તેમની પાસે વિધિપૂર્વક અશ્વમેધ યજ્ઞ કરાવ્યો ત્યારે તે (યજ્ઞ) વડે સનાતન પુરુષ યજ્ઞપતિ ભગવાનની આરાધના કરીને ઇન્દ્ર બધાં પાપોમાંથી મુક્ત થઈ ગયા અને ફરી પૂર્વવત્ પૂજનીય થઈ ગયા. (૨૧)

(હે પરીક્ષિત)! આ શ્રેષ્ઠ આખ્યાનમાં ઇન્દ્રનો વિજય, પાપોમાંથી તેમની મુક્તિ અને ભગવાનના પ્રિય ભક્ત વૃત્રાસુરનું વર્ણન છે. આમાં તીર્થોને પણ તીર્થ બનાવનારા ભગવાનના અનુગ્રહ વગેરે ગુણોનું સંકીર્તન છે. આ (આખ્યાન) તમામ પાપોને ધોઈ નાખે છે અને ભક્તિમાં વૃદ્ધિ કરે છે. (૨૨) બુદ્ધિમાન મનુષ્યોએ ઇન્દ્ર-સંબંધી આ આખ્યાન હરહંમેશ વાંચવું અને સાંભળવું જોઈએ. ખાસ કરીને પર્વોના અવસરે તો આનું અચૂકપણે સેવન કરવું જોઈએ. આ ધન અને યશ વધારે છે, તમામ પાપોમાંથી છોડાવે છે, શત્રુઓ પર વિજય અપાવે છે તથા આયુષ્ય અને મંગળની અભિવૃદ્ધિ કરે છે. (૨૩)

★ ★ ★ ★

ચૌદમો અધ્યાય

વૃત્રાસુરનું પૂર્વચરિત્ર

રાજા પરીક્ષિતે પૂછ્યું – હે બ્રહ્મન્! ભગવાનની ભક્તિ ઘણી દુર્લભ છે. (૨) હે ભગવન્! આ જગતનાં પ્રાણીઓ પૃથ્વીના રજકણો જેટલાં જ અસંખ્ય છે. તેમાંના મનુષ્યો વગેરે કેટલાક શ્રેષ્ઠ જીવો જ પોતાના કલ્યાણ માટેની કોશિશ કરે છે. (૩) હે બ્રહ્મન્! એમાં પણ સંસારમાંથી મુક્તિ ઇચ્છનારાઓ તો વિરલ જ હોય છે; અને મોક્ષ ઇચ્છનારા હજારોમાંથી મુક્તિ કે સિદ્ધિ-લાભ તો કોઈક જ મેળવવા પામે છે. (૪) હે મહામુનિ! કરોડો સિદ્ધ અને મુક્ત વૃત્રાસુરનો સ્વભાવ તો ભારે રજોગુણી અને તમોગુણી હતો. તે દેવોને પીડા આપીને પાપ પણ કરતો જ હતો. આવી સ્થિતિમાં ભગવાન શ્રીનારાયણનાં ચરણોમાં તેની સુદૃઢ ભક્તિ કેવી રીતે થઈ? (૧) અમે જોઈએ છીએ કે શુદ્ધ સત્ત્વમય દેવો અને પવિત્ર હૃદયવાળા ઋષિઓ પણ ભગવાનની પરમ પ્રેમમયી ભક્તિથી ઘણું કરીને વંચિત જ રહી જાય છે. સાચે જ

મનુષ્યોમાં પણ એવા શાન્તચિત્ત મહાપુરુષ મળવા એ તો ઘણું જ મુશ્કેલ છે, કે જેઓ એકમાત્ર ભગવાનમાં પરાયણ હોય. (૫)

આવી સ્થિતિમાં તે વૃત્રાસુર, કે જે બધા લોકોને પીડતો હતો અને મહાન પાપી હતો એવો તે ભયંકર યુદ્ધના પ્રસંગે પોતાની વૃત્તિઓને ભગવાન શ્રીકૃષ્ણમાં આટલી દૃઢતાથી જોડી શક્યો તેનું શું કારણ? (૬) હે પ્રભુ! આ બાબતમાં અમને ઘણો બધો સંદેહ છે અને સાંભળવાનું ઘણું કુતૂહલ પણ છે. અહો! વૃત્રાસુરનું બળ-પૌરુષ કેટલું મહાન હતું કે તેણે યુદ્ધભૂમિમાં દેવરાજ ઈન્દ્રને પણ સંતુષ્ટ કરી દીધા! (૭)

સૂતજી કહે છે – હે શૌનકાદિ ઋષિજનો! ભગવાન શુકદેવજીએ પરમ શ્રદ્ધાળુ રાજર્ષિ પરીક્ષિતનો આ શ્રેષ્ઠ પ્રશ્ન સાંભળીને તેમનું અભિનંદન કરતાં આ વાત કહી. (૮)

શ્રીશુકદેવજીએ કહ્યું – હે રાજન્! તમે સાવધાન થઈને આ ઇતિહાસ સાંભળો. મેં આ ઇતિહાસ પોતાના પિતા વ્યાસજી, દેવર્ષિ નારદ અને મહર્ષિ દેવલના મુખેથી પણ વિધિપૂર્વક સાંભળ્યો છે. (૯) પ્રાચીન કાળની વાત છે - શૂરસેન દેશમાં ચક્રવર્તી સમ્રાટ ચિત્રકેતુ મહારાજ રાજ્ય કરતા હતા. તેમના રાજ્યમાં સ્વયં પૃથ્વી જ પ્રજાની ઇચ્છા અનુસાર અન્ન-રસ આપતી રહેતી હતી. (૧૦) તેમને એક કરોડ રાણીઓ હતી અને તેઓ સ્વયં સંતાન ઉત્પન્ન કરવામાં સમર્થ પણ હતા, પરંતુ તેમને તે રાણીઓ પૈકીની કોઈના પણ ગર્ભથી કોઈ સંતાન થયું નહીં. (૧૧) આમ તો મહારાજ ચિત્રકેતુને કોઈ વાતની કમી ન હતી. સુંદરતા, ઉદારતા, યૌવન, કુલીનતા, વિદ્યા, ઐશ્વર્ય, સંપત્તિ વગેરે બધા જ ગુણોથી તેઓ સંપન્ન હતા. આમ છતાં તેમની પત્નીઓ નિઃસંતાન હતી, તેથી તેમને ભારે ચિંતા રહેતી હતી. (૧૨) તેઓ સમસ્ત પૃથ્વીના સંપૂર્ણ (ચક્રવર્તી) સમ્રાટ હતા, ઘણીબધી સુંદર રાણીઓ હતી તથા સમગ્ર પૃથ્વી તેમને વશ હતી. બધા પ્રકારની સંપત્તિઓ તેમની સેવામાં ઉપસ્થિત હતી, પરંતુ તે બધી વસ્તુઓ તેમને સુખી કરી શકી નહીં. (૧૩) એક દિવસ શાપ અને વરદાન આપવામાં સમર્થ અંગિરા ઋષિ વિભિન્ન લોકોમાં સ્વચ્છંદપણે વિચરણ કરતા કરતા રાજા ચિત્રકેતુના મહેલમાં જઈ પહોંચ્યા. (૧૪) રાજાએ આદરપૂર્વક ઊભા થઈને અર્ઘ્ય વગેરેથી તેમની વિધિપૂર્વક પૂજા કરી. આતિથ્યસત્કાર સંપન્ન થયા પછી અંગિરા ઋષિ જ્યારે આસન પર આરામપૂર્વક વિરાજમાન થયા ત્યારે રાજા ચિત્રકેતુ પણ તેમની પાસે જ શાંતભાવે બેઠા. (૧૫) મહારાજ! મહર્ષિ અંગિરાએ જ્યારે જોયું કે આ રાજા ઘણો વિનયી છે અને મારી પાસે જમીન પર બેસીને મારી ભક્તિ કરી રહ્યો છે ત્યારે તેમણે ચિત્રકેતુને સંબોધીને તેને આદરમાન આપતાં આ પ્રમાણે કહ્યું. (૧૬)

અંગિરા ઋષિએ કહ્યું – હે રાજન્! તમે પોતાની પ્રકૃતિઓ – ગુરુ, મંત્રીઓ, રાષ્ટ્ર, દુર્ગ, કોષ (ધનરાશિ), સૈન્ય અને મિત્રો સહિત કુશળક્ષેમ તો છોને? જેમ જીવ મહત્તત્ત્વ વગેરે સાત આવરણોથી ઘેરાયેલો હોય તેવી જ રીતે રાજા પણ આ સાત પ્રકૃતિઓથી ઘેરાયેલો રહે છે. એ બધાની કુશળતાથી રાજા કુશળ હોય છે. (૧૭) હે નરેન્દ્ર! જેમ રાજા પોતાની ઉપર જણાવી તે પ્રકૃતિઓ અનુકૂળ રહે તો જ રાજ્યસુખ ભોગવી શકે છે તેવી જ રીતે પ્રકૃતિઓ પણ પોતાના રક્ષણની જવાબદારી રાજા પર છોડીને સુખ અને સમૃદ્ધિનો લાભ લઈ

શકે છે. (૧૮)

હે રાજન્! તમારી રાણીઓ, પ્રજા, મંત્રીઓ (સલાહકારો), સેવકો, વેપારી શેઠિયાઓ, અમાત્ય (દીવાન), નગરવાસીઓ, દેશવાસીઓ, મંડલેશ્વર રાજાઓ અને પુત્રો તમારા વશમાં તો છે ને? (૧૯) સાચું તો એ છે કે જેનું મન પોતાના વશમાં છે તેને આ બધાંય વશમાં હોય છે. એટલું જ નહીં, બધા જ લોક અને લોકપાલો પણ અત્યંત સાવધાનીપૂર્વક તેને ભેટ-સોગાદ આપીને તેની પ્રસન્નતા ઇચ્છતા હોય છે. (૨૦) પરંતુ હું જોઉં છું કે તમે સ્વયં સંતુષ્ટ નથી. તમારી કોઈ કામના અધૂરી રહી છે. તમારા ચહેરા પર કોઈ આંતરિક ચિંતાનાં ચિહ્ન દેખાઈ રહ્યાં છે. તમારા આ અસંતોષનું કારણ કોઈ અન્ય છે કે પછી સ્વયં તમે જ છો?'' (૨૧)

(હે પરીક્ષિત!) મહર્ષિ અંગિરા એ જાણતા જ હતા કે રાજાના મનમાં કઈ ચિંતા છે, તોપણ તેમણે ચિંતા વિશે રાજાને અનેક પ્રશ્નો પૂછ્યા. ચિત્રકેતુને સંતાનની કામના હતી, તેથી મહર્ષિના પૂછવાથી તેમણે વિનયપૂર્વક જણાવ્યું. (૨૨)

ચિત્રકેતુએ કહ્યું – હે ભગવન્! જે યોગીઓનાં તપ, જ્ઞાન, ધારણા, ધ્યાન અને સમાધિ વડે તમામ પાપો નષ્ટ થઈ ચૂક્યાં છે તેમના માટે પ્રાણીઓની બાહ્ય કે આંતરિક કઈ વસ્તુ એવી છે કે જેને તેઓ જાણતા ન હોય? (૨૩) આમ હોવા છતાં પણ, જ્યારે તમે સર્વ કાંઈ જાણતા હોવા છતાંય મને મારા મનની ચિંતા પૂછી રહ્યા છો ત્યારે હું તમારી આજ્ઞા અને પ્રેરણાથી પોતાની ચિંતા તમારાં ચરણોમાં રજૂ કરું છું. (૨૪) મને પૃથ્વીનું સામ્રાજ્ય, ઐશ્વર્ય અને સંપત્તિઓ મળેલાં છે કે જે મેળવવા લોકપાલો પણ ઇચ્છતા હોય છે. પરંતુ (મારે) સંતાન નહીં હોવાને કારણે મને આ સુખભોગોથી જરા જેટલી પણ શાંતિ મળતી નથી, જેમ કે ભૂખ્યાતરસ્યા પ્રાણીને અન્ન-જળ સિવાય અન્ય કશા ભોગોથી તે મળતી નથી. (૨૫) હે મહાભાગ! હું તો (આ કારણે) દુઃખી છું જ, બલકે પિંડદાન નહીં મળવાની આશંકાને લીધે મારા પિતૃઓ પણ દુઃખી થઈ રહ્યા છે. હવે તમે અમને સંતાન-પ્રાપ્તિ થાય તેવું કરીને પરલોકમાં પ્રાપ્ત થનારા ઘોર નરકમાંથી ઉગારો અને એવી વ્યવસ્થા કરો કે જેથી હું આ લોક અને પરલોકનાં બધાં દુઃખોમાંથી છુટકારો મેળવી શકું. (૨૬)

શ્રીશુકદેવજી કહે છે – (હે પરીક્ષિત!) જ્યારે રાજા ચિત્રકેતુએ આ પ્રમાણે પ્રાર્થના કરી ત્યારે સર્વસમર્થ અને પરમકૃપાળુ બ્રહ્મપુત્ર ભગવાન અંગિરાએ ત્વષ્ટા દેવતાને યોગ્ય ચરુ બનાવ્યો અને તેનાથી તેમનું યજન કર્યું. (૨૭) હે પરીક્ષિત! રાજા ચિત્રકેતુની રાણીઓમાં સૌથી મોટાં અને સદ્‌ગુણશાળી મહારાણી કૃતદ્યુતિ હતાં. મહર્ષિ અંગિરાએ યજ્ઞનો અવશેષ પ્રસાદ તેમને જ આપ્યો; (૨૮) અને રાજા ચિત્રકેતુને કહ્યું – ''હે રાજન્! તમારી પત્નીના ગર્ભથી એક પુત્ર થશે, જે તમને હર્ષ અને શોક (બંને) આપશે.'' આમ કહીને અંગિરા ઋષિ ચાલ્યા ગયા. (૨૯) યજ્ઞનો તે અવશેષ પ્રસાદ આરોગવાથી મહારાણી કૃતદ્યુતિએ મહારાજ ચિત્રકેતુથી ગર્ભ ધારણ કર્યો, જેમ કૃત્તિકાએ પોતાના ગર્ભમાં અગ્નિકુમારને ધારણ કર્યો હતો. (૩૦) હે રાજન્! શૂરસેન દેશના રાજા ચિત્રકેતુના તેજથી કૃતદ્યુતિનો ગર્ભ શુક્લપક્ષના ચંદ્રમાની જેમ દિવસે-દિવસે ક્રમશઃ વૃદ્ધિ પામવા લાગ્યો. (૩૧)

ત્યારબાદ (યોગ્ય) સમય આવ્યેથી મહારાણી કૃતદ્યુતિના ગર્ભથી એક સુંદર પુત્રનો જન્મ થયો. તેના જન્મના સમાચાર જાણીને શૂરસેન દેશની પ્રજા અત્યંત આનંદિત થઈ. (૩૨) સમ્રાટ

ચિત્રકેતુ તો અત્યંત હર્ષ પામ્યા. તેઓ સ્નાન કરીને પવિત્ર થયા. પછી વસ્ત્રાભૂષણોથી સુસજ્જિત થઈને બ્રાહ્મણો પાસે સ્વસ્તિવાચન કરાવ્યું અને આશીર્વાદ મેળવીને પુત્રના જાતકર્મ-સંસ્કાર કરાવ્યા. (૩૩) તેમણે તે બ્રાહ્મણોને સોનું, ચાંદી, વસ્ત્રો, આભૂષણો, ગામો, ઘોડા, હાથી અને છ અબજ ગાયોનું દાન કર્યું. (૩૪) ઉદારશિરોમણિ રાજા ચિત્રકેતુએ પુત્રના ધન, યશ અને આયુષ્યની વૃદ્ધિ માટે બીજા લોકોને પણ માંગી-માગી વસ્તુઓ આપી, બરાબર એવી જ રીતે કે જેમ મેઘ બધા જ જીવોનો મનોરથ પૂરો કરે છે. (૩૫) જો કોઈ કંગાળ મનુષ્યને ઘણી મુશ્કેલીએ થોડું ધન મળે છે તો તેની તેમાં આસક્તિ થઈ જાય છે તેવી જ રીતે ઘણી મુશ્કેલીએ પ્રાપ્ત થયેલા તે પુત્રમાં રાજર્ષિ ચિત્રકેતુનું સ્નેહબંધન દિવસે-દિવસે દૃઢ થવા લાગ્યું. (૩૬) માતા કૃતદ્યુતિને પણ પોતાના પુત્ર પર મોહને કારણે ઘણો જ પ્રેમ હતો. પરંતુ તેમની શોક્ય રાણીઓના મનમાં (પોતાની અપૂર્ણ) પુત્ર-કામનાથી વિશેષ ઈર્ષ્યા થવા લાગી. (૩૭) દરરોજ બાળકને લાડ-પ્યાર કરતી રહેવાને કારણે બાળકની માતા કૃતદ્યુતિમાં જેટલો પ્રેમ સમ્રાટ ચિત્રકેતુનો હતો તેટલો બીજી રાણીઓમાં રહ્યો નહીં. (૩૮) આ પ્રમાણે એક તો તે રાણીઓ (પોતાને) સંતાન નહીં હોવાને કારણે દુઃખી જ હતી અને બીજું, રાજા ચિત્રકેતુએ તેમની ઉપેક્ષા કરી, તેથી તેઓ ઈર્ષ્યાવશ પોતાને ધિક્કારવા લાગી અને મનોમન બળવા લાગી. (૩૯)

(તે રાણીઓ પરસ્પર કહેતી હતી –) ''અરે બહેનો! પુત્રહીન સ્ત્રી મહા અભાગણી હોય છે. પુત્રવાળી શોક્યો તો તેનો દાસીની જેમ તિરસ્કાર કરે છે. બીજું તો ઠીક, સ્વયં પતિદેવ જ તેને પત્ની તરીકે માનતા નથી. સાચે જ પુત્રહીન સ્ત્રી ધિક્કારને પાત્ર છે. (૪૦) અરે, દાસીઓને તો શું દુઃખ? તેઓ તો પોતાના સ્વામીની સેવા કરીને નિરંતર સમ્માન મેળવતી રહે છે. પરંતુ આપણે અભાગણીઓ તો અત્યારે એમના કરતાં પણ બદતર જીવીએ છીએ અને દાસીઓની પણ દાસીની જેમ વારંવાર તિરસ્કાર પામતી રહીએ છીએ.'' (૪૧) આ પ્રમાણે તે રાણીઓ પોતાની શોક્યનો ખોળો ભરેલો જોઈને બળતી રહેતી હતી અને રાજા પણ તેમના પ્રત્યે ઉદાસીન થઈ ગયા હતા. પરિણામે તેમના મનમાં કૃતદ્યુતિ પ્રત્યે ઘણો વધારે દ્વેષ થઈ ગયો. (૪૨) દ્વેષને કારણે રાણીઓની બુદ્ધિ નષ્ટ થઈ ગઈ, તેમના ચિત્તમાં ક્રૂરતા વ્યાપી વળી. તેમનાથી પોતાના પતિનો પુત્રપ્રેમ સહન થયો નહીં, તેથી તેમણે દ્વેષપૂર્વક નાનકડા રાજકુમારને ઝેર આપ્યું. (૪૩) મહારાણી કૃતદ્યુતિ (પોતાની) શોક્યોના આ ઘોર પાપી દુષ્કૃત્યથી અજાણ હતી. તેમણે દૂરથી જોઈને વિચાર્યું કે પુત્ર સૂઈ ગયો છે, તેથી તેઓ મહેલમાં આઘાંપાછાં થતાં રહ્યાં. (૪૪) પછી બુદ્ધિમતી રાણીએ જોયું કે બાળક ઘણા સમયથી સૂતેલો છે એટલે ધાયને કહ્યું – 'અરે કલ્યાણી! મારા દીકરાને લઈ આવ.' (૪૫) ધાય સૂતેલા બાળક પાસે ગઈ અને જોયું તો તેની આંખોની પૂતળીઓ ઊંધી વળી ગઈ છે; પ્રાણ, ઇન્દ્રિયો અને જીવાત્માએ પણ તેના શરીરમાંથી વિદાય લઈ લીધી છે. આ જોતાં જ 'અરેરે હાય! હું મારી ગઈ!' કહેતી તે ધરતી પર ઢળી પડી. (૪૬)

પોતાના બંને હાથે છાતી કૂટતી અત્યંત આર્તસ્વરે આક્રંદ કરતી ધાયનું રુદન સાંભળીને મહારાણી કૃતદ્યુતિ ઝડપથી પોતાના પુત્રના શયનખંડમાં પહોંચી ગયાં અને તેમણે જોયું કે મારો નાનકડો દીકરો અચાનક જ મૃત્યુ પામ્યો

છે; (૪૭) અને તેથી તેઓ અત્યંત શોકને કારણે મૂર્ચ્છિત થઈને ધરતી પર ઢળી પડ્યાં; તેમના માથાના વાળ વિખરાઈ ગયા અને શરીર પરનાં વસ્ત્રો અસ્તવ્યસ્ત થઈ ગયાં. (૪૮) ત્યારબાદ મહારાણીનું રુદન સાંભળીને રાણીવાસનાં બધાં જ સ્ત્રીપુરુષો ત્યાં દોડી આવ્યાં અને સહાનુભૂતિથી અત્યંત દુઃખી થઈને રડવા લાગ્યાં. પેલી હત્યારી રાણીઓ પણ ત્યાં આવીને ખોટેખોટું રડીને ઢોંગ કરવા લાગી. (૪૯)

રાજા ચિત્રકેતુને જ્યારે ખબર પડી કે મારા પુત્રનું અકારણ જ મૃત્યુ થઈ ગયું છે ત્યારે અત્યંત સ્નેહને કારણે શોકના આવેગથી તેમની આંખો આગળ અંધકાર છવાઈ ગયો. તેઓ પોતાના મંત્રીઓ અને બ્રાહ્મણોની સાથે રસ્તામાં પડતા-આખડતા ધીરે ધીરે બાળક પાસે પહોંચ્યા અને મૂર્ચ્છિત થઈને તેના પગ પાસે ફસકાઈ પડ્યા. તેમના વાળ અને વસ્ત્રો અહીંતહીં વિખરાઈ ગયાં; તેઓ લાંબા-લાંબા શ્વાસ લેવા લાગ્યા અને આંસુઓની અધિકતાને લીધે તેમનું ગળું રૂંધાઈ ગયું અને તેઓ કશું પણ બોલી શક્યા નહીં. (૫૦-૫૧) રાણી કૃતદ્યુતિ પોતાના પ્રાણપ્રિય પતિને અત્યંત શોકવિહ્વળ થયેલા અને એકના એક નાનકડા પુત્રને મૃત્યુ પામેલો જોઈને અનેક પ્રકારે વિલાપ કરવા લાગ્યાં. તેમનું આ દુઃખ જોઈને મંત્રીઓ વગેરે બધા જ ઉપસ્થિત થયેલા મનુષ્યો શોકગ્રસ્ત થઈ ગયા. (૫૨) મહારાણીની આંખોમાંથી એટલાં આંસુ વહી રહ્યાં હતાં કે તેઓ પોતાની આંખોના કાજળથી કેસર અને ચંદનથી લેપ કરેલા વક્ષઃસ્થળને ભીંજવવા લાગ્યાં. તેમના વાળ વિખેરાઈ રહ્યા હતા અને એમાં ગૂંથેલાં ફૂલ નીચે પડી રહ્યાં હતાં. આ પ્રમાણે તેઓ પુત્ર માટે ટિટોડીની જેમ ઊંચા સાદે વિવિધ પ્રકારે રુદન કરી રહ્યાં હતાં. (૫૩) (તેઓ બોલતાં હતાં –) "અરે વિધાતા! સાચે જ તું મહામૂર્ખ છે કે તું પોતાની સૃષ્ટિને પ્રતિકૂળ કામ કરે છે. ભારે અચંબાની વાત છે કે ઘરડાં-બુઢ્ઢાં તો જીવતાં રહે અને બાળકો મૃત્યુ પામે! જો તારા સ્વભાવમાં ખરેખર આવું જ વિપરીતપણું છે તો, તો તું નિશ્ચિતપણે જ શત્રુ છે. (૫૪) સંસારમાં પ્રાણીઓના જીવન-મરણનો કોઈ ક્રમ ન જળવાય તો તેઓ પોતાના પ્રારબ્ધ અનુસાર જન્મતાં અને મરતાં રહેશે અને તો પછી તારી જરૂર શી છે? તેં સગાંસંબંધીઓમાં સ્નેહનું બંધન તો એ માટે જ નાખી રાખ્યું છે કે તેઓ તારી સૃષ્ટિની વૃદ્ધિ કરે. પરંતુ તું આ પ્રમાણે બાળકોને મારીને તો પોતાનું જ કર્યું-કારવ્યું પોતાના હાથે નષ્ટ કરી રહ્યો છે!" (૫૫) (પછી તેઓ પોતાના મરેલા પુત્ર તરફ જોઈને કહેવા લાગ્યાં –) "બેટા! હું તારા વિના અનાથ અને દીન થઈ રહી છું. મને છોડીને આ પ્રમાણે ચાલ્યા જવું તારે માટે યોગ્ય નથી. જરીક આંખ ખોલીને જો તો ખરો કે તારા પિતાજી તારા વિયોગમાં કેટલા શોક-સંતપ્ત થઈ રહ્યા છે. બેટા! નિઃસંતાન મનુષ્યો જે ઘોર નરકને મહામુસીબતે પાર કરવા પામે છે તેને અમે તારા સહારે અનાયાસ જ પાર કરી લઈશું. અરે બેટા! તું આ યમરાજની સાથે દૂર ન જા; આ તો અત્યંત નિર્દયી છે. (૫૬)

મારા વહાલા લાલ! ઓ રાજકુમાર! ઊઠ, બેટા! જો, તારા બાળમિત્રો તને રમવા માટે બોલાવી રહ્યા છે. તને સૂવામાં ને સૂવામાં ઘણો વખત વીતી ગયો, હવે તો ભૂખ લાગી હશે. ઊઠ કંઈક ખાઈ લે, બીજું કંઈ નહીં તો મારું દૂધ જ પી લે અને પોતાનાં સ્વજનો-સંબંધીઓ એવાં અમારા સૌનો શોક દૂર કર. (૫૭) વહાલા લાલ! આજે હું તારા મુખારવિંદ પર તે

ભલુંભોળું સ્મિત અને આનંદપૂર્ણ દૃષ્ટિ જોતી નથી. હું ઘણી અભાગણી છું. અરે રે હાય! હજી પણ મને તારી સુમધુર કાલીઘેલી બોલી સંભળાતી નથી. શું સાચેસાચ જ નિષ્ઠુર યમરાજ તને તે પરલોકમાં લઈ ગયો છે કે જ્યાંથી ફરી કોઈ પાછું વળીને આવતું નથી?'' (૫૮)

શ્રીશુકદેવજી કહે છે – (હે પરીક્ષિત!) જ્યારે સમ્રાટ ચિત્રકેતુએ જોયું કે મહારાણી પોતાના મરેલા પુત્ર માટે આવી રીતે અનેક પ્રકારે વિલાપ કરી રહ્યાં છે ત્યારે તેઓ શોકથી અત્યંત સંતપ્ત થઈને ધ્રૂસકે ધ્રૂસકે રડવા લાગ્યા. (૫૯) રાજા અને રાણી આ પ્રમાણે વિલાપ કરતાં હતાં તેથી તેમનાં અનુચર સ્ત્રીપુરુષો પણ દુઃખી થઈને રડવા લાગ્યાં. આ પ્રમાણે આખુંય નગર શોકથી બેહોશ જેવું થઈ ગયું. (૬૦) હે રાજન્! મહર્ષિ અંગિરાજી અને દેવર્ષિ નારદજીએ જોયું કે રાજા ચિત્રકેતુ પુત્રના શોકને કારણે ચેતનાહીન થઈ રહ્યા છે, તેમને સમજાવનાર પણ કોઈ નથી, ત્યારે તે બંને ત્યાં આવી પહોંચ્યા. (૬૧)

★ ★ ★ ★

પંદરમો અધ્યાય

અંગિરા ઋષિ અને નારદજીનો ચિત્રકેતુને ઉપદેશ

શ્રીશુકદેવજી કહે છે – (હે પરીક્ષિત!) શોકગ્રસ્ત થયેલા રાજા ચિત્રકેતુ પોતાના મૃત્યુ પામેલા પુત્રની પાસે જ શબવત્ પડેલા હતા, ત્યારે (ત્યાં આવેલા) મહર્ષિ અંગિરા અને દેવર્ષિ નારદજી તેમને સુંદર સુંદર ઉક્તિઓથી સમજાવવા લાગ્યા – (૧) ''હે રાજેન્દ્ર! જેના માટે તમે આટલો શોક કરી રહ્યા છો તે આ જન્મમાં અને એના પહેલાંના જન્મોમાં તમારો કોણ હતો? તેના તમે કોણ હતા? અને આવનારા જન્મોમાં પણ તેની સાથે તમારો શો સંબંધ હશે? (૨)

જેમ જળના વેગને લીધે રેતીના કણ એકબીજા સાથે જોડાય છે અને છૂટા પડે છે તેવી જ રીતે સમયના પ્રવાહમાં પ્રાણીઓનું પણ મળવું અને છૂટા પડવું બનતું જ રહે છે. (૩) હે રાજન્! જેમ એક બીજમાંથી બીજાં બીજ ઉત્પન્ન થાય છે અને નાશ પામે છે તેવી જ રીતે ભગવાનની માયાથી પ્રેરિત થઈને પ્રાણીઓમાંથી બીજાં પ્રાણીઓ ઉત્પન્ન થાય છે અને નષ્ટ થઈ જાય છે. (૪) હે રાજન્! અમે, તમે અને આપણી સાથે આ જગતમાં જેટલાં પણ પ્રાણીઓ વિદ્યમાન છે તે બધાં પોતાના જન્મ પહેલાં ન હતાં અને મૃત્યુ પછી હશે નહીં. એનાથી સિદ્ધ થાય છે કે આ સમયે પણ તેમનું અસ્તિત્વ નથી; કારણ કે સત્ય વસ્તુ તો હરહંમેશ એકસરખી જ હોય છે. (૫) ભગવાન જ સમસ્ત પ્રાણીઓના અધિપતિ છે. એમનામાં જન્મ-મૃત્યુ વગેરે વિકારો બિલકુલ નથી. નથી તેમને કશાની ઇચ્છા કે નથી અપેક્ષા. તેઓ આપોઆપ જ પરતંત્ર પ્રાણીઓની સૃષ્ટિ રચે છે અને તેમના થકી અન્ય પ્રાણીઓની રચના, તેમનું પાલન અને તેમનો સંહાર કરે છે - બરાબર એવી જ રીતે કે જેમ બાળકો ઘરવખરી, રમવાનાં રમકડાં વગેરે બનાવે છે અને તોડી પણ નાખે છે. (૬) હે રાજન્! જેમ એક બીજમાંથી બીજું બીજ ઉત્પન્ન થાય છે તેવી જ રીતે પિતાના દેહ વડે માતાના દેહમાંથી પુત્રનો દેહ ઉત્પન્ન થાય છે. જે રીતે માટીના ઘડામાં, ઘડો ફૂટી જાય તો પણ તેનો મૂળપદાર્થ (માટી) શાશ્વત રહે છે, આકાર જ નષ્ટ થાય છે. તે જ પ્રમાણે જીવ જે દેહી છે

તે શાશ્વત છે, અને શરીર નાશવાન છે: (૭) હે રાજન્! જેમ એક જ માટીરૂપ વસ્તુમાં ઘડાપણું વગેરે જાતિ (-લક્ષણો) અને ઘડો વગેરે વ્યક્તિ (-લક્ષણો) - એવું વિભાજન એ કેવળ કલ્પનામાત્ર છે, તેવી જ રીતે દેહી અને દેહનું આ વિભાજન પણ અનાદિ છે અને તે અવિદ્યાને કારણે કલ્પિત છે.* (૮)

શ્રીશુકદેવજી કહે છે – હે રાજન્! જ્યારે મહર્ષિ અંગિરા અને દેવર્ષિ નારદજીએ રાજા ચિત્રકેતુને આ પ્રમાણે સમજાવ્યા ત્યારે તેમણે થોડુંક ધૈર્ય ધારણ કરીને શોકથી કરમાયેલું મુખ હાથથી લૂછ્યું અને તેમને કહ્યું. (૯)

રાજા ચિત્રકેતુએ કહ્યું – તમે બંને પરમજ્ઞાની અને મહાનોમાં પણ મહાન જણાઓ છો તથા પોતાને અવધૂતવેશમાં છુપાવીને અહીં પધાર્યા છો. તમે (બંને) કોણ છો તે કૃપા કરીને બતાવો. (૧૦) હું જાણું છું કે ભગવાનના પ્રિય ઘણાબધા બ્રહ્મવેત્તાઓ મારા જેવા વિષયાસક્ત પ્રાણીઓને (જીવોને) ઉપદેશ કરવા સારુ ઉન્મત્તના જેવો વેશ બનાવીને પૃથ્વી પર સ્વચ્છંદપણે વિચરણ કરતા રહે છે. (૧૧) સનત્કુમાર, નારદ, ઋભુ, અંગિરા, દેવલ, અસિત, અપાન્તરતમ વ્યાસ, માર્કણ્ડેય, ગૌતમ, વસિષ્ઠ, ભગવાન પરશુરામ, કપિલમુનિ, શુકદેવ, દુર્વાસા, યાજ્ઞવલ્ક્ય, જાતૂકર્ણ્ય, આરુણિ, રોમશ, ચ્યવન, દત્તાત્રેય, આસુરિ, પતંજલિ, વેદશિરા, બોધ્યમુનિ, પંચશિરા, હિરણ્યનાભ, કૌસલ્ય, શ્રુતદેવ અને ઋતધ્વજ - આ બધા તથા બીજા સિદ્ધેશ્વર ઋષિમુનિઓ જ્ઞાન આપવાના હેતુથી પૃથ્વી પર વિચરણ કરતા રહે છે. (૧૨-૧૫) હે સ્વામીઓ! હું વિષયભોગોમાં ફસાયેલો, મૂઢબુદ્ધિ અને ગ્રામ્ય પશુ છું અને અજ્ઞાનના ઘોર અંધકારમાં ડૂબી રહ્યો છું. તમે બંને જ્ઞાનના દીપક વડે મને પ્રકાશિત કરો. (૧૬)

મહર્ષિ અંગિરાએ કહ્યું – હે રાજન્! જ્યારે તમે પુત્ર માટે કામના કરતા હતા ત્યારે મેં જ તમને પુત્ર આપ્યો હતો. હું અંગિરા છું. આ તમારી સામે ઊભા છે તેઓ સ્વયં બ્રહ્માજીના પુત્ર સર્વસમર્થ દેવર્ષિ નારદ છે. (૧૭) જ્યારે અમે જોયું કે તમે પુત્રશોકને કારણે અજ્ઞાનના અત્યંત ગાઢ અંધકારમાં ડૂબતા જઈ રહ્યા છો ત્યારે અમે વિચાર્યું કે તમે ભગવાનના ભક્ત છો અને શોક કરવાને યોગ્ય નથી, તેથી તમારા પર અનુગ્રહ કરવા માટે જ અમે બંને અહીં આવ્યા છીએ. હે રાજન્! સાચું તો એ છે કે જે ભગવાનનો અને બ્રાહ્મણોનો ભક્ત હોય તેણે કોઈ પણ અવસ્થામાં શોક કરવો જોઈએ નહીં. (૧૮-૧૯)

જ્યારે પહેલવહેલાં હું તમારા ઘરે આવ્યો હતો તે સમયે જ મેં તમને પરમ જ્ઞાનનો ઉપદેશ આપ્યો હોત; પરંતુ મેં (ત્યારે) જોયું કે તમારા હૃદયમાં હમણાં તો પુત્રની ઉત્કટ કામના છે, તેથી તે સમયે મેં તમને જ્ઞાન નહીં આપતાં પુત્ર જ આપ્યો. (૨૦) હવે તમે સ્વયં અનુભવ કરી રહ્યા છો કે પુત્રવાળાઓને કેટલું દુઃખ થાય છે. આ જ વાત પત્ની, ઘર, ધન, વિવિધ પ્રકારનાં ઐશ્વર્યો, સંપત્તિઓ, શબ્દ-રૂપ-રસ વગેરે વિષયો, રાજ્ય-વૈભવ, પૃથ્વી, રાજ્ય, સેના, કોષ (ખજાનો), સેવકો, અમાત્યો, સગાંસંબંધીઓ, ઇષ્ટ મિત્રો – બધાં માટે છે; કારણ કે આ બધાં જ અનિત્ય છે. (૨૧-૨૨) એટલે જ તો હે શૂરસેન! આ બધાં જ શોક, મોહ, ભય અને દુઃખનાં કારણ છે, મનને રીઝવવાનાં રમકડાં છે; તેઓ સર્વથા કલ્પિત અને મિથ્યા છે; કારણ કે આ બધાં (વાસ્તવમાં) નહીં

* અનિત્ય હોવાને કારણે શરીર અસત્ય (અસત્-મિથ્યા) છે; અને શરીર અસત્ય હોવાને કારણે તેમના ભિન્ન-ભિન્ન અભિમાનીઓ પણ અસત્ય જ છે. ત્રણે કાળથી અબાધિત એવું સત્ય તો એકમાત્ર પરમાત્મા જ છે. તેથી (શરીર માટે) શોક કરવો એ કોઈ રીતે પણ યોગ્ય નથી.

હોવા છતાં પણ દેખાઈ રહ્યાં છે. આ જ કારણે આ બધાં એક ક્ષણે દેખાય છે ખરાં, પણ બીજી ક્ષણે અદૃશ્ય (લોપ) થઈ જાય છે. આ બધાં ગંધર્વનગરી, સ્વપ્ન(સૃષ્ટિ), જાદૂ અને મનઃકલ્પિત વસ્તુઓ જેવાં જ સર્વથા અસત્ય છે. જે લોકો કર્મવાસનાઓથી પ્રેરાઈને વિષયોનું ચિંતન કરતા રહે છે તેમનું મન અનેક પ્રકારનાં કર્મોની રચના કરતું રહે છે. (૨૩-૨૪) જીવાત્માનું આ શરીર, કે જે પંચભૂતો, જ્ઞાનેન્દ્રિયો અને કર્મેન્દ્રિયોનો સંઘાત છે તે જીવને વિવિધ પ્રકારના ક્લેશ અને સંતાપ આપનારું કહેવાય છે. (૨૫) તેથી તમે વિષયોમાં ભટકતા પોતાના મનને રોકીને શાંત કરો, સ્વસ્થ કરો અને પછી તે મન વડે પોતાના વાસ્તવિક સ્વરૂપનો વિચાર કરો તથા આ દ્વૈતની ભ્રાંતિમાં નિત્યત્વની બુદ્ધિ ત્યજીને પરમશાંતિ-સ્વરૂપ પરમાત્મામાં સ્થિત થઈ જાઓ. (૨૬)

દેવર્ષિ નારદે કહ્યું – હે રાજન્! તમે મારી પાસેથી એકાગ્રચિત્ત થઈને આ મંત્ર-ઉપનિષદ ગ્રહણ કરો. આને ધારણ કરવાથી સાત રાત્રિમાં જ તમને ભગવાન શ્રીસંકર્ષણનું દર્શન થશે. (૨૭) હે નરેન્દ્ર! પ્રાચીન કાળમાં ભગવાન શ્રીશંકર વગેરેએ શ્રીસંકર્ષણદેવનાં જ ચરણકમળોનો આશ્રય લીધો હતો. એનાથી તેમણે દ્વૈતની ભ્રાંતિનો પરિત્યાગ કરી દીધો હતો અને તેમના એ મહિમાને પામ્યા હતા કે જેનાથી અધિક ઉત્તમ તો કોઈ છે જ નહીં, તેમના બરાબર પણ કોઈ નથી. તમે પણ ઘણી જલદીથી ભગવાનના તે પરમપદને પ્રાપ્ત કરી લેશો. (૨૮)

★ ★ ★ ★

સોળમો અધ્યાય

ચિત્રકેતુનો વૈરાગ્ય તથા શ્રીસંકર્ષણદેવનાં દર્શન

શ્રીશુકદેવજી કહે છે – હે રાજન્! ત્યારપછી દેવર્ષિ નારદજીએ મૃત રાજકુમારના જીવાત્માને શોકવિહ્વળ સ્વજનોની સામે પ્રત્યક્ષ બોલાવીને કહ્યું. (૧)

દેવર્ષિ નારદજીએ કહ્યું – હે જીવાત્મા! તારું કલ્યાણ થાઓ. જો, તારાં માતાપિતા, સુહૃદ-સંબંધીઓ તારા વિયોગથી અત્યંત શોકવિહ્વળ થઈ રહ્યાં છે. (૨) તેથી તું પોતાના શરીરમાં (પાછો) આવી જા અને બાકીનું આયુષ્ય પોતાનાં સગાં-સંબંધીઓની સાથે જ રહીને પસાર કર. તું પોતાના પિતાએ આપેલા ભોગોને ભોગવ અને રાજ્યસિંહાસન પર બેસ (રાજ્યશાસન કર). (૩)

જીવાત્માએ કહ્યું – (હે દેવર્ષિ!) હું પોતાના કર્મો અનુસાર દેવ, મનુષ્ય, તિર્યક્ (પશુપક્ષી) વગેરે યોનિઓમાં કોણ જાણે કેટલાયે જન્મોથી ભટકી રહ્યો છું. એ પૈકીના કયા જન્મમાં આ લોકો મારાં માતાપિતા થયાં?(૪) જુદા જુદા જન્મોમાં બધાં જ એકબીજાનાં ભાઈભાંડુ, નાતીલાં-સગોત્ર, શત્રુ-મિત્ર, મધ્યસ્થી, ઉદાસીન અને દ્વેષી થતાં રહે છે. (૫) જેમ સુવર્ણ વગેરે ખરીદ-વેચાણની વસ્તુઓ એક વેપારી પાસેથી બીજા વેપારી પાસે જતી-આવતી રહે છે તેવી જ રીતે જીવ પણ ભિન્ન-ભિન્ન યોનિઓમાં ઉત્પન્ન થતો રહે છે. (૬) આ પ્રમાણે વિચાર કરવાથી ખબર પડે છે કે મનુષ્યો કરતાં વધારે સમય રહેનારા (ટકનારા) સુવર્ણ વગેરે પદાર્થોનો મનુષ્યો સાથેનો સંબંધ પણ સ્થાયી (કાયમી) નથી હોતો, બલકે ક્ષણિક જ હોય છે; અને જ્યાં સુધી જેનો જે વસ્તુ સાથે સંબંધ રહે છે ત્યાં સુધી જ તેની તે વસ્તુ પ્રત્યેની મમતા પણ રહે છે. (૭) જીવ નિત્ય અને નિરહંકાર છે.

તે ગર્ભમાં આવીને જ્યાં સુધી જે શરીરમાં રહે છે ત્યાં સુધી જ શરીરને તે પોતાનું સમજે છે. (૮) આ જીવ નિત્ય, અવિનાશી, સૂક્ષ્મ (જન્મ-મરણ વગેરેથી રહિત), સર્વનો આશ્રય અને સ્વયંપ્રકાશ છે. આ જીવમાં સ્વરૂપથી જન્મ-મૃત્યુ વગેરે કશું જ નથી; અને તેમ છતાં પણ તે ઈશ્વરરૂપ હોવાને કારણે પોતાની માયાના ગુણોથી જ સ્વયં પોતાને વિશ્વના રૂપમાં પ્રકટ કરી દે છે. (૯)

આ (આત્મા)ને નથી તો કોઈ અત્યંત પ્રિય અને નથી તો અપ્રિય પણ, નથી પોતાનું અને નથી પારકું. કારણ કે ગુણ-દોષ (હિત-અહિત) કરનારા મિત્ર-શત્રુ વગેરેની ભિન્ન ભિન્ન બુદ્ધિ-વૃત્તિઓનો એ એકલો જ સાક્ષી છે; વાસ્તવમાં તે અદ્વિતીય છે. (૧૦) આ આત્મા કાર્ય-કારણનો સાક્ષી છે અને સ્વતંત્ર છે, તેથી એ શરીર વગેરેના ગુણ-દોષ અથવા કર્મફળને ગ્રહણ કરતો નથી, હંમેશાં ઉદાસીન ભાવે સ્થિત રહે છે. (૧૧)

શ્રીશુકદેવજી કહે છે – તે જીવાત્મા આ પ્રમાણે કહીને ચાલ્યો ગયો. તેનાં સગાંસંબંધીઓ તેની વાત સાંભળીને અત્યંત વિસ્મય પામ્યાં. તેમનું સ્નેહબંધન કપાઈ ગયું અને તેમનો તેના મરવાનો શોક પણ જતો રહ્યો. (૧૨) એ પછી જ્ઞાતિજનોએ બાળકનું શબ લઈ જઈને તે સમયને અનુરૂપ સંસ્કાર અને ઔર્ધ્વદૈહિક ક્રિયાઓ પૂરી કરી અને ત્યજવા દુષ્કર એવા તે સ્નેહને ત્યજી દીધો, કે જેને કારણે શોક, મોહ, ભય અને દુઃખની પ્રાપ્તિ થાય છે. (૧૩) હે મહારાજ! જે રાણીઓએ બાળકને વિષ આપ્યું હતું તેઓ બાળહત્યાને કારણે તેજહીન થઈ ગઈ હતી અને લજ્જાસંકોચને લીધે ઊંચું પણ જોઈ શકતી ન હતી. તેમણે અંગિરા ઋષિના ઉપદેશને યાદ કરીને (માત્સર્યહીન થઈને) યમુનાજીના કિનારે બ્રાહ્મણોના આદેશ અનુસાર બાળહત્યાનું પ્રાયશ્ચિત્ત કર્યું. (૧૪) (હે પરીક્ષિત!) આ પ્રમાણે અંગિરા ઋષિ અને નારદજીના ઉપદેશથી વિવેકબુદ્ધિ જાગ્રત થવાને કારણે રાજા ચિત્રકેતુ ઘરગૃહસ્થીના અંધારા કૂવામાંથી એવી રીતે બહાર નીકળી આવ્યા કે જેમ કોઈ હાથી તળાવના કીચડમાંથી બહાર નીકળી આવે. (૧૫) તેમણે યમુનાજીમાં વિધિપૂર્વક સ્નાન કરીને તર્પણ વગેરે ધાર્મિક ક્રિયાઓ કરી. ત્યારબાદ સંયતેંદ્રિય અને મૌન થઈને તેમણે દેવર્ષિ નારદ અને મહર્ષિ અંગિરાનાં ચરણોની વંદના કરી. (૧૬) ભગવાન નારદજીએ જોયું કે ચિત્રકેતુ જિતેન્દ્રિય, ભગવદ્‌ભક્ત અને શરણાગત છે, તેથી તેમણે અતિ-પ્રસન્ન થઈને તેમને આ વિદ્યાનો (આ પ્રમાણે) ઉપદેશ કર્યો – (૧૭) "ૐકારસ્વરૂપ હે ભગવન્! તમે વાસુદેવ, પ્રદ્યુમ્ન, અનિરુદ્ધ અને સંકર્ષણના રૂપમાં અનુક્રમે ચિત્ત, બુદ્ધિ, મન અને અહંકારના અધિષ્ઠાતા છો. હું તમારા આ ચતુર્વ્યૂહ-રૂપનું વારંવાર નમસ્કારપૂર્વક ધ્યાન કરું છું. (૧૮) તમે વિશુદ્ધ વિજ્ઞાનસ્વરૂપ છો. તમારી મૂર્તિ પરમાનંદપૂર્ણ છે. તમે પોતાના સ્વરૂપભૂત આનંદમાં જ મગ્ન અને પરમશાન્ત છો. દ્વૈતદૃષ્ટિ તમને સ્પર્શી પણ શકતી નથી. હું તમને નમસ્કાર કરું છું. (૧૯)

પોતાના સ્વરૂપભૂત આનંદની અનુભૂતિથી જ તમે માયાજનિત રાગ-દ્વેષ વગેરે દોષોનો તિરસ્કાર કરી દીધેલો છે. હું તમને નમસ્કાર કરું છું. તમે સૌની સઘળી ઇન્દ્રિયોના પ્રેરક, પરમ મહાન અને વિરાટ-સ્વરૂપ છો. હું તમને નમસ્કાર કરું છું. (૨૦) મન સહિત વાણી તમારા સુધી ન પહોંચતાં વચ્ચેથી જ પાછી વળી આવે છે. તેના ઉપરત થઈ જવાથી અદ્વિતીય, નામરૂપ-રહિત, ચેતનમાત્ર અને કાર્યકારણથી પર એવી જે વસ્તુ શેષ રહે છે તે અમારું રક્ષણ કરે. (૨૧) આ કાર્ય-

કારણરૂપ જગત જેમનામાં ઉત્પન્ન થાય છે, જેમનામાં સ્થિત (રહે) છે અને જેમનામાં લીન થાય છે તથા જેઓ માટીની વસ્તુઓમાં વ્યાપ્ત માટીની જેમ બધાંમાં ઓતપ્રોત છે તે પરબ્રહ્મસ્વરૂપ તમને હું નમસ્કાર કરું છું. (૨૨) તમે જોકે આકાશની જેમ બહાર અને અંદર (બધે) એકરસ વ્યાપ્ત છો તોપણ તમને મન, બુદ્ધિ અને જ્ઞાનેન્દ્રિયો પોતાની જ્ઞાનશક્તિથી જાણી શકતી નથી અને પ્રાણ તથા કર્મેન્દ્રિયો પોતાની ક્રિયાશક્તિથી સ્પર્શી પણ શકતાં નથી. હું તમને નમસ્કાર કરું છું. (૨૩) દેહ, ઇન્દ્રિય, પ્રાણ, મન અને બુદ્ધિ, - આ બધા જ તે પરમાત્માના ચૈતન્ય અંશથી યુક્ત થઈને કર્મ કરે છે, જો તેમનો અંશ ન હોય તો આ બધા કાર્ય કરી શકતા નથી. ઉદાહરણ તરીકે તપાવ્યા વિનાનું લોઢું કશું જ બાળી શકતું નથી. જીવની જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ વગેરે અવસ્થાઓ થાય છે ત્યારે આપનું નામ દ્રષ્ટા હોય છે. મૂળમાં તો આપ એક જ છો, દ્રષ્ટા વગેરે પણ નથી. (૨૪) ૐકારસ્વરૂપ મહાપ્રભાવશાળી, મહાવિભૂતિ-પતિ ભગવાન મહાપુરુષને નમસ્કાર છે. શ્રેષ્ઠ ભક્તોનો સમુદાય પોતાનાં કરકમળોની કળીઓથી તમારાં યુગલ ચરણકમળોની સેવામાં સંલગ્ન રહે છે. હે પ્રભુ! તમે જ સર્વશ્રેષ્ઠ છો. હું તમને વારંવાર નમસ્કાર કરું છું.'' (૨૫)

શ્રીશુકદેવજી કહે છે – હે પ્રભુ (પરીક્ષિત)! દેવર્ષિ નારદજી પોતાના શરણાગત ભક્ત ચિત્રકેતુને આ વિદ્યાનો ઉપદેશ કરીને મહર્ષિ અંગિરાની સાથે બ્રહ્મલોકમાં પ્રયાણ કરી ગયા. (૨૬) રાજા ચિત્રકેતુએ દેવર્ષિ નારદજી વડે ઉપદેશ કરાયેલી વિદ્યાનું, તેમની આજ્ઞા અનુસાર સાત દિવસ સુધી માત્ર જળપાન જ કરીને અત્યંત એકાગ્રતાપૂર્વક અનુષ્ઠાન કર્યું. (૨૭)

ત્યારપછી તે વિદ્યાનું અનુષ્ઠાન કરવાથી સાત દિવસ પછી રાજા ચિત્રકેતુને વિદ્યાધરોનું અખંડ આધિપત્ય મળ્યું. (૨૮) એ પછી થોડા જ દિવસોમાં આ વિદ્યાના પ્રભાવથી તેમનું મન વિશેષ શુદ્ધ થઈ ગયું. ત્યારે તેઓ દેવાધિદેવ ભગવાન શેષજીનાં ચરણોના સાન્નિધ્યમાં પહોંચી ગયા. (૨૯) ત્યાં તેમણે જોયું કે ભગવાન શેષજી સિદ્ધેશ્વરોના મંડળમાં વિરાજમાન છે; તેમનું શરીર કમળનાભ જેવું ગૌરવર્ણ છે; તેના પર નીલવર્ણનું વસ્ત્ર ફરફરી રહ્યું છે; મસ્તક પર મુગટ, બાહુઓમાં બાજૂબંધ, કમરમાં કંદોરો અને હાથનાં કાંડાઓમાં કડાં વગેરે આભૂષણો ચમકી રહ્યાં છે; આંખોમાં લાલાશ છે અને મુખ પર પ્રસન્નતા છવાઈ રહી છે. (૩૦) ભગવાન શેષજીનું દર્શન કરતાં જ રાજર્ષિ ચિત્રકેતુનાં તમામ પાપ નાશ પામ્યાં, તેમનું અંતઃકરણ સ્વચ્છ અને નિર્મળ થઈ ગયું. હૃદયમાં ભક્તિભાવનું પૂર ઊમટી આવ્યું, આંખોમાં પ્રેમનાં આંસુ છલકાઈ આવ્યાં. શરીરનું એકે-એક રોમ ખીલી ઊઠ્યું. તેમણે આવી જ સ્થિતિમાં આદિપુરુષ ભગવાન શેષજીને નમસ્કાર કર્યા. (૩૧) ત્યારે તેમની આંખોમાંથી પ્રેમનાં આંસુ ટપ-ટપ પડી રહ્યાં હતાં. એનાથી ભગવાન શેષજીનાં ચરણ મૂકવાની પીઠિકા ભીંજાઈ ગઈ. પ્રેમના ઉદ્રેકને કારણે તેમના મુખેથી એક અક્ષર પણ નીકળી શક્યો નહીં. તેઓ ઠીકઠીક સમય સુધી ભગવાન શેષજીની કશી સ્તુતિ પણ કરી શક્યા નહીં. (૩૨) થોડી વાર પછી તેમને બોલવાની થોડીક શક્તિ પ્રાપ્ત થઈ. તેમણે વિવેકબુદ્ધિથી મનને સમાહિત (સમધારણ) કર્યું અને સમસ્ત ઇન્દ્રિયોની બાહ્ય વૃત્તિઓનો નિરોધ કર્યો. પછી, જેમના સ્વરૂપનું પાંચરાત્ર વગેરે ભક્તિશાસ્ત્રોમાં વર્ણન કરવામાં આવ્યું છે તે જગદ્‌ગુરુની તેમણે આ પ્રમાણે સ્તુતિ કરી. (૩૩)

ચિત્રકેતુ (સ્તુતિ કરતા) બોલ્યા – હે

અજિત! જિતેન્દ્રિય અને સમદર્શી સાધુઓએ તમને જીતી લીધા છે. તમે જ પોતાના સૌંદર્ય, માધુર્ય, કારુણ્ય વગેરે ગુણોથી તેમને પોતાના વશમાં કરી લીધા છે. અહો! તમે ધન્ય છો! કારણ કે જેઓ નિષ્કામભાવે તમારી ભક્તિ કરે છે તેમને તમે કરુણાવશ થઈને સ્વયં પોતાને પણ અર્પણ કરી દો છો. (૩૪) હે ભગવન્! જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને લય એ તમારા લીલા-વિલાસ છે. વિશ્વ-નિર્માતા બ્રહ્માજી વગેરે તમારા અંશના પણ અંશ છે; તોપણ તેઓ અલગ-અલગ રીતે પોતાને જગતના કર્તા માનીને વૃથા પરસ્પર સ્પર્ધા કરે છે. (૩૫) નાનામાં નાના પરમાણુથી માંડીને મોટામાં મોટા મહત્તત્ત્વ પર્યંતની તમામ વસ્તુઓના આદિમાં, મધ્યમાં અને અંતમાં તમે જ વિરાજમાન છો તથા સ્વયં તમે તે આદિ, મધ્ય અને અંતથી રહિત છો; કારણ કે કોઈ પણ પદાર્થના આદિમાં અને અંતમાં જે વસ્તુ રહે છે તે જ મધ્યમાં પણ રહે છે. (૩૬) આ બ્રહ્માંડકોશ, કે જે પૃથ્વી વગેરે એક પછી એક એવા દસ ગણાં સાત આવરણોથી ઘેરાયેલો છે તે, પોતાના જ જેવા બીજા કરોડો બ્રહ્માંડો સહિત તમારામાં એક પરમાણુની જેમ ઘૂમતો રહે છે. આ પ્રમાણે તમારી સીમાનો કોઈ અંત નથી. માટે, તમે અનંત છો. (૩૭) જે પશુતુલ્ય મનુષ્યો માત્ર વિષયભોગોની જ કામના કરે છે તેઓ તમારી ભક્તિ નહીં કરતાં, તમારા વિભૂતિસ્વરૂપ ઇન્દ્ર વગેરે દેવતાઓની ઉપાસના કરે છે. હે પ્રભુ! જેમ રાજકુળનો નાશ થયા પછી તેના અનુયાયીઓની આજીવિકા પણ ચાલી જાય છે, તેવી જ રીતે ક્ષુદ્ર ઉપાસ્યદેવોનો નાશ થઈ ગયા પછી તેમણે આપેલા ભોગો પણ નાશ પામે છે. (૩૮) હે પરમાત્મા! તમે જ્ઞાનસ્વરૂપ અને નિર્ગુણ છો, તેથી તમારા પ્રત્યે કરેલી સકામ ભાવના પણ અન્ય બીજાં કર્મોની જેમ જન્મ-મૃત્યુરૂપ ફળ આપનારી હોતી નથી, જેમ કે શેકેલાં બીજમાંથી અંકુર ફૂટતા નથી; કારણ કે જીવને સુખ-દુઃખ વગેરે જે દ્વંદ્વો પ્રાપ્ત થાય છે તેઓ સત્ત્વ વગેરે ગુણથી જ પ્રાપ્ત થાય છે, નિર્ગુણથી નહીં. (૩૯) હે અજિત! તમે જે સમયે ભાગવત-ધર્મનો ઉપદેશ કર્યો હતો તે જ સમયે તમે બધાંને જીતી લીધાં છે; કારણ કે પોતાની પાસે કશો જ સંગ્રહ-પરિગ્રહ નહીં રાખનારા, કોઈ પણ વસ્તુમાં અહંતા-મમતા નહીં કરનારા, આત્મારામ એવા સનકાદિ પરમ મુનિઓ પણ પરમ સામ્ય અને મોક્ષને પ્રાપ્ત કરવા માટે તે જ ભાગવત-ધર્મનો આશ્રય લે છે. (૪૦) તે ભાગવત-ધર્મ એટલો શુદ્ધ છે કે તેમાં સકામ ધર્મોના જેવી મનુષ્યોની એવી વિષમ બુદ્ધિ નથી હોતી કે 'આ હું છું, આ મારું છે; આ તું છે, આ તારું છે.' આ ભાગવત-ધર્મથી વિપરીત જે ધર્મના મૂળમાં જે વિષમતાનું બીજ વાવી દેવામાં આવે છે તે તો અશુદ્ધ, નાશવંત અને અધર્મપ્રધાન હોય છે. (૪૧) જે ધર્મમાં આ મારું છે, આ પારકું છે, એવો રાગ-દ્વેષ અર્થાત્ પરસ્પરમાં દ્રોહથી ભાવના થાય છે તે ધર્મથી પોતાનું અથવા બીજાનું શું હિત થવાનું છે? જે કોઈ પણ જીવ સાથે દ્રોહ કરે છે તેના પર આપનો (ભગવાનનો) કોપ થાય છે, કારણ કે કોઈને પણ પીડા આપવી એ ધર્મ હોઈ શકે નહિ તે તો અધર્મ જ છે. (૪૨) હે ભગવન્! તમે જે દૃષ્ટિથી ભાગવત-ધર્મનું નિરૂપણ કર્યું છે તે ક્યારેય પરમાર્થથી વિચલિત થતી નથી. તેથી જે સંતપુરુષો ચર-અચર - સમસ્ત પ્રાણીઓમાં સમદૃષ્ટિ રાખે છે તેઓ જ તેનું સેવન કરે છે. (૪૩) હે ભગવન્! તમારાં દર્શન થવા માત્રથી જ મનુષ્યોનાં બધાં જ પાપ ક્ષીણ થઈ જાય છે, એ કોઈ અસંભવ વાત નથી; કારણ કે તમારું નામ એક જ વાર સાંભળવાથી નીચ ચાંડાલ પણ સંસાર(ના બંધન)થી છૂટી જાય છે. (૪૪) હે

ભગવન્! આ સમયે તમારું દર્શન થવા માત્રથી જ મારા અંત:કરણનો બધો મળ (મેલ) ધોવાઈ ગયો છે, એ બરાબર જ છે; કારણ કે તમારા અનન્યપ્રેમી ભક્ત દેવર્ષિ નારદજીએ જે કંઈ કહ્યું છે તે મિથ્યા કેવી રીતે થઈ શકે? (૪૫) હે અનંત! તમે સંપૂર્ણ વિશ્વના આત્મા છો. તેથી સંસારમાં પ્રાણીઓ જે કંઈ કરે છે તે બધું તમે જાણો છો. તેથી જેમ આગિયો સૂર્યને પ્રકાશિત કરી શકતો નથી, તેવી જ રીતે હું તમને શું નિવેદન કરું? (૪૬) હે ભગવન્! તમારી જ અધ્યક્ષતામાં સમસ્ત જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને લય થાય છે. કુયોગી-જનો ભેદદૃષ્ટિને કારણે તમારા વાસ્તવિક સ્વરૂપને જાણી શકતા નથી. તમારું સ્વરૂપ વાસ્તવમાં અત્યંત શુદ્ધ છે. હું તમને નમસ્કાર કરું છું. (૪૭) આપનાથી પ્રકાશિત થઈને અને આપની શક્તિ પ્રાપ્ત કરીને બ્રહ્મા વગેરે લોકપાલો કાર્યો કરવામાં સમર્થ થાય છે. તમારી દૃષ્ટિથી જ જીવિત થઈને જ્ઞાનેન્દ્રિયો પોતપોતાના વિષયોને ગ્રહણ કરવામાં સમર્થ થાય છે. આ ભૂમંડલ તો તમારા મસ્તક પર સરસવના દાણા જેવડું લાગે છે. હું સહસ્ર-મસ્તકધારી તમને - ભગવાનને વારંવાર નમસ્કાર કરું છું. (૪૮)

શ્રીશુકદેવજી કહે છે – (હે પરીક્ષિત!) વિદ્યાધરોના અધિપતિ ચિત્રકેતુએ જ્યારે અનંત ભગવાનની આ પ્રમાણે સ્તુતિ કરી ત્યારે તેમણે પ્રસન્ન થઈને ચિત્રકેતુને કહ્યું. (૪૯)

શ્રીભગવાને કહ્યું – હે રાજન્! દેવર્ષિ નારદજી અને મહર્ષિ અંગિરાએ તમને મારાથી સંબંધિત જે વિદ્યાનો ઉપદેશ આપ્યો છે તેનાથી અને મારા દર્શનથી તમે સમ્યક્‌પણે સિદ્ધ થઈ ચૂક્યા છો. (૫૦) હું જ સમસ્ત પ્રાણીઓરૂપે છું, હું જ તેમનો આત્મા છું અને હું જ તેમનું પાલનપોષણ કરનારો પણ છું. શબ્દબ્રહ્મ (વેદ) અને પરબ્રહ્મ - બંનેય મારાં સનાતન રૂપ છે. (૫૧) આત્મા કાર્ય-કારણાત્મક જગતમાં વ્યાપ્ત છે અને કાર્ય-કારણાત્મક જગત આત્મામાં સ્થિત છે; તથા તે બંનેમાં હું અધિષ્ઠાન-રૂપે વ્યાપ્ત છું અને મારામાં એ બંને કલ્પિત છે. (૫૨) જેમ સૂતેલો મનુષ્ય સ્વપ્નમાં સમસ્ત જગતને પોતાનામાં જ જુએ છે અને સ્વપ્ન તૂટી જવાથી તે જાગે છે અને પોતાને સંસારના એક ખૂણામાં ઊભેલો જુએ છે, પરંતુ વાસ્તવમાં તે પણ સ્વપ્ન જ છે; તેવી જ રીતે જીવની જાગ્રત વગેરે અવસ્થાઓ એ પરમેશ્વરની જ માયા છે – એમ જાણીને સૌના સાક્ષી, માયાતીત પરમાત્માનું જ સ્મરણ કરવું જોઈએ. (૫૩-૫૪) સૂતેલો મનુષ્ય જેની સહાયથી પોતાની નિદ્રા અને તેના અતીન્દ્રિય સુખનો અનુભવ કરે છે તે બ્રહ્મ હું જ છું; તેને તમે પોતાનો આત્મા સમજો. (૫૫) મનુષ્ય નિદ્રા અને જાગૃતિ - આ બંને અવસ્થાઓનો અનુભવ કરે છે અને તે આ અવસ્થાઓમાં અનુગત થતો હોવા છતાં પણ વાસ્તવમાં તેમનાથી અલગ છે. બધી અવસ્થાઓમાં રહેતું અખંડ એકરસ જ્ઞાન જ બ્રહ્મ છે, તે જ પરબ્રહ્મ છે. (૫૬) જીવ જ્યારે મારા સ્વરૂપને વીસરી જાય છે ત્યારે તે પોતાને અલગ માની લે છે, એનાથી તેણે સંસારના ચક્કરમાં પડવું પડે છે અને તેની જન્મ અને મૃત્યુની પરંપરા ચાલે છે. (૫૭) આ મનુષ્યયોનિ જ્ઞાન અને વિજ્ઞાનનો મૂળ સ્રોત છે. જે એને પામીને પણ પોતાના આત્મસ્વરૂપ પરમાત્માને જાણી લેતો નથી તેને ક્યાંય, કોઈ પણ યોનિમાં શાંતિ મળી શકતી નથી. (૫૮)

(હે રાજન્!) સાંસારિક સુખ માટે જે ક્રિયાઓ કરવામાં આવે છે તેમાં શ્રમ પડે છે, ક્લેશ અનુભવાય છે; અને જે પરમ સુખના ઉદ્દેશ્યથી તે કાર્યો કરવામાં આવે છે તેનાથી બિલકુલ

વિપરીત તેઓ અત્યંત દુઃખ આપે છે; પરંતુ કર્મો કરવામાંથી નિવૃત્ત થઈ જવાય તો કોઈ પ્રકારનો ભય (રહેતો) નથી – આમ વિચારીને બુદ્ધિમાન મનુષ્યે કોઈ પ્રકારનાં કર્મોનો અથવા તે કર્મોનાં ફળનો સંકલ્પ કરવો જોઈએ નહીં. (૫૯) જગતનાં બધાં જ સ્ત્રીપુરુષો એટલા માટે કર્મો કરે છે કે એનાથી તેમને સુખ મળે અને દુઃખોમાંથી છુટકારો થાય; પરંતુ એ કર્મોથી નથી તો તેમનું દુઃખ દૂર થતું અને નથી તો તેમને સુખની પ્રાપ્તિ થતી. (૬૦) જે મનુષ્યો પોતાને ઘણા મોટા બુદ્ધિમાન માનીને કર્મની જાળમાં ફસાયેલા છે તેમને વિપરીત ફળ મળે છે – આ વાત સમજી લેવી જોઈએ; સાથે સાથે એ પણ જાણી લેવું જોઈએ કે આત્માનું સ્વરૂપ અત્યંત સૂક્ષ્મ છે અને તે જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ – એ ત્રણે અવસ્થાઓ અને તેના અભિમાનીઓ કરતાં વિલક્ષણ છે. (૬૧) આ જાણી લઈને આ લોકને જોવો અને સાંભળેલા પરલોકના વિષયભોગોમાંથી વિવેકબુદ્ધિ વડે પોતે છુટકારો મેળવી લેવો અને જ્ઞાન તથા વિજ્ઞાનમાં જ સંતુષ્ટ રહીને મારા ભક્ત બની જવું. (૬૨) જે લોકો યોગમાર્ગનું તત્ત્વ સમજવામાં નિપુણ છે તેમણે સમ્યક્‌પણે સમજી લેવું જોઈએ કે જીવનો સૌથી મોટો સ્વાર્થ અને પરમાર્થ માત્ર આટલો જ છે કે તે બ્રહ્મા અને આત્માની એકતાનો (અદ્વૈતનો) અનુભવ કરી લે. (૬૩) હે રાજન્! જો તમે મારા આ ઉપદેશને સાવધાન થઈને શ્રદ્ધાપૂર્વક ધારણ કરી લેશો તો જ્ઞાનવિજ્ઞાન-સંપન્ન થઈને સત્વરે સિદ્ધ થઈ જશો. (૬૪)

શ્રીશુકદેવજી કહે છે – હે રાજન્! જગદ્‌ગુરુ, વિશ્વાત્મા ભગવાન શ્રીહરિ ચિત્રકેતુને આ પ્રમાણે સમજાવીને તેમની સામે જ ત્યાંથી અંતર્ધાન થઈ ગયા. (૬૫)

★ ★ ★ ★

સત્તરમો અધ્યાય

ચિત્રકેતુને પાર્વતીજીનો શાપ

શ્રીશુકદેવજી કહે છે – (હે પરીક્ષિત!) જે દિશામાં ભગવાન શ્રીસંકર્ષણ અંતર્ધાન થયા હતા તેને નમસ્કાર કરીને વિદ્યાધર ચિત્રકેતુ આકાશમાર્ગે સ્વચ્છંદપણે વિચરણ કરવા લાગ્યા. (૧) મહાયોગી ચિત્રકેતુ કરોડો વર્ષો સુધી બધા પ્રકારના સંકલ્પોને પૂરા કરનારી સુમેરુ પર્વતની ઘાટીઓ (પહાડી વિસ્તારો)માં વિહાર કરતા રહ્યા. તેમના શરીરનું બળ અને ઇન્દ્રિયોની શક્તિ અક્ષુણ્ણ રહ્યાં. મોટા મોટા મુનિઓ, સિદ્ધો, ચારણો વગેરે તેમની સ્તુતિ કરતા રહેતા હતા. તેમની પ્રેરણાથી વિદ્યાધરોની પત્નીઓ તેમની પાસે સર્વશક્તિમાન ભગવાનના ગુણો અને તેમની લીલાઓનું ગાન કરતી રહેતી હતી. (૨-૩) એક દિવસ, ભગવાને આપેલા તેજોમય વિમાન પર સવાર થઈને ચિત્રકેતુ ક્યાંક જઈ રહ્યા હતા, તે સમયે તેમણે જોયું કે ભગવાન શ્રીશંકર મોટા મોટા મુનિઓની સભામાં સિદ્ધો-ચારણોની વચ્ચે બેઠા છે અને સાથે જ ભગવતી પાર્વતીજીને પોતાના ખોળામાં બેસાડીને એક હાથે તેમને આલિંગન કરેલ છે. આ જોઈને ચિત્રકેતુ વિમાન પર આરૂઢ થઈને જ તેમની પાસે જઈ પહોંચ્યા અને ભગવતી પાર્વતીજીને સંભળાવીને જોરથી હસવા અને કહેવા લાગ્યા. (૪-૫)

ચિત્રકેતુએ કહ્યું – અહો! શું આ જ સમસ્ત જગતના ધર્માચાર્ય અને ગુરુદેવ છે? આ જ ભલા, સમસ્ત પ્રાણીઓમાં શ્રેષ્ઠ છે? આમના આ હાલ જુઓ, ભરી સભામાં પોતાની પત્ની સાથે ચોંટીને

બેઠા છે! (૬) જટાધારી, ઘણા મોટા તપસ્વી અને બ્રહ્મવાદીઓના સભાપતિ હોવા છતાં પણ આ સાધારણ મનુષ્યની જેમ નિર્લજ્જપણે પત્નીને ખોળામાં લઈને બેઠા છે! (૭) સાધારણ મનુષ્યો પણ ઘણું કરીને પત્નીઓ સાથે એકાંતમાં ઊઠે-બેસે છે; જ્યારે આ આટલા મોટા વ્રતધારી હોવા છતાંય ભરી સભામાં પત્નીને (સાથે, ખોળામાં) લઈને બેઠા છે! (૮)

શ્રીશુકદેવજી કહે છે – ભગવાન શ્રીશંકરની બુદ્ધિ અગાધ છે. તેઓ ચિત્રકેતુનાં આ કટાક્ષવચનો સાંભળીને હસી પડ્યા, પણ કશુંય બોલ્યા નહીં. તે સભામાં ઉપસ્થિત તેમના અનુયાયી સભાજનો પણ મૌન રહ્યા. ચિત્રકેતુને ભગવાન શ્રીશંકરના પ્રભાવની ખબર ન હતી, એટલે જ તેઓ તેમના વિશે ઘણુંબધું સારું-ખોટું (અશોભનીય) બોલી રહ્યા હતા. તેમને એ વાતનો ઘમંડ થઈ ગયો હતો કે 'હું જિતેન્દ્રિય છું.' પાર્વતીજીએ તેમની આ ધૃષ્ટતા જોઈને ક્રોધપૂર્વક કહ્યું. (૯-૧૦)

પાર્વતીજી બોલ્યાં – અહો! અમારા જેવાં દુષ્ટો અને નિર્લજ્જ લોકોનું દંડના બળ પર શાસન કરનારા અને તિરસ્કાર કરનારા સ્વામી (પ્રભુ) આ સંસારમાં શું આ જ છે? (૧૧) લાગે છે કે બ્રહ્માજી, ભૃગુ, નારદ વગેરે તેમના પુત્રો સનકાદિ પરમ ઋષિઓ, કપિલમુનિ, મનુ વગેરે મોટા મોટા મહાપુરુષો ધર્મનું રહસ્ય જાણતા નથી; અને તેથી જ તો તેઓ ધર્મમર્યાદાનું ઉલ્લંઘન કરનારા ભગવાન શ્રીશિવને આજ સુધી કોઈએ રોક્યા નથી. (૧૨) બ્રહ્મા વગેરે સમસ્ત મહાપુરુષો જેમનાં ચરણકમળોનું ધ્યાન ધરતા રહે છે તે જ, મંગળોને પણ મંગળ બનાવનારા સાક્ષાત્ જગદ્‌ગુરુ ભગવાન શંકરનો અને તેમના અનુયાયી મહાત્માઓનો આ અધમ ક્ષત્રિયે તિરસ્કાર કર્યો છે અને તેમના પર શાસન કરવાની ચેષ્ટા કરી છે, તેથી આ ધૃષ્ટ સર્વથા દંડને પાત્ર છે. (૧૩) આને પોતાના મોટાપણાનો ઘમંડ છે. આ મૂર્ખ ભગવાન શ્રીહરિનાં તે ચરણકમળોમાં રહેવાને લાયક નથી, કે જેમની ઉપાસના મોટા મોટા સત્પુરુષો કરતા રહે છે. (૧૪) (ચિત્રકેતુને સંબોધીને કહ્યું –) તેથી હે દુર્બુદ્ધિ! તું પાપમય અસુરયોનિમાં જા. એમ થવાથી હે બેટા! તું ફરી ક્યારેય કોઈ મહાપુરુષનો અપરાધ નહીં કરે. (૧૫)

શ્રીશુકદેવજી કહે છે – હે પરીક્ષિત! પાર્વતીજીએ જ્યારે ચિત્રકેતુને આ પ્રમાણે શાપ આપ્યો ત્યારે તેઓ વિમાન પરથી ઊતરી પડ્યા અને માથું નમાવીને તેમને પ્રસન્ન કરવા લાગ્યા. (૧૬)

ચિત્રકેતુએ કહ્યું – (હે માતા!) હું અત્યંત પ્રસન્નતાપૂર્વક પોતાના બંને હાથ જોડીને તમારા શાપનો સ્વીકાર કરું છું; કારણ કે દેવતાઓ, મનુષ્યો માટે જે કંઈ કહી દે છે તે તેમના પ્રારબ્ધ અનુસાર મળનારા ફળની પૂર્વસૂચના-માત્ર (પૂર્વસંકેત જ) હોય છે. (૧૭)

હે દેવી! આ જીવ અજ્ઞાનને લીધે મોહિત થાય છે અને એ જ કારણે તે આ સંસારના ચકરાવામાં ભટકતો રહે છે તથા હરહંમેશ સર્વત્ર સુખ-દુઃખ ભોગવતો રહે છે. (૧૮) હે માતા! સુખ અને દુઃખ આપનાર પોતાનો આત્મા નથી અને નથી તો કોઈ બીજું પણ. જેઓ અજ્ઞાની છે તેઓ જ પોતાને અથવા બીજાને સુખ-દુઃખના કર્તા માનતા રહે છે. (૧૯) આ જગત સત્ત્વ-રજ વગેરે ગુણોનો સ્વાભાવિક પ્રવાહ છે, એમાં વળી શાપ શો, અનુગ્રહ શો, સ્વર્ગ શું, નરક શું અને સુખ શું કે દુઃખ શું? (૨૦)

એકમાત્ર પરિપૂર્ણ ભગવાન જ કોઈનીય સહાય વગર પોતાની આત્મસ્વરૂપિણી માયા વડે સમસ્ત પ્રાણીઓની તથા તેમનાં બંધન, મોક્ષ અને

સુખદુઃખની રચના કરે છે. (૨૧) હે માતા! ભગવાન શ્રીહરિ સૌમાં સમ છે અને માયા વગેરે મળથી રહિત છે. તેમનું કોઈ પ્રિય-અપ્રિય, જ્ઞાતિબંધુ, પોતાનું-પારકું નથી. તેમના સુખમાં રાગભાવ જ નથી, તો પછી તેમનામાં રાગજનિત ક્રોધ તો હોઈ જ કેમ શકે? (૨૨) અને તેમ છતાંય તેમની માયાશક્તિનાં કાર્યો – પાપ અને પુણ્ય જ પ્રાણીઓના સુખ-દુઃખનાં, હિત-અહિતનાં, બંધન-મોક્ષનાં, જન્મ-મરણનાં અને આવાગમન (સંસારમાં આવવું-જવું)નાં કારણ બને છે. (૨૩) હે દેવી! હે સતી! હું શાપમાંથી મુક્ત થવા માટે તમને પ્રસન્ન કરી રહ્યો નથી; હું તો એ ઇચ્છું છું કે તમને મારી જે વાત અનુચિત લાગી છે તેને માટે તમે ક્ષમા કરો. (૨૪)

શ્રીશુકદેવજી કહે છે – હે શત્રુદમન! ભગવાન શ્રીશંકર અને પાર્વતીજીને આ પ્રમાણે પ્રસન્ન કરીને વિદ્યાધર ચિત્રકેતુ તેમની સામે જ વિમાન પર આરૂઢ થઈને ત્યાંથી વિદાય થયા. આનાથી તે લોકોને ઘણું આશ્ચર્ય થયું. (૨૫) ત્યારે ભગવાન શ્રીશંકરે દેવો, ઋષિઓ, દૈત્યો, સિદ્ધો અને પાર્ષદોની સામે જ ભગવતી પાર્વતીજીને આ પ્રમાણે કહ્યું. (૨૬)

ભગવાન શ્રીશંકરે કહ્યું – હે સુંદરી! દિવ્યલીલાવિહારી ભગવાનના નિઃસ્પૃહ અને ઉદારહૃદય દાસોનાય દાસોનો મહિમા તમે પોતાની નજરે જ જોઈ લીધો ને! (૨૭) જે લોકો ભગવાનના શરણે થયેલા હોય છે તેઓ કોઈનાથી પણ ડરતા નથી; કારણ કે તેમને સ્વર્ગ, મોક્ષ અને નરકોમાં પણ એક જ વસ્તુનાં, કેવળ ભગવાનનાં જ સમાનભાવે, દર્શન થાય છે. (૨૮) જીવોને ભગવાનની લીલાને લીધે જ દેહનો સંયોગ થાય છે અને એ કારણે સુખ-દુઃખ, જન્મ-મરણ, શાપ-અનુગ્રહ વગેરે દ્વંદ્વો પ્રાપ્ત થાય છે. (૨૯) જેમ સ્વપ્નમાં ભેદ-ભ્રાન્તિને લીધે સુખ-દુઃખ વગેરેની પ્રતીતિ થાય છે અને જાગ્રત અવસ્થામાં (પણ) ભ્રાન્તિને લીધે માળામાં – દોરડામાં સર્પબુદ્ધિ થાય છે; તેવી જ રીતે મનુષ્ય અજ્ઞાનને લીધે આત્મામાં દેવ, મનુષ્ય વગેરેનો ભેદ હોવાનું તથા તેના ગુણ-દોષ વગેરે હોવાનું કલ્પી લે છે. (૩૦) જેમની પાસે જ્ઞાન અને વૈરાગ્યનું બળ છે અને જેઓ ભગવાન શ્રીવાસુદેવનાં ચરણોમાં ભક્તિભાવ રાખે છે તેમને માટે આ સંસારમાં ભગવાન સિવાય બીજો કોઈ આશ્રય રહેતો જ નથી. (૩૧) હું, બ્રહ્માજી, સનકાદિ ઋષિઓ, નારદજી, બ્રહ્મપુત્ર ભૃગુજી વગેરે મુનિઓ અને મોટા મોટા દેવતાઓ – કોઈ પણ ભગવાનની લીલાનું રહસ્ય જાણવા પામતા નથી. આવી સ્થિતિમાં જેઓ તેમના નાનામાં નાના અંશ છે અને પોતાને તેમનાથી અલગ ઈશ્વર માની બેઠા છે તેઓ તો તેમના સ્વરૂપને જાણી જ કેમ શકે? (૩૨) ભગવાનને નથી તો કોઈ પ્રિય અને નથી તો કોઈ અપ્રિય પણ. તેઓ બધાં પ્રાણીઓના આત્મા છે, તેથી બધાં જ પ્રાણીઓના તેઓ પ્રિયતમ છે. (૩૩) હે પ્રિયા! આ પરમ ભાગ્યશાળી ચિત્રકેતુ તેમના જ પ્રિય અનુચર, સુશાન્ત અને સમદર્શી છે; તો હું પણ ભગવાન શ્રીહરિનો જ પ્રિય છું. (૩૪) તેથી, તમારે ભગવાનના પ્રિય ભક્ત, શાન્ત, સમદર્શી મહાત્મા પુરુષોની બાબતમાં કોઈ પ્રકારે આશ્ચર્ય પામવું જોઈએ નહીં. (૩૫)

શ્રીશુકદેવજી કહે છે – હે રાજન્! ભગવાન શ્રીશંકરનું આ વક્તવ્ય સાંભળીને ભગવતી પાર્વતીજીની ચિત્તવૃત્તિ શાન્ત થઈ ગઈ અને તેમનો વિસ્મયભાવ દૂર થઈ ગયો. (૩૬)

ભગવાનના પરમપ્રેમી ભક્ત ચિત્રકેતુ પણ બદલામાં ભગવતી પાર્વતીજીને શાપ આપવાને સમર્થ હતા, પરંતુ તેમણે તેમને શાપ નહીં

આપતાં, તેમનો શાપ માથે ચઢાવી લીધો! આ જ સાધુ-પુરુષનું લક્ષણ છે. (૩૭) આ જ વિદ્યાધર ચિત્રકેતુ દાનવયોનિનો આશ્રય લઈને ત્વષ્ટાના દક્ષિણાગ્નિમાંથી પ્રગટ થયા હતા, જ્યાં તેમનું નામ વૃત્રાસુર હતું; અને ત્યાં પણ તેઓ ભગવાનના સ્વરૂપના જ્ઞાનથી અને ભક્તિથી પરિપૂર્ણ જ રહ્યા હતા. (૩૮) (હે રાજન્!) તમે મને પૂછ્યું હતું કે વૃત્રાસુરનો દૈત્યયોનિમાં જન્મ શા માટે થયો અને તેમને ભગવાનની આવી ભક્તિ કેવી રીતે પ્રાપ્ત થઈ, તો તેનું પૂરેપૂરું વિવરણ મેં તમને કહી સંભળાવ્યું. (૩૯) મહાત્મા ચિત્રકેતુનો આ પવિત્ર વૃત્તાંત એ માત્ર તેમનું જ નહીં, સમસ્ત વિષ્ણુભક્તોનું માહાત્મ્ય છે. આને જે સાંભળે છે તે સમસ્ત બંધનોમાંથી મુક્ત થઈ જાય છે. (૪૦) જે મનુષ્ય પ્રાતઃકાળે ઊઠીને, મૌન રહીને, શ્રદ્ધાસહિત ભગવાનનું સ્મરણ કરતાં કરતાં આ ઇતિહાસનો પાઠ કરે છે તેને પરમગતિની પ્રાપ્તિ થઈ જાય છે. (૪૧)

★ ★ ★ ★

અઢારમો અધ્યાય

અદિતિ અને દિતિનાં સંતાનોની તથા મરુદ્‌ગણોની ઉત્પત્તિનું વર્ણન

શ્રીશુકદેવજી કહે છે – (હે પરીક્ષિત!) સવિતા (સૂર્ય)ની પત્ની પૃશ્નિના ગર્ભથી આઠ સંતાનો થયાં – સાવિત્રી, વ્યાહૃતિ, ત્રયી, અગ્નિહોત્ર, પશુ, સોમ, ચાતુર્માસ્ય અને પંચમહાયજ્ઞ. (૧) ભગની પત્ની સિદ્ધિએ મહિમા, વિભુ અને પ્રભુ – એ ત્રણ પુત્રો અને આશિષ નામની એક પુત્રીને જન્મ આપ્યો. આ પુત્રી અત્યંત સુંદર અને સદાચારિણી હતી. (૨) ધાતાને ચાર પત્નીઓ હતી – કુહૂ, સિનીવાલી, રાકા અને અનુમતિ. તેમનાથી ક્રમશઃ સાયં, દર્શ, પ્રાતઃ અને પૂર્ણમાસ – આ ચાર પુત્રો થયા. (૩)

ધાતાના નાના ભાઈનું નામ હતું વિધાતા. તેની પત્ની હતી ક્રિયા. તેનાથી પુરીષ્ય નામના પાંચ અગ્નિ ઉત્પન્ન થયા. વરુણની પત્નીનું નામ હતું ચર્ષણી. તેનાથી ભૃગુજીએ ફરી જન્મ ધારણ કર્યો. આની પહેલાં તેઓ બ્રહ્માજીના પુત્ર હતા. (૪) મહાયોગી વાલ્મીકિજી પણ વરુણના પુત્ર હતા. વલ્મીક(રાફડા)માંથી ઉત્પન્ન થયા હોવાથી તેમનું નામ વાલ્મીકિ થયું હતું. ઉર્વશીને જોઈને મિત્ર અને વરુણ બંનેનું વીર્ય સ્ખલિત થયું હતું. તેને તેમણે ઘડામાં રાખ્યું હતું; તેનાથી જ મુનિવર અગસ્ત્ય અને વસિષ્ઠજીનો જન્મ થયો. મિત્રની પત્ની હતી રેવતી; તેના ત્રણ પુત્રો થયા – ઉત્સર્ગ, અરિષ્ટ અને પિપ્પલ. (૫-૬) હે તાત (પરીક્ષિત)! દેવરાજ ઇન્દ્રની પત્ની હતી પુલોમનંદિની શચી. તેમનાથી અમે સાંભળ્યું છે કે, તેમણે ત્રણ પુત્રો ઉત્પન્ન કર્યા – જયન્ત, ઋષભ અને મીઢુષ. (૭) સ્વયં ભગવાન વિષ્ણુ જ (બલિ પર અનુગ્રહ કરવા માટે અને ઇન્દ્રને તેનું રાજ્ય પાછું અપાવવા માટે) માયા થકી વામન (ઉપેન્દ્ર)ના રૂપમાં અવતર્યા હતા. તેમણે ત્રણ પગલાં પૃથ્વી માગીને ત્રણે લોક માપી લીધા હતા. તેમની પત્નીનું નામ કીર્તિ હતું. તેમનાથી બૃહચ્છ્લોક નામનો પુત્ર થયો, તેને સૌભગ વગેરે કેટલાંક સંતાન થયાં. (૮) કશ્યપપુત્ર ભગવાન વામને માતા અદિતિના ગર્ભમાંથી શા માટે જન્મ લીધો અને આ અવતારમાં તેમણે કયા ગુણ, કઈ લીલાઓ અને પરાક્રમો પ્રગટ કર્યાં – એનું વર્ણન હું આગળ ઉપર (આઠમા સ્કંધમાં) કરીશ. (૯)

(હે પરીક્ષિત!) હવે હું કશ્યપજીની બીજી

પત્ની દિતિથી ઉત્પન્ન થયેલી એ સંતાન-પરંપરાનું વર્ણન કહી સંભળાવું છું કે જે પરંપરામાં ભગવાનના પ્રિય ભક્ત પ્રહ્લાદજી તથા બલિનો જન્મ થયો હતો. (૧૦) દિતિને દૈત્યો અને દાનવોના વંદનીય બે જ પુત્રો થયા – હિરણ્યકશિપુ અને હિરણ્યાક્ષ. એમની સંક્ષિપ્ત કથા મેં તમને (ત્રીજા સ્કંધમાં) કહી સંભળાવી છે. (૧૧) હિરણ્યકશિપુની પત્ની કયાધુ દાનવી હતી. તેના પિતા જંભે તેનું લગ્ન હિરણ્યકશિપુ સાથે કરાવ્યું હતું, કયાધુના ચાર પુત્રો થયા – સંહ્લાદ, અનુહ્લાદ, હ્લાદ અને પ્રહ્લાદ. તેમને સિંહિકા નામની એક બહેન પણ હતી, તેનું લગ્ન વિપ્રચિત્તિ નામના દાનવ સાથે થયું. તેનાથી રાહુ નામનો પુત્ર ઉત્પન્ન થયો. (૧૨-૧૩) આ એ જ રાહુ હતો કે જેનું મસ્તક અમૃતપાનના પ્રસંગે મોહિનીનું રૂપ ધારણ કરનારા ભગવાને ચક્રથી છેદી નાખ્યું હતું. સંહ્લાદની પત્ની હતી કૃતિ. તેનાથી પંચજન નામે પુત્ર ઉત્પન્ન થયો. (૧૪)

હ્લાદની પત્ની હતી ધમનિ. તેનાથી બે પુત્રો થયા – વાતાપિ અને ઇલ્વલ. વાતાપિ અત્યંત ક્રૂર હતો એક વાર તે ઘેટાના રૂપમાં હતો. ત્યારે ઇલ્વલે તેને રાંધીને મહાપ્રભાવશાળી અગસ્ત્ય ઋષિને અજાણ્યે જ ખવડાવી દીધો. અને અગસ્ત્યજી તેને હજમ કરી ગયા. (૧૫) અનુહ્લાદની પત્ની હતી સૂર્મ્યા. તેને બે પુત્રો થયા – બાષ્કલ અને મહિષાસુર. પ્રહ્લાદનો પુત્ર હતો વિરોચન. તેની પત્ની દેવીના ગર્ભથી દૈત્યરાજ બલિ જન્મ્યો. (૧૬) બલિની પત્નીનું નામ હતું અશના. તેનાથી બાણ વગેરે સો પુત્રો થયા. દૈત્યરાજ બલિનો મહિમા ગાવા-લાયક છે તેથી તે મહિમાને હું આગળ ઉપર (આઠમા સ્કંધમાં) કહી સંભળાવીશ. (૧૭) બલિનો પુત્ર બાણાસુર ભગવાન શંકરની આરાધના કરીને તેમના ગણોનો મુખી બન્યો હતો. આજે પણ ભગવાન શંકર તેના નગરનું રક્ષણ કરવા તેની પાસે જ રહે છે. (૧૮) દિતિને હિરણ્યકશિપુ અને હિરણ્યાક્ષ ઉપરાંત બીજા ઓગણપચાસ પુત્રો હતા, તેમને મરુદ્ગણ કહે છે - તે બધા નિઃસંતાન રહ્યા. દેવરાજ ઇન્દ્રે એમને પોતાના જેવા જ દેવો બનાવી દીધા. (૧૯)

રાજા પરીક્ષિતે પૂછ્યું – હે ભગવન્! મરુદ્ગણે એવું કયું સત્કર્મ કર્યું હતું, કે જેના કારણે તેઓ પોતાના જન્મજાત અસુરસહજ ભાવને છોડી શક્યા અને દેવરાજ ઇન્દ્રે તેમને દેવો બનાવી દીધા? (૨૦) હે બ્રહ્મન્! મારા સહિત અહીંનું સમસ્ત ઋષિમંડળ આ બાબતે જાણવાને અત્યંત ઉત્સુક છે, તો તે રહસ્ય તમારે સવિસ્તર કહેવું જોઈએ. (૨૧)

સૂતજી કહે છે – હે શૌનકજી! રાજા પરીક્ષિતનો પ્રશ્ન ઓછા શબ્દોમાં, પણ સારગર્ભ હતો, જે તેમણે આદરપૂર્વક પૂછ્યો હતો. તેથી સર્વજ્ઞ શુકદેવજી મહારાજે અત્યંત પ્રસન્નચિત્તે તેમનું અભિનંદન કર્યું અને આ પ્રમાણે કહ્યું. (૨૨)

શ્રીશુકદેવજીએ કહ્યું – (હે પરીક્ષિત!) ભગવાન શ્રીવિષ્ણુએ ઇન્દ્રનો પક્ષ લઈને દિતિના બંને પુત્રો – હિરણ્યકશિપુ અને હિરણ્યાક્ષને મારી નાખ્યા. તેથી દિતિ શોકાગ્નિથી ઉદ્દીપ્ત ક્રોધથી બળતી આ પ્રમાણે વિચારવા લાગી – (૨૩) ''સાચે જ ઇન્દ્ર ઘણો વિષયી, ક્રૂર અને નિર્દય છે. અરે રે! તેણે પોતાના ભાઈઓને જ મરાવી નાખ્યા! તે દિવસ ક્યારે આવશે કે જ્યારે હું પણ તે પાપીને મરાવીને સુખેથી ઊંઘીશ? (૨૪) લોકો રાજાઓના, દેવોના શરીરને 'પ્રભુ' કહીને સંબોધે છે, પરંતુ એક દિવસે (તો) તે કીડા, વિષ્ઠા કે રાખનો ઢગલો થઈ જાય છે. એ શરીર ખાતર જે બીજાં પ્રાણીઓને કષ્ટ આપે છે તેને પોતાના સાચા

સ્વાર્થનો કે પરમાર્થનો ખ્યાલ નથી, કારણ કે એના લીધે જ તો નરકમાં જવું પડશે. (૨૫) મને લાગે છે કે ઇન્દ્ર પોતાના શરીરને શાશ્વત (નિત્ય) માનીને ઘમંડી થઈ ગયો છે, તેને પોતાના વિનાશનો ખ્યાલ જ નથી. હવે હું એવો ઉપાય કરીશ કે જેથી મને એવો પુત્ર પ્રાપ્ત થાય કે જે ઇન્દ્રના ઘમંડનો નાશ કરી દે.'' (૨૬) પોતાના મનમાં આવું વિચારીને દિતિ પોતાના પતિ કશ્યપજીને નિરંતર સેવાશુશ્રૂષા, વિનય-પ્રેમ અને જિતેન્દ્રિયતા વગેરે વડે પ્રસન્ન રાખવા લાગી. (૨૭) તે પોતાના પતિના હૃદયના એકેએક ભાવને જાણતી હતી અને પરમ પ્રેમભાવ, મનોહર અને મીઠી વાણી તથા સ્મિતસભર વાંકી દૃષ્ટિ (નેત્રકટાક્ષ)થી તેમનું મન પોતાના પ્રત્યે આકર્ષતી રહેતી હતી. (૨૮) કશ્યપજી મહારાજ મહાન વિદ્વાન અને વિચારવાન હતા તોપણ ચતુર દિતિની સેવાથી મોહિત થઈ ગયા અને તેમણે વિવશ થઈને એમ સ્વીકારી લીધું કે 'હું તમારી ઇચ્છા પૂરી કરીશ.' સ્ત્રીઓની બાબતમાં આવું થવું એ કોઈ આશ્ચર્ય નથી. (૨૯) સૃષ્ટિના પ્રભાતકાળે બ્રહ્માજીએ જોયું કે બધા જીવો અસંગ થઈ રહ્યા છે ત્યારે તેમણે પોતાના અડધા શરીરથી સ્ત્રીઓની રચના કરી અને સ્ત્રીઓએ પુરુષોની બુદ્ધિ પોતાના તરફ આકર્ષિત કરી લીધી. (૩૦) હે તાત! હું એ કહી રહ્યો હતો કે દિતિએ ભગવાન કશ્યપજીની ભારે સેવા કરી, એનાથી તેઓ તેના પર ઘણા જ પ્રસન્ન થયા અને તેમણે દિતિનું અભિનંદન કરીને સ્મિતપૂર્વક તેને કહ્યું. (૩૧)

કશ્યપજીએ કહ્યું – હે કલ્યાણી! હે સુપ્રિયા! હું તમારા પર પ્રસન્ન છું. તમારી જે ઇચ્છા હોય તે મારી પાસે માગો. પતિના પ્રસન્ન થતાં, પત્ની માટે આ લોકમાં કે પરલોકમાં એવી કઈ અભીષ્ટ વસ્તુ છે કે જે દુર્લભ હોય? (૩૨) શાસ્ત્રોમાં એમ સ્પષ્ટ કહેવામાં આવ્યું છે કે પતિ જ સ્ત્રીઓના પરમ આરાધ્ય ઇષ્ટદેવ છે. હે પ્રિયા! લક્ષ્મીપતિ ભગવાન વાસુદેવ જ સમસ્ત પ્રાણીઓના હૃદયમાં વિરાજમાન છે. (૩૩) વિભિન્ન દેવોના રૂપમાં નામભેદે અને રૂપભેદે તેમની જ કલ્પના થઈ છે. બધા જ મનુષ્યો, ભલે તેઓ કોઈ પણ દેવની ઉપાસના કરે, (વાસ્તવમાં) તેમની જ ઉપાસના કરે છે. બરાબર એવી જ રીતે સ્ત્રીઓ માટે ભગવાને પતિનું રૂપ ધારણ કર્યું છે. તેઓ પતિરૂપમાં ભગવાનની જ પૂજા કરે છે. (૩૪) તેથી હે પ્રિયા! પોતાનું કલ્યાણ ઇચ્છતી પતિવ્રતા સ્ત્રીઓ અનન્ય પ્રેમભાવે પોતાના પતિની જ પૂજા કરે છે; કારણ કે પતિ જ તેના પરમ પ્રિયતમ આત્મા અને ઈશ્વર છે. (૩૫) હે કલ્યાણી! તમે ઘણા પ્રેમભાવથી, ભક્તિભાવથી મારી તેવી જ પૂજા કરી છે. હવે હું તમારી બધી અભિલાષાઓ પૂરી કરી દઈશ. સામાન્ય સ્ત્રીઓના જીવનમાં આવું થવું અત્યંત દુર્લભ છે. (૩૬)

દિતિએ કહ્યું – હે બ્રહ્મન્! ઇન્દ્રે વિષ્ણુ વડે મારા બે પુત્રોને મરાવીને મને પુત્રવિહોણી બનાવી છે, તેથી જો તમે મને માંગ્યું વરદાન આપવા ઇચ્છતા હો તો મને એક એવો અમર પુત્ર આપો કે જે ઇન્દ્રને મારી શકે. (૩૭)

(હે પરીક્ષિત!) દિતિનાં વચનો સાંભળીને કશ્યપજી ખિન્ન થયા અને પસ્તાવા લાગ્યા. તેઓ મનોમન કહેવા લાગ્યા – ''અરે રે! આજે મારા જીવનમાં ઘણા મોટા અધર્મનો અવસર આવ્યો! (૩૮) જુઓ ને, હવે હું ઇન્દ્રિયોના વિષયોમાં સુખ માનવા માંડ્યો છું. સ્ત્રીરૂપી માયાએ મારા ચિત્તને પોતાને વશ કરી લીધું છે. અરે રે! આજે હું કેટલી દીન-હીન દશામાં આવી પડ્યો! અવશ્ય હવે મારે નરકમાં જવું પડશે. (૩૯) આ સ્ત્રીનો કોઈ દોષ નથી; કારણ કે આણે તો પોતાના જન્મજાત

સ્વભાવનું જ અનુસરણ કર્યું છે. દોષ મારો જ છે કે હું પોતાની ઇન્દ્રિયોને પોતાના વશમાં રાખી શક્યો નહીં, પોતાના સાચા સ્વાર્થ અને પરમાર્થને સમજી શક્યો નહીં. મને - મૂર્ખને વારંવાર ધિક્કાર છે! (૪૦) એ સાચું છે કે, સ્ત્રીઓના ચરિત્રને કોણ જાણે છે? તેમનું મોં તો એવું હોય છે જાણે શરદઋતુનું ખીલેલું કમળ! (એમની) વાતો સાંભળવામાં એવી મીઠી હોય છે કે જાણે અમૃત નીતરી રહ્યું હોય. પરંતુ એમનું હૃદય તો એટલું તીક્ષ્ણ હોય છે કે જાણે છરાની તીણી ધાર! (૪૧) એમાં સંદેહ નથી કે સ્ત્રીઓ પોતાની લાલસાઓને આધીન હોય છે. સાચું પૂછો તો તેઓ કોઈને પ્રેમ કરતી જ નથી. સ્વાર્થ સાધવા તેઓ પોતાના પતિ, પુત્ર અને ભાઈ સુધ્ધાંને મારી નાખે છે અથવા મરાવી નંખાવે છે. (૪૨) હવે તો મેં કહી દીધું છે કે તું જે માગશે તે આપીશ. મારું વચન મિથ્યા નહીં થવું જોઈએ. પરંતુ ઇન્દ્ર પણ વધ કરવાને યોગ્ય નથી. વારુ, આ બાબતમાં હું એક ઉપાય કરું છું.'' (૪૩)

હે કુરુનંદન! સર્વસમર્થ કશ્યપજીએ આ પ્રમાણે મનોમન પોતાની નિર્ભર્ત્સના કરીને બંને વાતોને સાધવાનો ઉપાય વિચાર્યો અને જરાક રોષ કરીને દિતિને કહ્યું. (૪૪)

કશ્યપજીએ કહ્યું – હે કલ્યાણી! જો તમે મારા બતાવેલા આ વ્રતનું એક વર્ષ સુધી પાલન કરશો તો તમને ઇન્દ્રને મારનારો પુત્ર થશે; પરંતુ જો નિયમમાં કોઈ રીતે દોષ આવી જશે તો તે દેવોનો મિત્ર બની જશે. (૪૫)

દિતિએ કહ્યું – બ્રહ્મન્! હું એ વ્રતનું પાલન કરીશ. તમે બતાવો કે મારે શું શું કરવાનું છે? મારે કયાં કયાં કામ છોડી દેવાનાં છે અને કયાં કામ એવાં છે કે જે કરવાથી વ્રતનો ભંગ થાય નહીં? (૪૬)

કશ્યપજીએ કહ્યું – હે પ્રિયા! આ વ્રતમાં – કોઈ પણ પ્રાણીને મન, વચન અને કર્મથી સતાવવું નહીં; કોઈને શાપ કે ગાળ આપવી નહીં; જૂઠું બોલવું નહીં; શરીરનાં રુવાં અને નખ કાપવાં નહીં અને કોઈ પણ અશુભ વસ્તુને અડકવું નહીં; (૪૭) પાણીમાં પ્રવેશીને સ્નાન કરવું નહીં; ગુસ્સો કરવો નહીં; દુર્જનો સાથે વાતચીત કરવી નહીં; ધોયા વગરનાં વસ્ત્રો પહેરવાં નહીં અને કોઈએ પહેરેલી માળા પહેરવી નહીં; (૪૮) એઠું ખાવું નહીં; મહાકાળીના પ્રસાદનું કે માંસયુક્ત અન્નનું ભોજન કરવું નહીં; શૂદ્ર વડે લવાયેલું અને રજસ્વલા (સ્ત્રી)એ જોયેલું અન્ન પણ ખાવું નહીં અને ખોબા વડે પાણી પીવું નહીં; (૪૯) એઠા મોંએ, ભોજન કર્યા પછી મુખ ધોયા વિના રહેવું નહિ; સંધ્યાના સમયે ખુલ્લા કેશે, શૃંગાર કર્યા વિના, વાણીનો સંયમ કર્યા વિના તેમ જ ચાદર ઓઢ્યા વિના ઘરમાંથી બહાર નીકળવું નહીં; (૫૦) પગ ધોયા વિના, અપવિત્ર અવસ્થામાં ભીના પગે, ઉત્તર કે પશ્ચિમ તરફ માથું કરીને, બીજાની સાથે કે નિર્વસ્ત્ર તેમ જ બન્ને સન્ધ્યા સમયે સૂવું જોઈએ નહીં. (૫૧) આ પ્રમાણે આ નિષિદ્ધ કર્મો છોડી દઈને હંમેશાં પવિત્ર રહેવું, ધોયેલું વસ્ત્ર પહેરવું અને બધાં જ સૌભાગ્ય-ચિહ્નોથી સજાયેલા રહેવું. પ્રાતઃકાળે શિરામણ કર્યા પહેલાં ગાય, બ્રાહ્મણ, લક્ષ્મીજી અને ભગવાન શ્રીનારાયણની પૂજા કરવી. (૫૨)

એ પછી ફૂલમાળા, ચંદન વગેરે સુગંધિત દ્રવ્યો, નૈવેદ્ય અને આભૂષણો વગેરેથી સૌભાગ્યવંતી સ્ત્રીઓની પૂજા કરવી તથા પતિની પૂજા કરીને તેમની સેવામાં સંલગ્ન રહેવું; અને એવી ભાવના કરતાં રહેવું કે પતિનું તેજ મારી કૂખમાં રહેલું છે. (૫૩) હે પ્રિયા! આ 'પુંસવન' વ્રત છે. જો એક વર્ષ સુધી તમે કોઈ પણ ત્રુટિ વિના આ વ્રતનું